# મારો સોહામણો ધર્મ
## સચિત્ર




પ્રવર્તક પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# મારો સોહામણો દેશ

## સચિત્ર

**પૂર્વાર્ધ**

★ સંપાદક ★

સાહિત્યોપાસક, પ્રવર્તક

**પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મહારાજ**

★ સંગ્રાહક ★

**(મિત્ર-ત્રિપુટી)**

**પં. હરેશભાઈ • પં. પંકજભાઈ • પં. દિનેશભાઈ**

મૂલ્ય : રૂા. ૪૦.૦૦

★ પ્રકાશક ★

**નવજીવન ગ્રંથમાળા (ગારીઆધાર) ટ્રસ્ટ, મુંબઈ**

★ પ્રાપ્તિસ્થાન ★

શ્રીનવજીવન ગ્રંથમાળા (ગા) ટ્રસ્ટ
C/o. નિર્મળ ફ્રુટ વેર
સ્ટેશન રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮
ફોન : ૫૬૧ ૯૦૬૪

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ
તત્ત્વજ્ઞાન ભવન, ૨૬૫, શુક્રવાર પેઠ,
ગોડીજી દેરાસર પાસે,
પૂના-૪૧૧ ૦૦૨.

## સુકૃતના સહભાગી

**શ્રી શાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ**
**પૂ. આ. શ્રી વિજય શાંતિચંદ્રસૂરિજી મ.ના**
**સદ ઉપદેશથી**

卐

**આણંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**
**આણંદ - ગુજરાત**

卐

**શ્રી મોહન વિજયજી જૈન પાઠશાળા**
**જામનગર.**

卐

**શ્રી મનુભાઈ કે. શાહ**
**દહેગામ**

ગ્રંથાંક - ૫૩
ભાગ - ૧-૨
પ્રત : ૩૦૦૦

વૈશાખ - ૨૦૫૫
૧૯૯૯

★ મુદ્રક ★
કોમ્પ્યુ-ગ્રાફિક્સ ટાઈપસેટર્સ એન્ડ પ્રિન્ટર્સ
૨/૧, બંસી પાર્ક, નર્સીંગ લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ-૬૪.
ફોન : ૮૦૬ ૮૬૮૧ (ઘર) ૮૦૫ ૧૯૭૯

# જેકેસી વિવિધલક્ષી ટ્રસ્ટ - મુંબઈ

## કાયમી સાહિત્ય પ્રકાશન - પ્રાપ્તિ મેમ્બર રૂા. ૧૦૦૧/-

| | | | |
|---|---|---|---|
| શ્રી રોહિતાબેન ગુણવંતલાલ | માટુંગા | શ્રી નીલાબેન દિનેશભાઈ ટોલીયા | માટુંગા |
| શ્રી મંજુલાબેન દિનેશભાઈ | અંધેરી | શ્રી રજવંતિબેન છગનલાલ તંબોલી | માટુંગા |
| શ્રી કંચનબેન વાડીલાલ | પાર્લા | શ્રી કીર્તિભાઈ એચ. મેતા | ભાંડુપ |
| શ્રી સૂરજબેન ન્યાલચંદ લોદરીયા | દાદર | શ્રી પુખરાજજી ચંદનમલજી અરઠવાડા | ભાંડુપ |
| શ્રી સૂરજબેન સુજાનમલ ધીયા | માટુંગા | શ્રી છોગમલજી હજારીમલ ધોકા | દાદર |
| શ્રી અરૂણાબેન મહેતા | દાદર | શ્રી વિજયકુમાર દેવીચંદજી કોઠારી | ડીલા.રોડ |
| શ્રી પરીક્ષાર્થી બેનો | સાયન | શ્રી સતિષકુમાર છોટાલાલ | દાદર |
| શ્રી ચેતનાબેન સુરેશચંદ્ર પટવા | દાદર | શ્રી પ્રેમચંદભાઈ કુંભાભાઈ | દાદર |
| શ્રી કલાવતિબેન ગજાનન મંગેલા | ભીંવડી | શ્રી કુંદનબેન બિપીનચંદ્ર સંઘવી | પાર્લા |
| શ્રી મગનલાલ કરસનદાસ | દાદર | શ્રી હર્ષાબેન રમેશકુમાર શાહ | ઘાટકોપર |
| શ્રી લિલીમાબેન દુષ્યંતભાઈ | મુંબઈ | શ્રી રસિકલાલ બુધાભાઈ | અંધેરી |
| શ્રી પ્રવિણાબેન વૃજલાલ શાહ | ભાંડુપ | શ્રી શાંતા - અમૃત જૈન પાઠશાળા | અંધેરી |
| શ્રી સત્ચિત શ્રીનિવાસન | ગોરેગામ | શ્રી ગુલાબબેન ધનરાજજી જૈન | દાદર |
| શ્રી જયંતિલાલ મહાસુખલાલ શાહ | કાંદીવલી | શ્રી મંજુલાબેન રતીલાલ મહેતા | કાંદીવલી |
| શ્રી પદ્માબેન કંચનલાલ શાહ | કાંદીવલી | હસ્તે : જ્યોત્સનાબેન કે. સલોત | |
| શ્રી અનિતાબેન એમ. શાહ | પૂના | શ્રી મનુભાઈ કે. શાહ | દહેગામ |
| શ્રી ઉમાબેન એસ. શાહ | ગોરેગામ | શ્રી સનતભાઈ જોષી | મુલુન્ડ |
| શ્રી પિયુષપાણી જૈન દેરાસર | | શ્રી દીવાળીબેન ચંદુલાલ | મુલુન્ડ |
| શ્રી પરાગ, હર્ષિત, સપનાબેન | ઘાટકોપર | શ્રી જે. એસ. કોઠારી | સેવાડીવાળા, ભાંડુપ |
| કુ. સિદ્ધાર્થ, કુ. દેવાંશી | શાંતાક્રુઝ | શ્રી ચંપકલાલ મંગળદાસ | શહાપુર |
| શ્રી બેબીબેન કાંતિલાલ | દાદર | શ્રી મનુભાઈ મંગળદાસ વખારીઆ | દોલતનગર |
| શ્રી ઈન્દુલાલ એચ. મહેતા | દાદર | શ્રી નવિનચંદ્ર મફતલાલ વખારીઆ | કાંદીવલી |
| શ્રી કલાવતીબેન રમણલાલ | દાદર | શ્રી કમલબેન અ. સોનીમીડે | કુર્લા |
| શ્રી જ્યોતિબેન મધુકરભાઈ | દાદર | શ્રી ઉર્મિલાબેન સી. ગોરે | અંધેરી |
| શ્રી કમળાબેન પોપટલાલ | દાદર | શ્રી સુભાષચંદ્ર વખારીઆ | કાંદીવલી |
| શ્રી ઈન્દીરાબેન ભરતભાઈ | દાદર | શ્રી દીવાળીબેન પુનમચંદ | ગોરેગામ |
| શ્રી ધીરેનભાઈ મનસુખલાલ | ઘાટકોપર | શ્રી ભાનુબેન કીર્તિલાલ | મુંબઈ |
| શ્રી કલાકુમારી પ્રકાશચંદ જૈન | ડીલા.રોડ | શ્રી અરૂણાબેન અરવિંદલાલ | બોરીવલી |
| શ્રી પ્યારીબાઈ વક્તાવરમલજી | ડીલા.રોડ | શ્રી કાંતાબેન પુરૂષોત્તમદાસ | અંધેરી |
| શ્રી અચલરાજજી અજરાજજી | ડીલા.રોડ | શ્રી જ્યોત્સ્નાબેન એ. ગાંધી | અંધેરી |
| શ્રી કુસુમબેન કાંતિલાલ | દાદર | શ્રી ડાયાભાઈ રવજી ગડા | રાયધણગજ |
| શ્રી અંજુબેન બી. ઝવેરી | મુંબઈ | શ્રી તરલિકાબેન મહેશભાઈ શાહ | દાદર |
| કેવલ હરેશભાઈ સાવલા | ગોરેગામ | શ્રી નિર્મળાબેન સુકનરાજજી | દાદર |

**આપ પણ સરળ, સુંદર, સચિત્ર સાહિત્ય પ્રકાશનમાં સભ્ય બનો, સહભાગી બનો.**

## કાયમી સાહિત્ય પ્રકાશન - પ્રાપ્તિ મેમ્બર (૨)

| | | | |
|---|---|---|---|
| શ્રી અતુલભાઈ રમણલાલ શાહ | દાદર | શ્રી હેમંતભાઈ બદામીયા | કાલીના |
| શ્રી ગંગાબેન લખમશી મુરજી | કાલીના | શ્રી ઘેરીલાલ દલિચંદજી સંઘવી | કાલીના |
| શ્રી નીસર પ્રેમજી નાનજી ગાગોદર | કાલીના | શ્રી પુષ્પાબેન રૂપચંદજી | ડીલાઈલ રોડ |
| શ્રી પ્રેમાબેન કુંવરજી | કાલીના | શ્રી ભારતીબેન ભાગચંદભાઈ | મુલુન્ડ |
| શ્રી પ્રેમજી મેપસી છેડા | કાલીના | શ્રી એક સદગૃહસ્થ | મુલુન્ડ |
| શ્રી હંસરાજ કુંવરજી દેઢીયા | કાલીના | શ્રી સરલાબેન રવિલાલ | માટુંગા રોડ |
| શ્રી મુરજી વાઘજી ડાઘા | કાલીના | શ્રી હુકમચંદ સાગરમલ ચોપડા | કાંદિવલી |
| શ્રી પ્રમોદભાઈ પ્રભુલાલ રૂપાણી | કાંદિવલી | શ્રી રમેશચંદ ઉત્તમચંદ ઝવેરી | બોરીવલી |
| શ્રી વંદનાબેન મહેશભાઈ શાહ | કાંદિવલી | શ્રી પ્રમિલાબેન શાંતિચંદ તાસવાલા | બોરીવલી |
| શ્રી વિરેન્દ્રભાઈ ઉમેદચંદ શાહ | કાંદિવલી | શ્રી ઉષાબેન વસંતલાલ | બોરીવલી |
| શ્રી ડૉ. કાંતિલાલ નરશીદાસ શાહ | કલ્યાણ | શ્રી મનિષ અરવિંદભાઈ મસાલીયા | બોરીવલી |

## ★ આધારીત ગ્રંથો ★

★ દાન, તપ, ભાવ વિશેષ અંકો (મ.શા.)
★ બ્રહ્મચર્ય વિશેષ અંક (શા. ધર્મ)
★ સૌંદર્ય શ્રાવકનું
★ કરોળીયાની જાળ
★ કરમ ન રાખે શરમ
★ હસ્તલિખીત અંકો (પૂના-પાઠશાળા)
★ ત્રિશષ્ઠી શલાકા ચરિત્ર
★ કલ્પસૂત્ર (ખેમશાહી)
★ મુક્તિના પંથે
★ નવપદ રહસ્ય
★ વીર વચનામૃત
★ ભગવતિજી
★ જિનોપાસના
★ જૈન શાસનના ચમકતા હીરા
★ સુભાષિત પદ્ય સંગ્રહ (૨)
★ દશવૈકાલિક સૂત્ર
★ ઉત્તરાધ્યયન સૂત્ર
★ ભગવાન મહાવીર (સચિત્ર)
★ તત્ત્વાર્થાધિગમ સૂત્ર
★ વિવિધ પૂજા સંગ્રહ


## છપાય છે

# દિવ્ય જીવનને પગલે પગલે

કિંમત : ૧૦૧/-


આજ વિષયના ૩૩ વર્ષ અને ૧૫ વર્ષ પહેલાં બે પુસ્તકો છપાયેલા તે બંને અપ્રાપ્ય થતાં, બંને ગ્રંથોનો આ પુસ્તકમાં સમાવેશ કરી નવું ઉપયોગી સાહિત્ય ઉમેરી નવું પુસ્તક છપાવવા પ્રેસમાં આપી દીધું છે.

અગાઉથી ઓર્ડર આપી દો, પછી અપ્રાપ્ય બનશે.

**પદ્માવતી પ્રકાશન મંદિર**

ઝવેરી સ્ટોર્સ, ગોપીપુરા, સુભાષ ચોક, સુરત.

# ભાગ્યવાન છું...



હું ભાગ્યવાન છું.

કારણ... જંબુદ્વિપમાં, ભરતક્ષેત્રમાં, દક્ષિણાર્દ્ધ ભરતમાં, મધ્યખંડમાં, આર્યદેશમાં, ઉત્તમકુળમાં, દેવ-ગુરુ-ધર્મની સામગ્રી જ્યાં સુલભ છે. તેવા ક્ષેત્ર-ગામમાં, પંચમ આરામાં, 'ભવિ'પણાની છાપ લઈને મનુષ્ય ગતિમાં જન્મ્યો છું.

પાંચમો આરો ભલે તીર્થંકર વિહીન કાળ છે. છતાં આ ભરતક્ષેત્રમાં જ્યાં દેવ-ગુરુ-ધર્મની સામગ્રી સુલભતાથી મળે છે. તેવા ધર્મક્ષેત્રમાં મારો જે જન્મ થયો છે, તે નાની સુની વાત નથી.

પૂર્વના પુણ્યના યોગે અભવિ કે દુર્ભવિ ન થતાં અલ્પભવિ કે ભવિ થવાનું સદ્દભાગ્ય સાંપડ્યું છે. સાથોસાથ તિર્યંચ કે નરકગતિમાં ન જન્મતા મનુષ્ય ગતિને પામ્યો છે, એ ગૌરવ લેવા જેવી વાત છે.

શાતાવેદનીય કર્મના કારણે પાંચ ઈન્દ્રિયો સુરક્ષિત છે. મન, વચન, કાયા હજી મારી આજ્ઞાધીન છે. નીચકુળમાં કે અધર્મવાસિત મા-બાપની કુક્ષીના બદલે ઉચ્ચ કુળમાં, ધર્મવાસિત પરિવારમાં દુર્લભ જન્મને સફળ કરવા અનુકુળ સંયોગો સાથે મારો જન્મ થયો છે. એના માટે હું મારું અહોભાગ્ય સમજું છું.

દુર્લભ એવા મનુષ્ય જન્મને સફળ કરવા માટે મનુષ્યપણાને શોભે તેવા આચાર, વિચાર, વર્તન કરવા મને સદ્દબુદ્ધિ - સમ્યગ્‌બુદ્ધિ પ્રાપ્ત થઈ છે. એ પણ પૂર્વકૃત આરાધના - સાધનાનું જ મીઠું ફળ છે.

આજ સુધી મિથ્યામતિ કે મિથ્યાત્વીના સંગથી રંગાયો નથી કે દુર્બુદ્ધિ - નાસ્તિકતાનો શિકાર થયો નથી, અશ્રદ્ધાથી જીવન જીવતો નથી. ધર્મ શબ્દ અને તે સંબંધિ વિચારો સાંભળવા ગમે છે. તે મારું પરમ સૌભાગ્ય છે.

મારા ભાગ્યની એક ક્ષણ દેવતાને પણ ઈર્ષા-અદેખાઈ થતી હશે. કારણ - વૈભવ વિલાસના રંગ રાગમાં ન ફસાતા ધર્મ કરણી કરવા માટે, પૂર્વભવની અપૂર્ણ આરાધના પૂર્ણ કરવા માટે મને જે સંયોગો, તકો, સાધનો, નિમિત્તો મળ્યા છે તેનો સદુપયોગ કરવા આતમરામને જગાડી સમજાવવા સફળ થયો છું. સફળતા વધુ ને વધુ પ્રાપ્ત કરી રહ્યો છું.

તેથી જ હું વારંવાર ગાઉં છું...

"મારો ધન્ય બન્યો આજે અવતાર, કે મળ્યા મને પરમાત્મા."

હા, હું હળુકર્મી પણ છું.

કારણ -

ઉત્તમોત્તમ સાધન - સામગ્રીના કારણે વિતરાગ કથિત જિનવાણીનું પાન કરવા આ આત્માએ અમૂલ્ય પળોને વાપરવાનો પ્રયત્ન કર્યો છે.

તરણ તારક પ્રભુએ 'દાન' ધર્મનો ઉપદેશ આપી જીવમાત્રને અભયદાન આપવાની હાકલ કરી, વૈર-વિરોધને દાટી દીધા. અજ્ઞાનીને સમ્યગ્જ્ઞાનનું દાન કરવાની ટહેલ પાડી સંસારને સમજવા તક આપી. પરિગ્રહની મૂર્છા - આસક્તિને ઘટાડવાનું કહી જન્મોજન્મથી ચાલી આવતી પરિગ્રહ સંજ્ઞાને નિર્બળ બનાવવાની તક આપી તે વાતોને હું જીવનમાં વાગોળું છું

સમતાના સાગર વિભુએ શીયળ વ્રતનો કલ્યાણકારી રાજમાર્ગને બતાવી નરકાદિ ગતિની વેદના ભોગવવી ન પડે તે માટે તેના દ્વાર બંધ કરવા, મનને સમજાવવા, જીવન બદનામ - બરબાદ થતું અટકાવવા, વ્રતને ત્રણે યોગથી પાળવા-સ્વીકારવા પ્રેરણા આપી. તે માટે હું ખૂબ ઋણી છું. જો કે તેનું પાલન કઠીન લાગે છે પણ એ જ સરળ થઈ જશે. જીવનમાં દુઃખ પછી જ સુખ મળે છે.

સાડા બાર વર્ષ સુધી ઘોર ઉપસર્ગ સહી, ધ્યાનમાં મગ્ન થઈ બાહ્ય-અભ્યંતર તપનો મહિમા વર્ણવતાં પ્રભુએ સમજાવ્યું - સંભળાવ્યું કે, ''હે માનવ ! તપ કરીએ સમતા રાખી ઘટમાં'' બીજી પણ ટકોર કરી કે, ''ઈચ્છાનિરોધ તપ'' એ ભાવનાથી જો કરવામાં આવે તો તે નિકાચીત કર્મને બાળવા માટે સમર્થ થશે. આ રીતે આત્માને પવિત્ર કરવા, નિર્મળ, પારદર્શક સ્પટીક સમાન બનાવવા તપનો મેં સાથ લીધો.

આ તપ ઘાતી-અઘાતી કર્મના ક્ષય માટે, શરીર ઉપરની મમતાને ઘટાડવા માટે, આહાર સંજ્ઞાને તિલાંજલી આપવા માટે સર્વોત્તમ ઉપાય છે. નિર્વાણ સમયે પણ તેથી જ તીર્થંકરાદિ દરેક આત્મા તપનું આલંબન લે છે.

દયાળુ - કરૂણાળું પ્રભુએ છેલ્લે હૃદયને નિર્મળ કરવા દાન, શીલ, તપ શોભાવંત કરવા 'ભાવ'ની ઉપાસના-આરાધના પણ બતાડી. આ ભાવધર્મની દવા ભવોભવના જન્મ ઘટાડનારી છે. એમ કહી તેનું મૂલ્ય અમૂલ્ય બતાડ્યું.

ભાવ - કેવળજ્ઞાન અપાવે છે. ક્રિયા કરતી વખતે આ આત્મા ક્યા સંયોગોમાં છે. તેની પાસે દ્રવ્યરૂપે સાધન કેવું છે. કેવા એ કર્મ ક્રિયા બાહ્ય રીતે કરે છે. તે ગૌણ છે. જો નિમિત્તોના સહારે ઊંડું ચિંતન, મનન, નિદિધ્યાસન ભાવથી કરવામાં આવે તો એનો બેડો પાર સમજવો. ભાવ આત્માને કેવળી - મોક્ષગામી બનાવે છે.

માટે જ -

હવે હું બદલાઈ ગયો છું.
મિથ્યાત્વી હતો, સમકિતી થયો છું.
બીજા ગુણસ્થાનકે હતો, ત્રીજા-ચોથા સ્થાને પહોંચ્યો છું.
દેશવિરતિધર મટી સર્વવિરતિધર થયો છું.
દ્રવ્ય સાધુ હતો, ભાવ સાધુ થવા પ્રયત્ન કરું છું.
છઠ્ઠા ગુણસ્થાનકે હતો - ક્રમશઃ પ્રગતિ કરનારો થઈશ.
આ પ્રગતિ કેમ થઈ ?
આ બધો ફેરફાર કોણે કર્યો ?
આ બધું કોની કૃપા-દયાના કારણે થયું ?
મારે કહેવું - માનવું પડશે. એનું કારણ -
**''મારો સોહામણો ધર્મ''**

★

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પ્રરૂપીત વાણી ધર્મના વિચારોને જ્ઞાનદીપ લઈ આ સંસારમાં શોધવા નિકળ્યો. આગમરૂપી અરીસામાં નિર્મળ થઈ બારિકાઈથી નિરીક્ષણ કર્યું.

મને સમજાયું, દેખાયું, વંચાયું તે બધું સંગ્રહ કરી મારી બાલ ભાષામાં સંપાદિત કરી સમાજના જિજ્ઞાસુ વર્ગ પાસે મૂક્યું છે.

ધર્મનો મર્મ ગૂઢ છે. અઢી અક્ષરને સમજવા, જીવનમાં ઉતારવા વર્ષોના વર્ષો, જન્મોના જન્મો ઓછા પડે છે. છતાં યથાશક્તિ - મતિથી પ્રયત્ન, પુરુષાર્થ કર્યો છે. સાગરને ગાગરમાં સમાવતાં વિચારોને મર્યાદિત રીતે રજૂ કરતાં, શબ્દથી મઢતાં શક્ય છે, કે અર્થ તત્ સ્વરૂપને પામ્યા ન હોય, અપૂર્ણ કે અયોગ્ય પૂરવાર થયાં હોય તે સર્વ ઉણપો મારી છે.

મારામાં સ્વને શોધવા - સમજવાની જે ભૂખ જાગી છે. તેનું આ પ્રતિબિંબ છે. વાચકો - તત્ત્વબોધ પરીક્ષાના અભ્યાસીઓ આ ગ્રંથને, ગ્રંથના શબ્દોને ભાવાત્મક વાંચી જીવનમાં દાનાદિ ચારે ધર્મોને સ્થાન આપશે તેવી શ્રદ્ધા છે.

અંતે મિચ્છામી દુક્કડં.

ગુડી પડવા - ૨૦૫૫
કાલીના - માનપાડા
મુંબઈ.

પ્રવર્તક
**મુનિ હરીશભદ્ર વિજય**

# "તત્વબોધ પરીક્ષા-૧૧"


આયોજન, ઈનામ વિતરણ અને પુસ્તક પ્રકાશન વિ.માં

## <u>શ્રુતજ્ઞાનની ભક્તિ કરનાર ભાગ્યશાળીઓ</u>

★ શેઠ શ્રી એ. કે. પરિવાર — મુંબઈ

★ શ્રી હરસોલ સત્તાવીશ યુવક મંડળ — મુંબઈ
પૂ. સાધ્વીજી શ્રી પદ્મરેખાશ્રીજી મ.ના ઉપદેશથી

★ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહિલા મંડળ-અરવિંદ કુંજ — મુંબઈ



★ શ્રી સરસ્વતિબેન માનચંદ ઝવેરી — સુરત
હસ્તે. કુ. ભદ્રાબેન એમ. ઝવેરી

★ શ્રી જશવંતલાલ મગનલાલ — દાદર

★ ડૉ. પ્રફુલ્લભાઈ સી. શાહ - હસ્તે. ડૉ. નયનાબેન — દાદર

★ શ્રી લીલાબેન અમેશચંદ્ર સંઘવી — પરેલ, મુંબઈ

★ શ્રી નીનાબેન સુધીરભાઈ વોરા — સાયન
પ્રતીકકુમારની જ્ઞાનપંચમીની આરાધના નિમિત્તે

★ શ્રી હિંમતલાલ અંબાલાલ શાહ — કાંદિવલી

★ શ્રી કસ્તુરબેન શાંતિલાલ ગાલા — માટુંગા

★ શ્રી ઋષભકુમાર ભગવાનજી નીસર — કોલડુંગરી

★ શ્રીમતી કલાબેન ગજાનન મંગેલા — ભીવંડી

સાહિત્યોપાસક, દીર્ઘસંયમી

શ્રી જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂનાના સ્થાપક

**પ. પૂજ્ય મુનિરાજ શ્રી જિતેન્દ્ર વિજયજી મ.**




આપનો ચરણોપાસક

**મુનિ હરીશભદ્રવિજયની**

**કોટીશઃ વંદનાવલી**

: સૌજન્ય :

સ્વ. દેવચંદ હંસરાજ દેઢીયા

માતુશ્રી સાકરબેન દેવરાજ દેઢીયા

ગામ - તલવાણા વાળા

ગોંડલ નિવાસી

**શ્રી ચંપકલાલ જીવરાજ શાહ** તથા
**શ્રીમતી શશિબેન ચંપકલાલ શાહ**ની

સાધના, ધર્મારાધના, જ્ઞાનોપાસનાની

**અનુમોદનાર્થે**

**શ્રી ચંપકલાલભાઈ**



જન્મ : તા.૨૩-૨-૧૯૨૮
સ્વર્ગગમન: તા.૨૨-૧૧-૧૯૯૪

**શ્રી શશિબેન**



જન્મ : તા.૫-૫-૧૯૨૯
સ્વર્ગગમન: તા.૨૦-૧૦-૧૯૮૭

**આપના સંસ્કારો, સદ્દવિચારો, સમ્યગ્જ્ઞાન**
**જીવનમાં વૃદ્ધિ કરનાર થાઓ**
**એજ શુભભાવના**

**જયેશકુમાર ચંપકલાલ શાહ**
**શ્રીમતી રીટાબેન જયેશકુમાર શાહ**
(પાર્લા (ઈસ્ટ), મુંબઈ-૫૭.

શ્રી લબ્ધિ - પ્રવિણ - મહિમા શિશુ

**શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના** તથા

**શ્રી નવજીવન ગ્રંથમાળા (ગારીઆધાર)**

સંસ્થાની ૫૦ (૬૫) વર્ષ પૂર્વે જેઓશ્રીની શુભ પ્રેરણાથી સ્થાપના થઈ છે, તે સાહિત્યોપાસક ગુરુ-શિષ્યની બેલડી



**સ્વ. પૂજ્ય મુનિરાજ**
**શ્રી જિતેન્દ્ર વિજયજી મહારાજ**



**પ્રવર્તક પૂજ્ય મુનિરાજ**
**શ્રી હરીશભદ્ર વિજયજી મહારાજ**

વંદનીય ગુરુદેવ !

અમારા જીવનમાં ધર્મનો પાયો મંડાવવામાં,
યથાશક્તિ તપ-જપ-દાનાદિ ધર્મ કરાવવામાં,
મળેલા માનવ જીવનને સફળ કરવામાં,
આપ જેવા સદ્‌ગુરુની ઓળખ કરાવી આપવા માટે
પરમ પૂજ્ય તથા સંસ્કારપોષક જન્મદાતા

**પૂ. માતોશ્રી લલિતાબેન કાંતિલાલ શાહ**

**પૂ. પિતાશ્રી કાંતિલાલ શીવલાલ શાહ**

કાસોરવાળાનું ઋણ ફેડવા સહિત આપના ચરણે કોટીશઃ વંદન

કૃપાકાંક્ષી સુપુત્રી

**શ્રીમતી ભારતી (ભાનુ) કીર્તિકુમાર શાહ**

પૌત્રી શ્રીમતી બીના જીતેશકુમાર ઝવેરી
બેલાકુમારી - કેતકીકુમારી, મુંબઈ

વયોવૃદ્ધ પૂ. સાધ્વીજી
શ્રી મનોહરશ્રીજી મ.ના શિષ્યા
પૂ. સાધ્વીજી શ્રી સુલશાશ્રીજી મ.ના શિષ્યા



**વિદુષી પૂ. સાધ્વીજી શ્રી પદ્મરેખાશ્રીજી મ.**

(પૂ. આ. મ. વિજય નીતિસૂરિશ્વરજી મ.નો સમુદાય)

સંયમી જીવનની અનુમોદનાર્થે
કોટીશઃ વંદનાવલી

: ગુરૂભક્તો :
શ્રી વાસંતિબેન, શ્રી ચારૂબેન, શ્રી તરલીકાબેન,
શ્રી નીતાબેન, શ્રી શારદાબેન, શ્રી પ્રભાબેન,
શ્રી પદ્મિનીબેન, શ્રી જ્યોત્સનાબેન

## અચલગચ્છીય શાસન પ્રભાવિકા



## પૂ. સાધ્વીજી શ્રી પુષ્પાશ્રીજી મહારાજ

★ શ્રુતભક્તિ કરનાર ★

શ્રી તારાબેન ચુનીલાલ કચ્છ-ભોરારા

હાલ ઘાટકોપર

શ્રી કબુબાઈ (કુંવરબાઈ) રતનશી

મુલુંડ

## અચલગચ્છીય-દીર્ઘ સંયમી



**પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મહારાજ**

ની પુણ્ય સ્મૃતિમાં

**પૂ. સાધ્વીજી શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.ના ઉપદેશથી**

શ્રુતભક્તિ કરનાર

શ્રી ક. વી. ઓ. તારદેવ જૈન સંઘ – મુંબઈ

શ્રી ઋષભ જિન મહિલા મંડળ – તારદેવ

હસ્તે : શ્રી લીલાબેન નાનજી ગડા

દક્ષિણ દેશોદ્ધારક

**પૂ. આ. મ. વિજય લક્ષ્મણસૂરિશ્વરજી મ.**

શતાવધાની

**પૂ. આ. મ. વિજય કીર્તિચંદ્રસૂરિશ્વરજી મ.**



પવિત્ર ચરણોમાં કોટીશઃ વંદના



**સ્વ.શ્રી વૃજલાલભાઈ**



**ગં.સ્વ. શારદાબેન**

**સ્વ. શેઠ શ્રી વૃજલાલ ચુનીલાલ શાહ**

**ગં. સ્વ. શારદાબેન વૃજલાલ શાહ**

**દાદર, મુંબઈ.**

लुणावा निवासी

पू. पिताजी शा. मानमल उदेचंदजी

मातुश्री धाकीबाई मानमलजी



शा. मानमलजी उदेचंदजी



श्री धाकीबाई मानमलजी

---

के जीवीत महोत्सव के अवसर पर वंदन

सुपुत्र - फूलचंद, भवरलाल, मदनलाल

डीलाईल रोड, मुंबई-१३.

---



શ્રી કુંવરબાઈ

રતનશી એસ્ટેટ

ડુમરા-નારીવૃંદ

હાલ મુલુન્ડ.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના (પ્રચાર વિભાગ ભાંડુપ)

દ્વારા આયોજિત

# તત્ત્વબોધ પરીક્ષા-૧૧

ઘર બેઠા - પેપર તા. ૮-૮-૯૯ સુધીમાં લખી પહોંચાડવું

: વિષય :

**મારો સોહામણો ધર્મ**

ધ્યાનથી વાંચો ✠ ટૂંકામાં લખો

કેન્દ્ર પર પરીક્ષા તા. ૩-૧૦-૯૯ ઘાટકોપર-દાદર વિલે પાર્લા

## વિશેષ જાણકારી

★ ઈનામને પાત્ર (૧) પૂ. સાધુ-સાધ્વીજી (૨) શિક્ષક-શિક્ષીકા (૩) પુરુષ વર્ગ (૪) શ્રાવિકા વર્ગ

★ આકર્ષક ઈનામો
- ★ પ્રથમ – રૂા. ૯૯૯/-
- ★ દ્વિતીય – રૂા. ૮૮૮/-
- ★ તૃતીય – રૂા. ૭૭૭/-
- ★ ચોથું – રૂા. ૫૫૫/-
- ★ પાંચમું – રૂા. ૪૪૪/-
- ★ છઠ્ઠું – રૂા. ૩૩૩/-
- ★ સાતમું – રૂા. ૨૨૨/-
- ★ કેન્દ્રમાં પ્રથમ – રૂા. ૧૫૧/-
- ★ પ્રોત્સાહન ઈનામ ૭૫ % અને ૬૦ % ઉપર

★ પરીક્ષા – ૧ પેપર ઘર બેઠા – ૧ પેપર કેન્દ્ર ઉપર – પાસિંગ માર્ક ૫૦ %

★ પ્રવેશ ફી – રૂા. ૫૦/- પાઠ્ય પુસ્તક ભેટ

★ પરીક્ષા – હિન્દી, ગુજરાતી, મરાઠી ભાષામાં જવાબ લખી શકાશે.

★ પરીક્ષાના સ્થળો – બૃહત મુંબઈ - થાણા જિલ્લો - કરાડ - પૂના - સાંગલી સુરત - અમદાવાદ - જામનગર.

★ પરીક્ષાના જવાબો – (ઉત્તરપત્રો) ફૂલસ્કેપ સાઈઝના કાગળમાં લખવા.

★ ઘર બેઠા પરીક્ષાનું પેપર તા. ૧૫-૮-૯૯ સુધીમાં જ પહોંચાડવું જરૂરી રહેશે.

★ પરીક્ષાર્થીઓએ પોતાના સ્વહસ્તે જ ઉત્તરો લખવા, બીજા પાસે ન લખાવવા.

★ પરીક્ષા આયોજન, પાઠ્ય પુસ્તક, ઈનામ યોજનાના રૂા.૨,૫૦૦/- ભરી મેમ્બર બનો.

★ **ઉત્તરપત્રો મોકલવાનું અને પત્ર વ્યવહારનું સરનામું : ફોન : ૫૬૧ ૯૦૬૪** C/o. નિર્મળ ફ્રુટ વેર, સ્ટેશન રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

# વાચકને...

ફૂલ કદી કહેતું નથી - મારી સુગંધ માણવા આવો,
ભમરાઓ આકર્ષાઈ ત્યાં પહોંચી જાય છે.
ગોળ ક્યારે કહેતો નથી - મારી મીઠાશને ચાખવા આવો,
માખીઓ ઉડતી તેની પાસે પહોંચી જાય છે.
સરોવરે કહ્યું નથી - પાણી પીવા આવો,
તરસ્યા પાણી પીવા દોડી જાય છે.
ધર્મે ક્યારેય કહ્યું નથી - મોક્ષ મેળવવા મારી પાસે આવો,
મોક્ષાર્થી ધર્મ પાસે દોડાદોડ કરે છે.

તેમ...

આજે તમારી પાસે આ સાતમું ચિંતનીય પ્રકાશન હાથને શોભાવવા, આંખોને પવિત્ર કરવા, જીવનને ધન્ય કરવા ઘણા ઉમળકાથી આવી રહ્યું છે.

પૂર્વેના (૧) દવા દુઃખ નિવારણની, (૨) જીવનનો સાચો સાથી, (૩) કરમ ન રાખે શરમ, (૪) કરોળીયાની જાળ (૫) શ્રુત સાગર-૧ (૬) શ્રુત સાગર-૨ આ પુસ્તકોએ સમાજમાં સારા વિચારોનું વાતાવરણ ઊભું કર્યું છે. જીવનોપયોગી એ વિચારોએ ઘણાના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. પાપ કરતો માનવી વિચાર કરતો થયો છે.

આજનું નવું પ્રકાશનનું મુખ્ય નિમિત્ત **પૂનાનું ગોડીજી મિત્રમંડળ અને પૂનાની ઉત્સાહી પાઠશાળાના શિક્ષક-શિક્ષીકાઓ તથા અભ્યાસાર્થી છે.** તેઓએ સં. ૨૦૪૯માં એક હસ્તલીખિત અંકની હરિફાઈ યોજી હતી. એ ઉપરથી આ જીવનોપયોગી વિષયની તત્ત્વબોધ પરીક્ષા-૧૧ યોજાઈ.

ધર્મના દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારો છે. કદાચ કોઈ વ્યાપારી બુદ્ધિના ત્રાજવે આ ધર્મને તોલે તો જેમ સર્વ ધર્મમાં સાધર્મિક ભક્તિ મહત્ત્વની કહેવાય છે તેમ એક ત્રાજવામાં ત્રણ અને એક ત્રાજવામાં ભાવધર્મનું સ્થાન આપવું પડે. વ્યવહારમાં કહો કે ધર્મમાં કહો, સંસારમાં કહો કે કુટુંબમાં કહો, 'ભાવ'ની ઘણી કિંમત અંકાય છે. તેથી આ ચારે ધર્મના વિચારો પરિક્ષાર્થીઓને ઘણું જાણવા, સમજવા, જીવનમાં ઉતારવાનું સાહિત્ય-જ્ઞાન આપશે એ નિશ્ચિત છે.

પુસ્તકનું લેખન-સંપાદન કાર્ય સાહિત્યોપાસક પ્રવર્તક પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મહારાજે ઘણું જ સરળ અને અનેક ગ્રંથોના સહારે કર્યું છે. વિચારોને સમજાવવા માટે તેઓએ સારો પ્રયત્ન કર્યો છે. એજ રીતે આ કાર્ય અને

આવા પાઠશાળાપયોગી કાર્યમાં 'મિત્ર ત્રિપુટી'એ જે સહયોગ આપેલ છે, તથા વયોવૃદ્ધ મુનિ શ્રી રત્ન વિજયજી મહારાજે અનુમોદના કરી છે, તે અભિનંદનીય છે.

પ્રસ્તુત પુસ્તકનું નામ ઘણું લાગણીભર્યું મારાપણું જગાડવા રાખેલ છે. એ નામ જ ધર્મને અને તેના પ્રકારોને જીવનમાં સ્વીકારવા પ્રેરશે. માનવી સત્વરે તૈયાર થશે અને પોતાને મળેલા દુર્લભ માનવ જીવનને સફળ કરશે. આ વખતે પ્રાસંગિક ચિત્રોનો પણ તેથી જ સહારો લીધો છે. ચિત્રો અડધી વાત સ્પષ્ટ કરવા માટે મદદરૂપ બને છે.

પુસ્તકનો પૂર્વાર્ધ - ૨૫૫૦ વર્ષ પૂર્વેના ઈતિહાસને નજર સમક્ષ ઊભો કરે છે. વીરપ્રભુને પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન અને નિર્વાણ વચ્ચેના સમયમાં અનેક સ્થળે અનેક રીતે જે વિચારો-ઉપદેશ પ્રભુએ વહાવ્યો તેનું સંપાદન કરાયું છે.

ઉતરાર્ધ ભાગ એટલે પુસ્તક જે ઉદ્દેશથી લખાયું છે તે ઉદ્દેશ્યને શબ્દોથી મઢેલા પેજ. આ સંકલનમાં પ્રાચીન મહાપુરુષોએ રચેલી સજ્ઝાયો, કુલકો, સુવાક્યોને પણ સ્થાન અપાયું છે. અને તે પછી નેગેટીવ-પોઝીટીવ પદ્ધતિથી ૪-ધર્મને શક્ય તેટલું સંપાદિત કરાયું છે. કહેવું પડશે, કે - જેટલું લખાયું છે તેથી ડબલ હજી લખી શકાય. ગ્રંથોમાં છૂપાયેલું છે. માત્ર પેજની મર્યાદાએ વધુ પ્રયત્ન કરવા ઉપર અંકુશ મૂકાવ્યો.

**આભાર –**

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં પૂ. વયોવૃદ્ધ આચાર્ય શ્રીમદ્ ચિદાનંદ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રીમદ્ કીર્તિસેન સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રીમદ્ વિજય શાંતિચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. વિદુષી સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી મ., પૂ. સાધ્વીજી શ્રી પદ્મરેખા શ્રીજી મ. આદિની પ્રેરણાથી ઘણું પીઠબળ મળેલ છે. તેથી તેઓના અમે ઋણી છીએ.

પુસ્તકના પ્રકાશનમાં જે ટ્રસ્ટોએ સાથ આપેલ છે તેનો ઉપયોગ પૂ. સાધુ-સાધ્વીજીઓને તથા લાયબ્રેરીને પુસ્તક આપવામાં થશે, અને બાકીના અંગત સહાયકોએ આપેલું દાન પુસ્તક તથા પરીક્ષાના આયોજનમાં વપરાશે. દરેકે દરેક અભ્યાસીઓએ દર વર્ષની જેમ પરીક્ષાઓને આપવા, પુસ્તકનો પ્રચાર કરવા સૂચના છે. એ સર્વ ટ્રસ્ટ અને અંગત દાતાઓનો સંસ્થાવતી હાર્દિક આભાર.

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ - પૂનાએ આ રીતે અમોને સારા અભ્યાસી પુસ્તકો પ્રકાશિત કરવા દ્વારા જ્ઞાનભક્તિ કરવા જે તક આપી તે માટે સંસ્થા આભારી છે. સાથોસાથ પુસ્તકને સારી રીતે તૈયાર કરવા-છાપવા માટે મદદરૂપ થએલા કોમ્પ્યુ-ગ્રાફિક્સના માલિક શ્રી ભરતભાઈએ પોતાની શક્તિ-બુદ્ધિ વાપરી તે પણ અભિનંદનને પાત્ર છે.

વૈશાખ સુદ-૧૧ **શ્રી નવજીવન ગ્રંથમાળા (ગા.) ટ્રસ્ટ**
સંઘ સ્થાપના દિન.

# -: અનુક્રમણિકા :-

**પૂર્વાર્ધ :**


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | મંગળ પ્રવેશ | ૧ |
| ૨. | દેશનાની પૂર્વ તૈયારી | ૭ |
| ૩. | ૨૯૦ વર્ષ પછી અપાપાપુરી ધન્ય બની | ૧૬ |
| ૪. | કેવળી પ્રભુની વિહાર યાત્રા | ૨૫ |
| ૫. | ધર્મ દેશનાના ૩૦ વર્ષ | ૨૯ |
| ૬. | ૧૦૮૦૦ દેશનાની ફળશ્રુતિ | ૪૬ |
| ૭. | સ્વાધ્યાય | ૫૬ |


**ઉત્તરાર્ધ :**


| | | |
|---|---|---|
| ૧. | ધમ્મં શરણં પવજ્જામિ | ૬૨ |
| ૨. | દાન ધર્મ | ૭૮ |
| ૩. | શીલ (શિયળ) ધર્મ | ૧૦૪ |
| ૪. | તપ ધર્મ | ૧૩૧ |
| ૫. | ભાવ ધર્મ | ૧૫૩ |
| ૬. | ઉપસંહાર (સરવૈયું) | ૧૬૩ |
| ૭. | સ્વાધ્યાય | ૧૭૦ |

# ૧ : મંગળ પ્રવેશ

**ધમ્મો મંગલમુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।**
**દેવાવિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો ॥**

**અર્થ :** ધર્મ-એ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ, તપ એના મુખ્ય અંગ છે. જેનું મન હંમેશાં ધર્મમાં લાગેલું રહે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.

વૈશાખ સુદ-૧૦ નો શુભ દિવસ હતો.

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીને આજે મધ્યાન સમયે, **'ગૌદુહીકાસણે'** છઠ્ઠની નિર્જળ તપસ્યામાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં, ઋજુવાલિકા નદીના કાંઠે, જાંભિક ગામમાં, શ્યામક નામના ગૃહસ્થના ખેતરમાં, શાલવૃક્ષની નીચે, શુક્લ ધ્યાનમાં આરૂઢ થતાં ચારે ઘાતીકર્મોનો ક્ષય કરી - ખપાવીને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું હતું.




હવે પ્રભુ સર્વજ્ઞ, સર્વદર્શી થયા. ચરાચર પદાર્થોના ભાવોના 'અંજલીવત' જ્ઞાતા થયા. છદ્મસ્થાવસ્થા પૂર્ણ થઈ ને જ્ઞાનાવસ્થા શરૂ થઈ.

પ્રભુએ આ અનંતજ્ઞાન ને અનંતદર્શનને પ્રાપ્ત કરવા સમક્તિ પ્રાપ્ત કર્યા પછી ૨૬-૨૬ ભવોમાં ભગીરથ પ્રયત્ન કર્યો હતો. અંતિમ ૨૭મા ભવે પણ દીક્ષા લીધા પછી ૧૨॥ વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી, દેવકૃત (૫), માનવકૃત (૯) અને તિર્યંચકૃત (૧) અસહ્ય ઉપસર્ગો-પરિષહોને દીનતારહિત પણે ખમ્યા છે. સમભાવે સહ્યાં છે. આ રીતે મૌનપૂર્વક જાગૃત અવસ્થામાં, કાર્યોત્સર્ગ ધ્યાનમાં સાધના કરી છે.*

---

* પ્રભુનો ૧૨॥ વર્ષના છદ્મસ્થાવસ્થામાં નિદ્રાકાળ માત્ર ૧ મુહૂર્ત (૪૮ મિનિટનો) હતો.



ગુણસ્થાનકની અપેક્ષાએ પ્રભુએ પ્રથમ નયસારના ભવમાં પ્રાપ્ત કરેલા સમ્યક્ત્વ (ગુણસ્થાનક ૪થું) પછી ૨૭માં ભવે છેલ્લે કારતક વદ-૧૦ના દીક્ષા લીધી તે દિવસથી છઠ્ઠા 'પ્રમત્ત' ગુણસ્થાનકથી આરંભેલો આત્મ સાધનાનો પ્રયત્ન અનુક્રમે પરિણામની શુદ્ધતાના કારણે અલ્પ કાળ ને ભગીરથ પ્રયત્ન દ્વારા આજે ૧૩મા 'સયોગી કેવળી' ગુણસ્થાનક સુધી પહોંચ્યો હતો.


બસ, હવે પ્રભુ જ્યાં સુધી •અઘાતીકર્મ ઉદયમાં છે એટલે ચારે અઘાતી કર્મનો સંપૂર્ણ ક્ષય થયો નથી ત્યાં સુધી જીવમાત્રના કલ્યાણ માટે 'સવિજીવ કરું શાસન રસી'ની જે ભાવદયાની ભાવના થી ૨૫માં ભવે 'તીર્થંકર નામકર્મ'ની નિકાચના કરી હતી તે ઉપકારની ભાવનાને પૂર્ણ કરવા પ્રયત્ન ઉપદેશામૃત દ્વારા આદરે છે. પોતે જે પ્રાપ્ત કર્યું છે તે સર્વ જીવમાત્રને પ્રાપ્ત થાઓ એ માટે ઉદઘોષણા (ઢંઢેરો) કરી કહેશે કે - ''ભાગ્યવાનો ! જન્મ-જરા મરણથી, આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત થવા માટે મોક્ષ-મુક્તિની પ્રાપ્તિ કરવા હું જાઉં છું, તમે પણ ચાલો.''

**મોક્ષ-મુક્તિનો પરિચય :**

''સિવ–મયલ–મરૂઅ–મણંત–મક્ખય–મવ્વાબાહ–મપૂણરાવિત્તિ–સિદ્ધિ ગઈ'' જે સ્થળે ઉપદ્રવ રહિત, અચળ, રોગરહિત, અનંત સ્થિતિવાલું, ક્ષયરહિત (શાશ્વત), વ્યાધિ-પિડારહિત, જ્યાંથી પાછા સંસારમાં પાછું ફરવાનું નથી એવી સિદ્ધિ-મોક્ષ ગતિ છે.'' **નમુત્થુણં.**

આ અજરામર સંદેશ ભવિ આત્માઓને સંભળાવી પ્રભુ ગોવાળીયાની જેમ (વાંસળીના મધુર સુર સાંભળી ગાયો આકર્ષાય) મુક્તિ તરફ આકર્ષશે. એટલું જ

• વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર.




નહિં પણ સંસાર સમુદ્રથી તરવા - પાર ઉતરવા માટે નાવના નાવિક બની ઉપકારનું કાર્ય કરશે અને પૃથ્વીતલ પર અહિંસા પ્રમુખ ધર્મને સંભળાવશે.卐

દરેક તીર્થંકરની જેમ ભ. મહાવીર પ્રભુ પણ જન્મથી ત્રણ જ્ઞાન અને ચાર અતિશયોવાળા હતા. દીક્ષાના દિવસે ચોથું મનઃપર્યવ જ્ઞાન પ્રભુને પ્રાપ્ત થયું હતું અને કેવળજ્ઞાનની પ્રાપ્તિથી તેઓ ૫ જ્ઞાનવાન ને દેવકૃત ૧૧ + કર્મક્ષયથી ૧૯


卐 વિશેષણ - મહાગોપ, મહામાહણ, મહાનિર્યામક, મહાસાર્થવાહ.

અતિશયવાળા (કુલ - ૩૪) થયા હતા. એજ રીતે નંદનમુનિના (૨૫મો ભવ) ભવમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ સહિત વીશસ્થાનક તપની આરાધના દ્વારા નિકાચીત કરેલ તીર્થંકર નામકર્મ હવે સમવસરણમાં બિરાજી ધર્મદેશના આપવા રૂપે 'ભાવજિન' સ્વરૂપે ભોગવશે.[卐]

જેમ નવલોકાંતિક દેવોએ દીક્ષા કલ્યાણકના ૧ વર્ષ પૂર્વે પ્રભુને ગૃહસ્થાવસ્થામાં 'તીર્થ પ્રવર્તાવવા'ની (દીક્ષા લેવા માટે) વિનંતિ કરી હતી તેમ ઈન્દ્રાદિદેવો પોતાના આચારધર્મ પ્રમાણે કેવળજ્ઞાન કલ્યાણક ઉજવવા અને ધર્મદેશના સાંભળવા ભક્તિથી આવ્યા હતા. વિશિષ્ટ પ્રકારની સમવસરણની અલ્પ સમયમાં રચના પણ કરી હતી. હવે દેવો વિનંતિ કરશે, ને તરત તીર્થંકર પરમાત્મા જીવમાત્રના કલ્યાણ માટે પૂર્વેના તીર્થંકરોએ જે રીતે ઉપદેશ આપ્યો હતો તેમ ઉપદેશ આપશે.

હવે માત્ર ઉપદેશ શરૂ થવાને ક્ષણ-બે ક્ષણનો જ વિલંબ હતો. ત્યાંજ...


જે ક્ષેત્રે પ્રભુવીરને કેવળજ્ઞાની બનાવ્યાં, જ્યાં કેવળજ્ઞાનને કેવળદર્શનના પ્રભુ સ્વામી થયા. ત્યાં કાળની કહો કે ક્ષેત્રની કહો પૂર્ણ પરિપક્વતા ન હોવાના કારણે અર્થાત્ ધર્મદેશનાના તાત્કાલિક ફળસ્વરૂપ જે ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના, ગણધર (પદ)ની સ્થાપના, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓને દેશવિરતિ-સર્વવિરતિ ધર્મ સ્વરૂપ સંયમધર્મનો સ્વીકાર વિ. જે રીતે શરૂ થવો જોઈએ તે રીતના સંયોગો ન હોવાથી અચ્છેરારૂપે પ્રભુએ અત્રે દેવસભામાં અલ્પમાત્ર દેશના આપી.




卐 नामजिणा, जिननामा, ठवणजिणा पुणजिणंद पडिमाओ । दव्वजिणा जिन जीवा, भावजिणा समवसरणत्था ॥

**અચ્છેરા અને કાળચક :**

આ અવસર્પિણી કાળમાં કુલ ૧૦ આશ્ચર્યકારી પ્રસંગો થાય છે. અને તેમાં



પણ પ્રભુવીરના ચરિત્ર સાથે સંકળાયેલા કુલ-૫* થયા છે. તેમાં ત્રીજો પ્રસંગ. પ્રથમ દેશના નિષ્ફળ થવાનો સમજવો.

ઉપર દર્શાવેલા કાળચક્રમાં અવસર્પિણી કાળના ૧-૨-૩ કુલ ત્રણ આરાનો ૪+૩+૨=૯ કોડાકોડી સાગરોપમ જેટલો યુગલિક કાળ લગભગ (૮૪ લાખ પૂર્વ ઓછો) પૂર્ણ થવા આવ્યો હોય ત્યારે પ્રથમ તીર્થંકર ભગવાન થાય. અને ત્યાર પછી ૨૩ તીર્થંકર ભ. ચોથા આરામાં ૧ કોડાકોડી સાગરોપમ કાળમાં (૪૨ હજાર વર્ષ–૮૯ પખવાડિયા ઓછા) થાય. અર્થાત્ ૨૪ તીર્થંકર ભગવાન ૪૨ હજાર વર્ષ ઓછા એવા ૧ કોડાકોડી સાગરોપમ અને ૮૪ લાખ પૂર્વ સમયમાં થાય. આજ સમયમાં કુલ ૧૦ અચ્છેરા (હુંડા અવસર્પિણી કાળમાં) થયા.

આ અવસર્પિણી કાળમાં તીર્થંકર પ્રભુના શ્રીમુખેથી દેશના સાંભળવાનો અવસર અને ચતુર્વિધ સંઘની ધર્મની સ્થાપનાદિ કરવાનો અવસર ભવ્યજીવો માટે ભ. ઋષભદેવને કેવળજ્ઞાન થયા બાદ અયોધ્યા નગરીમાં ફાગણ વદ-૧૧ના સર્વપ્રથમ થયો. ત્યાર પછીના ૨૨ તીર્થંકરોએ પણ એજ રીતે ક્રમશઃ દેશના આપી હતી. માત્ર ૨૪માં તીર્થપતિની પ્રથમ દેશના ઋજુવાલિકા નદીના કિનારે નિષ્ફળ ગઈ તેથી એ અચ્છેરું કહેવાય.

આ અવસરે હંમેશાં સાથે રહેનાર હાથીના વાહનવાળો, કૃષ્ણવર્ણી વામ ભુજામાં બીજોરૂ તથા દક્ષિણ ભુજામાં નકુલ છે. તેવો દેવ માતંગ અને સિંહવાહનવાલી, નીલવર્ણી, વામ ભુજામાં (૨) બીજોરૂ તથા વીણા તથા દક્ષિણ ભુજામાં પુસ્તક તથા અભય છે તેવી દેવી સિદ્ધાયિકા શાસન રક્ષક યક્ષ-યક્ષિણી તરીકે પ્રસિદ્ધિને પામ્યા.

કેવળજ્ઞાન પછી દેશના નિષ્ફળ જવાથી તરત જે સમયે સૂર્ય અસ્તાચલ તરફ જ્યારે ઢળી રહ્યો હતો તે વખતે ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ ઋજુવાલિકા નદીના તટેથી અપાપાપુરી તરફ વિહાર કરી ગયા.

卐

* (૧) ગર્ભાહરણ (૨) ચમરેન્દ્રનો ઉપપાત (૩) પ્રથમ દેશના નિષ્ફળ (૪) સૂર્ય-ચંદ્રનું મૂળ વિમાનમાં આગમન (૫) કેવળજ્ઞાન પછી ઉપસર્ગ.

# ૨ : ધર્મદેશનાની પૂર્વ તૈયારી

વૈશાખ સુદ-૧૧નું એ સુપ્રભાત હતું.

અપાપાપુરીના મહસેન વનમાં પ્રભુવીર પધારીને ધર્મદેશનાને સંભળાવવાના હતા. તે માટે દેવોએ પોતાના આચાર અનુસાર સમવસરણની સુંદર રચના કરી. જે સમવસરણમાં બિરાજી ભ. ઋષભદેવ આદિ અનેક તીર્થંકરોએ ભવ્ય જીવોના ઉપકારાર્થે ચતુર્મુખે ધર્મદેશના અર્થથી આપી હતી. એ સમવસરણના માત્ર દર્શન, સ્મરણ, સ્પર્શન પણ આત્માને કલ્યાણના માર્ગે લઈ જવા નિમિત્તરૂપ થાય છે.


બાહ્ય રીતે એ સમવસરણની શોભા-રચના કેવી અનુપમ હતી એની રચના ક્યા દેવોએ કરી હતી, તેમાં કેવા પ્રકારની ગોઠવણી કરી હતી તે થોડીક પ્રસંગોપાત વાતો જોઈ જાણી લઈએ.

**સમવસરણ : (જેમાં બિરાજી ભગવાન દેશના આપે તે)**

★ ચાર નિકાયના દેવો ગોળ કે ચતુષ્કોણવાળું સમવસરણ બનાવે.

★ મેઘકુમારના દેવો જમીન-ઉપર સુગંધિત જલની વૃષ્ટિ કરે.

★ વ્યંતરદેવો સુવર્ણ-રત્નમયી શિલાથી પૃથ્વીતળને જડે તથા સુગંધિત પંચવર્ણી પુષ્પોની જાનું પ્રમાણ વૃષ્ટિ કરે. રત્નમણિના તોરણ બાંધે, અષ્ટમંગળ પ્રગટાવે, (આલેખે) ધ્વજા-છત્ર બાંધે.



★ વાયુકુમારના દેવો પવન-વિકુર્વી ભૂમિને કાંટા-કાંકરા વિ.થી રહિત (શુદ્ધ) કરે.
★ ભવનપતિના દેવો મધ્યમાં મણિપીઠ રચી પ્રથમ ગઢ રૌપ્યમય ૧૦ હજાર પગથિયાવાળો (રથ આદિ વાહણો માટે) બનાવે.
★ જ્યોતિષીદેવો બીજો સુવર્ણમય ગઢ ૫ હજાર પગથિયાવાળો બનાવે.
★ વૈમાનિકદેવો ત્રીજો રત્નમય ગઢ ૫ હજાર પગથિયાવાળો બનાવે.
★ સમવસરણમાં ચારે દિશામાં ચાર-ચાર (૪×૩) કુલ ૧૨ દરવાજા હોય.
★ દરેક દરવાજે મરકત મણિમય તોરણો અને કુંભો શોભતા હોય.
★ સુવર્ણમય કળશાઓથી શોભિત દરેક દરવાજે વાવડી હોય.
★ ૧-૩ ગઢના દ્વારે ૨/૨ દેવો અને બીજા ગઢ ઉપર ૨/૨ દેવીઓ હોય.

| | | |
|---|---|---|
| ગઢ-૧ : | પૂર્વમાં તુંબરદેવ | પશ્ચિમ-કપીલીદેવ |
| | ઉત્તર-જટામુગુટ | દક્ષિણ-ષટવાંગદેવ. |
| ગઢ-૨ : | પૂર્વમાં-જયાદેવી | પશ્ચિમ-અજિતાદેવી |
| | ઉત્તર-અપરાજિતા | દક્ષિણ-વિજયાદેવી. |
| ગઢ-૩ : | પૂર્વમાં-સોમ દ્વારપાલ | પશ્ચિમ-વરૂણ |
| | ઉત્તર-કુબેર | દક્ષિણ-યમ. |

★ દરેક દ્વાર પાસે સ્ફટિક રત્નમય ધર્મચક્ર હોય.
★ ચારે દિશામાં ૧-૧ યોજન પ્રમાણ ઊંચો ધ્વજ (પૂર્વમાં ધર્મધ્વજ, દક્ષિણમાં માનવધ્વજ, પશ્ચિમમાં ગજધ્વજ, ઉત્તરમાં સિંહધ્વજ) અને આકાશમાં દેવદુંદુભિ નાદ થતો હોય.
★ બીજા ગઢની મધ્યમાં ઈશાન ખૂણામાં પ્રભુને બેસવા માટે (દેશના સિવાયના સમયે) 'દેવછંદો' હોય.
★ વ્યંતરદેવો ત્રીજા ગઢની મધ્યમાં પ્રભુનાં શરીરથી બાર ગુણા પ્રમાણવાળા (૩૨ ધનુષ્ય) ઊંચા ચૈત્ય (અંશોક) વૃક્ષ, રત્નમય પાદપીઠ સહિતનું સિંહાસન, ચારે દિશામાં ૨/૨ ચામરધારી અને પ્રભુની ઉપર ત્રણ ત્રણ છત્ર રાખે.
★ પ્રભુ મૂળસ્વરૂપે પૂર્વ દિશામાં અને બાકીની ત્રણ દિશામાં પ્રભુના સ્વરૂપ જેવા જ પ્રતિબિંબો વ્યંતરદેવો સ્થાપે.
★ પ્રભુના તેજને ખમી શકાય તે માટે પ્રભુની પાછળ 'ભામંડળ' રાખે.
★ પ્રભુ ધર્મદેશના માલકોશ રાગમાં અર્થથી આપે.
★ અષ્ટપ્રાતિહાર્ય સ્વ ઉચિત પ્રવૃત્તિ કરે.
★ પહેલા ગઢમાં રથ, પાલખી વિગેરે વાહનો હોય. બીજા ગઢમાં તિર્યંચો મૈત્રી ભાવથી એક સાથે બેસે. ત્રીજા ગઢમાં બાર પર્ષદા હોય.
★ સમવસરણમાં બાર પર્ષદા આ પદ્ધતિથી બિરાજે.
★ પૂર્વ દિશા—અગ્નિ ખૂણામાં - સાધુ, વૈમાનિક દેવી, સાધ્વીજી (ઉભા)
★ ઉત્તરદિશા—ઈશાન ખૂણામાં - વૈમાનિક દેવ, પુરૂષો, સ્ત્રીઓ.
★ પશ્ચિમ દિશા—વાયવ્ય ખૂણામાં-ભવનપતિદેવી, જ્યોતિષદેવી, વ્યંતરદેવી.

★ દક્ષિણદિશા—નૈઋત્ય ખૂણામાં - ભવનપતિદેવ, જ્યોતિષદેવ, વ્યંતરદેવ. ૩

★ સમવસરણની રચના ભગવાનના દેહ પ્રમાણે (ભ. મહાવીર માટે ૪ ગાઉ પ્રમાણ) દેવતાઓ કરે.

**સમવસરણના દર્શન, નામશ્રવણથી મળેલા લાભો :**

(૧) ઘણા સમયથી પુણ્યશાળી મરૂદેવામાતા ભરતચક્રીને પનોતા પુત્ર ભગવાન ઋષભદેવના સમાચાર મંગાવવા કહેતા હતા. પુત્ર વિરહ અને મોહના કારણે તેઓની આંખો રૂદનથી સુજી ગઈ હતી. આંખે પડલ પણ આવી ગયા હતા.

એક દિવસ એક તરફથી પ્રભુના કેવળજ્ઞાન પ્રાપ્તિના અને સમવસરણની રચનાના સમાચાર ભરતચક્રીને પ્રાપ્ત થયા. બીજી તરફ દૂત દ્વારા આયુધ શાળામાં ચક્રરત્ન પ્રગટ થયાના સમાચાર મળ્યા. છતાં ચક્રરત્નની ખુશાલીને ગૌણ કરી દાદીમા મરૂદેવાની સાથે હાથી ઉપર પરિવાર સહિત પ્રભુના દર્શન કરવા ભરત ચક્રવર્તિ નિકળ્યા.

સમવસરણ હજી દૂર હતું. તે દરમ્યાન ભરતચક્રીએ પ્રભુની ઋદ્ધિ સિદ્ધિની, અગણિત દેવો દ્વારા થતી સેવાની, સમવસરણની રચનાની વાતો આંખે દેખી માતાજીને સંભળાવી. આટ આટલા વર્ષો સુધી પુત્રના કાંઈ જ સમાચાર ન આવ્યા અને આજે આ બધું સાંભળતા તેઓનું હૃદય ભરાઈ આવ્યું. પોતાનો પુત્ર આવા અલૌકિક સુખનો અનુભવ કરે છે ને પોતે પુત્રની દિવસ-રાત ચિંતા કરે છે. કેવો મોહ ! પોતાની પાસે અગણિત દેવો હાજરા હજૂર છે. છતાં એકને પણ મારી પાસે સંદેશો લઈને ન મોકલ્યો. હે મોહરાજા ! તને ધિક્કાર છે !




**એકત્વ ભાવના ભાવતા મરૂદેવામાતાજી**


આ રીતે આનંદની સાથે 'એકત્વ ભાવના'ને ભાવવા લાગ્યા. આટલા દિવસ સુધી પુત્રના મોહની પાછળ વિતાવેલા સમય-શક્તિ માટે સરળ સ્વભાવી માતા પશ્ચાતાપ કરવા લાગ્યા. આ દુનિયામાં કોઈ કોઈનું નથી એ એકત્વભાવે મોહનીય કર્મના પડલો ખરી પડ્યા. અને માત્ર * ત્રણ ભવનું જન્મ-મરણનું પરિભ્રમણ પૂર્ણ કરી સમવસરણની શોભાના નિમિત્તે હાથીના હોદ્દા ઉપર જ એ અંતકૃત કેવળી અને મોક્ષગામી થયા.

હજી ભ. ઋષભદેવે શાસનની - ચતુર્વિધ સંઘની સ્થાપના પણ કરી નથી. તે પૂર્વે એ હળુકર્મી આત્મા 'અતીર્થસિદ્ધ' બની અજરામર પદને પામ્યા.

(૨) રાજગૃહી નગરીમાં નંદ મણિયાર ભ. મહાવીર સ્વામીના અનન્ય ભક્ત હતા. પણ કર્મ સંયોગે અંતિમ અવસરે અનસન વ્રતના કારણે તૃષ્ણા પરિષહ સહી ન શક્યા અને એ જીવ પાણીમાં ચોવીશે કલાક રહેતા માછલાઓની અનુમોદના કરવામાં અટવાઈ ગયો. પરિણામે અશુભ ધ્યાને મરીને દેડકો થયો.

સદ્દભાગ્યે પાણી ભરવા માટે આવેલી બેનોના મુખેથી ''નગરીમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. સમવસરણમાં દેશના આપવાના છે.'' એ વાતો વાવમાં જન્મેલા દેડકાએ સાંભળી. પૂર્વ ભવે કરેલી વિરાધનાથી હવે દેડકાને દુઃખ થાય છે. તેમજ વર્તમાનમાં પ્રભુની વાણી સાંભળવાનો અપૂર્વ અવસર સફળ કરવાની ઉત્કૃષ્ટ ભાવના જાગે છે. પરિણામે એણે પણ સમવસરણની દીશા તરફ પ્રયાણ કર્યું.

બીજી તરફ શ્રેણિક મહારાજા પોતાના પરિવાર સાથે પ્રભુના દર્શન, વંદન, દેશના શ્રવણ કરવા નીકળ્યા તે અવસરે એક ઘોડાનો પગ દેડકાની ઉપર પડી જવાથી એ દેડકો ચગદાઈ ગયો. આયુષ્ય તો તરત જ પૂર્ણ થયું પણ અંતિમ અવસ્થામાં સમવસરણ તરફ જવાની અને પ્રભુની વાણી સાંભળવાની ભાવના તિર્યંચ જીવને




★ વ્યવહાર રાશિમાંથી આવી 'કેળ'નો ભવ કરી મરૂદેવા રૂપે અવતાર લઈ મોક્ષ પામ્યા. (અષ્ટાપદની પૂજા-ચોથી)

(દેડકાને) સદ્ગતિ અપાવે છે. તરત એ દેડકાનો જીવ દેવ ગતિમાં 'દુર્દશાંક દેવ' તરીકે ઉત્પન્ન થઈ પ્રભુ વીરની વાણી સાંભળવા પહોંચી જાય છે. કેવી સમવસરણમાં જવાની અને વાણી શ્રવણ કરવાની તમન્ના !

(૩) પ્રભુવીરના શ્રીમુખેથી ''જે આત્મા અષ્ટાપદ તીર્થની યાત્રા સ્વ લબ્ધિથી કરી આવે તે તદ્દભવ મોક્ષગામી'' આ વચન સાંભળી અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામી અષ્ટાપદ તીર્થની યાત્રા કરવા નીકળ્યા. સૂર્યના કિરણોના આલંબનથી એ મહાપુરુષે અષ્ટાપદ તીર્થની જાત્રા કરી તીર્થ ઉપર જગ ચિંતામણી ચૈત્યવંદન સૂત્રની રચના કરી તથા વજસ્વામીનો જીવ તિર્યગ્જૃંભક દેવને 'પુંડરિક કંડરિક' અધ્યયન સંભળાવી પ્રતિબોધી પાછા વળ્યા.

અષ્ટાપદ ગિરિના બીજા-ત્રીજા પગથિએ ૧૫૦૦ તાપસો અષ્ટાપદ ઉપર ચઢવા માટે કાયકલેશ સહન કરી રહ્યા હતા. તેઓએ ગૌતમ સ્વામીને જાત્રા કરવા માટે ગયેલા અને જાત્રા કરી પાછા ફરતા જોઈ તરત ગૌતમ સ્વામીને 'પોતાનો ઉદ્ધાર કરવા' વિનંતિ કરી. લબ્ધિનિધાન ગુરૂ ગૌતમ સ્વામીએ તેઓને ઉપદેશ આપી, સર્વવિરતિના અનુયાયી બનાવી દીક્ષા પણ આપી. એટલું જ નહિ પણ 'અક્ખીણ મહાનસ' લબ્ધિ દ્વારા નાનકડા પાત્રમાં પ્રાપ્ત કરેલી ખીરથી બધાંને પારણા કરાવી ઉપકારી પ્રભુવીર પાસે લઈ ગયા.

૧૫૦૦ તાપસો લબ્ધિનિધાન ગુરૂથી એક ક્ષણ તો આકર્ષાઈ ગયા હતા. હવે તેઓના ગુરૂ ભ. મહાવીર પાસે જતાં માર્ગમાં વિવિધ વિચારો કરી ગુરૂના ગુણ ગાવા લાગ્યા. દૂરથી દેખાતા સમવસરણને નિહાળીને, કર્ણથી સંભળાતી વીતરાગી વાણીને મનોમન સાંભળી અનુમોદના કરવા લાગ્યા. પરિણામે એ બધા તાપસોમાંથી



૫૦૦ ને સમવસરણને જોવા માત્રથી, ૫૦૦ ને સમવસરણ નજીક પહોંચવાથી અને ૫૦૦ પ્રભુને પ્રદક્ષિણા આપતાં કેવળજ્ઞાની થયા. ધન્ય છે એ ઉત્તમ આત્માને ! ઉત્તમ ભાવને !

(૪) રાજગૃહીમાં લોહખુર નામે ચોર વસે. તેણે પુત્ર રોહણીયને પણ પોતાનો 'ચોરીનો ધંધો' બરાબર શિખવાડ્યો હતો. અંત સમયે પ્રતિજ્ઞા પણ અપાવી કે - ''સાધુ-સંત પાસે જવું નહિં, તેઓનો ઉપદેશ સાંભળવો કે સ્વીકારવો નહિં.'' હકીકતમાં રોહણીયની ઈચ્છા આ ધંધો કરવાની નહોતી. છતાં ચાલુ રાખ્યો અને પિતાને આપેલું વચન્ પાળવા પુરુષાર્થ કર્યો.

એક દિવસ ચોરી કર્યા બાદ રાજ સૈનિકોથી બચવા રોહણીયે ઘણો પુરુષાર્થ કર્યો. પગે કાંટા પણ ઘણાં વાગ્યા. લોહીલુહાણ થયેલા પગમાંથી ન છૂટકે જ્યારે કાંટાને કાઢવા ઊભો રહ્યો ત્યારે સમવસરણમાં બિરાજી ધર્મ દેશના આપતા પ્રભુવીરના 'દેવ' સંબંધિના ૨-૪ શબ્દ કાને સંભળાઈ ગયા કે - (૧) દેવ જમીન ઉપર ન ચાલે. (૨) ગળામાં રહેલી ફૂલની માળા કરમાય નહિં. (૩) દેવ ઉંમરમાં નાના-મોટા ન હોય. (૪) આંખ બંધ-ઉઘાડ ન થાય વગેરે. અને પોતે પણ રાજસૈનિકોના હાથે પકડાઈ ગયો.

મંત્રી અભયકુમાર જેમ બુદ્ધિનિધાન હતા તેમ નીતિમાન હતા. પકડાયેલા ચોર દ્વારા ''હું ચોર છું, ચોરી કરું છું'' એવા વચન સાંભળવા માટે મંત્રીશ્વરે કાલ્પનિક દેવભવન ઉભું કરી ચોરને મૂંઝવણમાં મૂક્યો. પણ અનિચ્છાએ પ્રભુવીરના દેવ સંબંધિના સાંભળેલા વચનથી એ બચી ગયો. અંતે વચનનો ઉપકાર યાદ કરી અભયકુમાર સાથે મૈત્રી કરી સમવસરણમાં પ્રભુવીર પાસે જઈ પ્રભુનું શરણ સ્વીકારી ચોર મટી સંયમી બન્યો. આ છે જિનવાણીનો અપૂર્વ પ્રભાવ !



પ્રભુ જ્યારે ધર્મદેશનાનો પ્રારંભ કરશે ત્યારે દેવતાઓ વાણીનો પ્રભાવ, મહિમા-૩૫ અતિશયો દ્વારા વધારીને ધર્મદેશનાને સફળ કરશે.

**વાણીના ૩૫ અતિશયો :**

૧. **સંસ્કારત્વ :** સભ્યતા, વ્યાકરણશુદ્ધિ આદિ ઉત્તમ સંસ્કારોથીયુક્ત (વચન).

૨. **ઔદાત્ત્ય :** ઉચ્ચ સ્વરે બોલાતું (ઉદાત્ત[1])

૩. **ઉપચારપરીનતા :** અગ્રામ્ય (ઉપચારોપેત)

૪. **મેઘગંભીરઘોષત્વ :** મેઘની જેમ ગંભીર શબ્દવાળું (ગંભીર શબ્દ)

૫. **પ્રતિનાદવિધાયિતા :** પ્રતિધ્વનિ, પડઘાવાળું (અનુનાદિ)

૬. **દક્ષિણત્વ :** (સરલ)

૭. **ઉપનીતરાગત્વ :** માલકોશ વગેરે ગ્રામરાગોથી યુક્ત (આ સાત વચનાતિશયો શબ્દની અપેક્ષાએ છે. બીજા અતિશયો અર્થની અપેક્ષાએ છે.)

૮. **મહાર્થતા :** મહાન વ્યાપક વાચ્ય અર્થવાળું.

૯. **અવ્યાહતવ્ય :** પૂર્વે કહેલ અને પછી કહેલ વાક્યો અને અર્થો સાથે વિરોધ વિનાનું. (અવ્યાહતપૌર્વાપર્ય)

૧૦. **શિષ્ટત્વ :** અભિમત-ઈષ્ટ સિદ્ધાંતના અર્થને કહેનાર અને વક્તાની શિષ્ટતાનું સૂચક. (નિર્મળ જ્ઞાન, ધૈર્ય, સજ્જનતા વગેરે ગુણોથી યુક્ત પુરુષને શિષ્ટ પુરુષ કહેવામાં આવે છે. તેનું વચન પણ શિષ્ટ-વચન કહેવાય છે.)

૧૧. **સંશયોનો અસંભવ :** અસંદિગ્ધતા, સંદેહરહિત (અસંદિગ્ધ).

૧૨. **નિરાકૃતાન્યોત્તરત્વ :** બીજાઓ જેમાં દૂષણ ન બતાવી શકે એવું. (અપહૃતાન્યોત્તર).

૧૩. **હૃદયંગમતા :** હૃદય-ગ્રાહ્ય, હૃદયને પ્રસન્ન કરનાર, મનોહર.

૧૪. **મિથઃસાકાંક્ષતા :** પદો અને વાક્યોની પરસ્પર સાપેક્ષતાવાળું. (અન્યોન્યપ્રગૃહીત)

૧૫. **પ્રસ્તાવૌચિત્ય :** દેશ અને કાળને ઉચિત (દેશકાલાવ્યતીત).

૧૬. **તત્ત્વનિષ્ઠતા :** વિવક્ષિત વસ્તુના સ્વરૂપને અનુસરતું (તત્ત્વાનુરૂપ).

૧૭. **અપ્રકીર્ણ પ્રસૃત્વ :** સુસંબદ્ધ, વિષયાંતરથી રહિત અને અતિ વિસ્તાર વિનાનું.

૧૮. **અસ્વશ્લાઘાન્યનિન્દતા :** સ્વપ્રશંસા અને પરનિંદા વગરનું (પરનિંદા આત્મોત્કર્ષ વિયુક્ત).

---

૧. કૌંસમાં આપેલ આ નામો શ્રી સમવાયાંગ સૂત્રની ટીકામાંથી ગ્રહણ કરેલ છે. બાકીના અભિધાનચિંતામણી જેવા જાણવા.

૧૯. **આભિજાત્ય** : વક્તાની અથવા પ્રતિપાદ્ય વિષયની ભૂમિકાને અનુસરતું. (અભિજાત).

૨૦. **અતિસ્નિગ્ધમધુરત્વ** : અત્યંત સ્નેહ (મૈત્રી)ના કારણે સ્નિગ્ધ અને મધુરતાવાળું. ઘી, ગોળ વગેરેની જેમ સુખકારી.

૨૧. **પ્રશસ્યતા** : ઉપરના ગુણોના કારણે પ્રશંસાને પામેલ (ઉપગત શ્લાઘ).

૨૨. **અમર્મવેધિતા** : બીજાઓના મર્મને ખુલ્લાં ન પાડનારું અને તેથી બીજાઓના હૃદયને ન વીંધનારું. (અપરમર્મવેધિ).

૨૩. **ઔદાર્ય** : ઉદાર-અતુચ્છ અર્થને કહેનારું (ઉદાર).

૨૪. **ધર્માર્થ પ્રતિબદ્ધતા** : ધર્મ અને અર્થથી અરહિત (અર્થધર્માભ્યાસાનપેત).

૨૫. **કારકાદિ-અવિપર્યાસ** : કારક, કાલ, વચન, લિંગ વગેરેના વ્યત્યય (વિપર્યાસ) રૂપ વચનદોષથી રહિત (અનપનીત).

૨૬. **વિભ્રમાદિવિયુક્તતા** : વિભ્રમ, વિક્ષેપ, કિલિકિંચિત વગેરે દોષોથી રહિત. વિભ્રમ = વક્તાના મનની ભ્રાંતિ. વિક્ષેપ = કહેવા યોગ્ય અર્થ પ્રત્યેની વક્તાની અનાસક્તતા. કિલિકિંચિત = રોષ, ભય, અભિલાષ વગેરે ભાવોની એકીસાથે અથવા અલગ અલગ મનમાં વિદ્યમાનતા. (વિભ્રમ-વિક્ષેપ-કિલિકિંચિતાદિ વિમુક્ત).

૨૭. **ચિત્રકૃત્ત્વ** : કહેવાતા અર્થના વિષયમાં શ્રોતાઓમાં અવિચ્છિન્ન (સતત) કૌતુક-કુતૂહલને ઉત્પન્ન કરતું (ઉત્પાદિતાવિચ્છિન્ન-કૌતૂહલ).

૨૮. **અદ્‌ભુત**

૨૯. **અનતિવિલંબિતા** : અતિવિલંબથી રહિત (બે વર્ણો, શબ્દો, પદો વાક્યોની વચ્ચે અતિવિલંબ થાય તો સાંભળનારને સમજવામાં મુશ્કેલી પડે.)

૩૦. **અનેકજાતિવૈચિત્ર્ય** : જાતિઓ એટલે વિવક્ષિત વસ્તુનાં સ્વરૂપનાં વર્ણનો. વર્ણન કરાતી વસ્તુનાં સ્વરૂપનાં વર્ણનોની વિચિત્રતા અને વિવિધતાથી યુક્ત. વસ્તુ સ્વરૂપનાં વિચિત્ર અને વિવિધ વર્ણનોથી યુક્ત અનેક જાતિ સંશ્રયથી (વિચિત્ર).

૩૧. **આરોપિતવિશેષતા** : બીજાં વચનોની અપેક્ષાએ વિશિષ્ટ (આહિતવિશેષ).


૩૨. **સત્ત્વપ્રધાનતા** : સત્ત્વ = સાહસ = સાહસની પ્રધાનતાવાળું (સત્ત્વ-પરિગૃહીત).

૩૩. **વર્ણ-પદ-વાક્ય-વિવિક્તતા** : વર્ણો, પદો અને વાક્યોના ઉચ્ચારની વચ્ચે જેટલું સમુચિત અંતર જોઈએ તેટલા અંતરવાળું. સ્પષ્ટ વર્ણો, પદો અને વાક્યોવાળું (સાકાર).

૩૪. **અવ્યુચ્છિતિ :** વિવક્ષિત અર્થની સંપૂર્ણ સુંદર સિદ્ધિ ન થાય ત્યાં સુધી અખંડ રીતે તેને (વિવક્ષિત અર્થને) વિવિધ પ્રમાણથી સિદ્ધ કરતું. અખંડ ધારાબદ્ધ (અવ્યુચ્છેદિ).

૩૫. **અખેદિત્વ :** કહેતી વખતે વક્તાને જેમાં ખેદ-શ્રમ-આયાસ નથી એવું. સુખપૂર્વક કહેવાતું (અપરિખેદિત).

卐




તીર્થંકર પરમાત્માની જેમ ચક્રવર્તિ પણ સંસારમાં પુણ્યશાળી કહેવાય છે. તેની ઋદ્ધિ-સિદ્ધિમાં ૧૪ રત્ન (૭ એકેન્દ્રિય, ૭ પંચેન્દ્રિય)ની જેમ ઉપરના નવ નિધાનો પણ હોય છે. તેની મદદથી છ ખંડ એ જીતે છે. દરેક નિધાન ૧-૧ હજાર યક્ષોથી પરિવરેલ હોય.

# ૩ : અપાપાપુરી ધન્ય બની

લગભગ ૮૩ દિવસ ઓછા એવા ૨૯૦ વર્ષ પૂર્વે પુરીષાદાનીય ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામીએ વારાણસી નગરીમાં ફાગણ (ચૈત્ર) વદ-૪ ના સંઘની સ્થાપના કરી હતી. તે પછી ૨૪માં તીર્થપતિ તરીકે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચતુર્વિધ સંઘની સ્થાપના કરવાના હતા.

પ્રભુવીર ઋજુવાલિકાથી વિહાર કરી અપાપાપુરી પધાર્યા. મહસેન વનમાં દેવરચિત સમવસરણમાં પૂર્વ દ્વારથી પ્રવેશ કરી જ્યાં ચૈત્યવૃક્ષ, અષ્ટપ્રાતિહાર્ય વિગેરેથી ત્રીજો ગઢ સુશોભિત છે ત્યાં સર્વ પ્રથમ ત્રણ પ્રદક્ષિણા (ચૈત્યવૃક્ષને) આપી ''નમો તિથ્થસ્સ'' ઉચ્ચારપૂર્વક પાદપીઠ યુક્ત રત્નમય સિંહાસન ઉપર બિરાજમાન થયા. દેવતાઓએ પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ દીશામાં પ્રભુના જેવા જ પ્રતિરૂપ સ્થાપન કર્યા. તે અવસરે દેશના સાંભળવા માટે આવેલા દેવો-મનુષ્યો પણ યોગ્ય દ્વારથી ત્રીજા ગઢમાં પ્રવેશી પ્રભુને વંદન કરી (નીરખતા) યોગ્ય સ્થાને બેઠા.

દેવોના ઈન્દ્રે આ અવસરે ભક્તિથી નમન કરી અંજલી જોડીને સર્વપ્રથમ સ્તુતિ કરી તે પછી વિનંતિ કરી કે –

''હે સ્વામી ! અમે તમારા જેવા નાથના શરણનેજ અંગિકાર કરીએ છીએ. તમોને જ સ્તવીએ, ઉપાસના કરીએ છીએ. તમારા શિવાય બીજા કોઈ અમારા માટે શરણરૂપ નથી. તેથી અમે ક્યાં જઈને જન્મ-મરણથી ઉદ્ધાર કરનારી વાણીને સાંભળીશું ? માટે કૃપા કરી ધર્મદેશના સંભળાવી અમોને કૃતાર્થ કરો.''

''હે નાથ ! આપનું પ્રસન્ન મુખ, મધ્યસ્થ દ્રષ્ટિ, લોકોને પ્રીતિ ઉપજાવનારૂં કલ્યાણકારી વચન એ બધું આપનામાં અત્યંત પ્રીતિના સ્થાનરૂપ છે. કદી વાયુ સ્થિર રહે, પર્વત દ્રવે અને પર્વત જાજ્વલ્યમાન થાય એ શક્ય નથી તેમ રાગાદિક વડે ગૃહસ્થ થએલા ભવિ પુરુષો કરૂણાભરી વાણીને શ્રવણ કરી ધન્ય બનશે. માટે અમૃતમય વાણી સંભળાવવાની કૃપા કરો.''

સ્તુતિ કરી જ્યારે ઈન્દ્ર પોતાની જાતને ધન્ય માનતાં પ્રભુની વાણી શ્રવણ કરવા શાંત-પ્રસન્ન મુદ્રાએ ઊભા રહ્યા તે વખતે પ્રભુએ અર્થથી જીવમાત્રને સમજી શકાય તેવી માલકોશ રાગમાં વાણીથી દેશના આપવાનો પ્રારંભ કર્યો.

''આ આત્મા નિત્ય-શાશ્વતો છે. મિથ્યાત્વાદિના કારણે આત્માને કર્મબંધન થાય છે અને એ કર્મબંધન જ સંસારનું (જન્મ-મરણનું પરિભ્રમણાદિનું) કારણ છે. તેનાથી બચવા સંયમરૂપી સર્વવિરતિપણું જીવનમાં જરૂરી છે.''

''સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર એ મોક્ષ પ્રાપ્તિનો તથા આત્માને કર્મ રહિત કરવાનો રાજમાર્ગ છે. સાધનથી સાધ્યની શીઘ્ર પ્રાપ્તિ થાય છે. માટે આત્માર્થી

જીવોએ આત્મા માટે થોડું વિચારવું જરૂરી છે.''

''મનુષ્યભવ એ મૂલ ધન છે. દેવગતિ એ (શુભકરણીનો) લાભ છે. નરક-તિર્યંચગતિ (અશુભ અધ્યવસાયથી) મૂળધનનો નાશક છે. રાત પછી દિવસ ઉગે તેમ એક ગતિમાંથી બીજી ગતિ (પરભવ)માં આ જીવને કર્મ અનુસાર જવું પડે છે અને સુખ-દુઃખ ભોગવવું પડે છે. આ જન્મ-મરણના ચક્રમાંથી બચવા અહિંસામૂલક સર્વવિરતિ ધર્મ સર્વોત્તમ ઉપાય છે.''

''હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય પાળવું અને પરિગ્રહ ન કરવો એ ✻પાંચ મહાવ્રતો છે. જે આત્મા આ વ્રતોનો સર્વથા સ્વીકાર કરે છે. તેનો સંસાર અલ્પ થાય છે. સંસારને ભોગવવામાં ભવભ્રમણ વધે છે. જ્યારે સંસારને ત્યજવાથી આત્મરમણતા પ્રાપ્ત થાય છે.''

જે સમયે ભ. મહાવીર અપાપાપુરીમાં ધર્મદિશનાને આપતા હતા તે સમયે બીજી તરફ ૧૪ વિદ્યાના પારગામી ઈન્દ્રભૂતિ આદિ ૧૧ પંડિતો ૪૪૦૦ શિષ્યોની સાથે સોમિલ બ્રાહ્મણ દ્વારા આયોજિત યજ્ઞકાંડ કરાવતા હતા. પંડિતો તેના વિશિષ્ટ મહિમાને મુક્ત મને બતાડતા હતા. તે દરમિયાન જ્યારે આકાશ માર્ગે દેવ-દેવીઓને ભૂમિ માર્ગે હજારો નર-નારીઓના ગમનાગમનને જોયું.

સર્વપ્રથમ તો પોતાના યજ્ઞમંડપમાં એ બધા આવે છે તેવો પંડિતોએ પ્રચાર કર્યો. પરંતુ જ્યારે દેવ-દેવી આદિને અન્ય સ્થળે જતાં જોયા ત્યારે મ્લાન મુખવાળા થઈ ચિંતામાં પડ્યા. આમ કેમ થયું તે વિચારવા લાગ્યા.

તપાસ કરતાં ઈન્દ્રભૂતિ પંડિતને સત્ય બિના જ્યારે ખબર પડી કે કોઈ સર્વજ્ઞ આવ્યા છે. વિશાળ સભાખંડમાં ઉપદેશ આપે છે. 'સર્વજ્ઞ' શબ્દ સાંભળવાથી પોતાની હીનતા દેખાઈ. તેથી તરત પોતાની વિદ્વતામાં લાગતાં કલંકને દૂર કરવાં, પ્રભુ સાથે વાદવિવાદ કરવા વૈર-વિરોધની ભાવનાથી યજ્ઞક્રિયા બીજાને સોંપી નિકળી પડ્યા. તેઓના ૫૦૦ શિષ્યો પણ ગુરૂ ઈન્દ્રભૂતિની બિરૂદાવલી ગાતા-બોલતાં સાથે જ સમવસરણ તરફ જઈ રહ્યાં હતા. જતી વખતે પગલે-પગલે, ક્ષણે-ક્ષણે પોતાના ગુરૂની વિદ્વતાની ઉપર ગૌરવ અનુભવતા. મનમાં પોતે જ નિશ્ચિત વિજયી થશે એવા દ્રઢ સંકલ્પ ગોઠવી રહ્યાં હતા. કારણ ગુરૂએ અનેકોને વાદ-વિવાદમાં સહેલાઈથી જીત્યા છે. એટલે આજે પણ વિજય તેમના જ હાથમાં છે એમ તેઓએ માની લીધેલું.

પણ... સમવસરણને નિહાળતાં પ્રભુના દિવ્યરૂપને દ્રષ્ટિગોચર કરતાં ઈન્દ્રભૂતિ એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયા. એક ક્ષણ કોણ છે ? એવો પ્રશ્ન ઈન્દ્રભૂતિજીના મનમાં ઉદ્‌ભવ્યો.

✻ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ.

**ઈન્દ્રભૂતિ (ગૌતમસ્વામી)ને પ્રભુવીરના પ્રથમ દર્શને થયેલ વિચારણા :**

કોણ છે આ ? બ્રહ્મા ? વિષ્ણુ ? સદાશિવ ? શંકર ?
ચંદ્ર છે ? ના, ચંદ્ર તો કલંકવાળો છે.
સૂર્ય છે ? ના, સૂર્યનું તેજ તો તીવ્ર હોય છે.
મેરુ છે ? ના, મેરુ તો કઠણ હોય છે.
વિષ્ણુ છે ? ના, તે તો શ્યામવર્ણવાળા હોય છે.
બ્રહ્મા છે ? ના, તે તો જરા (વૃદ્ધાવસ્થા)થી યુક્ત હોય છે.
કામદેવ છે ? ના, તે તો અંગરહિત હોય છે

જાણ્યું. આ તો દોષરહિત અને સર્વ ગુણ સંપન્ન ચરમ તીર્થપતિ શ્રી વર્ધમાન - મહાવીર સ્વામી ભગવાન છે. ધીરે ધીરે સમવસરણ પહોંચ્યા, પગથિયા પણ ઉત્સાહથી ચઢી ગયા.



ત્યાંજ પ્રભુએ મીઠા ને મધુરા શબ્દોથી ગૌતમગોત્રીય ઈન્દ્રભૂતિને બોલાવ્યા. તેઓના હૃદય મંદિરમાં વર્ષોથી સંગ્રહિત રાખેલી શંકાને (અશુભ વિચારોને શાસ્ત્રોના અર્થાભાસને) પ્રગટ કરતા જીવ તત્ત્વની ચર્ચા (વાદ) શરૂ કરી. આમ પૂછ્યા વગર મનમાં સંગ્રહેલી વર્ષોની શંકાનું નિરાકરણ જ્યારે પ્રભુ વચનો સાંભળી થવા લાગ્યું ત્યારે એક ક્ષણ ઈન્દ્રભૂતિજીનો આત્મા વિચાર સાગરમાં ડૂબી ગયો.

"પોતાને વાદ-વિવાદમાં જે હરાવે તેના શિષ્ય થઈશ." એવો ભૂતકાળનો સંકલ્પ ઈન્દ્રભૂતિજીને યાદ આવી ગયો. અને તે મુજબ પ્રભુનું શરણ સ્વીકારવા માટે તેઓ તૈયાર થઈ ગયા. અભિમાન ઓગળાઈ ગયું. સમર્પણની ભાવનાથી ઈન્દ્રભૂતિજીએ પોતાના જીવનને પ્રભુના ચરણે અર્પણ કર્યું. કુબેરે તરત સંયમના ઉપકરણ બધાના માટે આપ્યા અને પ્રભુએ તેઓને સંયમના દાનરૂપે (સામાયિકવ્રત ઉચ્ચરાવી) દીક્ષા આપી. આ રીતે ઈન્દ્રભૂતિ સહિત ૫૦૦ શિષ્યોએ દીક્ષા લીધી. પ્રભુનું શરણ સ્વીકારી જીવન ધન્ય ધન્ય કરી લીધું.

ઈન્દ્રભૂતિ પંડિતે ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી છે. આ વાત વાયુવેગે યજ્ઞમંડપમાં પ્રસરી ગઈ. જો કે બીજા પંડિતો આ વાત સ્વીકારવા તૈયાર નહોતા. પણ વિગત જાણ્યા પછી માની લઈ પોતે પણ શંકારહિત થવા પોતાના શિષ્યો સાથે ક્રમશઃ પહોંચી ગયા. પ્રભુએ તે સર્વેની ક્રમશઃ શંકાઓ ઉપદેશામૃતે દ્વારા દૂર કરી. પરિણામે એ બધા પંડિતો અને બ્રાહ્મણો પ્રભુના સ્વહસ્તે દિક્ષીત થઈ ગયા.

**અગ્યાર પંડિતો અને તેઓની શંકા - પરિચય :**

| ક્રમ | ૧<br>નામ | ૨<br>ગામ | ૩<br>પિતા | ૪<br>માતા | ૫<br>ગોત્ર |
|---|---|---|---|---|---|
| ★૧ | ઈન્દ્રભૂતિ | ગોવરગ્રામ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ |
| ૨ | અગ્નિભૂતિ | ગોવરગ્રામ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ |
| ૩ | વાયુભૂતિ | ગોવરગ્રામ | વસુભૂતિ | પૃથ્વી | ગૌતમ |
| ૪ | વ્યક્ત | કુલ્ભાગ | ધર્મમિત્ર | વારુણી | ભારદ્વાજ |
| ૫ | સુધર્મા | કુલ્ભાગ | ધમ્મિલ | ભદ્દિલ્લા | અગ્નિવેશ્મ |
| ૬ | મંડિત | કુલ્ભાગ | ધનદેવ | વિજ્યાદેવી | વાશિષ્ઠ |
| ૭ | મૌર્યપુત્ર | માર્યગ્રામ | મૌર્ય | વિજ્યાદેવી | કાશ્યપ |
| ૮ | અકમ્પિત | મિથિલા | દેવ | જયંતિ | હારિત |
| ૯ | અચલભ્રાતા | કૌશલ | વસુ | નન્દા | હારિતાયન |
| ૧૦ | મેતાર્ય | વચ્છપૂરી | દત્ત | વરુણદેવી | કૌડીન્ય |
| ૧૧ | પ્રભાસ | રાજગૃહી | બલ | અતિભદ્રા | કૌડીન્ય |

| | ૬<br>શંકા | ૭<br>શિષ્ય-પરિવાર | ૮<br>સંસારી-જીવન | ૯<br>સંયમી-જીવન | ૧૦<br>આયુ-સંપૂર્ણ |
|---|---|---|---|---|---|
| ૧ | આત્મા જીવ છે કે નહિં ? | ૫૦૦ | ૫૦ | ૪૨ | ૯૨ |
| ૨ | કર્મ છે કે નહિં ? | ૫૦૦ | ૪૬ | ૨૮ | ૭૪ |
| ૩ | જે જીવ તે જ શરીર કે બીજું ? | ૫૦૦ | ૪૨ | ૨૮ | ૭૦ |
| ૪ | પંચભૂત છે કે નહિં ? | ૫૦૦ | ૫૦ | ૩૦ | ૮૦ |
| ૫ | જે જેવો છે તે તેવોજ થાય ? | ૫૦૦ | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| ૬ | કર્મ-બંધ મોક્ષ છે કે નહિં ? | ૩૫૦ | ૬૫ | ૩૦ | ૯૫ |
| ૭ | દેવ છે કે નહિં ? | ૩૫૦ | ૫૩ | ૩૦ | ૮૩ |
| ૮ | નારક છે કે નહિં ? | ૩૦૦ | ૪૮ | ૩૦ | ૭૮ |
| ૯ | પૂણ્ય-પાપ છે કે નહિં ? | ૩૦૦ | ૪૬ | ૨૬ | ૭૨ |
| ૧૦ | પરલોક છે કે નહિં ? | ૩૦૦ | ૩૬ | ૩૬ | ૭૨ |
| ૧૧ | મોક્ષ છે કે નહિં ? | ૩૦૦ | ૧૬ | ૨૪ | ૪૦ |

★ ૧ - ૨ - ૩ ગણધરો ભાઈ હતા.

૧- ૫ ગણધરો ભગવાનના નિર્વાણ પછી અને બાકીના પહેલા રાજગૃહીમાં નિર્વાણ પામ્યા.

આ પ્રમાણે મહાન કુળમાં ઉત્પન્ન થએલા, મહાપ્રાજ્ઞ, સંવેગ પામેલા, ૧૪ વિદ્યાના પારગામી એવી પ્રસિદ્ધિ પામેલા એ ૧૧ વિદ્વાનો અને ૪૪૦૦ તેઓના શિષ્યો વીરપ્રભુના શિષ્ય-પ્રશિષ્ય થયા.

આ જ અવસરે કૌશાંબીના ધનાવાહ શેઠના ત્યાં ઉછરેલી ચંપાનગરીના રાજપુત્રી વસુમતિ (ચંદનબાળા) જેને ભ. મહાવીર પ્રભુને પાંચ મહિના ૨૫ દિવસના અભિગ્રહ સહિતના ઉપવાસનું પારણું અષાડ સુદ-૧૦ ના અડદના બાકુળા વહોરાવી કરાવ્યું હતું. એ રાજપુત્રી અન્ય કન્યાઓ સાથે પ્રભુની દેશના સાંભળતી હતી. તે ઊભી થઈ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી સંયમનું દાન આપવા વિનંતિ કરવા લાગી.


જ્યારે પ્રભુએ ચંદનબાળા પ્રમુખ કન્યાઓને સંયમનું દાન આપ્યું ત્યારે રાજગૃહી નગરીના રાજા શ્રેણિક, આનંદ કામદેવ શ્રાવક, શંખ-શતક શ્રેષ્ઠીઓ, આદર્શ સ્ત્રી રત્ન નાગસારથીના ધર્મપત્ની સુલસા, રેવતી આદિએ પણ પોતપોતાની રીતે બારવ્રતો રૂપ દેશવિરતિ ધર્મનો સ્વીકાર કર્યો. આ રીતે બાર પર્ષદાની સન્મુખ વૈશાખ સુદ-૧૧ ના મંગળમય દિવસે પાર્શ્વનાથ ભગવાનના નિર્વાણ પછી લગભગ ૨૨૦ વર્ષે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના પ્રભુએ કરી.




આજે પ્રભુ ૧ પ્રહર સુધી ધર્મદેશના આપવાના હતા. તેથી સર્વવિરતિ ધર્મની પ્રરૂપણાની સાથે શ્રાવક જીવનને ઉપયોગી એવી દેશવિરતિ ધર્મની ૧૨ વ્રતોની ટૂંકી સમજણ આપતાં કહ્યું –

"કદાચિત પુરૂષાર્થની ન્યુનતાના કારણે અથવા પુણ્યની ખામીના કારણે આ આત્મા સર્વવિરતિધર ન બને, બનવાનો પુરૂષાર્થ ન કરે, તો તેવા આત્માઓએ બાર વ્રતરૂપ દેશવિરતિ ધર્મનો અનુરાગ પેદા કરવો જરૂરી છે. પૂર્વે કહેલા પાંચ મહાવ્રતોમાં થોડી જયણા રાખી તે **અણુવ્રત** રૂપે સ્વીકારવા તથા ત્રણ **ગુણવ્રત** (૬ દિગ્પરિણામ, ૭ ભોગોપભોગ, ૮ અનર્થદંડ) અને ચાર **શિક્ષાવ્રત** (૯ સામાયિક, ૧૦ દેસાવગાસિક, ૧૧ પૌષધોપવાસ, ૧૨ અતિથી સંવિભાગ) એમ શ્રાવકો માટે (દેશવિરતિરૂપ) ૧૨ વ્રતો છે."

દેશવિરતિ ધર્મ એટલે સંયમી થવા માટેની પ્રાથમિક ભૂમિકા. એમાં આત્મા જેમ જેમ અણુવ્રતનું પાલન કરતો થાય તેમ તેમ ગુણ સ્વરૂપ જે ત્રણ વ્રત છે તે જીવનમાં આવે. ત્યાર પછી શિક્ષા કરાવનાર શિક્ષાવ્રતનો સહારો જો જીવ લે તો કાળક્રમે એ બારે વ્રતનો (૧૨૪ અતિચારથી બચી) અધિકારી થઈ શકે. પછી સર્વવિરતિ સ્વીકારવું એના માટે ઘણું સરળ છે.



Falsehood
Acquisition

**બારવ્રતની ટૂંક વ્યાખ્યા :**

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રાણાતિપાત વિરમણ | ૫ | પ્રમાદના યોગથી પ્રાણનું નાશ થવું તેનું નામ હિંસા. |
| ૨ | મૃષાવાદ વિરમણ | ૫ | પ્રમાદના યોગથી ખોટું બોલવું તે. |
| ૩ | અદત્તાદાન વિરમણ | ૫ | પ્રમાદના યોગથી કોઈએ ન આપેલી વસ્તુ લેવી તે. |
| ૪ | મૈથુન વિરમણ | ૫ | પ્રમાદના યોગથી વિજાતીય પ્રવૃત્તિનો સંગ તે. |
| ૫ | મૈથુન વિરમણ | ૫ | મૂર્છા એ પરિગ્રહ. |
| ૬ | દિગ્ પરિમાણ વિરમણ | ૫ | દિશા તથા વિદિશામાં અમુક માઈલથી વધારે ન જવું તે. |
| ૭ | ભોગોપભોગ વિરમણ | ૨૦ | એકવાર તથા વારંવાર ભોગવવા યોગ્ય વસ્તુનું પરિણામ. |
| ૮ | અનર્થદંડ વિરમણ | ૫ | અર્થ વગર (જરૂરત વગર) દંડાવવું તે. |
| ૯ | સામાયિક વિરમણ | ૫ | સમતામાં આવવું (લીન થવું) તે. |
| ૧૦ | દેશાવગાસિક વિરમણ | ૫ | આઠ સામાયિક તથા બે પ્રતિક્રમણ કરવા દ્વારા મર્યાદિત ક્ષેત્રથી બહારની વસ્તુ ન મંગાવવી તે. |
| ૧૧ | પૌષધોપવાસ વિરમણ | ૫ | આત્માની પુષ્ટિ કરે તે પૌષધ. |
| ૧૨ | અતિથિ સંવિભાગ વિરમણ | ૫ | અતિથિ મહાત્માને જે દ્રવ્ય આપો તેજ દ્રવ્ય એકાસણામાં વાપરવા. (આગલા દિવસે ચૌવિહારો પૌષધ સહિત કરવામાં આવે છે.) |
| | પાંચ આચારના | ૩૯ | |
| | સંલેષણા | ૫ | |
| | કુલ | ૧૨૪ | |

**'ત્રિપદી' દ્વારા દ્વાદશાંગીની રચના :**

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અગિયારે પંડિતોની શંકાઓને નિવારી લીધા પછી ક્રમશઃ સંયમી બનાવ્યા. પછી ૧૪ વિદ્યાના પારગામી એવા ઈન્દ્રભૂતિએ પ્રભુને પ્રદક્ષિણા આપી વંદના કરી નમ્રભાવે પ્રભુ સન્મુખ આવી વિનયથી પ્રશ્ન કર્યો - "ભગવન્ કિં તત્ત્વમ્ ?"

વીતરાગી કેવળજ્ઞાની પ્રભુએ પંડિતના પ્રશ્નના જવાબમાં કહ્યું- 'ઉપન્નેઈ વા' (આ સંસારમાં દરેક પદાર્થ ઉત્પન્ન થાય છે.) એવો ટૂંકો પણ ગૂઢ અર્થગંભીર જવાબ આપ્યો. પ્રભુનો માર્મિક જવાબ સાંભળી પંડિતો ધન્ય ધન્ય થયા. થોડો સમય આ જવાબ ઉપર મનન, ચિંતન, નિદિધ્યાસન કરી વિચાર્યું કે - ઉત્પન્ન થયેલા પદાર્થો છે તેઓનું હવે પછી શું થશે ? તેથી ફરી બીજી વખત પૂર્વની જેમ પ્રભુને પ્રદક્ષિણા આપી કરૂણાળુ પ્રભુને પ્રશ્ન કર્યો - "ભગવન્ કિં તત્ત્વમ્ ?"

પૂર્વે પૂછેલા પ્રશ્ન જેવો જ આ પ્રશ્ન હોવા છતાં કાળ(સમય)ની અપેક્ષાએ એ જવાબ ભૂતકાલીન થયો. તેથી વર્તમાન કાળને નજર સામે રાખી પ્રભુએ જવાબ આપ્યો - 'વિગમેઈ વા' (ઉત્પન્ન થયેલા પદાર્થ નાશ પણ થાય છે.)

પૂછનારા પંડિતો પણ પ્રભુનો જવાબ સાંભળી એક ક્ષણ માટે આશ્ચર્ય પામ્યા.

પ્રશ્ન એક જ હતો છતાં જવાબ બે મળ્યા. તેથી જવાબની ઉપર ફરીવાર મનન, ચિંતન કરતાં તેઓને જવાબમાં વાસ્તવિકતાના દર્શન થયા. તે જ રીતે પદાર્થો જે નજર સામે વિદ્યમાન છે. તેનું શું ? તેથી ત્રીજી પ્રદક્ષિણા આપી બાળકને શોભે તેવી નમ્રતા કેળવી ભગવંતને ત્રીજો પ્રશ્ન પૂછયો - ''ભગવન્ કિં તત્ત્વમ્ ?''

પંડિતો પ્રભુના મુખેથી આ પ્રશ્નનો જવાબ શું પ્રાપ્ત થશે, તે સાંભળવા માટે ઉતાવળા હતા. પ્રથમ અને બીજા પ્રશ્નનો જવાબ પદાર્થના શરૂ અને અંત સ્વરૂપે હોવાથી કાંઈક નવું જ સાંભળવા મળશે તેવી બધાને પૂર્ણ શ્રદ્ધા હતી. અને જ્યારે તરસ જિજ્ઞાસા ચરમ સીમાએ પહોંચે ત્યારે એક બિંદુ પણ અમૃત સમાન અનુભવાય છે.

પ્રભુએ ભૂતકાળના બન્ને પ્રશ્નના જવાબને જોડનાર, પુષ્ટ કરનાર જવાબ આપ્યો - 'ધુવેઈ વા' (દરેક પદાર્થ અમુક સમય સુધી આ લોકમાં સ્થિર રહે છે.)

પુદગલોના વિકાસ, સડન, નાશ આદિ સ્વભાવને યાદી અપાવનારો જવાબ સાંભળી બધા પંડિતોના નત મસ્તકો પ્રભુના સંપૂર્ણ જ્ઞાન સામે ઝૂકી ગયા. આમ ત્રણ પ્રશ્ન - ઉત્તરો ત્યાર પછી ક''ત્રિપદી'' રૂપે પ્રસિદ્ધિ પામ્યા. ગંભીર અર્થવાળી એ ત્રિપદીને સાંભળ્યા પછી પંડિતોના જ્ઞાનનયનો સંપૂર્ણ ઊઘડી ગયા. પરિણામે તરત જ ●''દ્વાદશાંગી''ની રચના કરવાની યોગ્યતાવાળા એ પંડિતો રચના કરવા સમર્થ થયા. અલ્પ સમયમાં જ દ્વાદશાંગીની રચના કરી પ્રભુને સંભળાવી પણ દીધી. સંભળાવતી વખતે સાત ગણધરોની સૂત્ર રચના જૂદી જૂદી થઈ જ્યારે અકંપિત અને અચળભ્રાતા તથા મેતાર્ય અને પ્રભાસની સૂત્ર રચના એક સરખી થઈ. તે કારણે પ્રભુના શાસનમાં ૧૧ ગણધર અને ૯ ગણ પ્રસિદ્ધિ પામ્યા.

ગણધર પદની સ્થાપનાનો સમય આવી જતા સમયને સમજનાર ઈન્દ્ર તત્કાળ સુગંધીત રત્નચૂર્ણથી પૂર્ણ એવું રજતપાત્ર હાથમાં લઈ પ્રભુ પાસે આવ્યા. એટલે કરૂણાનિધિ પ્રભુએ ઈન્દ્રભૂતિ વિ. જ્યારે મસ્તક ઝુકાવ્યું છે. ત્યારે ''દ્રવ્યગુણ પર્યાયથી તમને તીર્થની અનુજ્ઞા છે.'' એવા મધુર વચન ઉચ્ચારી અનુક્રમે-૧૧ને ગણધર પદે સ્થાપિત કર્યા. દેવતાદિએ પ્રસન્ન હર્ષિત થઈ ચૂર્ણ-પુષ્પાદિથી ગણધરો પર વૃષ્ટિ કરી.

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી દીર્ઘાયુષી હતા. એટલે તેઓને પટ્ટપરંપરા રૂપ મુનિઓમાં મુખ્યની અનુજ્ઞા આપી તેજ રીતે સાધ્વી ચંદનબાળાજીને 'પ્રવર્તિની' પદે સ્થાપિત કર્યા.

---

ક ઉત્પાદ, વ્યય, ધ્રૌર્વ્યયુક્તં સત્.

● દ્વાદશાંગિ - ૧૧ અંગસૂત્ર આચારાંગ, સૂત્રકૃતાંક, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતિ, જ્ઞાતાધર્મકથા, ઉપાસક, દુશાંગ, અંતકૃત, અનુત્તરોપપાતિક દશા, પ્રશ્ન વ્યાકરણ, વિપાક સૂત્ર. ૧૨-મું દ્રષ્ટિવાદ - અંતર્ગત ૧૪ પૂર્વ = ઉત્પાદ, આગ્રાયણીય, વીર્યપ્રવાદ, અસ્તિ-નાસ્તિ પ્રવાદ, જ્ઞાન પ્રવાદ, સત્ય પ્રવાદ, આત્મ પ્રવાદ, કર્મ પ્રવાદ, પ્રત્યાખ્યાન પ્રવાદ, વિદ્યાપ્રવાદ, કલ્યાણ, પ્રાણાયામ, ક્રિયા વિશાળ અને લોક બિંદુસાર.




લગભગ આ સંઘ સ્થાપનાદિની વિધિ-એક પહોર (૩ કલાક)માં ઐતિહાસિક રીતે પૂર્ણ થઈ ત્યારે પ્રભુની દેશનાની સમાપ્તિ અવસરે રાજાઓ દ્વારા તૈયાર કરાયેલા 'બળી' (બાફેલા ચોખા વિ.) પૂર્વ દ્વારથી ઉછાળવાના શરૂ થયા. તેમાંથી અડધો ભાગ આકાશમાં દેવતાએ ગ્રહણ કર્યો અને બાકીનો રાજા-પ્રજાએ લીધો.

વીતરાગી વીર પ્રભુ સિંહાસન પરથી ઉઠી બીજા ગઢમાં દેવચ્છંદામાં પહોંચ્યા જ્યારે વિનયવંતા ગૌતમ ગણધરે બીજી પોરૂષીમાં બીજી દેશના પાદપીઠ ઉપર બેસી સંભળાવી.


卐


---

**ખાસનોંધ :** વીર પ્રભુએ પ્રથમ સમવસરણમાં ઈન્દ્રભૂતિ આદિ પંડિતોને પ્રતિબોધી ક્રમશઃ દીક્ષા આપી. ત્યાર પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને ત્રિપદીના દ્વારા ગણધરોને દ્વાદશાંગીની રચના કરવાની શક્તિ (ક્ષયોપશમ) પ્રગટાવી ગણધર પદે સ્થાપ્યા. શક્ય છે આ ક્રમમાં કાંઈક ફરક હોય તો તે માટે જિજ્ઞાસુ વાચક સુધારી અમોને તેના આધાર સહિત વિચારો જણાવશે તો ધન્ય થઈશું.

# ૪ : કેવળી પ્રભુની વિહાર યાત્રા

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સંઘની સ્થાપના કરી ગ્રામાનુગ્રામ વિહાર કરવાનું ચાલુ કર્યું. તેઓ જ્યારે જ્યારે વિચરતા હતા ત્યારે ત્યારે પ્રભુના પગલાં જમીન ઉપર ન પડે તેથી ભક્તિભાવે ક્રમશઃ ૯-૯ સુવર્ણ કમળો પ્રભુને ચરણ મુકવા માટે દેવતાઓ ગોઠવતા હતા. આ રીતે તેઓનો વિહાર ગ્રામાનુગ્રામ સહેલાઈથી થતો હતો.





પ્રભુની હવે કેવળી દિનચર્યાની કલ્પના પણ સામાન્ય માનવી કરવા સમર્થ નથી. તેઓ હંમેશાં જાગ્રત અવસ્થામાં જ હોય છે. બીજા શબ્દોમાં ૨ પ્રહોરનો દેશના કાળ, નિત્ય ભોજી હોવાથી આહાર-નિહારનો કાળ બાદ કરી જ્ઞાનાવસ્થામાં તન્મય હોય છે. વિહાર યાત્રામાં એક કરોડ દેવતાઓ વિવિધ પ્રવૃત્તિ-ભક્તિ કરવામાં વ્યસ્ત હોય છે.

વીતરાગ પ્રભુને હવે સંસારના કોઈપણ પદાર્થ કે જીવ પ્રત્યે રાગદશા કે મમત્વ નથી. આયુષ્યકર્માદિ - અઘાતીકર્મ જ્યાં સુધી ભોગવવાના છે ત્યાં સુધી નિષ્કામ બુદ્ધિએ ભવ્યજીવોને પ્રતિબોધ કરવા માટે વિચરતા હતા. સાથો સાથ પ્રભુનો મહિમા વધારનારા અષ્ટ પ્રાતિહાર્ય પણ પ્રભુના મહિમાને શોભાવતા હતા. આ રીતે પ્રભુની ભક્તિ વધારવા દેવતાઓ હાજરાહજૂર રહેતા.

દેવો પોતાના દ્વારા થતી પ્રભુ ભક્તિમાં સહેજ પણ ઉણપ ન રહી જાય તેની ખૂબજ કાળજી રાખતા. જ્યારે પ્રભુ એક ગામથી બીજે ગામ વિચરતા હોય અથવા સ્થિર હોય ત્યારે આઠ પ્રાતિહાર્ય તેઓની સાથે સંકળાયેલા હોય છે. (આઠ પ્રતિહાર્ય નીચે મુજબ છે.)卐

**અષ્ટ પ્રાતિહાર્યનો સંક્ષિપ્ત પરિચય :•**

(૧) **અશોકવૃક્ષ :** પ્રભુ સિંહાસન ઉપર બિરાજમાન હોય ત્યારે પ્રભુની પાછળ અને જ્યારે વિહાર કરતા હોય ત્યારે ભગવંતની અને સર્વજનોની ઉપર છાયા પાડે. આ વૃક્ષની ઉપર તાજા નવપલ્લવિત પાંદડા હોય, સર્વ ઋતુઓના

卐 જૂઓ ચોમાસી દેવવંદન. ''નિરખ્યો નેમિ જિણંદને'' • દેવવંદનમાં નેમનાથ ભ.નું સ્તવન જૂઓ.

વિકસિત સુગંધીદાર પુષ્પો હોય, પુષ્પો દ્વારા સતત પરિમલ મહેકતી હોય, ભ્રમરાઓ ગુંજારવ દ્વારા કર્ણને મધુર સંગીતનો અનુભવ કરાવતાં હોય. આવું આ વૃક્ષ ૧ યોજન પ્રમાણ પહોળું હોય અને પ્રભુથી ૧૨ ગણું ઉંચાઈવાળું હોય.

(૨) **સુર પૃષ્પવૃષ્ટિ** : દેવતાઓ જલ અને સ્થલમાં ઉત્પન્ન થયેલા સચિત્ત અને વિકુર્વેલા પાંચ વર્ણના અચિત્ત પુષ્પની વૃષ્ટિ કરે છે. પુષ્પના ડીંટા નીચે હોય, વિકસિત પુષ્પ ઉપર હોય; લગભગ ઢીંચણ પ્રમાણ પુષ્પો પથરાયેલા હોય, આવા પુષ્પ સમૂહ પરથી લોકો ગમનાગમન કરે તો પણ અતિશયના કારણે સહેજ પણ પુષ્પને કિલામણા ન થાય.

(૩) **દિવ્યધ્વનિ** : તીર્થંકર પરમાત્મા જ્યારે માલકોશ રાગમાં સુમધુર દેશના આપતા હોય ત્યારે દેવતાઓ વેણુ, વીણા વગેરે વાદ્ય દ્વારા ધ્વનિ પ્રસાર કરી ભગવંતની દેશનાને વધુ કર્ણપ્રિય કરે છે.[ફ]

(૪) **ચામર** : (ચામરોની શ્રેણી) વિહારના સમયે આકાશમાં અને દેશનાના અવસરે (પ્રભુજીની આજુબાજુ ઊભા રહી) ચાર જોડી ચામર વિંઝતા હોય છે. ચામરોના વાળ શ્વેત અને તેજસ્વી હોય છે. (ભક્તામર, ગાથા-૩૦)

(૫) **સિંહાસન** : આકાશમાં પાદપીઠ સહિત અને સમવસરણમાં ચારે દિશામાં અશોકવૃક્ષ નીચે રત્નમય સિંહાસન હોય છે. અને તેની આગળ પાદપીઠ (પગ મૂકવા માટે) હોય. તે ઉપરાંત ધર્મચક્ર, ધ્વજ, ત્રણ છત્ર વિગેરે પણ સમજી લેવું.

(૬) **ભામંડલ** : ભા-પ્રભા. મંડલ-વર્તુળ. ભગવંતના મસ્તકના પાછળના ભાગમાં અત્યંત મનોહર સૂર્યમંડળથી વધુ શોભાવાળું ભામંડળ હોય છે. પ્રભુના મુખારવિંદને નિરખવા માટે એ જીવોને મદદરૂપ થાય છે.

(૭) **દુંદુભિનાદ** : ઉંચે આકાશમાં દેવતાઓ સુમધુર દેવદુંદુભિના ગુંજારવ દ્વારા ''વિષય કષાયોમાં અનાસક્ત અને મોહથી રહિત થઈને (થવા માટે) પ્રભુના શરણે જાઓ'' એવો સંદેશ ભવ્યજીવોને આપે છે.

(૮) **ત્રણ છત્ર** : અન્ય પ્રાતિહાર્યની જેમ પ્રભુ વિહાર કરતા હોય ત્યારે આકાશમાં દેશના આપતા હોય ત્યારે ભગવાનની ઉપર અશોકવૃક્ષની નીચે ત્રણ છત્ર હોય છે. સ્વર્ગ, મૃત્યુ ને પાતાલ ઉપર સર્વોપરી સામ્રાજ્યને સૂચવતાં, પુણ્ય સંપત્તિને ગાતા મોતી-માળાથી સુશોભિત શુભ્ર હોય છે.


જેમ અષ્ટ પ્રાતિહાર્ય પ્રભુના વિહારની સાથે સંકળાયેલા હોય છે તેમ સ્થળે સ્થળે અષ્ટમંગળ પણ પ્રભુની સમક્ષ આલેખવામાં (કાઢવામાં) આવતા હતા. એક

---

ફ જિનમુખ દીઠી વાણી મીઠી સુરતરૂ વેલડી, દ્રાક્ષવિહાસે ગઈ વનવાસે, પીલેરસ શેરડી,
સાકર સેતિ તરલા લેતી, મુખે પશુ ચાવતી, અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુરવધુ ગાવતી.

અપેક્ષાએ અષ્ટમંગળ આલેખવા એટલે 'અગ્રપૂજા' કરવી એમ સમજવું. તેથી રોજ દેરાસરમાં આજે પણ અષ્ટમંગળની પાટલીની ઉપર કેસર - બરાસનું આલેખન કરાય છે. (અષ્ટમંગળની પાટલીની પૂજા કરવાની હોતી નથી.) કોણિક રાજાએ ચંપાનગરીમાં પ્રભુ પધાર્યા ત્યારે અષ્ટમંગળ ઉત્તમ પ્રકારે આલેખેલા. શ્રેણિકરાજા રોજ પ્રભુ જે દિશામાં વિચરે તે દિશામાં ૮/૧૦ પગલાં જઈ સુવર્ણનો સાથિયો કાઢતા. આવા અનેક ઉદાહરણો આ અંગે મળે છે.

આ અષ્ટમંગળો નીચે મુજબ હોય છે :



અષ્ટમંગળના નામ : (૧) દર્પણ (અરીસો) (૨) ભદ્રાસન (સિંહાસન) (૩) વર્દ્ધમાન (શરાવ સંપુટ-કોડીયું) (૪) શ્રીવત્સ (૫) મત્સ્ય યુગલ (૬) સ્વસ્તિક (સાથિયો) (૭) કુંભ-કળશ (૮) નંદાવર્ત (આવર્ત (વળાંક)વાળો સાથિયો) ૯×૪=૩૬ ખૂણાવાળો સાથિયો (ગહૂલી).

卐

## ૫ : ધર્મ દેશનાના ૩૦ વર્ષ

પ્રભુની ધર્મદેશના સાંભળતા દરેક જીવ વૈમનસ્ય, જાતિય શત્રુતા, ભૂખ-તરસ, થાક આદિ ભૂલી જતા હતા. અર્થાત્ દેવ-મનુષ્ય-તિર્યંચગતિના જીવોને ધર્મદેશના સાંભળતા પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ થતો હતો, તે વાત જોઈ-જાણી દરેક ગામ-નગર-ઉપવનમાં સર્વપ્રથમ ધર્મ દેશનાને સાંભળવા માટે જવાનું પ્રાધાન્ય આપતા.

ટૂંકમાં વીતરાગી પ્રભુએ ૩૦ વર્ષમાં અનેક સ્થળે જે જે ઉપદેશામૃત પ્રજાને-ભવ્યજીવોને આપ્યો તેનો ટૂંકો સાર અલ્પ શબ્દમાં અલ્પ વિષયોને આવરી અત્રે રજૂ કરાય છે.

**ચાર દુર્લભ :**

આ જીવ અનંતકાળથી (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) પ્રમાદ (૪) કષાય (૫) અશુભ યોગ દ્વારા કર્મ બાંધવામાં પ્રવૃત્તિશીલ ઉદ્યમી છે ત્યાં સુધી એ તત્સ્વરૂપે ધર્મ પામવાની કે ધર્મદેશના સાંભળવાની અભિરૂચિવાળો થતો નથી. કદાચિત કોઈ કારણો, નિમિત્તો પ્રાપ્ત થતાં બે-ચાર શબ્દો સાંભળી પણ લે તો તે જીવનમાં પૂર્ણ પણે જલ્દી પરિણમાવી શકતો નથી. તેથી મનુષ્યપણું, ધર્મ શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ દુર્લભ કહ્યો છે.■

પુણ્યનો ઉદય હોય, ભારેકર્મી આત્મા હવે હળુકર્મી થવાની યોગ્યતાંવાળો થયો હોય ત્યારે ઉપરના પાંચ કર્મબંધના હેતુઓની સામે તેથી વધુ શક્તિશાળી (૧) સમક્તિ (૨) વિરતિ (૩) અપ્રમત્તાવસ્થા (૪) કષાય રહિત વિનયી-વિવેકી જીવન અને (૫) મન, વચન, કાયાનો શુભ યોગ (વ્યાપાર)ને જીવનમાં સ્થાન આપે. ત્યાર પછી જ આત્મા પ્રગતિના પંથે ચઢવા ધર્મદેશના સાંભળવાની ઈચ્છાવાળો થાય.

ગુણસ્થાનકમાં પણ લગભગ દરેક જીવ સર્વપ્રથમ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે હોય. પછી કાળક્રમે ધર્મની રૂચિ જાગે ત્યારે તે ત્રીજા મિશ્રગુણસ્થાનકે ચઢે. આ સ્થાનક અર્દ્ધદગ્ધ જેવું અસ્થિર હોય છે. પછી જેમ જેમ ચિકણા કર્મ ખપે પુણ્યના ઉદયે ધર્મ પામવાની સામગ્રી-સંયોગો પ્રાપ્ત થાય તેમ તેમ એ ચોથા અવિરતિ સમ્યગ્ દ્રષ્ટિ ગુણસ્થાનકના પરિણામવાળો થાય.

આ જીવ ૮૪ લાખ યોનીઓમાં અનંતાકાળથી ભટકી રહ્યો છે. એ ભવ-ભ્રમણનું જો કોઈ કારણ હોય તો તે મિથ્યાત્વ અવસ્થા છે. મિથ્યાત્વના અભિગ્રહિક, અનાભિગ્રહિક, અભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક એવા પ્રકારો છે. ગમે તે પ્રકારે એ જીવ સાચું તે મારું એવા વિચારોને બદલે ''મારું તે જ સાચું''


■ દુર્લભતાને સમજાવતા સુપ્રસિદ્ધ દ્રષ્ટાંતો (ધાન્ય, રત્ન, સ્વપ્ન, જુગાર, ચક્ર, કાચબો, ચોલક, પાસક, યુગ અને પરમાણું) નજર સામે રાખવા જરૂરી છે.

એવા અજ્ઞાની કદાગ્રહી વિચારોવાળો હોય છે અને તેથી તેની આધ્યાત્મિક પ્રગતિ રૂંધાય છે.

**ક્ષેત્ર-ભૂમિની યોગ્યતા :**

જેમ સદ્‌વિચાર ધર્મ સન્મુખ લઈ જાય છે. તેમ ક્ષેત્ર (જગ્યા)નો પણ તેમાં સારો ફાળો છે. ધર્મ સાંભળવા માટે *''કર્મભૂમિ''માં જન્મવું જરૂરી છે. વ્યવહારમાં જે ધનપ્રાપ્તિ પુણ્યના ઉદયથી પુરુષાર્થના કારણે મુંબઈમાં થાય તે અન્ય સ્થળે થતી નથી. (જે ધર્મ કરવાની ભાવના સિદ્ધાચલગિરીમાં વિશેષે કરીને થાય છે તેટલા પ્રમાણમાં ઘરમાં થતી નથી.)

પૂર્વભવના કર્મના કારણે આત્મા અનાર્ય દેશમાં પણ જન્મે તો તે પણ ※સારા નિમિત્ત મળતાં આર્યદેશ તરફ પગલા માંડવા પાછી પાની કરતો નથી. પુરુષાર્થ દ્વારા આર્ય દેશમાં આવી જીવન દેવ, ગુરુ, ધર્મ વાસિત કરવા સારા સમાગમમાં પ્રવેશે છે. ધર્મ સાંભળવા - કરવા - આચરવા માટે પોતાનામાં યોગ્યતાને પ્રગટાવે છે.




૪૫ લાખ યોજન પ્રમાણ જંબુદ્વિપ, ધાતકીખંડ અને અર્ધ પુષ્કરાવર્ત અઢીદ્વિપમાં ૧૫ કર્મભૂમિમાં (૫ ભરત, ૫ ઐરાવત, ૫ મહાવિદેહ) મનુષ્યનો વાસ (જન્મ) છે. તેથી તીર્થંકરો, ચક્રવર્તિ આદિ ૬૩ શલાકા પુરૂષો એજ ભૂમિમાં થાય ને કર્મ ખપાવી મોક્ષમાં જાય. જ્યાં અસિ તલવારાદિ શત્ર, મસિ-લેખન વાંચન આદિ, કૃષિ-ખેતી આદિનો વ્યાપાર (પ્રવૃત્તિ) થતો હોય તે કર્મભૂમિ બાકીની અકર્મભૂમિ સમજવી. યુગલિયાઓ અકર્મભૂમિમાં જન્મ-મરણ કરે.

---

* જ્યાં અસિ - મસિ - કૃષિનો વ્યાપાર થતો હોય તે કર્મભૂમિ.

※ આદ્રકુમાર આદિ જીવો.




કર્મભૂમિની જેમ જંબુદ્વિપમમાં ૬ - (૧ હેમવંત, ૨ હૈરણ્યવંત, ૩ હરિવર્ષ, ૪ રમ્યક્વર્ષ, ૫ દેવકુરૂ અને ૬ ઉત્તરકુરૂ) ઘાતકીખંડના પૂર્વ-પશ્ચિમના ઉપર જણાવેલા નામવાળા ૨-૨ (૬×૨=૧૨) કુલ-૧૨ અને અર્ધ પુષ્કરવરની-૧૨ (ઘાતકીખંડની જેમ) કુલ - ૬+૧૨+૧૨=૩૦ અકર્મભૂમિ છે.

આજ રીતે હિમવંત - શિખરી પર્વતમાંથી લવણસમુદ્રમાં જે આઠ દાઢાઓ ફેલાયેલી છે તે દરેક ઉપર ૭-૭ દ્વીપ ગણાતા કુલ ૮×૭=૫૬ અંર્તદ્વિપ છે. ટૂંકમાં માત્ર ૧૫ કર્મભૂમિમાં મનુષ્યની વસ્તી છે. જ્યારે ૩૦ અકર્મભૂમિ તથા ૫૬ અંતર્દ્વિપમાં યુગલિકો વસે છે. (ત્યાં મનુષ્યની વસ્તી નથી.)


આત્માને મોક્ષ જવું હોય તો તે માટે નિમિત્તરૂપે કર્મભૂમિ અને ત્રીજો-ચોથો આરો અવશ્ય ધારણ કરવો જરૂરી છે. અહીં જન્મ્યા પછી કર્મ ક્ષય થયે આત્મા મોક્ષ જશે. આ જીવોને વધુમાં વધુ પૂર્વ ક્રોડ વર્ષનું આયુષ્ય હોય છે.

**જીવવિજ્ઞાન વિષે :**

આ સંસારમાં તત્ત્વ નવ છે. તેમાં સર્વપ્રથમ તત્ત્વ 'જીવ' છે. અને એ જીવ જ નવમાં તત્ત્વે 'મોક્ષ' પામે છે. આમ નવતત્ત્વની વિચારણા ત્યાં પૂર્ણ થાય છે. જ્યાં સુધી જીવ મોક્ષમાં ગયો નથી ત્યાં સુધી ''પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, નિર્જરા-બંધ''ના ૨×૩=૬ તત્ત્વો સાથે સંકળાયેલ હોય છે.



નીચે બતાવેલ નવતત્ત્વમાં ૧-૨ તત્ત્વ જાણવા યોગ્ય (જ્ઞેય) છે. ૪-૫-૮ એ ત્રણ (તથા છેલ્લે ત્રીજું પુણ્ય તત્ત્વ પણ) ત્યજવા (હેય) યોગ્ય સમજવા. બાકીના ૩-૬-૭-૯ એ ચાર (ઉપાદેય) ગ્રહણ કરવા યોગ્ય જાણવા.




જીવ તત્ત્વનો પરિચય કરતાં સર્વપ્રથમ શરીરધારી આત્માએ 'જીવ' અને અશરીરી-એ 'આત્મા' એમ કહીશું તો જીવના બે પ્રકાર થશે. (૧) **મોક્ષગામી** (શુદ્ધાત્મા) અને બાકીના બધા જ (૨) **સંસારી**. એટલે ચારે ગતિ-પાંચે જાતિ છએ કાયમાં જે જન્મ-મરણ પરિભ્રમણ કરે છે તે.




આ સંસારીમાંથી એક આત્મા (જીવ) મોક્ષ ગતિને પામે તે જ ક્ષણે (લગભગ) બીજો એક આત્મા જે અનંતકાળથી 'અવ્યવહાર રાશિ'માં પોતાનો કાળ પૂર્ણ કરતો હતો તે 'વ્યવહાર રાશિ'માં આવે છે. (ઉદા. ભાડભુંજા ચણા-ધાણી શેકતો હોય ત્યારે ધાણીના ૧-૨ દાણા કઢાઈમાંથી ઉડીને બહાર પડે બાકીના રેતીમાં શેકાયા કરે.)


આ રીતે આત્મા પરોપકારી સિદ્ધ પરમાત્માની પરમ કૃપા (નિમિત્ત)થી જે દિવસે વ્યવહાર રાશિમાં આવ્યો તે દિવસથી પોતાના કર્મ અનુસાર એકેન્દ્રિયાદિ ગતિમાં તેનું ભમવાનું શરૂ કરે છે. સંસાર ચક્રમાં અથડાતો-કુટાતો અંતે એક દિવસ ઘાતિ-અઘાતિ કર્મરહિત થઈ સિદ્ધગતિ-મોક્ષને પ્રાપ્ત કરશે.

હવે સંસારી જીવોના **ત્રસ** (ત્રાસ-દુઃખ પામવાથી આઘા-પાછા થઈ શકે, જા-આવ કરી શકે તે) **જીવો** - બે, ત્રણ, ચાર અને પાંચ ઈન્દ્રિયવાળા છે. અને **સ્થાવર**



(એક જ જગ્યાએ દીર્ઘકાળ સુધી રહેનારા) જીવો - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ એકેન્દ્રિય જીવો છે.

બીજી એક વાત સમજવાની છે, કે - નિગોદમાં જન્મેલા જીવોના સૂક્ષ્મ (પૃથ્વીકાય) અને બાદર (પૃથ્વીકાય) એવા બે વિભાગ છે. સૂક્ષ્મ - જીવોને કેવળજ્ઞાની આત્મા જ પોતાના જ્ઞાનથી જોઈ શકે. (એટલે આંખે ન દેખાય તે સૂક્ષ્મ) અને બાકીના ચર્મચક્ષુથી જોઈ શકે તે બાદર.





કોઈ પણ વસ્તુને ઓળખવા માટે તેના લક્ષણ હોય છે. જો કે એ લક્ષણ અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અસંભવ દોષથી રહિત હોવા જોઈએ. જીવ-ની ઓળખ છ-



લક્ષણથી થાય છે. તે છ લક્ષણ-જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ છે. કર્મના અનુસાર છ લક્ષણો જીવમાં સ્પષ્ટ હોય કે મંદ (ઝાંખા) હોય તે બનવા જોગ છે.


લક્ષણની જેમ જીવને મૃત્યુ સુધી પર્યાપ્તિની પણ જરૂર પડે છે. એકેન્દ્રિયને-૪, વિકલેન્દ્રિય જીવોને-૫, અસંજ્ઞીને-૫ અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને-૬ પર્યાપ્તિ હોય છે.




જીવને હલનચલન, વિશ્રામ, ગતિ, સ્થિતિ આદિ જો કાંઈ કરવું હોય તો તે સ્વેચ્છાએ કરી શકતો નથી. બીજા દ્રવ્યોનો સહારો લેવો પડે છે. તેથી ધર્માસ્તિકાયાદિ પાંચ અજીવ દ્રવ્યોનો એ સહારો લે છે. અર્થાત્ આયુષ્યને ભોગવતી વખતે પાંચ તેની સાથે હોય છે.



જીવ-ના એક ઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જેમ પ્રકાર છે. તેમ એ દરેક જીવને ૪ થી માંડી ૧૦ પ્રાણ હોય છે. પ્રાણ જ્યાં સુધી હોય ત્યાં સુધી જીવ વિવિધ પ્રવૃત્તિ કરી શકે છે.




આત્મા જ્યારે એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે ત્યારે પણ તેને શરીરની જરૂર પડે છે. શરીર એટલે સંઘયણ. તેના ૬ પ્રકારો છે. પોતાના કર્મ અનુસાર તેને સંઘયણ મળે છે. શરીર આયુષ્ય પ્રમાણે પ્રાપ્ત થાય છે.





આ ઉપરાંત સંઘયણની સાથે સંસ્થાનનું પણ જીવનમાં એટલું જ સ્થાન છે. સારું-ખરાબ, કદરૂપું, બેડોળ જે શરીરો છે. તે પણ કુલ છ પ્રકારના છે.


આ જ રીતે સિદ્ધના જીવો ૧૫ પ્રકારે સિદ્ધગતિને પામે છે. તેઓ લોકના અગ્ર ભાગ ઉપર સ્ફટીક રત્નની સિદ્ધશીલા ઉપર) શાશ્વત સુખને ભોગવે છે. સંસારી જીવોના ટૂંકમાં મુખ્ય-૪ પ્રકારાંતે ૫૬૩ ભેદ છે. (દેવ-૧૯૮, મનુષ્ય-૩૦૩, તિર્યંચ-૪૮, નરક-૧૪).



સંસારી જીવોને જન્મ લેવા માટે ગર્ભજ, અંડજ અને પોતજ-એમ ત્રણ તથા સમુર્ચ્છિમ ને ઉપપાત પ્રકારો અને ૮૪ લાખ યોની છે. ૫-વર્ણ, ૨-ગંધ, ૫-રસ, ૮-સ્પર્શ અને ૫-સંસ્થાન એ સર્વનો પરસ્પર ગુણાકાર કરતાં ૨૦૦૦ ભેદ થશે. એ ભેદોનો ફરી યોગ્યતા પ્રમાણે જો ગુણાકાર થાય તો ૮૪ લાખ યોની થઈ જશે.卐



**સારાંશ :**
દરેક જીવ (જો ભવિ હોય તો) મોક્ષ પ્રાપ્તિનો ઉદ્યમ કર્મ અનુસાર કરે અને ક્રમશઃ મોક્ષે પણ જાય. આવા આજ સુધીમાં કેટલા જીવ મોક્ષને પામ્યા ? એવી જો શંકા થતી હોય તો તે માટે એટલું જ કહેવાય કે - એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષ પહોંચ્યા છે. બાકીના બધા શક્તિ અનુસાર પુરુષાર્થ કરે છે.




**વિશ્વના વિચારો :** જેમાં જીવ-અજીવ આદિ નવે તત્ત્વો વિદ્યમાન હોય, તે 'લોક' અને જેમાં અજીવનો એક ભાગ એટલે માત્ર 'આકાશાસ્તિકાય' હોય, તે 'અલોક' છે. સંસારી જીવ ઉર્ધ્વ-અધો-તિર્ચ્છાલોકમાં


卐 સાત લાખ - સૂત્રમાં તેના ભેદ ગણાવ્યા છે. શ્રુત ૨/૮૦

કે સ્વર્ગ-મૃત્યુને પાતાળ લોકરૂપ ૧૪ રાજલોક પ્રમાણ ક્ષેત્રમાં ત્રસનાડીમાં વસે છે. જ્યાં સુધી જીવ કર્મસહિત છે ત્યાં સુધી તે ચારે ગતિમાં જન્મ-મરણ કર્યા કરશે.

**કર્મ વિચાર :** 'ક્રિયાયે કર્મ' જ્યાં ક્રિયા છે ત્યાં શુભ-અશુભ કર્મ જીવ બાંધે જ છે. રાગ-દ્વેષ, વિષય-કષાયો એ કર્મના બીજ છે. કર્મ જન્મ-મરણનું મૂળ છે. કર્મ જ નચાવે ને કર્મ જ રડાવે છે. કર્મનાં ૨/૮/૧૫૮ (નીચે મુજબ) મુખ્ય પ્રકારો છે. તેમાં મોહનીય કર્મ એ કર્મનો રાજા છે.


| ક્રમ | વિભાગ | નામ | ભેદ | મુળ સ્વભાવ | કર્મનું ઉદાહરણ |
|---|---|---|---|---|---|
| ૧ | ઘાતીકર્મ | જ્ઞાનાવરણીય | ૫ | અનંતજ્ઞાન | આંખે પાટા બાંધવા જેવું |
| ૨ | ઘાતીકર્મ | દર્શનાવરણીય | ૯ | અનંતદર્શન | દ્વારપાલ (જતાં રોકે) જેવું |
| ૩ | ઘાતીકર્મ | મોહનીય | ૨૮ | વીતરાગતા | દારૂના નશા જેવું |
| ૪ | ઘાતીકર્મ | અંતરાય | ૫ | અનંતવીર્ય | ભંડારી (મેતાજી) જેવું |
| ૫ | અઘાતીકર્મ | વેદનીય | ૨ | અવ્યાબાધ સુખ | મધ ચોપડેલી તલવાર ચાટવા જેવું |
| ૬ | અઘાતીકર્મ | આયુષ્ય | ૪ | અક્ષયસ્થિતિ | જેલની બેડી જેવું |
| ૭ | અઘાતીકર્મ | નામ | ૧૦૩ | અરૂપિપણું | ચિત્રકાર |
| ૮ | અઘાતીકર્મ | ગોત્ર | ૨ | અગુરૂલઘુપણું | કુંભારના ઘડા જેવું |

જ્યારે આત્મા કર્મ બાંધે છે ત્યારે મુખ્યત્વે પ્રકૃતિ - (સ્વભાવ તિવ્ર-મંદ વિ.), સ્થિતિ (સમય - ઉદયનો નિર્ધારીત કાળ), રસ - (અનુભવ શુભાશુભ ફળ) અને પ્રદેશ - (જગ્યા- ઉદય વખતની જગ્યા ક્ષેત્ર)ને નક્કી કરે છે. દરેક કર્મની સ્થિતિ (દુઃખ આપવા માટે) વધુમાં વધુ આયુષ્ય ૩૩ સાગરોપમ, નામ-ગોત્ર ૨૦ કોડાકોડી



સાગરોપમ, જ્ઞાના - દર્શના - વેદનીય - અંતરાય ૩૦ કોડાકોડી સાગ. અને અંતિમ મોહનીય ૭૦ કોડીકોડી સાગ. છે. માત્ર કર્મ બાંધતા કેવા સંયોગો છે તે જ મહત્વનું છે.

કર્મ આજે બાંધો તો તેનો ઉદય આજે પણ થાય ને કાળક્રમે પણ થાય. તેથી બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા એવી તેની પ્રક્રિયા છે. અર્થાત્ કર્મ બાંધ્યા પછી




એ સત્તામાં રહે પછી ઉદીરણા (નિમંત્રણ) દ્વારા અથવા કાળક્રમે તે ઉદયમાં આવે છે. સાથોસાથ એ કર્મ હળવા પ્રકારનું બંધાયું છે કે નિકાચિત પ્રકારે બંધાયું છે તેનો પણ નિર્ણય તેજ અવસરે જીવના પરિણામ આધારે થાય છે. તેથી તે કર્મ સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચીત વિભાગોમાંથી પસાર થાય છે.




**આત્મજય વિચાર :** આત્માને જ દમવો જોઈએ. આત્મા ખરેખર દુર્દમ્ય છે. આત્મદમન કરનારો, મન, વચન, કાયા ઉપર કાબૂ મેળવનારો આલોક અને પરલોકમાં સુખી થાય છે. બીજી વ્યક્તિ દુઃખ આપતી નથી, નિમિત્ત થાય છે.

''શરીર નાવ છે, આત્મા નાવિક છે, સંસાર સમુદ્ર છે. જેને પુરૂષાર્થી મહર્ષિઓ, મહાપુરૂષો જ તરી જાય છે. માત્ર જરૂર છે ત્યાગની, આત્મ કલ્યાણ કરવાની ભાવનાની. પર-પદાર્થોને છોડવામાં જેટલો આનંદ છે તેટલો આનંદ ભેગું કરવામાં નથી.''

''જે શસ્ત્ર ચલાવીને, વિષ ભક્ષણ કરીને, અગ્નિમાં બળીને, પાણીમાં ડૂબીને અથવા આચારથી ભ્રષ્ટ થઈને મરે છે, મરવાનો પ્રયત્ન કરે છે તે કાયર છે. સુખમાં શાંતિ (ગંભીર) અને દુઃખમાં સહનશીલતા કેળવવી જોઈએ અને એ સ્વની શોધ કરવાથી, પરપદાર્થથી મુક્ત થવાથી શક્ય છે.

''દોરામાં પરોવેલી સોય કદાચ પડી જાય તો પણ તે ગુમ થતી નથી, મળી શકે છે.'' તેમ વિનયાદિ સહિત સમ્યગ્જ્ઞાન - શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કરનાર આત્મા ચતુર્ગતિરૂપ સંસારમાં રખડતો નથી. એકવાત યાદ રાખો, 'જ્ઞાનનું ફળ વિરતિ છે.'

''જન્મ દુઃખ છે. જરા એ પણ દુઃખ છે. રોગ અને મરણ એ પણ દુઃખ છે. અહો ! આ સંસાર જ દુઃખમય છે. જેમાં પ્રાણીઓ ક્લેશ પામે છે.''

**સાધના વિચાર :** સાધકે સર્વપ્રથમ કલ્યાણનો-સ્વહિતનો માર્ગ જાણી-સમજી લેવો જોઈએ. હિત-અહિતના માર્ગને જાણ્યા, સમજ્યા, વિચાર્યા પછી પોતાની જીવન

નૈયા શ્રેયમાર્ગે વાળવી જોઈએ. પ્રગતિ કરી આચરણમાં ઉતારવી જોઈએ. તો જ માર્ગ ભૂલેલો સાધક સન્માર્ગે વિચરશે, પોતાના સાધ્યને પ્રાપ્ત કરશે.

**ધર્માચરણ વિચાર :** ધર્મ ડૂબતાને, પડતાને, બચાવે-તારે છે. જ્યાં સુધી 'જરા' (વૃદ્ધાવસ્થા) પીડા આપતી નથી, 'વ્યાધિ' વૃદ્ધિ પામતી નથી, 'ઈન્દ્રિયો' શિથીલ-નિર્બળ થઈ નથી ત્યાં સુધી હે આત્મન્ ! તું તારા આત્માનું સાધી લે. વહી ગયેલી ક્ષણ, સમય, તક ફરી ફરી પાછી આવવાની નથી. (સમયં ગોયમ ! મા પમાયએ)

★**અહિંસા વિચાર :** સર્વ જીવોને પોતાના પ્રાણ (જીવન) વહાલા છે. સુખ અનુકૂળ અને દુઃખ પ્રતિકૂળ છે. જેમ હિંસાનું ક્ષેત્ર વધે છે. તેમ વેર-વિરોધનો વિસ્તાર થાય છે. જો તમને સુખ-શાંતિ વિગેરે જોઈતી હોય તો સર્વ પ્રથમ બીજાને સુખ-શાંતિ આપો. બીજાને બચાવવામાં ધર્મ છે. નહિં કે મારવા-દુઃખી કરવામાં. **અહિંસા પરમો ધર્મઃ । આત્મવત્ સર્વ ભૂતેષુ । મિત્તિમે સવ્વ ભૂએસુ ।** આ ટંકશાળી વચનો યાદ રાખો.

**વિષય વિચાર :** મનુષ્યને દશ પ્રાણમાં જેમ પાંચ ઈન્દ્રિયના પાંચ પ્રાણ છે. તેમ એ પાંચ ઈન્દ્રિયના પાંચ વિષયો છે. સ્પર્શેન્દ્રિય - મુલાયમ સ્પર્શથી (હાથી) રસનેન્દ્રિય - ષડ્રસના આસ્વાદન (ભોજન)થી (માછલી) ઘ્રાણેન્દ્રિય સુગંધિયુક્ત ગંધથી (ભમર) ચક્ષુરેન્દ્રિય - આંખે જોયેલા રૂપથી (પતંગ) શ્રોત્રેન્દ્રિય - કર્ણપ્રિય મધુર અવાજથી (હરણ) જીવ પરવશ થાય છે. યાવત્ તે મૃત્યુ પણ પામે છે. માટે વિષ જેવા વિષયોને જીતવા સહેજ પણ આળસ કરતાં નહિં.

**કષાય વિચાર :** ●ક્રોધ પ્રીતિનો નાશક છે. માન-વિનયનો નાશક છે. માયા-સહધર્મી નાશક અને લોભ સર્વ સદ્દગુણોનો નાશક છે. કષાય - જીવનમાં દુર્ગુણોને




નિમંત્રે છે. દુર્ગતિનો દાતા છે. વ્રત-નિયમોની પ્રાપ્તિ માટે અંતરાય કરનાર છે. કષાય જીવનમાં આપત્તિ બક્ષે છે.

---

★ હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના વિચારો વિસ્તારથી અતિચાર સૂત્રથી જાણવા.

● ક્રોધે ક્રોડ પૂરવતણું સંયમ એળે જાય.




**મૃત્યુ વિચાર :** મૃત્યુ જન્મની સાથે સામાન્ય રીતે સંકળાયેલું છે. જેમ કાચબો (આપત્તિના સમયે) પોતાના અંગોપાંગ સંકોચી લે છે. તેમ વિવેકી મનુષ્યે આધ્યાત્મિક જીવન દ્વારા ઈન્દ્રિયો ઉપર સંયમ (કાબૂ) રાખી મૃત્યુને સુધારવું જોઈએ. દુર્ગતિદાયક બાળમરણાદિથી અલિપ્ત થવું, બચી જવું ઉપયોગી છે. મૃત્યુ જેનું સુધરે તેના જન્મોજન્મ સુધરે.

મૃત્યુ-મરણના બે પ્રકારો છે. સોપક્રમી ને નિરુપક્રમી. આહાર આદિ સાત કારણોથી આયુષ્ય ખંડીત (તૂટી જવું) થાય તેને 'સોપક્રમી' કહેવાય અને ગમે તેવા નિમિત્ત મળે છતાં આયુષ્ય (૬૩ શલાકા પુરુષ, ચરમ શરીરી, અકર્મ ભૂમિના મનુષ્ય-તિર્યંચ દેવ અને નરકાદિ જીવોનું) ન તૂટે, પુરેપુરૂં ભોગવે તેને 'નિરુપક્રમી' કહેવાય.

**લેશ્યા વિચાર :** આત્માનું સહજ સ્વરૂપ સ્ફટીક સમાન નિર્મળ છે. પરંતુ કાળા (કૃષ્ણ) આદિ રંગવાળા પુદગલોથી તેનામાં જે પરિણામ (પરિવર્તન) અલ્પ સમય માટે થાય તે લેશ્યા. લેશ્યા - છ રંગવાળી છે. મનમાં જેવા પ્રકારના વિચારો હોય તેવી લેશ્યાવાળો વર્તમાન સમયે એ જીવ સમજવો. જે ક્ષણે વિચારો બદલાયા તે ક્ષણે એની લેશ્યા પણ બદલાઈ જશે.

| | |
|---|---|
| કૃષ્ણ લેશ્યા = રૌદ્ર સ્વભાવી, નિર્ધ્વંસ પરિણામી, ક્રોધી. | વર્ણ-કાળો |
| નીલ લેશ્યા = પ્રમાદી, મંદબુદ્ધિવાળો, અભિમાની. | વર્ણ-નીલો |
| કાપોત લેશ્યા = ઉપાધિથી ઘેરાયેલ, આવેશમાં વારંવાર આવનાર. | વર્ણ-કત્થાઈ |
| તેજો લેશ્યા = વિદ્યાનો વ્યસંગી, સદબુદ્ધિવાન સંતોષી. | વર્ણ-લાલ |
| પદ્મ લેશ્યા = ક્ષમાપ્રધાન, ધર્મોપાસક, પ્રસન્ન ચિત્તવાળો. | વર્ણ-પીળો |
| શુકલ લેશ્યા = વિષય-કષાય દૂષણો વિનાનો, પરમાત્મ ભક્તિ કરનાર. | વર્ણ-શ્વેત |

**સારાંશ :**

મનુષ્યગતિ - જન્મ ભલે પુણ્યના ઉદયે મળ્યો છે. પણ ધર્મ કરવા માટે ને કર્મનો ક્ષય કરવા માટે આ જન્મ છે. એમ જાણી-વિચારી હે મનુષ્ય ! પાપ માર્ગથી અટકી જા. નવા નવા ઘર શોધ નહિ. નિવાસ કરવાની ઈચ્છા ન રાખ.




સંશયગ્રસ્ત જે હોય તે જ માર્ગમાં વિશ્રામ લે. જે સ્થળે પૂર્વે અનેકાનેક આત્માઓ ગયા છે. ત્યાંજ જવા જેવું છે. તેજ શાશ્વતું ઘર છે. ત્યાં પહોંચવા માટે અન્ય ગતિ કરતાં મનુષ્યગતિ જ ઉપયોગી છે. માટે તું ઉદ્યમ કર.

એટલું યાદ રાખ કે - જ્યાં અહિંસા હોય, પ્રાણી માત્ર પ્રત્યે દયા પ્રેમની ભાવના હોય, સંયમ ને સદાચાર હોય, શીલની સુગંધી હોય, ત્યાંજ આત્મોન્નતિ કરનાર ધર્મ છે. હિંસા-અસંયમ-દુરાચાર કે કુશીલમાં ધર્મ સંભવતો નથી. આત્મોન્નતિ સંભવતી નથી.

★

કરૂણાના સાગર વીરપ્રભુએ કેટલાક આત્માઓની શંકાનું સમાધાન કરતા વ્યક્તિગત રીતે જીવોને સંબોધિને જે ટૂંકા છતાં અસરકારક ઉપદેશામૃત પાયા હતા. તેમાંથી કેટલાક પ્રસંગ આ પ્રકારના હતા.

''હે ઈન્દ્ર ! તીર્થંકરો કદાપી બીજાની સહાયથી કર્મ ખપાવવાની, કેવળજ્ઞાન પ્રાપ્તિની આશા રાખતા નથી. જે જીવે જેવા કર્મ બાંધ્યા હશે, તેવા પ્રકારના તે જ જીવને કર્મ ભોગવવાના જ હોય છે.''

આયુષ્ય થોડું ક્ષણભંગુર છે. જીવન અનેક વિઘ્નોથી ભરેલું છે. *તેર કાઠીયાઓ ક્ષણે ક્ષણે ધર્મારાધનામાં અંતરાય પાડે છે. તેથી પૂર્વકૃત કર્મોની 'રજ' અને 'મળ'ને ખંખેરવા હે ગૌતમ ! સમય માત્રનો પણ તું પ્રમાદ કરીશ મા.

''હે સૌધર્મેન્દ્ર ! આયુષ્ય કર્મમાં કે બીજા કર્મમાં સુધારો કરવાની કોઈપણ આત્મામાં તાકાત નથી. કર્મ સત્તા સર્વોપરી છે. આયુષ્યમાં ક્ષણની પણ વૃદ્ધિ કરવી અશક્ય છે. જિનશાસનનું ભાવિ ઊંડા અવસર્પિણી કાળ પ્રમાણે તેવું જ થવાનું હશે.''

''ચંડકૌશિક ! બુજ્ઝ બુજ્ઝ'' (બોધ પામ બોધ પામ, ઘણું થયું).

''મેઘકુમાર ! તું તારા જ પૂર્વભવને યાદ કર. જીવદયાના માટે પૂર્વભવે કરેલો પુરુષાર્થ તેની સાક્ષી પૂરે છે. એજ નિમિત્તથી તને આ મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે.

''પુણિયા શ્રાવક ! શાશ્વત સુખની પ્રાપ્તિ માટે જે આરંભ સમારંભથી તમે અશાંત છો. તેનાથી મુક્ત થઈ જાઓ. પરિગ્રહ જ તનમાં વ્યાધિ, જીવનમાં ઉપાધિ ને મનમાં અસમાધિ કરાવે છે.''

''શ્રેણિક રાજા ! તમે ચિંતા ન કરો. એક દિવસ તમારી-મારી પદવી એક સરખી છેલ્લે છે. ભવિષ્યમાં તીર્થંકર થઈ તમે મોક્ષમાં જશો.''

''હે ગૌતમ ગોત્રીય ઈન્દ્રભૂમિ (ગૌતમ) ! કર્મના ઉદયને અથવા પુણ્યની સાથે પાપના ઉદયને જોવા-સમજવા મૃગારાણીના પુત્ર મૃગા લોઢીયાને જોઈ આવો.''

''હે ગૌતમ ! પ્રમાદ મહાન શત્રુ છે. એક વખત જીવનમાં પ્રવેશ કર્યા પછી એ અનેકાન્ત વાદના સિદ્ધાંતે આત્માનું નુકસાન કરશે.''

''હે ગૌતમ ! આનંદનું વચન મિથ્યા નથી. માટે તેઓને તમે મિચ્છામી દુક્કડં આપી આવો.''

★

ત્રિકાળજ્ઞાની વીરપ્રભુએ ૩૦-૩૦ વર્ષ સુધી અસ્ખલીત આપેલી ધર્મદેશના સાંભળનાર ધન્ય બન્યા. એ દેશનાના શબ્દે શબ્દે આત્માને જગાડનારા કર્મને ખંખેરનારા મોક્ષના માર્ગે ભવ્ય જીવોને પહોંચાડનારા યાવત્ પરમપદ અપાવનારા સાબિત થયા હતા. માટે જ કહેવું પડશે, માનવું પડશે, સમજવું પડશે, સ્વીકારવું પડશે. યાવત્ જીવનમાં એ અમૃતમય વાણીના શબ્દોને ઉતારવા પડશે.

卐

★ તેર કાઠીયા : આળસ, મોહ, અવજ્ઞા, અહંકાર, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતૂહલ, શોક, વિષય.

## ૬ : •૧૦૮૦૦ દેશનાની ફળશ્રુતિ

ચરમ તીર્થપતિ, ત્રિશલાનંદન, સિદ્ધાર્થરાજા કુલદીપક, ક્ષત્રિયકુંડ નગરીના આભૂષણ સમા શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી આજે ચતુર્વિધ સંઘની સ્થાપના કર્યા બાદ ફરી એજ પુણ્યભૂમિ અપાપાપુરીમાં ૩૦ વર્ષ સુધી અનેકાનેક ગામ-નગરમાં ધર્મદેશના આપી, ચરણ કમલથી પૃથ્વીતલને પાવન કરતાં કરતાં પાછા પધાર્યા હતા.

કરૂણાળું પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી ૩૦ વર્ષ દરમિયાન નીચેની પુણ્ય-નગરીઓમાં ચાતુર્માસ કરી અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કર્યો હતો.

**ચોમાસાની નગરીઓ :** ૧૨ - રાજગૃહી (નાલંદાપાડામાં) ૧૧ વૈશાલીનગરી, ૬ મિથીલા નગરી, ૧ અપાપાપુરી (હસ્તીપાલ રાજાની લેખશાળામાં) અંતિમ. કુલ-૩૦. (કેવળજ્ઞાન પૂર્વેના ૧૨ જૂદા સમજવા.)

**નવું તીર્થંકર નામકર્મ** (પ્રભુની નિશ્રા પામીને) **બાંધનારા :** ૧. મહારાજા શ્રેણિક, ૨. સુપાર્શ્વ, ૩. પોટીલ, ૪. ઉદાયી, ૫. દ્રઢાયુ, ૬. શંખ, ૭. શતક, ૮. સુલસા શ્રાવિકા, ૯. રેવતિ શ્રાવિકા. (જેઓ આગામી ચોવીશીમાં તીર્થંકર થઈ મોક્ષે જશે.)

**પ્રભુવીરની પાટ પરંપાર :**

૧. ગણધર શ્રી સુધર્મા સ્વામી મહારાજ, ૨. ચરમ કેવળી શ્રી જંબુસ્વામીજી, ૩. પરમશ્રુત કેવળી શ્રી પ્રભવસ્વામી, ૪. ચૌદ પૂર્વધર શ્રી સ્વયંભવસૂરિ.

**મોક્ષ માર્ગ :**

વીર પ્રભુને કેવળજ્ઞાન થયા બાદ લગભગ તેઓની ૪૬-૪૭ વર્ષની ઉંમર હતી ત્યારે (કેવળજ્ઞાન પછી ૪ વર્ષે પર્યાન્તક ભૂમિ) મોક્ષ માર્ગ ચાલુ થયો અને યુગાન્તક ભૂમિ એટલે પ્રભુના નિર્વાણ પછી ૪૪ વર્ષ (કુલ ૨૬+૪૪=૭૦) સુધી ચાલુ રહ્યો. આ રીતે વીરપ્રભુના નિર્વાણ પછી ૪૪ વર્ષે જંબુસ્વામીનું નિર્વાણ થયું. અને તે પછી - ૧. મનઃપર્યવજ્ઞાન, ૨. પરમાવધિજ્ઞાન, ૩. પુલાકલબ્ધિ, ૪. આહારક શરીર, ૫. ક્ષપકશ્રેણી, ૬. ઉપશમશ્રેણી, ૭. જિનકલ્પ, ૮. કેવળજ્ઞાન, ૯. મોક્ષમાર્ગ અને ૧૦. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર, સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર એમ ૧૦ વસ્તુ વિચ્છેદ થઈ હતી.

---

• કેવળીપર્યાય ૩૦ વર્ષનો. વર્ષના દિવસ ૩૬૦. તેથી ૩૦×૩૬૦=૧૦,૮૦૦ (તીર્થંકર ભગવાન રોજ ૧ પ્રહર સવારે, ૧ પ્રહર બપોરે દેશના આપે.)

**શાસનમાં થએલા છ શ્રુતકેવળી :**

| નામ | : આયુ | : ગોત્ર | : વિશેષ માહિતી |
|---|---|---|---|
| શ્રી પ્રભવસ્વામી | : ૧૦૫ | : કાત્યાયન | : ત્રીજા પટ્ટધર, રાજગૃહી |
| શ્રી શય્યંભવસૂરિ | : ૮૫ | : વસ્સ | : ચોથા પટ્ટધર, દશવૈકાલિક સૂત્રના રચયિતા |
| શ્રી યશોભદ્ર | : ૮૬ | : તુંગિકાયન | : -- |
| શ્રી આર્યસંભૂતિવિજય | : - | : માઢર | : ૧૨ શિષ્ય સંપદા |
| શ્રી સ્થવિર ભદ્રબાહુ | : ૭૬ | : પ્રાચીન | : ઉવસગ્ગહરં રચયિતા |
| શ્રી સ્થુલીભદ્રજી | : ૯૯ | : ગૌતમ | : ૮૪ ચોવિશી નામ રહેશે. |
| (પાટલીપુત્રમાં પ્રથમ વાચના આપી.) | | | (બ્રહ્મચર્યવ્રતના કારણે) |

**શાસનમાં થએલ ૧૦ પૂર્વધર :**

| | | |
|---|---|---|
| ૧ આર્ય મહાગીરી | ૨ આર્ય સુહસ્તિ | ૩ શ્રી ગુણસુંદરસૂરિ |
| ૪ શ્રી શ્યામાર્ય | ૫ શ્રી સ્કંદિલાચાર્ય | ૬ શ્રી રેવતીમિત્રસૂરિ |
| ૭ શ્રી ધર્મ | ૮ શ્રી ભદ્રગુપ્ત | ૯ શ્રી ગુપ્ત |

૧૦ શ્રી વજ્રસ્વામી.

(આર્ય સુહસ્તિસૂરિએ ઉજ્જૈનમાં બીજી આગમ વાચના આપેલી.)

**પ્રભુવીરના ઉપાસક રાજાઓ - મંત્રીઓ :**

| | | | |
|---|---|---|---|
| ★ રાજગૃહીના | - શ્રેણીક રાજા | ★ અમલકલ્પા | - શ્વેતરાજા |
| ★ ચંપાનગરીના | - અશોકચંદ્ર રાજા | ★ વીતભયપતનના | - ઉદાયન રાજા |
| ★ વૈશાલીના | - ચેડા રાજા | ★ કૌશાંબીના | - ઉદાયન રાજા |
| ★ કાશીદેશના | - નવમલ્લી રાજા | ★ કૌશાંબીના | - શતાનિક રાજા |
| ★ કોશલ દેશના | - નવલચ્છી રાજા | ★ ઉજ્જૈનના | - ચંડપ્રદ્યોત રાજા |
| ★ ક્ષત્રીયકુંડના | - નંદિવર્ધન રાજા | ★ પૃષ્ઠચંપાના | - શાલ/મહાશાલ રાજા |
| ★ વીરપુરના | - વીરકૃષ્ણ રાજા | ★ વિજયપુરના | - વાસવદત્ત રાજા |
| ★ પોલાસપુરના | - વિજય રાજા | ★ પોતનપુરના | - પ્રસન્નચંદ્ર રાજા |
| ★ હસ્તી શિર્ષ | - અદીનશત્રુ રાજા | ★ ઋષભપુર | - ધનાવાહ |
| ★ કનકપુર | - પ્રિયચંદ્ર | ★ મહાપુર | - બલ રાજા |
| ★ સાંકેતપુર | - મિત્રનંદી | ★ સૌગંધિક | - અપ્રતિહત. |

તેમજ દધિવાહન, દર્શાણભદ્ર, દ્વિમુખ, જિતશત્રુ, નમિરાજર્ષિ, પુણ્યપાલ, પરદેશી રાજા, શિવરાજર્ષિ, હસ્તીપાલ, શ્રીદત્ત, શૌરીકદત્ત, કનકધ્વજ, ગાંગલી આદિ.

★ મંત્રીઓ : અભયકુમાર, સુદર્શન, ધન્યકુમાર.

**શ્રુતજ્ઞાનનો (આગમ) વારસો :**

પ્રભુએ ૩૦ વર્ષ સુધી જે અર્થથી દેશના આપી તે સર્વે ગણધરોએ આગમસૂત્રોમાં ગુંથી. આ પરંપરા લગભગ ૯૮૦ વર્ષ સુધી મોઢેથી સુરક્ષિત રહી. ત્યાર પછી •દેવર્ધિગણી ક્ષમાશ્રમણે વલ્લભીપુરમાં આગમોને લિપિબદ્ધ કર્યા. એ ૪૫ આગમો નીચે મુજબ છે.

(૧) **અંગવિભાગ - (૧ થી ૧૧)**

૧. આચારાંગ, ૨. સૂયગડાંગ, ૩. ઠાણાંગ, ૪. સમવાયાંગ, ૫. વિવાહપણ્ણત્તી (ભગવતી), ૬. નાયાધમ્મકહા, ૭. ઉવાસગદશા, ૮. અંતગડ દશા, ૯. અણુત્તરોવવાઈ, ૧૦. પણ્હવાગરણ, ૧૧. વિવાગસુય.

(૨) **ઉપાંગવિભાગ - (૧૨ થી ૨૩)**

૧૨. ઉવવાય, ૧૩ રાયસેણિય, ૧૪. જીવાભિગમ, ૧૫. પણ્ણવણા, ૧૬. જંબુદ્વીપ પણ્ણત્તિ, ૧૭. ચંદ પણ્ણત્તિ, ૧૮. સૂર પણ્ણત્તિ, ૧૯. નિરયાવલિયા, ૨૦. કપ્પવડિંસિયા, ૨૧. પુષ્ફિયા, ૨૨. પુપ્પચુલિયા, ૨૩. વણ્હિદસા.

(૩) **પયન્ના વિભાગ - (૨૪ થી ૩૩)**

૨૪. દેવિંદવય, ૨૫. તંદુલ વેયાલિક, ૨૬. ગણિવિજ્જા, ૨૭. આઉર પચ્ચક્ખાણ, ૨૮. મહા પચ્ચક્ખાણ, ૨૯. ગચ્છાચાર, ૩૦. ભક્ત પરિણ્ણા, ૩૧. મરણ સમાહિ, ૩૨. સંથારગ, ૩૩. ચઉસરણ.

(૪) **છેદસૂત્ર - (૩૪ થી ૩૯)**

૩૪. દસા સુયક્ખંધ, ૩૫. બૃહત્કલ્પ, ૩૬. વવહારકલ્પ, ૩૭. જીયકલ્પ, ૩૮. નિસીહચ્છેદ, ૩૯. મહાનિસીહ.

(૫) **મૂળસૂત્ર - (૪૦ થી ૪૩)**

૪૦. આવસ્સય, ૪૧. ઉત્તરજ્ઝયણ, ૪૨. દશવેયાલિક, ૪૩. પિંડ નિજ્જત્તિ.

(૬) **ચૂલિકા - (૪૪ થી ૪૫)**


૪૪. નંદીસૂય, ૪૫. અણુયોગદાર.•

---

• પાટલીપુત્ર, ઉજ્જૈન, મંદસૌર, મથુરામાં પણ અન્ય મહાપુરુષોએ બીજીથી નવમી સદીમાં પ્રયત્ન કર્યા હતા.

• આ આગમો ગણિતાનુંયોગ, ચરણકરણાનુંયોગ, કથાનુયોગ અને દ્રવ્યાનુંયોગ એમ ચાર અનુયોગમાં લખાયા છે. દરેક આગમ ઉપર પંચાંગી (સૂત્ર, અર્થ, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા) ગ્રંથો લખાયા છે.

આ ૪૫ આગમોની એક 'આગમ પુરુષ'ની કલ્પના કરવામાં આવી છે. દરેક આગમોને યોગ્ય સ્થાને સ્થાપિત કરવામાં આવ્યા છે. તેનું રેખાચિત્ર –



**અંતિમ ચોમાસુ અને પ્રભુનું નિર્વાણ :**

આસો વદ ૧૪ના પવિત્ર દિવસની વાત.

અપાપાપુરીમાં હસ્તીપાલ રાજાની લેખશાળામાં પ્રભુ ચોમાસા માટે પધાર્યા તે દિવસથી નિયમ પ્રમાણે વીતરાગી પ્રભુ સમવસરણમાં બેસી દેશના આપી રહ્યા હતા. યોગાનુંયોગ પ્રભુએ પરમ વિનયી શિષ્ય ગણધર ગૌતમ સ્વામીજીને દેવશર્માને પ્રતિબોધવા માટે મોકલ્યા. આજ્ઞાંકિત એવા શિષ્યે પલનો પણ વિલંબ કર્યા વિના, કાંઈપણ વિચાર કર્યા વિના આજ્ઞાને શિરસાવંદ્ય સ્વીકારી પ્રતિબોધ કરવા ગયા.

આ પણ એક અકળ કર્મની કથા હતી કે, એક તરફ માનીતા અનંત લબ્ધિ-નિધાન શિષ્યને દેવશર્માને પ્રતિબોધવા મોકલ્યા જ્યારે બીજી તરફ પોતાનો અંતિમ ઉપદેશ-સંદેશ ન હોય એ રીતે એકધારી ૧૬ પહોર (૪૮ કલાક) દેશના પ્રભુ આપતા હતા.



હવે પછી તીર્થંકર પ્રભુના શ્રીમુખે ધર્મદેશનાને સાંભળવાનું સૌભાગ્ય લગભગ ૮૪ હજાર વર્ષ પછી (અવસર્પિણી કાળના ૫-૬ બે આરાના ૨૧×૨=૪૨૦૦૦ વર્ષ અને એજ રીતે ઉત્સર્પિણી કાળના ૧-૨ બે આરાના ૪૨૦૦૦ કુલ ૮૪૦૦૦ વર્ષ ને ૮૯+૮૯=૧૭૮ પખવાડિયા પછી) ભવિજીવોને સાંપડવાનું હતું.

ધર્મદેશના જ્યારે ચાલે ત્યારે વાણીના અતિશયના હિસાબે સાંભળનારને ભૂખ તરસ પણ ન લાગે. સૌ પોતપોતાની ભાષામાં સહેલાઈથી સમજી જાય. જાતિવેર ભૂલી જાય. વિગેરે અનુભવોને આજે પણ સૌ અનુભવી રહ્યા હતા.

પ્રસંગોપાત ઈન્દ્રને પ્રભુના અંતિમ ઉપદેશ-ની અવધિજ્ઞાનથી જાણ થઈ અને તેણે પણ પ્રભુને વિનંતી કરી કે - હે પ્રભુ ! આપના નિર્વાણનો સમય નજીક આવી રહ્યો છે. જે ક્ષણે આપનું નિર્વાણ થશે તે ક્ષણે 'સર્વાર્થસિદ્ધ' મુહૂર્ત આદિ બધા યોગ બરાબર છે. પણ 'ભસ્મગ્રહ' જે આપના નિર્વાણ નક્ષત્ર ઉપર દ્રષ્ટિ નાખનારો છે. તેથી આપના ભવિષ્યના શાસનને ઘણું નુકસાન થશે. જીવોના પરિણામો બગડશે. શાસન ચાળણીની જેમ ચળાશે. માટે કૃપા કરી ક્ષણ-બે ક્ષણ આયુષ્ય વધારો જેથી એ ભસ્મગ્રહનો પ્રભાવ નબળો પડે. શાસન દીર્ઘકાળ સુધી સુશોભિત રહે.

પ્રભુએ ઈન્દ્રની શંકાને દૂર કરવા અને કર્મના અચળ સિદ્ધાંતને સ્પષ્ટ સમજાવતાં કહ્યું, હે ઈન્દ્ર ! આ જીવે જ્યારે જેવા પ્રકારનું આયુષ્ય બાંધ્યું હોય ત્યારે તેવા સંયોગોમાં જ તેનું આયુષ્ય પૂર્ણ થાય છે. તેમાં કોઈનું કાંઈ ચાલતું નથી. જીવ બાળ હોય કે વૃદ્ધ, સુખી હોય કે દુઃખી, પુણ્યવાન હોય કે પુણ્યહીન, એ સર્વ માયા સંકેલી જાય જ છે. વર્ષ, મહિનો, તિથી, વાર, સમય આદિ બધું જ નિશ્ચિત હોય છે. આથી આયુષ્યમાં વૃદ્ધિ થવી અશક્ય છે. હજી ક્ષય (ઘટી જવું) સંભવીત છે.[ફ]

જે ક્ષણે વીતરાગી પ્રભુ દીર્ઘ દેશના સંભળાવતા હતા. ત્યારે ૯ લચ્છી, ૯ મલ્લી રાજાઓ પ્રભુની દેશના સાંભળવા આવ્યા હતા. તે અવસરે હસ્તિપાલ રાજાએ પોતાને આવેલા આઠ સ્વપ્ન અંગે પ્રભુને જિજ્ઞાસા ભાવે પૂછ્યું. તેથી પ્રભુએ આઠે સ્વપ્નના ફળ જે પ્રરૂપ્યા હતા, તેનો ટૂંકસાર નીચે મુજબ છે.

| | સ્વપ્ન | | ફળ |
|---|---|---|---|
| ૧. | હાથી | = | ક્ષણિક સુખ માટે મહા દુઃખરૂપ સંસાર નહિં છોડે. |
| ૨. | વાંદરો | = | ધર્માચાર્યો ચંચળ પરિણામિ થશે. |
| ૩. | ક્ષીરવૃક્ષ | = | શ્રાવકોને અન્ય ધર્મીઓ ઘેરી લેશે. (અશ્રદ્ધાળુ કરશે.) |
| ૪. | કાકપક્ષી | = | ગચ્છની વ્યવસ્થા તૂટી જશે. (સ્વચ્છંદીના કારણે) |
| ૫. | સિંહ | = | જિનધર્મની અન્ય ધર્મીઓ કરતાં સ્વધર્મીઓજ હેલના કરશે. |
| ૬. | કમલ | = | ધર્મીજન ખરાબ સોબતથી ભ્રષ્ટ થશે. |
| ૭. | બીજ | = | પાત્રાપાત્રનો વિચાર કર્યા વિના ધર્મનું ઉતાવળથી શ્રવણ કરાવશે. તેથી પરિણામ સારું નહિં આવે. |
| ૮. | કુંભ | = | ક્ષમાદિ ગુણોથી યુક્ત સાધુ થોડા (અલ્પ સંખ્યક) હશે. |

આ રીતે પ્રભુએ ૨૧૦૦૦ વર્ષ પછી પાંચમા આરાના અંતે જૈન ધર્મ વિચ્છેદ થશે ત્યારે પરિસ્થિતિ કેવી હશે, તે પણ પ્રસંગોપાત વર્ણવતાં કહ્યું.

મારા નિર્વાણ પછી ૩ વર્ષ ૮ા માસે પાંચમો આરો શરૂ થશે. જે ક્રમશઃ સર્વ રીતે ક્ષીણ થતો જશે. મર્યાદાઓ લોપ થતી જશે. નીતિ નિયમો ઢીલા થતા

ફ આયુષ્ય નિમિત્તને પામી 'અપવર્તનીય' પ્રકારે આપઘાતાદિ કારણે તૂટી શકે છે. તીર્થંકરના આત્માનું કોઈપણ રીતે તૂટે નહિં.

જશે. આ રીતે ઘસાતા ઘસાતા પાંચમા આરાના અંતે સંવર્તક - મહાસંવર્તક પવનના કારણે પ્રલય થશે. ૩૦ બોલ (વિચારો-પ્રકારો) થી પાંચમા આરાના અંતિમ સમયનો પરિચય જાણવા મળશે. છઠ્ઠો આરો તો તેથી વધુ દુ:ખમય રીતે ૨૧૦૦૦ વર્ષ સુધીનો જીવોને અનુભવવો પડશે. આ રીતે અવસર્પિણી કાળ જે ૧૦ કોડાકોડી સાગરોપમનો હોય છે તે પૂર્ણ થશે.

**પાંચમા આરાનો અંતિમ ચતુર્વિધ સંઘ :**

★ આચાર્ય - શ્રી દુપ્પસહસૂરિ (૨૦) ★ સાધ્વી - શ્રી ફલ્ગુશ્રીજી
★ શ્રાવક - શ્રી નાગિલ ★ શ્રાવિકા - શ્રી સત્યશ્રી
★ રાજા - શ્રી વિમલવાહન ★ આગમશાસ્ત્ર - શ્રી દશવૈકાલિક
★ પ્રધાન - શ્રી સુમુખ ★ શરીર - બે હાથ પ્રમાણ.

**છઠ્ઠા આરાનો ટૂંક પરિચય :**

★ નામ - દુષમદુષમ આરો. (જૈન ધર્મના અભાવવાળો કાળ)
★ સમય - ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલશે. અગ્નિ જેવો વરસાદ થતો રહેશે.
★ શરીર - એક હાથ પ્રમાણ. કાળો વર્ણ, બેડોળ શરીર.
★ પાસળી - આઠ. ★ છેવટ્ઠું - સંઘયણ.
★ હુંડક - સંસ્થાન ★ આહાર - અનિયત, અભક્ષ્ય, મસ્યાદિકનો.
★ ચંદ્ર-સૂર્ય - અતિ થંડો - અતિ ઉષ્ણ થશે.
★ આયુષ્ય - ૨૦ વર્ષ. ★ ગંગા-સિંધુ નદીની ગુફામાં વસવાટ.

ટૂંકમાં કહીએ તો પરમકૃપાળુ પ્રભુએ ૧૬ પહોર દરમિયાન માત્ર પાંચમા આરાની-સ્વપ્નના ફળાદેશની કે છઠ્ઠા આરા સંબંધિ દેશના આપી હતી એવું નથી પણ ૫૫ અધ્યયન પુણ્ય વિપાકના અને ૫૫ અધ્યયન પાપ વિપાકના પણ પ્રરૂપ્યા હતા. જે ''ઉત્તરાધ્યયન'' આગમ સૂત્રમાં ૩૬ અધ્યયનની અંદર ગણધરોએ ગુંથ્યા છે. તેમાંનો કેટલોક મનનીય સાર આ રીતનો હતો.

**પ્રભુનો અંતિમ ઉપદેશ :**

★ સાધક ! તને સાધનામાંથી સિદ્ધ થવું હોય, ભક્તમાંથી ભગવાન બનવું હોય, આરાધકમાંથી આરાધ્ય બનવું હોય, પૂજકમાંથી પૂજ્ય કે આત્મામાંથી પરમાત્મા બનવું હોય તો હૃદયમંદિરમાં એક વાક્ય સુવર્ણાક્ષરે તું લખી રાખ કે, ''હે આત્મા, સર્વપ્રથમ તું વિનીત બન.''

★ જગતમાં જીવ - સંસારીને મુક્તિના એમ બે પ્રકારે છે. તેમજ સંસારીમાં સાધુ પણ ગણાય છે. સંસારી કદાચ તત્ત્વજ્ઞાન મેળવે, જાણે પણ તે જગતને શિખામણ આપવા. જ્યારે સંયમી તત્ત્વજ્ઞાનને મેળવે છે. પોતે તરે છે જ્યાં છે ત્યાંથી આગળ વધવા, આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. ટૂંકમાં 'આચારો પ્રથમો ધર્મ:' આદરણીય છે. જ્યારે 'પરોપદેશાય પાંડીત્યં' અર્થ વગરનું છે.

★ ધર્મ-હૃદયમંદિરમાં નિવાસ કરે છે કે પ્રવાસમાં ? જીવનમાં ધર્મ આવ-જા કરનાર હોય તો તેમાં શ્રદ્ધાનો અભાવ સમજવો. જે દિવસે ધર્મની પાછળ દેખાવ કે માનનું પોષણ કરવાની દ્રષ્ટિ વિકાસ પામશે ત્યારે એ ધર્મ નથી પણ બાહ્ય આડંબર છે. સાચો ધર્મ જીવનમાં સરળતા, પરિણામની શુદ્ધતા ને મન-વચન-કાયાની પવિત્રતા વધારે છે.

★ બાળકમાંથી બાળસ્વભાવ જ્યારે જુદો થાય ત્યારે તેના જીવનમાં કષાયો-પાપો પ્રવેશ કરે છે. જ્યારે સાધુના જીવનમાં સમભાવની વૃદ્ધિ જેમ જેમ થાય તેમ તેનું જીવન પવિત્ર આદર્શ થાય છે. માટે હે આત્માર્થી ! તારા જીવનમાં માત્ર આદર્શ ઉંચા નહિં પણ આચાર ઉંચા રાખ.

★ જીવ હિંસા કરે, ચોરી કરે, પરસ્ત્રી સેવનાદિ કરે એટલે પાપી થાય. તે પાપથી છૂટા થવા પ્રાયશ્ચિત લે, પશ્ચાતાપ કરે એ ઉત્તમ છે. પણ તેથી વધુ આગળ વધી જે બીજાની નિંદા ટીકા કે ઈર્ષ્યા કરે તો તે પાપ થયું એમ જલ્દી સ્વીકારતા નથી. હકીકતમાં પાપ મન, વચન, કાયાથી જાણતા-અજાણતાં થાય છે તે વાત ભૂલતાં નહિં. નાનામાં નાનું અયોગ્ય કાર્ય પાપ છે.

★ હે મુમુક્ષુ ! આ જગત રૂપ ને રૂપિયા પાછળ પાગલ થયું છે. પતંગિયો રૂપની પાછળ દોટ મૂકી અંતે તેમાં સ્વાહા થાય છે. જ્યારે રૂપિયા પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય ને શુભ નામકર્મ ઉદયમાં આવે તો તે યોગ્ય રીતે ભોગવાય. અર્થાત્ રૂપ, સૌંદર્ય એ પણ પુણ્યની ફળશ્રુતિ છે. જો પુણ્ય હશે તો બધીજ પ્રતિકુળતા સાનુકુળ થઈ જશે. માટે સૌંદર્યના કે લક્ષ્મીના પૂજારી ન બનો.

★ સૈનિક અને સાધુના ધર્મ (કાયક્ષેત્ર) કંઈક અંશે સમાન છે. નાગરિકની જેમ સૈનિકથી તથા સંસારીની જેમ સાધુથી ના જીવાય. બન્નેની જવાબદારી અલગ છે. માટે હે આત્માર્થી ! ઈચ્છાને કાબૂમાં રાખ અન્યથા દુર્ગતિ-નરકગતિના અતિથિ તારે બનવું પડશે.

★ હે મુક્તિના પ્રવાસી ! તું યાત્રીક છે, રખડુ નથી. બન્ને ચાલવાની ક્રિયા કરે છે પણ એક ઉદ્દેશ્યવાળી અને બીજો ઉદ્દેશ્ય વગરની. પૂર્ણતાના પંથનો જે પ્રવાસી હોય તે જીવનમાં સદ્ગુણની વૃદ્ધિ કરે. પ્રાપ્ત કરેલ મનુષ્ય જન્મ સફળ કરે.

★ ક્રિયા અનુસાર જીવ કર્મબંધ કરે છે. જો પોતાનું ધ્યેય સ્પષ્ટ વિવેકી હોય તો તેના કર્મબંધ હળવા હોય. મિથ્યાત્વિ આત્મા ક્રિયા કરે ને સમકિતી ક્રિયા કરે. તેમાં એજ ફરક છે. બધાજ જન્મે છે અને મરે છે. માત્ર જન્મતા આવડે તો મરણ સુધરે, મરતા આવડે તો જન્મ ઘટે. અજન્મા થવા માટે માત્ર તમારી દ્રષ્ટિ પ્રવૃત્તિ સુધારો. પુણ્યને વધારવા કરતાં પાપને ઘટાડો.

★ પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં જે પરાધીન બની જીવે છે. તેને વિષયો સંસારમાં ભમાવે છે. વચનયોગથી બીજાનું ભલું પણ થાય ને પોતાનું અહિત પણ થાય. જે

આત્મા 'સ્વ'ને જાણે-સમજે છે તે વિશ્વને જાણે-સમજે છે. માટે 'સ્વ'ને જાણવા પ્રયત્ન કરો. 'સ્વ'માં ખોવાઈ જાઓ. 'સ્વ'ને પોતાના શાશ્વતા સ્થાન પર પહોંચાડવાનો આજ ટૂંકો રાજમાર્ગ છે.

★ બગીચો લીલોછમ છે. કારણ બગીચાને પાણીનું પોષણ મળે છે. આત્મા નિર્મળ, શુદ્ધ છે એનો અનુભવ એની મુખાકૃતિ છે. જેનું અંતર નિર્મળ હશે, વિષય-કષાયોથી દૂર હશે, દરેક જીવનો ઉદ્ધાર કરવાની ભાવના રગેરગમાં વણાઈ હશે તો દુઃખ તમને સ્પર્શસે નહિં, લેશ્યા તમારી બગડશે નહિં, મૃત્યુ તમારી સાથે રમત રમશે નહિં.

★ જે માગતો ફરે તેનાથી બધું દૂર થાય છે. જેનામાં આશા, ઈચ્છા, ચાહના, ઝંખના છે તેના માટે ત્યાગ દુષ્કર છે. હકીકતમાં તૃપ્તને ભોજનની, બહેરાને સંગિતની, અંધને દર્પણની શું કિંમત ? માટે અન્ય જન્મો કરતાં મનુષ્ય જન્મ ઘણો દુર્લભ છે. એમ સમજી વિચારી જીવન ધન્ય કરો.

**ગુરુ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન :**

દેવશર્માને પ્રતિબોધી ગૌતમ ગણધર પાછા અપાપાપુરી તરફ આવી રહ્યા હતા તેજ વખતે માર્ગમાં તેઓને પ્રભુના નિર્વાણના સમાચાર મળ્યા. એક ક્ષણ આ સમાચારે તેઓને અસ્વસ્થ બનાવ્યા. શું સાચું છે કે ખોટું ? એ વિચારે તેઓને વધારે વિહ્વળ બનાવ્યા.

હે પ્રભુ ! હવે પછી મને ''હે ગૌતમ'' કહીને કોણ બોલાવશે ? હું ''હે પ્રભુ !'' કહી મારી શંકાઓનું સમાધાન ક્યાં જઈ કરીશ ? શું મોક્ષમાં જગ્યાની સંકડાસ હતી તેથી મને અળગો રાખ્યો ? શું બાળકની જેમ આપને મોક્ષ જતાં વિઘ્નરૂપ થાત ? આવા અનેકાનેક વિચારો કરી ગૌતમ ગણધર પ્રશસ્ત રાગના કારણે રૂદન કરવા લાગ્યા. ૩૦-૩૦ વર્ષના સંબંધને છેલ્લે જાળવી ન શક્યો એજ મુખ્ય અફસોસ તેમાં તેઓને દેખાતો હતો.

ક્ષણે ક્ષણે વીર... વીર...નું રટણ કરતાં અંતે ગૌતમ સ્વામીને 'વીતરાગી' અવસ્થાનો ખ્યાલ આવ્યો. આટલા વર્ષો સુધી રાગ દશાએજ મને કેવળજ્ઞાનથી અળગો રાખ્યો એ મનમાં સમજાઈ ગયું. આ રીતે વૈરાગ્યના વિચારોએ રાગદશાથી મુક્ત કર્યા અને ત્યાંજ કારતક સુદ એકમના મંગળ પ્રભાતે ગણધર ભગવાન શ્રી ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

સૂર્યસમાન તીર્થંકર પરમાત્માના નિર્વાણ (અસ્ત)થી જ્યારે પૃથ્વીતલ ઉપર અજ્ઞાનરૂપી અંધકાર છવાઈ ગયો હતો ત્યારે ગૌતમ ગણધરને કેવળજ્ઞાન રૂપી દીપ પ્રાપ્ત થયો તેજ રીતે ૯ લચ્છી, ૯ મલ્લી રાજાઓએ ''મશાલીયા'' (જ્યોત મશાલ) પ્રગટાવી દ્રવ્ય દીપક દ્વારા પ્રકાશ ફેલાવ્યો. જે આજે 'દિવાળી' રૂપે પ્રસિદ્ધ છે.

**પ્રભુના નિર્વાણ સમયની કેટલીક વાતો** : (ઈ. સ. ૫૨૬ પૂર્વે)

| | |
|---|---|
| ★ ચંદ્ર – સ્વાતિ નક્ષત્રમાં | ★ સંવત્સર – ચંદ્ર નામે |
| ★ મહિનો – પ્રિતિવર્ધન | ★ પખવાડિયું – નંદીવર્ધન |
| ★ દિવસ – અગ્નિવેશ્મ | ★ રાત્રી – દેવાનંદા |
| ★ લવ – અર્ચ | ★ પ્રાણ – મુહૂર્ત |
| ★ સ્તોક – સિદ્ધ | ★ મુહૂર્ત – સર્વાર્થસિદ્ધ |
| ★ રાશિ – તુલા | ★ કરણ – નાગ (૩) |
| ★ ગ્રહ – ભસ્મ | ★ તપ – છઠ્ઠ |
| ★ આસન – પદ્માસન | ★ આયુષ્ય - ૭૨ વર્ષ |
| ★ મોક્ષગામી – અકાકી | ★ ગામ – અપાપાપુરી |
| ★ સ્થાન – હસ્તિપાલ રાજાની લેખશાળા | ★ ૧૮ ગણરાજાની હાજરી |
| ★ શાસન – ૨૧,૦૦૦ વર્ષ સુધી | ★ તિથિ - આસો વદ ૧૧ |

**ચતુર્વિધ સંઘનો પરિવાર નીચે મુજબનો હતો.**

ગણધર - ૧૧ ચૌદપૂર્વધર - ૩૦૦ અવધિજ્ઞાની - ૧૩૦૦
મન:પર્યવજ્ઞાની - ૫૦૦ કેવળજ્ઞાની - ૭૦૦ વૈક્રીય લબ્ધિધર - ૭૦૦
વાદ લબ્ધિધર - ૪૦૦ સાધુ - ૧૪,૦૦૦ સાધ્વી ચંદનાપ્રમુખ - ૩૬,૦૦૦
શ્રાવક (આનંદ-કામદેવ) ૧,૫૯,૦૦૦ શ્રાવિકા (રેવતી) - ૩,૧૮,૦૦૦
મોક્ષપામ્યા સાધુ - ૭૦૦ સાધ્વી - ૧૪૦૦.

પ્રભુનું તો નિર્વાણ થયું હવે તેઓએ પ્રરૂપેલો ધર્મ જ આપણા સૌના માટે વિશિષ્ટ ભવસાગર તરવાનું આલંબન છે. એ આલંબનથી દરેક જીવ ધન્ય બને, આત્મ કલ્યાણના પથિક બને, મોક્ષના અધિકારી બને એજ મહત્વાકાંક્ષા.

**સૂચના :**

વીર પ્રભુના કેવળજ્ઞાનથી મોક્ષગમન સુધીના જરૂરી ટૂંકા વિચાર અહીં પૂર્વાર્ધ વિભાગમાં સંગ્રહિત કરી તીર્થંકર પરમાત્માએ આપેલ વિવિધ પ્રકારની ધર્મ દેશનાનો શબ્દોના સહારે અનુભવ કર્યો. હવે પછી ઉત્તરાર્ધમાં પ્રભુના ઉપદેશનો મુખ્ય સંદેશ દાન, શીયળ, તપ અને ભાવ એ ધર્મના ચાર પાયારૂપ જે જીવનમાં સમજવાનો ઉતારવાનો છે. તે ક્રમશઃ હવે જોઈશું.

## સ્વાધ્યાય

- ★ પ્રભુ ૧૩-માં ગુણસ્થાનક સુધી કેવી રીતે પહોંચે ?
- ★ વીરપ્રભુને કેવળજ્ઞાન ક્યાં, ક્યારે, કેવી રીતે પ્રાપ્ત થયું ?
- ★ પ્રભુ 'ભાવજિન' સ્વરૂપે ક્યારે કહેવાય ?
- ★ ૨૪ તીર્થંકર ભ. કેટલા સમયકાળમાં થયા ?
- ★ 'યુગલિક' એક કાળચક્રમાં કેટલા સમય સુધી હોય ?
- ★ પાંચ અચ્છેરાના નામો આપો.
- ★ 'સમવસરણ' માટે તમે શું જાણો છો ?
- ★ સમવસરણ જોવા માત્રથી ક્યા જીવોને શું લાભ થયો ?
- ★ ૩૫ અતિશયોમાંથી ત્રણ બતાડો.
- ★ ૩ પંડિતોના નામ-શંકા શિષ્યસંપદા બતાડો.
- ★ કર્મભૂમિ - અકર્મભૂમિની વિગત આપો.
- ★ સંઘયણ અને સંસ્થાન એટલે શું ? શું કામ આવે ?
- ★ ૧૦ પ્રાણના નામો બતાડો.
- ★ ઉપદેશ સાંભળી દીક્ષા લેવા કોણ કોણ તૈયાર થયા ?
- ★ ૧૨ - વ્રતના નામ, ઓળખ આપો.
- ★ અષ્ટ પ્રાતિહાર્યના નામ આપો.
- ★ પ્રભુના ઉપદેશમાંથી ૩ - મનપસંદ લખો.
- ★ જીવ સંબંધી ૨-૪ લીટી લખો.
- ★ કષાયોના ચિત્ર ઉપરથી તમોને શું જાણવા મળ્યું ?
- ★ સારી ને ખરાબ લેશ્યાનો પરિચય આપો.
- ★ છ શ્રુતકેવળી, ૧૦ પૂર્વધરના નામો આપો.
- ★ આગમોના વિભાગોના નામો આપો.
- ★ આઠ સ્વપ્નમાંથી મહત્વના બેના ફળ બતાડો.
- ★ પાંચમા - છઠ્ઠા આરાની જાણકારી આપો.
- ★ ભગવાન વીરનો અંતિમ ઉપદેશ ક્યા ગ્રંથમાં છે ?
- ★ રૂપ - રૂપિયા તથા ક્રિયાને કર્મ માટે તમારા વિચાર લખો.
- ★ ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન ક્યારે મળ્યું ?

卐

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# મારો સોહામણો ધર્મ

## ઉત્તરાર્ધ

## સચિત્ર

★ સજ્ઝાય

★ સુભાષિત


★ કુલક

★ વિવેચન


★ સંપાદક ★

સાહિત્યોપાસક, પ્રવર્તક

**પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મહારાજ**


ધર્મ
दान
शील
तप
भाव

# 'કરો ધર્મ - પામો મોક્ષ'


અધ્યાત્મ દ્રષ્ટિ
વ્યવહાર દ્રષ્ટિ
અનંતજ્ઞાન →
← શિયળ ધર્મ
(મનથી શિયળ વ્રતને પાળો)
અનંતદર્શન →
← ભાવ ધર્મ
(હૃદયમાં શુભ કામના ભાવો)
અનંતવીર્ય →
← દાન ધર્મ
(દાન હાથથી અપાય)
અનંતચારિત્ર →
← તપ ધર્મ
(તપ-કાયાથી કરવાનું)

# ધર્મના ચાર પ્રકાર

**(સજ્ઝાય)**

રે જીવ જિનધર્મ કીજીયે, ધર્મના ચાર પ્રકાર,
દાન શિયલ તપ ભાવના, જગમાં એટલું સાર.
॥૨॥
વરસ દિવસને પારણે, આદિશ્વર સુખકાર,
શેરડી રસ વહોરાવીયો, શ્રી શ્રેયાંસકુમાર.
॥૩॥
ચંપાપોળ ઉઘાડવા, ચારણીએ કાઢ્યા નીર,
સતી સુભદ્રા જશ વર્યો, શિયલે સુર નર ધીર.
॥૪॥
તપ કરી કાયા શોષવી, અરસ નીરસ આહાર,
વીર જિણંદ વખાણીયો, ધન ધન્નો અણગાર.
॥૫॥
અનિત્ય ભાવના ભાવતા, ધરતાં નિર્મળ ધ્યાન,
ભરત અરીસા ભુવનમાં, પામ્યા કેવળજ્ઞાન.
॥૬॥
જૈનધર્મ સુરતરૂ સમો, જેહની શીતળ છાય,
સમયસુંદર કહે સેવતા, વાંછીત ફળ પાય.

: રચયિતા :

**પૂ. ઉપાધ્યાય શ્રી સમયસુંદર વિજયજી મ.**

# धर्म - सुभाषित

**जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तई ।**
**धम्मं च कुणमाणस्स, सफला जंति राइओ ॥**

**અર્થ :** જે જે રાત્રીઓ વીતી જાય છે, તે જીવનમાં પાછી આવતી નથી. ધર્મનું આચરણ કરનાર મનુષ્યની જ રાત્રીઓ સફળ થાય છે.

**माणुस्सं विग्गहं लद्धुं सुई धम्मस्स दुल्लहा ।**
**जं सोच्च पडिवज्जंति तवं खंतिमहिंसयं ॥**

**અર્થ :** મનુષ્ય દેહ પામ્યા પછી પણ સાચા ધર્મનું શ્રવણ દુર્લભ છે કે જે ધર્મને સાંભળવાથી જીવો તપ, ક્ષમા, અહિંસાદિને અપનાવી શકે.

**अह पंचहि ठाणेहिं जेहिं सिक्खा न लब्भई ।**
**थंभा कोहा पमाएणं रागेणाऽऽलस्सएण य ॥**

**અર્થ :** અહંકાર, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ - આ પાંચ કારણોને લીધે (આ જીવને ધર્મનું) જ્ઞાન મળી શકતું નથી.

**एगब्भूए अरण्णे वा जहा उ चरई मिगे ।**
**एवं धम्मं चरिस्सामि संजमेण तवेण च ॥**

**અર્થ :** જેમ અરણ્યમાં મૃગ એકલો વિચરે છે, તેમ હું પણ સંયમ અને તપ વડે ધર્મમાં એકાકી વિચરીશ. (સાધકે ધર્મ સાધના એકાકી કરવી ઉત્તમ છે.)

**जिणवयणे अणुरत्ता जिणवयणं जे करंति भावेन ।**
**अमला असंकिलिट्ठा, ते होंति परित्तसंसारी ॥**

**અર્થ :** જેઓ જિનવચનમાં અનુરક્ત (શ્રદ્ધાવાળા) છે. જેઓ જિનવચન અનુસાર (ધર્મ) ક્રિયાઓ ભાવપૂર્વક કરે છે, જેઓ મિથ્યાત્વના મલથી રહિત છે તથા જેઓ રાગ-દ્વેષના સંકલેશથી રહિત છે, તેઓ મર્યાદિત સંસાર (અલ્પ ભવભ્રમણ) વાળા બને છે.

**दान शील तपो भाव, भेदैर्धर्मश्चतुर्विधः ।**
**भवाब्धि यान पात्रम्, प्रोक्तोऽर्हदभिः कृपा परैः ॥**

**અર્થ :** ભવસાગર તરવા માટે વહાણ જેવો ધર્મ કૃપાપરાયણ અર્હંતોએ દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારનો કહ્યો છે.

**दानं च शीलं च तपश्चभावो, धर्मश्चतुर्धा जिनबान्धवेन ।**
**निरूपितो यो जगतां हिताय, स मानसे मे रमतामजस्त्रम् ॥**

**અર્થ :** જિનબાંધવ શ્રી તીર્થંકર ભગવંતોએ જગતના હિતાર્થે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ ઉપદેશ્યો છે. તે મારા મનમાં નિરંતર વાસ કરો.

# ધમ્મં શરણં પવજ્જામિ

તારે તે તીર્થ !

સંસાર સાગરમાં ડૂબતાને બચાવે તે ધર્મ ! •

**"મિથ્યાત્વ"** એટલે સંસારમાં ભમાવનાર, સંસારને વધારનાર.

**"સમકિત"** એટલે સંસાર ઘટાડનાર, મોક્ષે પહોંચાડનાર.

આવી અનેકાનેક વાતો કરૂણાના ઘર, સમતાના સાગર, જીવમાત્રનું ભલું ઈચ્છનારા, મોક્ષ માર્ગના પ્રરૂપક ચરમ તીર્થપતિ દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ વૈશાખ સુદ-૧૧ થી આસો વદ અમાસ સુધી અનેકાનેક ગામો, નગરો, શહેરોમાં ૩૦ વર્ષ સુધી જે અસ્ખલીત રીતે અર્થથી ધર્મદિશનામાં કહી પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીજી તથા પ્રથમ પટ્ટધર શ્રી સુધર્મા સ્વામી આદિએ કાનોકાન સાંભળી. અને અવસરે અવસરે શ્રી જંબુસ્વામી આદિને પણ સંભળાવી. ક્રમશઃ આપણા સુધી પહોંચાડી.

કાળ બદલાતો ગયો. થોડી થોડી વિસ્મૃતિ વધવા લાગી અથવા જ્ઞાનાવરણીય કર્મ (અંતરાયો) વિકસવા લાગ્યાં. ફળસ્વરૂપ જીવ્હાગ્રે રહેલાં શ્રુતજ્ઞાનને વીર નિર્વાણના ૯૮૦ વર્ષ પછી સુરક્ષિત રાખવા માટેની ચિંતા ઊભી થઈ. ભૂલાઈ રહેલા એ આગમજ્ઞાનને પ્રાજ્ઞ ગીતાર્થ પુરૂષ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણાદિએ છેલ્લી વલ્લભીપુરની વાંચનાના ભગિરથ પ્રયત્ન દ્વારા મતાંતરે ૯૯૩માં વર્ષે લિપિબદ્ધ પ્રતાકારે, (ગ્રંથાકારે) કર્યું. કાળક્રમે ત્યાર પછી પણ આગમજ્ઞાન પુસ્તકાકારે, તાડપત્રમાં, તામ્રપત્રમાં છેવટે કોમ્પ્યુટરમાં આજે સ્થાપિત થયું.

આપણા સર્વનું અહોભાગ્ય છે કે (ઉપરના કારણે) એ અનેકાન્તવાદી, આત્મલક્ષી, સપ્ત-ભંગથી, સાતનયથી, અધ્યાત્મ-વૈરાગ્ય રસથી પરિપૂર્ણ અનેકાનેક અકલ્પનીય વિષયોને સ્પર્શતું સત્યજ્ઞાન આજે આપણી પાસે ઘણું ખરું સુરક્ષિત છે. જેના વાંચન, મનન, ચિંતનથી આજે પણ આત્માર્થી જીવો ત્રિકાળજ્ઞાનને, સમ્યગ્-જ્ઞાનીને વંદન, પૂજન, સત્કાર, સન્માન કરી ધન્ય બને છે. પોતાના આત્મોદ્ધારનો માર્ગ પ્રાપ્ત કરે છે. પરંપરાએ આગમ દીપના સહારે મોક્ષે જાય છે.

પ્રભુએ પ્રરૂપેલા અનેકાનેક વિષયોને, કર્મના મર્મને, આત્માના સ્વરૂપને, જીવાદિ નવ તત્ત્વોને, પુદ્ગલની શક્તિને, રૂપી-અરૂપી પદાર્થોને જાણ્યા, સમજ્યા, વિચાર્યા પછી જીવનમાં ઉતારવા માટેની કેટલીક વાતોને અહીં ઉંડાણથી વિચારીશું.

એક વાત નિશ્ચિત છે, કે - પ્રભુએ ગૌતમ ગણધરાદિને ત્રિપદીના માત્ર ૩

---

• ધારયતિ ઈતિ ધર્મઃ ।

પદો (અક્ષર સંખ્યા–૫+૫+૪=૧૪) સંભળાવ્યા હતા, પણ ગણધરપદે સ્થાપવાના કારણે એ ૧૪ અક્ષરોએ દ્વાદશાંગીની રચના કરવા માટે તેઓને સમર્થ કર્યા.

નવકાર મંત્રના અક્ષર માત્ર ૬૮ છે પણ એ શાશ્વત સૂત્રમાં ૧૪ પૂર્વના ભાવો સમાઈ ગયા છે. પંચ પરમેષ્ઠીનું તેમાં સ્મરણ-વંદન છે.

દાનાદિ ચારે ધર્મનો આરાધક થવા માટે આત્મા આ રીતે શુભ પ્રવૃત્તિ કરે છે. (૧) પાંચ કે બાર વ્રતોનું પાલન મુખ્યત્વે જીવદયા માટે છે. તેથી આત્માએ અભયદાનનું કાર્ય કર્યું. (૨) સર્વ વ્રતો પચ્ચક્ખાણ - નિયમ દ્વારા સ્વીકાર્ય બને છે તેથી તપ ધર્મનું કાર્ય કર્યું. (૩) ચોથું વ્રત શિયળ છે, તેથી શિયળ વ્રતનું કાર્ય કર્યું. (૪) અને બારે વ્રતોનું આરાધન ભાવથી જીવનમાં પાળવા આત્મા પુરૂષાર્થ કરે છે. આ રીતે ચારે ધર્મનો આત્મા આરાધક બન્યો.

ટૂંકમાં તીર્થંકર પરમાત્માએ દેશના અર્થથી ભલે આપી પણ તેમાં સંસારના દરેક પદાર્થોનું નિરૂપણ કરી દીધું. એ વાત ઉપરના ઉદાહરણોથી સમજાઈ જાય તેવી છે.

જેમ એક શબ્દમાં અનેક અર્થો-ભાવો છૂપાયા છે. તેમ આ આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપાદિ વિભિન્ન પ્રકારના ધર્મો જે આચરે છે. તેમાં પણ ધર્મારાધનાના અસંખ્ય યોગ અવાંતર રીતે આવી જાય છે. તેથી શ્રમણો માટે દશવૈકાલિક આગમની પહેલી ગાથામાં કહ્યા અનુસારના અહિંસા, સંયમ, તપ રૂપ ત્રણ ધર્મનું અને બીજી અપેક્ષાએ વ્રતધારી શ્રાવકો માટે દાન, શીલ, તપ, ભાવ રૂપ ચાર ધર્મનું વિસ્તારથી અહીં વિશ્લેષણ કરીશું.

### ધર્મદેશના ને અનુયોગ :

પરમાત્માએ જ્યારે દેશના આપી ત્યારે તે દ્રવ્યાનુંયોગાદિ ચાર અનુયોગ સહિતની હતી. તેમ દેશનાના ચાર પ્રકાર પણ હોય છે, એમ કહીશું તો ખોટું નથી. તે પ્રકારો આવા હોય - (૧) આક્ષેપિણી : આત્મ સ્વભાવ તરફ ખેંચનારી. (૨) વિક્ષેપિણી : મિથ્યાત્વ અને વિષય કષાયોથી મુક્ત કરાવનારી. (૩) સંવેદિની : મોક્ષ માર્ગની અને મોક્ષની રૂચિને ઉત્પન્ન કરનારી અને (૪) નિવેદિની : આત્મ સુખમાં બાધક એવા સંસારી સુખ (ભોગવવામાં)ની અરૂચી જગાડનારી છે. જિનવાણી માટે ૧. પરા, ૨. પશ્યંતિ, ૩. મધ્યમા અને ૪. વૈખરી એવા પણ પ્રકારો જોવા મળે છે. વિનયી આત્મા ઈચ્છીત ફળની પ્રાપ્તિ તેથી જ કરે છે. ધર્મનું મૂળ 'વિનય' છે. તે વાત પણ આ તકે યાદ રાખવા જેવી છે.

જેમ ધર્મ કરનારને ધર્મી કે પુણ્યવાન કહેવાય તેમ પાપ કરનારાને, પાપી યા ભાગ્યહીન કહી શકાય. પુણ્યને બંધાવનારા ધર્મની, તેના સાધનોની હવે પછી ચર્ચા કરવામાં આવશે. તે પહેલાં પાપના સ્થાનકોની થોડી વિચારણા કરીશું. વ્યવહારમાં જ્યારે રાત્રી નથી ત્યારે દિવસ છે એ નિયમા સમજાઈ જાય તેવી વાત છે. તેમ

# પાપનો બંધ કરાવનારાં અઢાર પાપસ્થાનકો...



પુણ્યકાર્ય નથી તો પાપ પ્રવૃત્તિ છે તે સમજી લેવું. પ્રસંગોપાત થોડી વાતો વધારે સ્પષ્ટ જાણી લઈએ.

**પાપ બંધના પ્રકારો - સ્થાનકો :**

**૧૮ પાપસ્થાનક :** જેનું સેવન કરવાથી પાપનો બંધ થાય તેવા ૧૮ સ્થાનકો (સ્થળો) છે. તેમાં ૧૮મું 'મિથ્યાત્વશલ્ય' ઘણું મહત્વનું છે. એના કારણે જીવ વિપરીત માન્યતાવાળો થાય છે. અને એ માન્યતાઓને પોષવા જીવનમાં દુષણ યા દુર્ગુણ પ્રવેશ કરે છે. તેથી બાકીના ૧૭ પણ પાપસ્થાનકોને આંખ મીચીને આદરપૂર્વક આત્મા સેવે છે. એટલું જ નહીં ''પાપં અસ્માકં બાપં'' એવા વિચારોથી પાપ બાંધી તેમાં પોતાની હોશિયારી માની ચિકણા (ચઉઠાણિયા સુધીના) કર્મ બાંધે છે.

**૧૫ કર્માદાન :** જીવન મળ્યું છે તો સંસાર ચલાવવા કાંઈક પ્રવૃત્તિ કરવી જ પડશે. જો નિર્દોષ પ્રવૃત્તિ કરવામાં આવે તો તેથી પુણીયા શ્રાવકની જેમ અનર્થદંડાદિના પાપ ન બંધાય. પણ જો ૧૫ કર્માદાન (કર્મ બંધાવનારા છએ જીવનિકાયની હિંસા કરાવનારા) દ્વારા સંસારનું ભરણપોષણ આત્મા કરે તો તેથી ડબલ પાપ બંધાય. જીવને ખાવા-પીવા ઓછું જોઈએ છે પણ પરિગ્રહ કરવા માટે જ આ પાપો બાંધે છે. આમ પુણ્યાનુંબંધી પાપ બંધાય છે.

**કષાયો :** ક્રોધ, માન, માયા, લોભ એ ચારને કષાય કહેવાય છે. તે દરેકના અનંતાનુંબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ૪-૪ ભેદ થવાથી કુલ-૧૬ થાય. આ કષાયોના કારણે આત્મા દુર્ગતિએ જાય, સમકિતાદિને ઉદયમાં આવવા ન દે, જન્મ મરણ વધારી દે, માટે તેને પાપ કહ્યું છે.

**વિષયો :** ઈન્દ્રિયો પાંચ છે. તેનાં પાંચ વિષયો છે અને પ્રભેદ - ૮+૫+૨+૫+૩ = ૨૩ છે. આત્મા જો અશુભલેશ્યાના કારણે વિષયાધિન થાય. વિષયોમાં આસક્ત બને તો મૃત્યુ સુધી પણ પહોંચી જાય. તેથી વિષય-વિકારના ગુલામ થવું ન જોઈએ.

**પાંચ હેતુ :** કર્મ બાંધવાના મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એમ પાંચ હેતુ છે. જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં ૧ થી ૪ સમયમાં પહોંચી જાય છે. તેથી ''જેવી મતિ એવી ગતિ'' એ ન્યાયે અંત સમયે વિચારોથી પાપકર્મ બાંધવામાં રસિયો થઈ જીવ વિના કારણે દુર્ગતિનો અતિથિ થાય છે.

ટૂંકમાં યાદ રાખવું કે ''ક્રિયાએ કર્મ'' એ ન્યાયે દરેક ક્રિયા, પ્રવૃત્તિ શુભ અથવા અશુભ કર્મનો બંધ કરાવનારી છે. ''પરિણામે બંધ'' એ દ્રષ્ટિએ ક્રિયા કરતી વખતે જેવા પ્રકારના જીવના પરિણામ-વિચાર હોય તેવા પ્રકારનો એ બંધ કરે છે અને અંતે ''ઉપયોગે ધર્મ'' એવા ટંકશાળી વચન દ્વારા જીવ જો દરેક સ્થળે, ક્ષણે એ પાપના બંધથી બચવા ઉપયોગ, કાળજી રાખે તો ધર્મ કરવા સમર્થ બને.

**ચાર પ્રશ્ન - ઉત્તર :**

ધર્મના વિચારો કરતાં પહેલા ચિંતકોએ ઊભા કરેલા ચાર પ્રશ્નોને પણ થોડા નજર સામે લઈએ.

પહેલો પ્રશ્ન છે - **"કથં ઉત્પદ્યતે ધર્મઃ"** = (ધર્મભાવના ક્યા સ્થળે પ્રગટે ઉત્પન્ન થાય ?) તો તેના જવાબમાં **"શ્રદ્ધેનોત્પદ્યતે ધર્મઃ"** એવું માર્મિક સૂચન અપાયું. કારણ ધર્મ શ્રદ્ધાના પાયા ઉપર જ ટકે છે. જીવનમાં જે કાંઈ પરિવર્તન થાય છે. તે અદ્રશ્ય છે અને તે માનવા, સ્વીકારવા માટે 'શ્રદ્ધા' જરૂરી છે. પછી મન સાનુકુળતા કરી આપે છે.

બીજો પ્રશ્ન - **"કથં ધર્મો વિવર્ધતે ?"** (ક્યા સ્થાને - કાર્યથી ધર્મ વૃદ્ધિ પામે ?) માની લો કે એક વખત જીવનમાં ધર્મે શ્રદ્ધાથી સ્થાન મેળવ્યું પણ તે વિકસવો જોઈએ. અન્યથા ધર્મ લોપ થઈ જાય. ચિંતકોએ એનો પણ ટૂંકો જવાબ આપ્યો, કે - **"દયા દાનેન વર્ધતે"** જીવનમાં ધર્મ જો પ્રવેશી જાય તો એ જીવ દયા, દાન, તપ, ત્યાગાદિ કરવા પ્રેરાય. દયા-દાન કરૂણાળુ આત્મા જ કરી શકે અને ધર્મી ક્રમશઃ સમતા રસનું આસ્વાદન કરનાર કરૂણાનો સ્વામી હોય. આમ ભલુ કરવા-કરાવવાની ભાવનાથી જીવનમાં ધર્મ વૃદ્ધિ પામે.

ત્રીજો પ્રશ્ન - **"કથં ચ સ્થાપ્યતે ધર્મઃ ?"** (જીવદયા મૂલક ધર્મની સ્થાપના અસ્તિત્વ-નિવાસ ક્યાં હોય ?) ગુણ-ગુણીના સંબંધે ગુણ જો ધર્મ છે તો ગુણી આત્મા-જીવ હોવો જ જોઈએ. પહેલા ચરણમાં શ્રદ્ધાએ ધર્મને આમંત્રણ આપ્યું. બીજા ચરણમાં દયામય વિચારોએ ધર્મની વૃદ્ધિ કરી તો ત્રીજા ચરણમાં **"ક્ષત્રાયાં સ્થાપ્યતે ધર્મઃ"** એ ન્યાયે ક્ષત્રિય (દ્રઢ વિચારવાન) ખમીરવંત જીવોમાં જ ધર્મનો વાસ હોય. ક્ષમાદિ ધર્મ જો આચરવો હોય તો સર્વ પ્રથમ જીવનમાં ક્ષત્રિયપણું આવશ્યક છે. ક્ષમા આપવી એ કાયરનું કામ નથી. લડવું નથી પણ જતું કરવાનું છે. તેમાં જ સુખ-શાંતિ છે.

ચોથો ને છેલ્લો પ્રશ્ન ઘણો જ વિચારણીય છે, કે-**"કથં ધર્મો વિનશ્યતિ ?"** (પ્રાપ્ત થએલો ધર્મ વિનાશ-નષ્ટ ક્યારે થાય ?) સામાન્ય રીતે ધર્મની જીવનમાં પ્રાપ્તિ ઘણા કષ્ટે, પ્રયત્ને, પુણ્યના યોગે થાય છે. આ રીતે પ્રાપ્ત થયેલ ધર્મ શા માટે, ક્યા કારણે લુપ્ત થાય ? વિસ્મૃત કે અપ્રિતિવાળો થાય ? આ પ્રશ્ન જેટલો સરળ છે, તેટલો જ ગંભીર છે. ધર્મ પામ્યા પછી તે પચાવવાનો હોય છે. દ્રવ્યથી કરેલા ધર્મને ક્રમશઃ હૃદયના ભાવથી આચરવાનો હોય છે. એથી જીવન નીતિમય થશે. ધર્મથી ધન્ય થવાની પૂરેપૂરી તેનામાં શક્યતા છે. પણ પૂર્વના અંતરાય કર્મના ઉદયે અથવા અજ્ઞાન-મિથ્યાત્વના કારણે પ્રાપ્ત થએલ ધર્મ જીવનમાંથી અદ્રશ્ય થતો દેખાય છે. ત્યારે સમજવું કે - **"લોભાત્ધર્મો વિનશ્યતિ"** લોભ-લાલચના કારણે ધર્મ ભાવના જીવનમાંથી અલિપ્ત થઈ રહી છે. કહ્યું પણ છે - 'લોભં અસ્માકં બાપં' લોભ એ બાપ છે.

'લોભ'માં એવા પ્રકારનો દુર્ગુણ છે કે જે ધર્મ ત્યાગના પાયા ઉપર રચાયેલો કે સ્વીકારેલ છે તે ધર્મ કરતાં 'નિયાણું' કરવાની ઈચ્છા થાય, ધર્મથી ઐહિક સુખ પ્રાપ્ત કરવાની લાલસા જાગે, જીવનમાંથી કર્મક્ષય નિમિત્તના કરાતા ધર્મને રજા આપવાનું મન થાય. આ વિધાનની પાછળ ધર્મ કઈ બુદ્ધિથી કરવો જોઈએ ? ધર્મ કરવાની જરૂરિયાત શી ? ધર્મની ફળપ્રાપ્તિ કેવી હોવી જોઈએ ? તેવી વાતો છૂપાઈ છે. ટૂંકમાં મન મલીન હોય, અંતરમાં કર્મક્ષયની કે અરિહંત પરમાત્માની ભક્તિની ભાવના ન હોય તો સમજવું કે લોભના લાલચના કારણે જીવનમાંથી સત્ય ધર્મની લેશ્યા ઘટી રહી છે. વ્યવહાર ધર્મ જોર કરી રહ્યું છે. તેમાં જ મનનું સમાધાન કરાય છે. જીવનમાં પ્રભાવના, વાહવાહ કે કીર્તિ, માન, સન્માન મેળવવાની ભાવના નુકસાનકારક છે. તે આ ઉપરથી તરી આવશે.

ખરી રીતે ધર્મ મન, વચન, કાયાની શુદ્ધિથી 'જયણા એ ધર્મ' જયણાને નજર સામે રાખી કરવો જોઈએ. તેજ રીતે ''આણાએ ધમ્મો'' વીતરાગ જિનેશ્વર ભગવંતે જે આજ્ઞા કરી એજ મારા માટે ધર્મ એમ દ્રઢતાપૂર્વક માનવું જોઈએ.

**બારવ્રત, ૧૨૪-અતિચાર :** શ્રાવકે ૧૨ વ્રતોનું વ્યવસ્થિત પાલન કરવું જોઈએ. દિવસ દરમ્યાન જે અતિચાર લાગ્યા હોય તેના નિવારણ માટે વંદીત્તા સૂત્રની ૪૮મી ગાથામાં ભારપૂર્વક જણાવાયું છે, કે –

**''પડી સિદ્ધાણં કરણે, કિચ્ચાણમ કરણે**
**પડિક્કમણં અસદહણે અ તહા, વિવરીય પરૂવણાએ અ''**

(૧) વીતરાગ પરમાત્માએ જેનો નિષેધ કરેલો છે, તે કરવાથી.

(૨) પરમોપકારી પ્રભુએ આરાધના કરવા જે પ્રેરણા-માર્ગદર્શન આપ્યું છે તે મુજબ ન કરવાથી.

(૩) જ્ઞાની પ્રભુના અમૂલ્ય વચનો ઉપર અંધશ્રદ્ધા-શંકા કરવાથી અને

(૪) કરૂણાના સાગર પ્રભુના વચનોને તત્સ્વરૂપે જાણ્યા સ્વીકાર્યા વિના વિપરીત વચન ઉચ્ચારાયા હોય તો તે માટે પશ્ચાતાપ-પ્રાયચ્છિત-પ્રતિક્રમણ કરૂં છું. (લેવાનું હોય છે) તોજ આત્મા પાપથી ડરનારો ને સત્ય-ધર્મ આચરનારો થાય છે.

**આઠ કર્મ :** જૈન ધર્મ ઈશ્વરવાદને માનતો નથી. કર્મવાદને જ માને-સ્વીકારે છે. તેથી આત્મામાં જે અનંતજ્ઞાન-દર્શનાદિ શક્તિઓ પડેલી છે તે શક્તિઓને કર્મ પુદગલો ઢાંકી દે છે. તેના સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત, નિકાચીત એવા ચાર ઢાંકણામાંથી ગમે તે એક ઢાંકણું આત્માની શક્તિ-સામર્થ્યને વિકસવા દેતું નથી. યાવત્ અવરોધ કરે છે. આમ આ આત્મા (જીવ) જ મુખ્યત્વે આઠ (સાત) કર્મ બાંધે છે. જૂના ઉદયમાં આવેલાઓને ભોગવે છે. જ્યારે તે ઉદયમાં આવે છે ત્યારે જે કારણે એ

કર્મ બંધાયા હોય એની આરાધના* કરવી જોઇએ તો જ બાંધેલા કર્મ જલ્દી ખપી જાય.

**ચાર શરણ :**

ખરી રીતે આ જીવે અરિહંત પરમાત્માનું દ્રઢતાથી શરણું સ્વીકારવું જોઇએ. એથી વીતરાગ પ્રભુની વાણી દ્વારા સિદ્ધ પરમાત્માની સાચી ઓળખ થશે, અને તેથી બીજા નંબરે સિદ્ધ પરમાત્માનું શરણું જીવે સ્વીકારવું જોઈએ. વર્તમાનકાળે અરિહંત સિદ્ધનો પાંચમાં આરામાં ભરતક્ષેત્રના વાસીઓ માટે અભાવ-વિયોગ છે. તેથી વીતરાગની ઓળખ કરાવનાર, વીતરાગ પ્રરૂપીત ધર્મ સમજાવનાર સાધુ (આચાર્ય ઉપાધ્યાય, સાધુ)નું શરણું આત્માર્થી જીવને ઘણું જરૂરી છે. સાધુપુરૂષો સ્વ-કલ્યાણનાં રસિયા હોય છે. અવસર જોઇને બીજાને પણ આત્મ કલ્યાણનો માર્ગ બતાડનાર હોય છે. હવે રહી ચોથી 'ધર્મ'ના શરણની વાત. ધર્મના કારણે જ આ આત્માએ ભૂતકાળમાં કે વર્તમાન કાળમાં કર્મબંધ-ક્ષયની, પાપ ને પુણ્યની, હેય, જ્ઞેય, ઉપદેયની કે જીવાદિ નવતત્ત્વની જાણકારી મેળવી છે. ધર્મની સમજ પ્રાપ્ત કરી દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મનો અનુરાગ પેદા કર્યો છે. ધર્મના કારણે જ આ આત્મા પુદ્દગલાભિનંદી મટી આત્માભિનંદી તથા ભવભીરૂ યા અલ્પભવી થવા શક્તિમાન થયો છે. માટે જ ધર્મનું શરણ જીવને ઘણું જ ઉપકારક છે. ધર્મથી જ અરિહંત, સિદ્ધ, સાધુની વ્યવસ્થિત ઓળખ થઇ છે.

હવે રહી વાત એ ચારેય ''લોગુત્તમા'' (લોકમાં ઉત્તમ) છે અને 'મંગલમ્' (કલ્યાણકારી, મંગળકારી) છે.

જેમ અરિહંતાદિ ચાર શરણ લેવા યોગ્ય છે એ વાત સમજી તેમ એ ચારે આ લોકમાં ઉત્તમમાં ઉત્તમ છે. મંગળ ને કલ્યાણ કરાવનાર છે એ વાત પણ દ્રઢતાથી-શ્રદ્ધાથી માનવી-સ્વીકારવી આવશ્યક છે.

વર્તમાન યુગના કહો કે સ્વાર્થથી રચ્યા-પચ્યા રહેલા માનવીના હૃદયમંદિરમાં ઊંડે ઊંડે સુખની લાલસા છૂપાયેલી છે. પણ સુખ-શાંતી જેનાથી પ્રાપ્ત થાય છે, તે ધર્મની જીવનમાં ઉપેક્ષા કરે છે. ધર્મ ફુરસદમાં, નિવૃત્ત જીવનમાં (વૃદ્ધાવસ્થા) કે મનમાં આવે તો કરવાનું માને છે. દેખાવ, આડંબર કરી ખોટો ડોળ કરવાનું એ માનતો નથી. ખરી રીતે જેના હૃદયમાં ધર્મનો વાસ હોય તે આત્મા ધર્મી જ હોય. ધર્મ ન થાય તો મનમાં દુઃખી થતો હોય. એવો ધર્મી ધર્મમાં પોતાનો સમય-સંપત્તિ વાપરવામાં પાછું ન જુએ.

સાથોસાથ એ પણ કહેવું પડશે કે - મિથ્યા વિચારોથી ઘેરાયેલ માનવી દુઃખ, દારિદ્ર, દુર્ગતિનો જીવનમાં પ્રવેશ ઇચ્છતો નથી પણ ક્ષણે ક્ષણે પાપના કાર્યો મન

★ જ્ઞાનની આશાતના-વિરાધના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય અને જ્ઞાનની ઉત્કૃષ્ટ રીતે આરાધના કરે તો જ્ઞાનાવરણીય કર્મ ખપે-તુટે. વરદત્ત - ગુણમંજરીની જેમ.

વચન કાયાથી કર્યે જાય છે. તો પછી સુખનુ સ્વપ્ન ક્યાંથી પૂર્ણ થાય ? સુખ-નિઃસ્પૃહા ઈચ્છાના અભાવમાં છૂપાયેલ છે. અને એ મેળવવા માટે આત્મ સમર્પણ જરૂરી છે. બાહ્ય સુખ ક્ષણિક છે. એ ન મળે તો તરત માનવી અકળાઈ જાય છે. જ્યારે શાશ્વતું એવું આધ્યાત્મિક સુખ માનવી પાસે જ છે. એ કોઇ ચોરી પણ શકતું નથી. અનુભવગમ્ય છે.

પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ તો જ્ઞાનસારના પૂર્ણતા અષ્ટકમાં આજના માનવીની સુખ-પૂર્ણતા માટેની દ્રષ્ટિને 'પ્રસંગ ઉપર માગી લાવેલા ઘરેણાં કે કૃપણ માનવીએ પ્રાપ્ત કરેલા ધન'ની સાથે સરખાવી છે. હકીકતમાં આ પૂર્ણતા નથી, ઉપાધી કે ચિંતા છે. તેની ઉપેક્ષા કરવામાં જ સાચી પૂર્ણતા છે.

ધર્મનો સ્વીકાર કર્યા પછી અવશ્ય કસોટી થવાની. કસોટીમાં તમારી ધર્મ પ્રત્યેની દ્રઢતા-શ્રદ્ધા કેવી છે તે દેખાશે. દાનરૂપી ધર્મની દરિદ્ર અવસ્થામાં શીયળ-વ્રતની કસોટી પ્રાણસંકટમાં, પરાક્રમનો અનુભવ યા પરિચય યુદ્ધભૂમિમાં અને ધર્મની પરીક્ષા આપત્તિમાં (મયણાસુંદરી-હરિશ્ચંદ્ર વિ.) જ થાય છે. માટે ધર્મને સ્વીકાર્યા પછી વધુ દ્રઢ બનવું પડશે.

ધર્મપ્રાપ્તિ માટેના ઉપાયોમાં સર્વ પ્રથમ જીવન-આચાર શુદ્ધિ છે. એનો જેટલો પાયો દ્રઢ એટલા બાકીના લક્ષણો જલ્દી જીવનમાં આવે. ઋજુતા અને મૃદુતા એવા ગુણ છે કે તેથી નિર્લોભતા, લોકવિરૂદ્ધ પ્રવૃતિ, ત્યાગ આદિ ભાવના ક્રમશઃ જીવનમાં આવશે. પછી ધર્મ તમોને ધન્ય બનાવી દેશે. તમે માનવ જીવનને સફળ કરી લેશો.

અંતે આવો 'સોહામણો ધર્મ' એટલે ધર્મનો ઉપદેશ જે પરમાત્માએ ઉદ્દેશ્યપૂર્વક, અર્થપૂર્વક પ્રરૂપ્યો હતો તેમાંથી ક્રમશઃ દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ધર્મનું (ધર્મની બુદ્ધિથી થતા કાર્ય-પ્રવૃત્તિનું) યથાશક્તિ અવલોકન કરીશું. ચાર ધર્મમાં માત્ર દાન ધર્મ સાધુ અને શ્રાવક માટે જુદા પડશે. બાકીના ત્રણની આરાધના બન્ને માટે સરખી થશે.

**ધર્મનો - પાપનો પરિવાર :**

| સભ્ય | પિતા | માતા | પૂત્ર | પૂત્રી | ભાઈ | બેન | પત્ની | મૂળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ધર્મ | સદાચાર | કરૂણા | પ્રેમ | દયા | સત્ય | સમતા | સુમતિ | ક્ષમા |
| પાપ | લોભ | તૃષ્ણા | ક્રોધ | હિંસા | અસત્ય | ઈર્ષ્યા | કુમતિ | માન |

**અમૂલ્ય વચનો :**

★ દાનધર્મ દ્વારા – આસક્તિ, પરિગ્રહથી મુક્ત બનો.

★ શિયલ ધર્મ દ્વારા – જીવન પવિત્ર બનાવો - જીવો.

★ તપ ધર્મ દ્વારા – ઈચ્છાને રોકી કર્મનો ક્ષય કરો.

★ ભાવ ધર્મ દ્વારા – કૃત્ય કૃત્ય થવા ક્રિયામાં પ્રાણ પૂરો.






શ્રેયાંસકુમાર શ્રી ઋષભદેવ ભગવાનને ઈક્ષુરસથી પારણું કરાવે છે.



↑
**સંવત્સરીદાન**



**← અભયદાન**
પૂર્વભવે મેઘકુમારે
સસલાને બચાવી
અભયદાન આપ્યું.

આ વિભાગ માટે ઉદાર દાનેશ્વરી શ્રી મહેતા પરિવારે રૂા. એક લાખનું દાન આપ્યું છે. →

**કીર્તિદાન**



# શ્રી દાનધર્મની સજ્ઝાય

ચોવીશ અતિશયવંત સમવસરણે બેસી હો જગ ગુરુ,
ઉપદેશે અરિહંત દાન તણા ગુણ હો પહેલે સુખ કરૂ.

દાન દોલત દાતાર દાન ભાંજે, હો ભવનો આંમળો,
દાનના પાંચ પ્રકાર ઉલટ આણી હો ભવિયણ સાંભળો.

પહેલું અભય સુદાન દયા હે તે હો નિજ તનુ દીજીએ,
જિમ મેઘરથ રાજન જીવ સર્વેનો હો નિરભય કીજીએ.

બીજું દાન સુપાત્ર સત્તર ભેદે હો સંજમ જે ધરે,
નિર્મલ પ્રતગુણ ગાત્ર તૃણ મણિકંચન હો અદત્ત જે પરિહરે.

અશનાદિક જે આહાર હેજે દીજે હો હાજર જે હોવે,
જીમ શાલિભદ્ર કુમાર સુપાત્ર દાને હો મહાસુખ ભોગવે.

અનુકંપાદાન વિશેષ ત્રીજી દેતાં હો પાત્ર ન જોઈએ,
અન્નનો અરથી દેખી તેહને આપી હો પુણ્યવંત હોઈએ.

ધન પામી સસ્નેહ અવસર આપે હો જ્ઞાતિ જે પોષીએ,
ઉચિત ચોથું એહ સ્વજન કુટુંબ હો જેહથી સંતોષીએ.

પાંચમું કીરતિદાન યાચક જનને હો જે કાંઈ આપીએ,
વાધે તેણે યશદાન જગમાં સઘળે હો ભલ પણ થાપીએ.

પાપી ચિત્તવિત્ત પાત્ર જેહથી પ્રાણીઓ અવિચલ સુખ લહે,
ધનુ દેતાં જાણ માત્ર વિલંબ ન કીજે ઉદયરત્ન કહે.

: રચયિતા :

**પૂ. ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન વિજયજી મ. (વાચક)**

# દાનધર્મ-સુભાષિત

**उपाश्रयो येन दत्तो, मुनीनां गुणशालिनाम् ।**
**तेन ज्ञानाद्युपष्टम्भंयायिना प्रददे न किम ? ॥**

**અર્થ :** ચારિત્રાદિ ગુણો વડે શોભતા મુનિઓને જેણે ઉપાશ્રય (વસતિ) આપ્યો છે. તેણે જ્ઞાન, દર્શન, ચારિત્ર એ સર્વને ટેકો આપ્યો કહેવાય. તેથી તેણે શું ન આપ્યું ? સર્વ આપ્યું કહેવાય.

**अशनादीनि दानानि, धर्मोपकरणानि च ।**
**साधुभ्यः साधुयोग्यानि, देयानि विधिना बुधैः ॥** *ઉત્તરાધ્યયન*

**અર્થ :** ડાહ્યા માણસોએ સાધુને યોગ્ય (નિર્દોષ) એવા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તથા ચારિત્ર ધર્મના ઉપકરણોનું દાન સાધુઓને આપવું. (ભક્તિ કરવી)

**दानं तपस्तथा शीलं, नृणां भावेण वर्जीतम् ।**
**अर्थ हानीः क्षुधापीडा, कायकलेशश्च केवलम् ॥**

**અર્થ :** ભાવ વિનાનું દાન માત્ર ધનનો વ્યય બરાબર છે. ભાવ વિનાનું તપ માત્ર ભૂખનું દુઃખ છે અને ભાવ વિનાનું શિયળ માત્ર કાયકલેશ છે. માટે ભાવને ત્રણે ધર્મમાં જોડો.

**चित्तमंतमचित्तं वा अप्पं वा जइ वा बहुं ।**
**दंतसोहणमेत्तं पि ओग्गहं सि अजाइया ॥**
**तं अप्पण्णा न गेण्हंति नो वि गेण्हावए परं ।**
**अन्नं वा गेण्हमाणं पि नाणुजाणंति संजया ॥**

**અર્થ :** સંયમી પુરુષો વસ્તુ સજીવ હોય કે નિર્જીવ હોય, થોડી હોય કે વધારે હોય, અરે ! દાંત ખોતરવાની સળી પણ હોય, તો પણ તેના માલિકને પૂછ્યા વિના લેતા નથી, બીજા પાસે લેવડાવતા નથી કે અનુમોદન પણ કરતા નથી.

**फलं यच्छति दातृभ्यो दानं नात्रास्ति संशयः ।**
**फलं तुल्यं ददात्येतदाश्चर्यं त्वनुमोदकम् ॥**

**અર્થ :** દાન દાતારને ફળ આપે છે. તેમાં કોઈ સંશય-શંકા નથી. પરંતુ દાતારની જેમ અનુમોદના કરનારને પણ આપે છે, એ જ આશ્ચર્ય છે.

(ઉપદેશપ્રાસાદ)

# श्री दान कुलकम्

**परिहरिअरज्जसारो, उप्पाडिअसंजमिक्कगुरुभारो ।**
**खंधाओ देवदूसं, विअरंतो जयउ वीरजिणो ॥१॥**

**अर्थ :** સમસ્ત રાજ્ય-ઋદ્ધિનો અનાદર કરીને સંયમ સંબંધી અતિ ઘણો ભાર જેમણે ઉપાડ્યો છે અને ઈન્દ્ર મહારાજે દીક્ષા સમયે સ્કંધ ઉપર સ્થાપેલું મૂલ્યવાન દેવદૂષ્ય વસ્ત્ર પણ જેમણે પાછળ પાછળ આવતા વિપ્રને આપી દીધું તે શ્રી વીરપ્રભુ જયવંતા વર્તો. ॥૧॥

**धम्मत्थकामभेया, तिविहं दाणं जयम्मि विक्खायं ।**
**तहवि अ जिणिंदमुणिणो, धम्मदाणं पसंसंति ॥२॥**

**अर्थ :** ધર્મદાન, અર્થદાન અને કામદાન એમ ત્રણ પ્રકારનું દાન દુનિયામાં પ્રસિદ્ધ છે. તો પણ જિનેશ્વર પ્રભુની આજ્ઞાના રસિક મુનિઓ (ધાર્મિક) ધર્મદાનને જ પ્રશંસે છે. ॥૨॥

**दाणं सोहग्गकरं, दाणं आरुग्गकारणं परमं ।**
**दाणं भोगनिहाणं, दाणं ठाणं गुणगणाणं ॥३॥**

**अर्थ :** દાન, (સુખ) - સૌભાગ્યકારી છે. દાન પરમ આરોગ્યકારી છે. દાન પુણ્યનું નિધાન છે (એટલે ભોગ ફલકારી છે) અને અનેક ગુણગણોનું ઠેકાણું છે. ॥૩॥

**दाणेण फुरइ कित्ती, दाणेण होइ निम्मला कंती ।**
**दाणावज्जिअहिअओ, वेरी वि हु पाणियं वहइ ॥४॥**

**अर्थ :** દાનવડે કીર્તિ વધે છે, દાનથી નિર્મળ કાંતિ (શરીરની શોભા) વધે છે અને દાનથી વશ થયેલા હૃદયવાળો દુશ્મન પણ (દાતારના) ઘરે પાણી ભરે છે. ॥૪॥

**धणसत्थवाहजम्मे, जं घयदाणं कयं सुसाहूणं ।**
**तक्कारणमुसभजिणो, तेलुक्कपियामहो जाओ ॥५॥**

**अर्थ :** ધનસાર્થવાહના ભવમાં સુસાધુજનોને (શ્રી ધર્મઘોષસૂરિ મ.ને) ઉચ્ચ ભાવથી ઘીનું સુપાત્રે દાન દીધું હતું તે પુણ્યના પ્રભાવથી ઋષભદેવ ભગવાન ત્રણ લોકના પિતામહ (નાથ) તીર્થંકર થયા. ॥૫॥

**करुणाइ दिन्नदाणो, जम्मंतरगहिअपुण्णकिरिआणो ।**
**तित्थयरचक्करिद्धिं, संपत्तो संतिनाहो वि ॥६॥**

**અર્થ :** પાછલા ૧૨મા મેઘરથ રાજાના ભવમાં કરૂણાવડે (પારેવાને) અભયદાન આપ્યું અને પુણ્ય-કરિયાણું ખરીદી લીધું તેથી સોળમાં શ્રી શાંતિનાથના ભવમાં તીર્થંકર અને ચક્રવર્તીની ઋદ્ધિ પામ્યા. ॥૬॥

**पंचसयसाहु भोयण - दाणावज्जिअसुपुण्णब्भारो ।**
**अच्छरिअचरिअभरिओ, भरहो भरहाहिवो जाओ ॥७॥**

**અર્થ :** પાંચસો સાધુઓને ભોજનદાન આપવા વડે જેણે બહુ પુણ્યાનુંબંધી પુણ્ય પેદા કર્યું છે તે આશ્ચર્યકારક ચરિત્રથી ભરેલો એવો ભ. ઋષભદેવનો સુપુત્ર ભરત ભરતક્ષેત્રનો પ્રથમ નાયક ચક્રવર્તી થયો. ॥૭॥

**मूलं विणा वि दाउं, गिलाणपडिअरणजोगवत्थूणि ।**
**सिद्धो अ रयणकंबल-चंदणवणिओ वि तम्मि भवे ॥८॥**

**અર્થ :** ગ્લાન (માંદા) મુનિને વાપરવા યોગ્ય વસ્તુઓ વગર મૂલ્યે આપવાથી રત્નકંબલ અને બાવનાચંદનનો વ્યાપારી વાણિયો તે જ ભવમાં સિદ્ધપદ પામ્યો. ॥૮॥

**दाऊण खीरदाणं, तवेण सुसिअंगसाहुणो धणिअं ।**
**जणजणिअचमक्कारो, संजाओ सालिभद्दो वि ॥९॥**

**અર્થ :** તપસ્યાવડે શોષિત દેહવાળા સાધુ મુનિરાજને ઉચ્ચ ભાવથી ક્ષીરનું ઘણું દાન દેવાથી તત્કાળ સહુ કોઈને ચમત્કાર ઉપજાવે એવો ઋદ્ધિપાત્ર (ગોભદ્રશ્રેષ્ઠીનો પુત્ર) શાલિભદ્ર કુમાર થયો. ॥૯॥

**जम्मंतरदाणाओ, उल्लसिआऽपुव्वकुसलझाणाओ ।**
**करउन्नो कयपुन्नो, भोगाणं भायणं जाओ ॥१०॥**

**અર્થ :** પૂર્વ જન્મમાં દીધેલ દાનના પ્રભાવથી પ્રગટ થયેલા અપૂર્વ (અદ્દભૂત) શુભ ધ્યાન થકી પુણ્યશાળી એવો કયવન્નો શેઠ વિશાળ સુખભોગનો ભાગી થયો. ॥૧૦॥

**घयपूस-वत्थपूसा, महरिसिणो दोसलेसपरिहीणा ।**
**लद्धीइ सवलगच्छो-वग्गहगा सुहगइं पत्ता ॥११॥**

**અર્થ :** ઘૃતપુષ્પ અને વસ્ત્રપુષ્પ નામના મહામુનિઓ સ્વલબ્ધિ વડે સકળ ગચ્છની ભક્તિ ૪૨ દોષરહિત ગોચરી આદિથી કરતા ફળરૂપે સદગતિને પામ્યા. ॥૧૧॥

**जीवंतसामिपडिमाए, सासणं विअरिउण भत्तीए ।**
**पव्वइउण सिद्धो, उदाइणो चरमरायरिसी ॥१२॥**

**અર્થ :** જીવંત (મહાવીર) સ્વામીની પ્રતિમા માટે ભક્તિથી શાસનમાં વિચરીને (ગામ ગરાસ આપીને) છેવટે દીક્ષા ગ્રહણ કરીને ઉદાયી નામનો છેલ્લો રાજર્ષિ મોક્ષગતિને પામ્યો. ॥૧૨॥

**जिणहरमंडिअवसुहो, दाउ अणुकंपभत्तिदाणाइं ।**
**तित्थप्पभावगरेहिं, संपत्तो संपइराया ॥१३॥**

**અર્થ :** જેણે પૃથ્વીને જિનચૈત્યોથી મંડિત કરી છે એવો સંપ્રતિ રાજા અનુકંપાદાન અને ભક્તિદાન દેવા વડે મહાન શાસન પ્રભાવકની પંક્તિમાં લેખાયો. (પ્રસિદ્ધિને પામ્યો). ॥૧૩॥

**दाउं सद्धासुद्धे, सुद्धे कुम्मासए महामुणिणो ।**
**सिरिमूलदेवकुमारो, रज्जसिरिं पाविओ गुरुइं ॥१४॥**

**અર્થ :** રૂડી શ્રદ્ધાવડે શુદ્ધ ભાવપૂર્વક નિર્દોષ એવા અડદના બાકળા મહામુનિને દેવા વડે (જિતશત્રુ રાજાનો પુત્ર) શ્રી મૂળદેવ કુમાર વિશાળ રાજ્ય લક્ષ્મીને પામ્યો. ॥૧૪॥

**अइदाणमुहरकणिअण-विरइअसयसंखकव्ववित्थरिअं ।**
**विक्कमनरिंदचरिअं, अज्जवि लेए परिप्फुरइ ॥१५॥**

**અર્થ :** અતિદાન મળવાથી વાચાળ થયેલા કવિઓ (પંડિતો)એ સેંકડો કાવ્યો વડે વિસ્તારેલું શ્રી વિક્રમાદિત્ય રાજાનું ચરિત્ર આજે પણ લોકમાં સુપ્રસિદ્ધ થઈ વંચાઈ (ગવાઈ) રહ્યું છે. ॥૧૫॥

**तियलोयबंधवेहिं, तब्भवचरिमेहिं जिणवरिंदेहिं ।**
**कयकिच्चेहिं वि दिन्नं, संवच्छरियं महादाणं ॥१६॥**

**અર્થ :** ત્રણ લોકના બંધુ એવા જિનેશ્વરો તે જ ભવમાં નિશ્ચિત મોક્ષ જવાના અને કૃતકૃત્ય થવાના જ હતા. છતાં પણ તેમણે સાંવત્સરિક (એક વર્ષ પર્યંત) મહાદાન આપ્યું. ॥૧૬॥

**सिरिसेयंसकुमारो, निस्सेयससामिओ कह न होइ ।**
**फासुअदाणपवाहो, पयासिओ जेण भरहम्मि ॥१७॥**

**અર્થ :** જેણે પ્રાસુક (નિર્દોષ) દાનનો પ્રવાહ સર્વપ્રથમ આ ભરતક્ષેત્રમાં ચલાવ્યો એવા શ્રેયાંસકુમાર મોક્ષના અધિકારી કેમ ન થાય ? ॥૧૭॥

कह सा न पसंसिज्जइ, चंदणबाला जिंणिददाणेणं ।
छम्मासिअतवतविओ, निव्वविओ जीए वीरजिणो ॥१८॥

અર્થ : છ માસી (૫ મહિના પચ્ચીસ દિવસ) તપ જેમણે કરેલો છે એવા વીરપ્રભુને જેણીએ અડદના બાકુળા પડિલાભવાવડે સંતોષ્યા તે ચંદનબાળાની કેમ પ્રશંસા ન કરીએ ? ॥૧૮॥

पढमाइ पारणाइं, अकरिंसु करंति तह करिस्संति ।
अरिहंता भगवंतो, जस्स घरे तेसिं धुवं सिद्धी ॥१९॥

અર્થ : અરિહંત ભગવંતોએ જેમના ઘરે પ્રથમ (તપનાં) પારણાં કર્યાં છે, કરે છે અને કરશે તે ભવ્યાત્માઓ અવશ્ય મોક્ષગામી જ જાણવા. ॥૧૯॥

जिणभवण बिंब पुत्थय संघसरूवेसु सत्तखित्तेसु ।
वविअं धणं पि जायइ, सिवफलयमहो अणंतगुणं ॥२०॥

અર્થ : અહો ! જિનભુવન (જિનમંદિર), જિનબિંબ (પ્રતિમા), પુસ્તક અને ચતુર્વિધ સંઘરૂપ સાતે ક્ષેત્રોમાં વાવેલું ધન અનંતુ અક્ષય ફળ આપનારું થાય છે. (એમ સમજી ધનની મમતા તજી, તેનો સદ્વ્યય કરી ધનવંત લોકોએ તેનો લહાવો લેવો.) ॥૨૦॥

卐

**લક્ષ્મીને**

દાનમાં વાપરો નવું પુણ્ય બંધાશે,
અનેકોના આશિષ મળશે.
ભોગમાં વાપરો જૂનું પુણ્ય ખપી જશે,
નિર્ધન થએ કોઈ પૂછશે નહિં.
નાશના અવસરે સમય, શક્તિ,
ધન વેડફાઈ જશે.

# દાનધર્મ

''ધર્મસ્ય આદિ પદં દાનં'' - હરિભદ્રસૂરિ

''દદાતિ ઈતિ દાનં'' - જરૂરિયાતવાળાને અપાય તે દાન.

''દીયતે ઈતિ દાનં'' - જે આપવામાં આવે તે દાન.

જરૂરીયાતવાલાને (દીન ગરીબાદિ) અથવા ઉત્તમ ક્ષેત્રમાં આપવા માટે સામા જવું - આપવું તે દાન.

પુણ્યના યોગે મળેલી અધિકારવાળી પોતાની વસ્તુ - દ્રવ્યનો સ્વેચ્છાએ ત્યાગ કરવો. પરિગ્રહ ઘટાડી આપવું તે દાન.

નવતત્ત્વમાં પુણ્ય-પાપ નામના બે તત્ત્વનો સમાવેશ થાય છે. પુણ્યના ૪૨ અને પાપના ૮૨ પ્રકારો છે. આ રીતે પુણ્ય-પાપ ઉપાર્જનની, પુણ્ય-પાપના બંધના નિમિત્તોની અને પુણ્ય-પાપ પ્રકૃતિના ફળ ભોગવવાની ચર્ચા એના દ્વારા જાણી શકાય છે. જીવ પુણ્યને-પાપને અથવા બન્નેને દાનાદિ ધર્મનું પાલન કરતાં બાંધે છે. કર્મ બાંધતા જેવા પ્રકારના પરિણામ હોય તેવા પ્રકારે ઉદય વખતે તે ભોગવે છે. તેથી પુણ્યની ચતુર્ભંગીનો અહીં વિચાર ટૂંકમાં કરીશું.

**પુણ્યની ચતુર્ભંગી :**


(૧) પુણ્યના ઉદયથી ધન-ધાન્યાદિની પ્રાપ્તિ થાય અને મળેલ એ ધન ફરીથી પુણ્યના કાર્યમાં વાપરવાની બુદ્ધિ થાય તે - પુણ્યાનુંબંધી પુણ્ય. (શાલીભદ્રજીની જેમ)

(૨) પૂર્વભવના પુણ્યબંધના ઉદયથી વર્તમાનમાં અઢળક લક્ષ્મી વિગેરે પ્રાપ્ત થાય. પણ મળેલી લક્ષ્મીનો નવા પુણ્ય બાંધવા કે ભોગવવા માટે ઉપયોગ કરવાની ભાવના ન થાય. (ખાય નહિં, ખાવા આપે નહિં, ખાનારને જોઈ આનંદ પામે નહિં) અયોગ્ય રીતે વાપરવામાં આવે તે - પાપાનુંબંધી પુણ્ય. (મમ્મણશેઠની જેમ)

(૩) પાપકર્મના ઉદયથી જીવને વર્તમાનમાં ઈચ્છા પ્રમાણે ધન-ધાન્યાદિની પ્રાપ્તિ ન થાય. પરંતુ મળેલા એ દ્રવ્યનો 'ફૂલ નહિં તો ફૂલની પાંખડી'ની જેમ યથા શક્તિ પુણ્યબંધની પ્રવૃત્તિમાં ઉપયોગ કરવાની ઈચ્છા થાય. શક્તિ અનુસાર વાપરે તે - પુણ્યાનુંબંધી પાપ. (રોહણીય ચોરની જેમ)


(૪) પૂર્વ ભવે બાંધેલા પાપના કારણે આ ભવમાં જીવને સંતોષકારક સુખ અપાવનારા સાધનો (ધનાદિ) ન મળ્યા અને વર્તમાનમાં પણ દાનાદિ ધર્મનું

પાલન કરવાની ભાવના ન જાગી. આ રીતે જીવ પાપ જ બાંધવામાં મગ્ન હોય તે - (ધન પાપના ઉદયે મળ્યું ને પાપમાં વાપર્યું) પાપાનુંબંધી પાપ. (કાળસૌરીક કસાઈની જેમ)



**પુણ્યબંધ (બાંધવા)ના ૯ પ્રકારો :**

દાન - એ પુણ્યનો બંધ કરાવનારું મુખ્ય સાધન. પછી એ દાન ક્યા પ્રકારનું હોવું જોઈએ, હોય, એ વાત અલગ સમજવી. સામાન્ય રીતે પુણ્યબંધના ૯ પ્રકારો (દાન આપવાને યોગ્ય) નીચે મુજબ સમજવા.



૧ થી ૫ - સુપાત્રને અન્ન, પાણી, સ્થાન, શયન, વસ્ત્ર આપવાથી.

૬ - મનથી શુભ સંકલ્પ (વિચાર) રૂપી વ્યાપારથી.

૭ - વચનથી શુભ સંકલ્પ (ઉચ્ચાર) રૂપી વ્યાપારથી.

૮ - કાયાથી શુભ (પ્રવૃત્તિ-આચરણ) વ્યાપારથી.

૯ - દેવ-ગુરુને નમસ્કારાદિ (વંદન, પૂજન, સત્કાર, સન્માન વિ.) કરવાથી.

ઉપર મુજબના પુણ્યને બાંધવા માટે યોગ્ય પાત્ર પણ હોવા જોઈએ. તેથી સુપાત્રનો પ્રાસંગિક વિચાર કરી લઈએ. ઉખર ભૂમિમાં વાવેલું અનાજ નકામું જાય છે. ફળદ્રુપ કસવાળી કાળી ભૂમિ હોય તો તે સમયસર મળેલા પાવી, હવા, પ્રકાશાદિના કારણે વધુ અનાજ આપે છે, તેમ સુપાત્રમાં આપેલું દાન વધુ પુણ્ય બંધાવે એમ સમજવું.

**પાત્ર-પાત્રતા :**

★ રત્નપાત્ર – તીર્થંકર પરમાત્મા

★ સુવર્ણપાત્ર – સર્વ વિરતિધર ત્યાગી તપસ્વી સાધુ

★ રજતપાત્ર – દેશવિરતિધારી (શ્રાવક-શ્રાવિકા)

★ તામ્રપાત્ર – ત્રીજા ગુણસ્થાનકવાળા સમકિતધારી

★ લોહપાત્ર – સામાન્ય માનવી.

**દાન આપવાના ક્ષેત્ર :**

દાન આપવા માટે પાત્રતાની વિચારણા કર્યા પછી હવે ક્ષેત્રનો પણ વિચાર કરી લઈએ. ક્ષેત્ર – એટલે ભૂમિ. કાળી ફળદ્રુપ પુણ્યભૂમિ. જે સ્થળે ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર વિ. જરૂરી હોય તે વાપરવા (આપવા)થી લાભ મળે એવા ઉત્તમ સ્થાન પૂર્વભવના નિકાચીત પુણ્યથી જે લક્ષ્મી મળેલી છે, તે સન્માર્ગે વાપરવા માટેના મુખ્ય સાત + એક જનરલ = ૮ ક્ષેત્રો છે.

૧. વીતરાગ ભગવાનની મૂર્તિ.

૨. વીતરાગ ભગવંતનું દર્શનીય મંદિર.

૩. વીતરાગ ભગવાન પ્રરૂપીત આગમ - શ્રુતજ્ઞાન.

૪-૫ ત્યાગી, તપસ્વી, જ્ઞાની, પૂજ્ય સાધુ - સાધ્વીજી મ.

૬-૭ હળુકર્મી, ધર્મી, આરાધક શ્રાવક - શ્રાવિકા.

આ ઉપરાંત અહિંસા ધર્મનું પાલન કરવા, બીજા જીવોને શાતા આપવા, નિમિત્તરૂપ જીવદયા (અથવા અનુકંપા).

આ સર્વોત્તમ ક્ષેત્રમાં જે આત્મા મન, વચન, કાયાથી શુભ ભાવપૂર્વક સદવ્યય કરે છે. ને વ્યય કર્યા પછી સંતોષ - અપૂર્વ આનંદનો અનુભવ કરે છે (થવો જોઈએ) તે દાતા ધન્યવાદને પાત્ર છે. માટે સુપાત્રે આપેલા દાનના પાંચ ભૂષણ (આભૂષણ સમાન) અહીં બતાવ્યા છે.

**પાંચ ભૂષણ :**

(૧) આંખમાં આનંદાશ્રુ આવવા. (૨) રોમાંચ (રોમરાજી) ખડા થવા. (૩) દાન જે ક્ષેત્રમાં આપ્યું તે ઉપકારક ક્ષેત્ર પ્રત્યે સદ્દભાવ - બહુમાન, પૂજ્યભાવ. (૪) દાનને આપતી વખતે અથવા તે સંબંધી વચન બોલતી વખતે પ્રિયવચનનો પ્રયોગ (ઉચ્ચાર). (૫) દાન-ધન આપ્યાની (જીવનમાં સુકૃત્ય કરવાની) તક મળી. તેથી અપ્રગટ અનુમોદના. (જો બીજાએ દાન આપેલ છે તે જાણ્યું હોય તો તેના સુકૃત્ય માટેની ખાસ પ્રગટ અનુમોદના.)

**દાન આપવાનું ટાળનારા :**

દાન આપનાર દાતા ક્યારેક આપવાનું વચન બોલે છે. પણ સમયસર આપતા નથી અથવા દાનની વાત કોઈ કરતું હોય તો તે પ્રત્યે દુર્લક્ષ સેવે છે. તેથી ખાસ દાન આપવાનું ટાળનારા છ જાતના બતાડ્યા છે.

(૧) દાન આપવું પડશે માટે અનાદર રૂપે આંખો કાઢે. (૨) દાનની વાત જ્યારે થતી હોય ત્યારે દ્રષ્ટિ નીચી ન રાખતા ઊંચી રાખે. (બેધ્યાન થાય અથવા સંભળાતું નથી-સાંભળ્યું નથી બહાના કાઢે.) (૩) દાનની વાત ચાલતી હોય તો તે અવસરે બીજી નકામી વાતો કરવાનું દુઃસાહસ કરી વાત ફેરવી દે. (૪) દાનની વાત ઉડાડી દેવા ભવિષ્ય ઉપર ધકેલવા વ્યર્થ પ્રયત્ન કરે. (૫) દાન માટે મંજૂરી ન આપતાં મૌન ધારણ કરે. (૬) અનિચ્છાએ કોઈની શરમે પૈસા લખાવવા જ પડે તો શું ઉતાવળ છે ? ભગવાનને ક્યાં છોકરા પરણાવવા છે ? અથવા ખોટો કલહ ઊભો કરીને પાયા વિનાની વાતો દ્વારા ઉઘરાણી કરવા આવેલાને ધક્કા ખવડાવે.

**દાનના પાંચ દૂષણ :**

દાનના જેમ પાંચ ભૂષણ અને છ આપવાનું ટાળનારા જોયા તેમ પાંચ દૂષણ પણ સુપ્રસિદ્ધ સમજવા જેવા છે. જેના કારણે આપેલા દાનનું જેવા પ્રકારનું પુણ્ય બંધાવવું જોઈએ કે આનંદ થવો જોઈએ તેવા પ્રકારનું ઉત્તમ પરિણામ આવતું નથી. ''આપ્યું દાન, દીધું દાન, પાછું લે તે મુસલમાન'' જેવું અંતે થાય છે. *

(૧) દાન આપતી વખતે હવે આપણે જવું જ પડશે તેવી અનિચ્છા卐 અથવા લેનાર પ્રત્યે અનાદર. (૨) દાન લખાવેલું આપવું જ છે પણ જાણીબુઝીને વિલંભ કરે. (વ્યાજની ગણત્રી કરે)● (૩) મેં ક્યાં દાન આપ્યું ? આ જગતમાં દાન આપનારા અનેકાનેક પડ્યા છે. ન આપ્યું હોત તો ચાલત, તેવો પશ્ચાતાપ. (૪) અપ્રિય વચન ઉચ્ચારે. (આ લોકોને એજ ધંધો છે તેવા મનમાં વિચાર કરી બડબડ કરે.) (૫) શેકીને વાવવા જેવું કરે. મોઢું છુપાવે, બહાના કાઢે. (લખવા માટે લખાવેલ આપવા માટે નહિં એવું અવળું વચન ઉચ્ચારે.)

---

★ મમ્મણ શેઠ આપેલું દાન પાછું લેવા ગુરૂ મહારાજ પાછળ દોડ્યા હતા.

卐 કપિલાદાસીએ દાન શાળામાં અનિચ્છાએ દાન આપ્યું.

● શેઠના મુનિમ પૈસા માટે ધક્કા ખવડાવે.

દાન - અંગેની પ્રાસંગિક ચર્ચાઓ અહીં એટલા માટે કરવામાં આવે છે કે, દાતા, દ્રવ્ય, પાત્રનો જો સુમેળ હોય તો તે સોનામાં સુગંધ મળવા જેવું થાય. હવે દાન આપનારની દ્રષ્ટિ ઉપર પ્રસંગોપાત વિચાર કરીએ. ઘણા દાન ભિખારીને કે અન્ય કોઈને આપવામાં પાપ માને છે. કારણ કે એ પૈસા તેઓ અયોગ્ય રસ્તે વાપરે છે. હકીકતમાં આવા વિચારો કરવા કરતાં ભિખારીને કે અન્ય કોઈને એવી વસ્તુ (ખાવા વિ..ની) આપવી કે જેથી આવા વિચાર ન જન્મે. ઉપરાંત પૈસા વિ. આપ્યા પછી તેનું પરંપરાએ શું થશે ? એવો વિચાર કરવો ન જોઈએ. જેવા સામાના કર્મ એવો એ ઉપયોગ કરશે. પુત્રને વારસામાં ધન આપ્યા પછી એ શું કરશે ? તેના વિચારો કરાતા નથી. જેવું પુત્રનું ભાગ્ય - કાં ગરીબ કાં તવંગર.

દાન - આપતાં 'વિવેક' રાખવો જોઈએ. વિવકે એટલે વર્તમાન સમયે સાત ક્ષેત્રમાં અત્યારે પ્રધાનતાએ મારે દાન ક્યાં આપવું ? એવો વિચાર. સાત ક્ષેત્રોમાં કોઈ પણ ક્ષેત્ર નકામું છે, જરૂરી નથી એવા વિચારો ન કરતાં પસંદ કરેલા ક્ષેત્રમાં આજે વાપરવું વધુ યોગ્ય છે. અવસરે બીજા પણ ક્ષેત્રની જરૂરીયાત સમજાશે, સ્વીકારાશે. વિવેક દ્રષ્ટિના થોડા પાસા તપાસીએ.

**ગોચરી માટેના પાંચ અતિચાર :**

જ્યારે આહાર - ગોચરી વહોરવા માટે મુનિનો સુયોગ મળે. ત્યારે લાભ લેવાની ઈચ્છાવાળા ભક્તોએ ગોચરી વહોરાવતા પાંચ અતિચાર ટાળવા પ્રયત્ન કરવો.

(૧) આહારને સચિત્ત (ચૂલો, પાણી વિ.) ઉપર મૂકવો નહિ. (૨) આહારને સચિત્ત દ્રવ્યોથી અડીને રાખવો નહિં. (૩) જાણી જોઈને ન આપવાની બુદ્ધિથી વસ્તુ (આહાર) બીજાની છે એમ કહેવું નહિ. (૪) દાન આપતાં પાંચ દૂષણ લગાડવા નહિં અથવા ઈર્ષ્યા, બેદરકારી, માત્સર્થ સેવવું નહિં. (૫) ગોચરીના ટાઈમ વિના મુનિને નિમંત્રવા કે વિનંતિ કરવી નહિં.卐

**વિવેક સહિતના દાન :**

★ દેશ = સુલભ - દુર્લભતાના વિચારો કરી આપવું.
★ કાળ = સુકાળ - દુકાળનો વિવેક કરીને આપવું.
★ શ્રદ્ધા = આપવું પડે છે, કમનેથી આપું છું, એ રીતે નહિં પણ મારી ફરજ છે. મને લાભ લેવો જોઈએ. ભક્તિ કરવી જોઈએ એવી દ્રઢ શ્રદ્ધા રાખી આપવું.
★ સત્કાર = આદર - આગ્રહપૂર્વક, નિમંત્રણ આપી, બહુમાન કરીને આપવું.■
★ ક્રમ = ઉત્તમ, જઘન્ય, સામાન્ય એવા અનુક્રમને સાચવીને આપવું.
★ કલ્પનીય = સાધુઓને માટે સંયમધર્મની વૃદ્ધિ માટે અલ્પ પાપવાળું નિતિપૂર્વક, ધર્મધ્યાન કે ધર્મમાં સ્થિરિકરણ થાય તેવું આપવું.

---

■ દાન બે હાથ ભેગા કરી અથવા બીજા હાથની પરંપરાએ (બતાડીને) આપવું.

卐 જૂઓ બારમે અતિથિ સંવિભાગ વ્રતના અતિચાર.

**દાતાના લક્ષણ :**

★ આદર = દાન આપ્યા પછી ફરી વાર આવો લાભ આપવા માટે વિનંતિ કરવી. (અવસરે સામા પૂછવા જવું.)

★ હર્ષ = દાન આપવા માટે પુણ્યના ઉદયથી યોગ્ય પાત્રનો સુયોગ મળ્યો તે જોઈને હર્ષ કરવો, અહોભાગ્ય માનવું. *

★ શુભાષય = દાન દ્રવ્યથી સંજ્ઞા, મૂર્ચ્છા, આસક્તિ ઘટાડવા માટે આપે. ભાવથી જન્મ-મરણ, સંસાર ઘટાડવા માટે આપે.

★ ■વિષાદનો અભાવ = દાન આપ્યા પછી અફસોસ - પશ્ચાતાપ ન કરે. આપેલા પૈસાનો શો ઉપયોગ થશે ? તે માટે ચિંતન ન કરે.

★ ■સુખેચ્છાનો અભાવ = દાનની સામે માન-પાન મેળવવાની કે સુખની અભિલાષા ન કરે. દાનનું પ્રદર્શન ન કરે.

★ ■અધર્મ = હિંસા, જૂઠ આદિને પોષવા કે પાપ બાંધવા ન આપે.

★ ■ભય = ઓફિસર આદિના ભયથી ન આપે.

દાન મુખ્યત્વે ધન-લક્ષ્મી દ્વારા જ અપાય છે. (બીજા પણ જ્ઞાનાદિ પ્રકારો છે.) તેથી એ ધન-લક્ષ્મી કેવા પ્રકારની પ્રાપ્ત થઈ છે, થાય તે માટેની થોડી જાણકારી લઈએ.

લક્ષ્મી સ્વ ઉપાર્જિત હોય તો વ્યક્તિ (દાતા)ની શોભા વધારે. માટે **પૂત્રી સમાન.** વારસામાં દાતાને મળી હોય તો શાંતિથી - સુખપૂર્વક ભોગવી ન શકાય માટે **બેન સમાન.** આ ઉપરાંત ફરી દાનમાં વાપરે તો પુણ્યથી મળી, ભોગમાં વાપરે તો ઘટી જવાનો સંભવ છે, છૂપાવી રાખે તો ભવિષ્યમાં પણ નાશ પામે. મધમાખીની જેમ પ્રયત્નથી ભેગી કરે તો એ ન ખાય, ન ખવડાવે, ન દાનમાં આપે, છેલ્લે તેનો નાશ જ થાય.

**ધન-લક્ષ્મી પ્રાપ્તિના પ્રકાર :**

કોઈ એમ માનતું હોય કે - લક્ષ્મી પૈસો દુકાનમાંથી મળે છે. પણ હકીકતમાં નિમિત્ત છે. સાચું નથી 'ભાગ્યાધીન લક્ષ્મી'' એ ન્યાયે પૈસો પૂર્વભવના પુણ્યથી જ મળે છે. તેની સાથે ભાગીદાર રૂપે પુરૂષાર્થ આવશ્યક છે. જીવ દુકાનાદિમાં પૈસો મેળવવા પુરૂષાર્થ કરે પણ જો પુણ્ય ન હોય તો તે ધન પ્રાપ્ત કરી શકતો નથી. જો પુણ્ય વધુ જોર કરતું હોય તો અલ્પમાં અલ્પ પુરૂષાર્થ ધન અપાવીને જ રહે છે. તેના અનુસંધાનમાં વેપારના અને ધન પ્રાપ્તિના થોડા પ્રકાર સમજી લઈએ.

★ **ગણિમ** – સોપારી, નારીયલ વિ. ગણીને અપાય, ધંધો થાય.

★ **ધરીમ** – ઘી, તેલ વિ. તોલીને (કિલો બે કિલો) ધંધો થાય.

---

★ નયસારને જંગલમાં સાધુ મળવાથી આનંદીત થયો, સમક્તિની પ્રાપ્તિ થઈ.

■ આ પ્રકારે દાન આપવું સાચું હિતકારી નથી.

★ મેય – કપડું, જમીન વિ. મિટરથી માપીને ધંધો થાય.

★ પરિછેદ – હીરા, માણેક, મોતિની પરીક્ષા કરીને ધંધો થાય.

**ધનપ્રાપ્તિના સાધન :**

★ **મજુરી** – શરીરથી શ્રમ કરી ધન મેળવાય.

★ **દલાલી** – પગે ચાલી, ધક્કા ખાઈ, બે પાર્ટી વચ્ચે કમિશન દ્વારા ધન મળે.

★ **વ્યાપારી** – વસ્તુની લે-વેચના ધંધા કરી ધન મેળવે.■

★ **જ્ઞાનથી** – પુસ્તકો લખી, ભણાવી, પ્રવચનો કે ટ્યુશનો કરી પુરસ્કારરૂપે ધન.

આ ઉપરાંત ભીખ માંગવી, જુગાર રમવું, લૂટફાટ કરવી, નોકરી કરવી, ખેતી-વાડી-બગીચા દ્વારા, બીજાને ખુશ કરવા, નાટક, મદારીનો ખેલ વિ.. દ્વારા ધન પ્રાપ્તિ થાય.

લક્ષ્મી-ધનને એકેન્દ્રિય (વનસ્પતિ) સાથે પણ સરખાવતાં બતાડ્યું છે, કે -

(૧) **સુગંધી મૂલ** – જે જમીનમાં જ પડ્યું હોય છે, કોઈ કામ આવતું નથી. તેમ કેટલાક ધનવાન ધનને જમીનમાં જ છૂપાવે, રાખે છે. (૨) **ચમેલીનું ઝાડ** – જોવામાં ઘણું સુંદર છે પણ કાંઈ ફળ આપતું નથી. તેમ કૃપણ-કંજુસનું ધન કાંઈ કામ ન આવે. (૩) **કેળનું ઝાડ** – એક જ વખત ફળ આપે છે, પણ તેનું બીજ નથી. તેમ ઉપભોગ-મોજશોખમાં વાપરેલી લક્ષ્મી પૂરી થાય પણ પછી કામ ન આવે. (૪) **આંબાનું વૃક્ષ** – સુંદર ફળ પણ આપે ને બીજની પરંપરા પણ આપે. દાનમાં વાપરેલી લક્ષ્મી પરંપરાએ વૃદ્ધિ પામે છે. ટૂંકમાં પ્રથમ બે લક્ષ્મીવાલા તેના દાસ બને છે ને ત્રીજો લક્ષ્મીપતિ જ્યારે ચોથો લક્ષ્મીનંદન બને છે. લક્ષ્મીને આશીર્વાદ રૂપ કરે છે.

આટલી પ્રાથમિક ચર્ચા કર્યા પછી મૂળ 'દાન' ઉપર હવે નજરને સ્થિર કરીએ. કારણ આ બધા દાનનું મુખ્ય સાધન ધન છે. તે સંબંધિ ચર્ચા વિચારણા કરી. જેમ ધન શુદ્ધ નિતિવાન હોવું જોઈએ. એમ એ આપતી, મેળવતી, ભોગવતી કે જોતી વખતે માનવીના મન ઉપર કેવા પડઘા અસર થાય છે. તે પણ સમજવાનું જરૂરી હતું. હવે સર્વપ્રથમ દાનના પ્રકાર જાણી લઈએ.

**દાનના પ્રકાર :**

દાનના મુખ્ય પાંચ ભેદ આવકાર્ય છે. તેમાં પ્રથમ બે ભેદ (પ્રકારો) આત્માને પરંપરાએ શાશ્વત સુખ મોક્ષ અપાવનારા છે. બાકીના ત્રણ ભેદ લગભગ સંસારના બાહ્ય સુખ જ દાતાને આપવા સમર્થ છે. આ ઉપરાંત જે ●દાન નથી છતાં દાનરૂપે સમજાય-મનાય છે. તે સંસારી જીવે સંસાર સાથે વ્યવહારમાં સાંકળી લીધા છે તેમ

---

■ ધંધાના ૭ પ્રકાર – ગાંધી, ગીરવી, ગોધન, વ્યાજ, માલતાલ, દેશાવર, ક્રયવિક્રય.

● કન્યાદાન, ચક્ષુદાન, શ્રમદાન આદિ.

સમજવું. દાનકુલકમાં તેથી જ (૧) ધર્મદાન (૨) અર્થદાન અને (૩) કામદાન ભેદનો ઉલ્લેખ કર્યો છે. અન્ય સ્થળોએ દાન ધર્મબુદ્ધિથી, પરિગ્રહ–આસક્તિને ઘટાડવા માટે અપાય છે. જ્યારે બીજી તરફ કર્તવ્યનો ભાર લોકલાજથી પણ ધન આપી હલકો કરાય છે.

(૧) **અભયદાન :** * સાત પ્રકારના ભયથી ભયભીત થયેલા જીવોને અભય કરવા (ભયથી મુક્ત-નિર્ભય કરવા) મરણોન્મુખ પ્રાણીને મૃત્યુથી બચાવવા માટે તન, મન, ધન આપવા. (સુખ આપવું)

(૨) **સુપાત્રદાન :** (૧) ત્યાગી, તપસ્વી, બાળ, ગ્લાન, જ્ઞાની વિગેરે સાધુ-સાધ્વીજી મ.ને આહાર, પાણી, વસ્ત્ર વિ. આપવા. (૨) અજ્ઞાની જીવને જ્ઞાન આપવું, સમ્યગ્ જ્ઞાનના સાધનો આપવા, જ્ઞાનની વૃદ્ધિ, સાચવણી, પ્રકાર, પુસ્તકાદિ છપાવવા વિ. પ્રકારે શ્રુતજ્ઞાન-જ્ઞાનીની ભક્તિ કરવી.

(૩) **અનુકંપાદાન :** દીન, દરિદ્ર, દુઃખી જીવોને દુઃખથી મુક્ત કરવા માટે કરૂણાભાવે આપવું.

(૪) **કીર્તિદાન :** યશ, પ્રસંશા, કીર્તિ, તકતી પ્રાપ્ત કરવા માટે આપવું.

(૫) **ઉચિત્તદાન :** જરૂરી પ્રસંગે સંસારના વ્યવહાર સાચવવા માટે આપવું.

(આ ઉપરાંત સંગ્રહદાન, ભયદાન, કારૂણ્યદાન, લજ્જાદાન, આશાદાન, પ્રત્યુત્તરદાન, કન્યાદાન આદિ સંસારમાં વ્યવહારો સંસારી દાન-ના નામે કરે છે, સંભાળે છે. તેની ચર્ચા અસ્થાને હોવાથી અહીં કરતા નથી.)

**દાન અને પુણ્ય-પાપ :**

દાન-ને આપવાથી કેવા કેવા પુણ્ય-પાપ બંધાય છે. તેનો પણ વિચાર કરી લઈએ.

દાન સુપાત્રમાં આપો તો પુણ્યાનુંબંધી પુણ્ય બંધાય.

દાન - વાત્સલ્યથી આપો તો દયાધર્મને પુષ્ટ કરે.

દાન - રાજા, મંત્રીને આપો તો માન-સન્માન અપાવે.

દાન - નોકર-ચારકને આપો તો ભક્તિ-સેવાના કાર્યમાં વૃદ્ધિ થાય.

દાન - સગા-સંબંધીઓને આપો તો પ્રેમ-લાગણી ઉપરથી દ્રઢ થાય.

દાન - દુર્જનને આપો તો દરેક સ્થળે અનુકુળતા કરી આપે. (સ્વાર્થી મિત્ર બને)

ગમે તે કહો પણ પરિગ્રહમાંથી મુક્તિ અપાવે તે દાન. અર્થાત્ તમારી પાસે જરૂરીયાત કરતાં પરિગ્રહ卐 જે હોય તે ઘટાડી દેવો, ધારેલા (લીધેલા) વ્રતથી પરિગ્રહ વધી જાય તો અન્યના નામે ન કરતાં તેને દાનાદિમાં આપી દેવો ઉત્તમ માર્ગ છે.

---

★ ઈહલોક, પરલોક, આદાન, અકસ્માત, આજીવિકા, મરણ, અપયશ - એ સાત ભય.

卐 પરિગ્રહ - ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ, ચતુષ્પદ.

અન્યથા પરિગ્રહના કારણે જીવને આર્ત-રૌદ્રધ્યાન થાય, કષાયો ક્રોધાદિ દ્વારા પાપ બંધાવે, રાગ-દ્વેષની પરિણતિ વધારી (બગાડી) ભવભ્રમણ વધારે છે.

આ જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જ્યારે જાય ત્યારે ભલે આ ભવમાં ભેગું કરેલ ધન-ધાન્યાદિ પરિગ્રહ સાથે લઈ ન જાય (લઈ જવાતું જ નથી) પણ જીવનની છેલ્લી ક્ષણ સુધી પંપાળેલી પરિગ્રહની આસક્તિ જતાં જતાં ''પરિગ્રહ સંજ્ઞા'' રૂપે તો અવશ્ય લઈ જાય છે. અને ત્યાં ગયા (જન્મ્યા) પછી એ સંજ્ઞા પરિગ્રહી થવા પ્રેરે છે. ફળસ્વરૂપ જીવ દરેક ગતિ-જાતિમાં દુઃખી અશાંત થાય માટે દાન આપી પરિગ્રહ ઘટાડવો જરૂરી છે.■

ધર્મનું મૂળ જેમ વિનય કે દયા છે તેમ દાન પણ છે. ચારે પ્રકારના ધર્મનું મૂળ બીજ દાન છે. સંસારમાંથી જીવે ઋણમુક્ત કે કર્મમુક્ત થવું જોઈએ. આમ બન્ને એક જ છે. તે દાન ધર્મના સેવન-સ્વીકારથી જ શક્ય છે. ઋણમુક્તિથી વ્યવહાર શુદ્ધિ થશે જ્યારે કર્મમુક્તિથી આત્મશુદ્ધિ ને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થશે.

આશીર્વાદ રૂપે કદાચિત તમારી પાસે દાનમાં આપવા યોગ્ય જો દ્રવ્ય ન હોય તો છેવટે બીજાને સ્નેહ આપો. સ્નેહથી તમને ઘણું મળશે ને બીજાને પણ મળશે. સ્નેહ સાંત્વન દ્વારા સામી વ્યક્તિ સંતોષ પામે છે, તૃપ્ત થાય છે. દુઃખથી મુક્ત થાય છે.

**કૃપણના લક્ષણ :**

દાનનો નહિં પણ શબ્દો દ્વારા અપાતા સ્નેહનો ઈન્કાર કરનાર નાદાન છે. કારણ એ જીવ કૃપણ- કરપી કહેવાય. કરપી આત્મા મુખ્યત્વે (૧) હિતોપદેશ-શાસ્ત્રવચન સાંભળવા તૈયાર ન થાય. (૨) કૃપણ માનવી અમંગળકારી હોવાથી તેનું સવારના કોઈ નામ લેવા, દર્શન કરવા તૈયાર ન થાય. (૩) આહાર તેવો ઓડકાર એ ન્યાયે કૃપણના ઘરે કોઈ સાધુ ગોચરી માટે શ્રાવક ભોજન માટે જલ્દી ન જાય. (૪) કંજુસનું ધન શ્રાપિત હોવાથી જલ્દી એ સત્કાર્યમાં વાપરે નહિં, વપરાય નહિં. (૫) કરપી આત્મા પેટ પૂરતું પોતે પણ ન ખાય, બીજાને પણ ખાવા ન દે-ન આપે (હાથ ધ્રુજે) અને સદ્વ્યય કરનારની અનુમોદના પણ જીભથી ન કરે. (ટીકા ટીપ્પણ કરે). (૬) બીજા ભવમાં એ ધનના કારણે દુર્ગતિએ જાય અને ઘરમાં પણ અશાંતિ, કલહ, ઝઘડાઓ થાય. (૭) કૃપણ સમો કોઈ દાનેશ્વરી નથી. પોતે ખાય નહીં, ભોગવે નહીં, કાળી મજૂરી કરીને છેવટે બધું જ બીજાને ફરજીયાત આપી જાય.*

મધમાખી ટીપું ટીપું મધ ભેગું કરી મધપુડાને બાંધે પણ તેમાંથી એ કાંઈ ભોગવી-વાપરી ન શકે. કીડીઓ કણ-કણ અનાજ ભેગું કરી કીડીયારૂં ઉભું કરે પણ તે પોતાને કાંઈ કામ ન આવે. માખી જ્યારે જુઓ ત્યારે પોતાની પાંખો સાફ કરી બતાડે કે આટલો પુરુષાર્થ કર્યા છતાં કાંઈ ન વળ્યું. હાથ ઘસતી જ રહી છું.

---

■ કુમારપાળ રાજો ઉંદરે બીલમાંથી કાઢેલી સુવર્ણ મુદ્રા લીધી, તેથી ઉંદર મરી ગયો.

★ ૬૪ પ્રકારી પૂજાના આધારે.

**કરૂણાળું - દયાળું દેવાધિદેવ :**

દાનની જ્યારે તીર્થંકર પરમાત્માના મહાવીર સ્વામીના જીવન સાથે વિચારણા કરીશું તો સર્વપ્રથમ પ્રભુએ દીક્ષા પૂર્વે એક વર્ષ સુધી રોજ એક કરોડને આઠ લાખ સુવર્ણમુદ્રાનું સાંવત્સરિક દાન આપી પૃથ્વીતલને અનૃત (દેવા વગરની) કરી નાખી હતી. જ્યારે પ્રભુ સવારથી સાંજ સુધી દાન આપતા હતા. તે સમયે ભવનપતિ દેવો જે જીવોએ વાર્ષિક દાન લીધું નથી તેઓને ઉદઘોષણા કરી દાન લેવાની ફરજ પાડતા. એટલું જ નહિં પણ દરેક જીવને ભાગ્ય અનુસાર ચમરેન્દ્ર અને બલિન્દ્ર દાન અપાવતાં. (જો વધુ લે તો ભાગ્ય ન હોવાથી પચે નહિં માટે ઓછું કરતાં.)

જે દિવસે પ્રભુએ સંયમ લીધું તે દિવસથી ચારે પ્રકારના ધર્મને જીવ માત્રને અભયદાન આપવા દ્વારા દાન, મહાવ્રત સ્વીકારવા દ્વારા શિયળ, બાહ્ય-અભ્યંતર તપ દ્વારા તપ અને ઉત્તમ ભાવરૂપી ભાવનું આરાધન શરૂ કર્યું જે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અખંડ ચાલુ હતું.

જો કે તીર્થંકર પરમાત્માનું જ્યારે ચ્યવણકલ્યાણક થયું તે વખતે પણ ઈન્દ્ર મહારાજાએ દેવસભામાં જ 'યોગમુદ્રા'માં નમુત્થુણં સુત્ર બોલી ત્યાં બેઠાં બેઠાં પ્રભુની ૩૬ વિશેષણોથી સ્તવના કરી હતી. એ શાશ્વત સૂત્રમાં ગાથા ૫/૬માં ''અભયદયાણં થી ધમ્મદેસયાણં'' સુધી ૭ વિશેષણો દ્વારા દાનધર્મની યશોગાથા ગાઈ છે. જન્મ કલ્યાણકના અવસરે સિદ્ધાર્થ રાજાએ વિવિધ રીતે પુત્ર જન્મ નિમિત્તે દાન આપી પ્રજાને હર્ષિત કરી હતી. આ રીતે પ્રભુના ચ્યવણ, જન્મ, કલ્યાણક અવસરે નરકના જીવોને શાતા આપવા રૂપે પણ દાનધર્મનો મહિમા ગવાયો છે.

ત્યાગી, સાધુ-સાધ્વીજીઓના જીવનમાં જેટલું મહત્ત્વ જ્ઞાનનું છે તેટલું (કદાચ ઓછું) શ્રાવકના જીવનમાં ધનનું મહત્ત્વ છે. આમ વિશેષ પ્રકારે પૂ. ત્યાગી મુનિવર્યો જ્ઞાનદાન આપી અજ્ઞાની ને જ્ઞાનવાન - ભાગ્યવાન બનાવે અને શ્રાવકો સુપાત્રમાં ધનાદિનું દાન આપે. જ્યારે પણ દાન અપાતું હોય ત્યારે જો પાત્ર + વિત્ત + ચિત્ત + દ્રવ્ય ઉચિત (ઉચ્ચા) પ્રકારના હોય તો તે દાન પુણ્ય પણ ઉત્તમ કોટીનું બંધાવે.

અગ્નિ રસોઈને પકાવે છે. પણ ધ્યાન ન રાખો તો બાળી પણ દે. ખેતરની વાડ પાકેલા અનાજની ખેતરની રક્ષા કરે પણ વાડને ઓળંગી જાઓ તો હાડકાં ભાંગી નાખે. લાકડાનું પાટીયું માનવીને નદીમાંથી સામા કિનારે પહોંચાડે. જો બાંધતા ન આવડે તો પાટીયું ડૂબાડી પણ દે. તેમ ધન એ ૧૧મો પ્રાણ છે. સદુપયોગ કરો તો જન્મો-જન્મ એ પુણ્ય દ્વારા સુખ-શાંતિ, મોક્ષ, ધન અપાવે અન્યથા તમને-તમારા ધનને બરબાદ કરી નાખે. તેથી જ કહ્યું છે - ધનની ત્રણગતિ - દાન, ભોગ યા નાશ. એને દૌલત પણ કહેવાય છે. આવે તો પાછળથી લાત મારી અક્કડ કરે ને જાય તો આગળથી લાત મારી અકાળે દુઃખી કરે.

**એક ધર્મના (ક્રિયાના) પાલનમાં ચારધર્મનું પાલન-આરાધન :**

દાન, શીલ, તપ, ભાવ એ ચારે ધર્મમાં એવી ખૂબી છે, કે - જીવ આરાધન-પાલન એક ધર્મનું કરે. પણ અવાંતર રીતે તેની અસર બાકીના ત્રણ ધર્મમાં થઈ જ જાય. આ વાત ઉદાહરણથી સમજીએ.

એક ભાગ્યશાળીએ પૌષધ લીધો છે. એટલે સર્વપ્રથમ જીવમાત્રને એને અભયદાન આપ્યું. હવે પૌષધ વ્રતધારી હોવાથી એ શીલવ્રતનો એક દિવસ માટે આરાધક થયો. તે જ રીતે પૌષધમાં યથાશક્તિ ઉપવાસ આદિ તપ કરે. સ્વાધ્યાય, જાપ, વાંચન વિ. દ્વારા બાહ્ય-અભયંતર તપ ધર્મનું પણ આરાધન કરે. હવે રહી ભાવ ધર્મની વાત. શુભ ભાવ વગર એને પૌષધ વ્રત ગ્રહણ ન કરે. આ રીતે ચારેનો આરાધક થાય.

કોઈ બ્રહ્મચર્યની ૪ મહિના માટે બાધા લે તો અબ્રહ્મના સેવનથી અસંખ્યાત દ્વિન્દ્રિય, સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય અને ૯ લાખ ગર્ભજ પંચેન્દ્રિય જીવોની જે વિરાધના થવાની હતી તે ન થઈ એટલે અભયદાન થયું. શીલ વ્રતનું પાલન કરે છે, માટે શીલ ધર્મનું આરાધન. દિવસ દરમિયાન બાહ્ય-અભયંતર તપ કરે તો તપનો અને પોતાના ભાવ (વિચાર) દાન, શીલ, તપમાં વાપર્યા માટે ભાવધર્મની આરાધના થઈ કહેવાય.

તપસ્વી અઠ્ઠાઈ કે માસક્ષમણ કરે તો તેટલા દિવસ એ જીવ છએ કાયના જીવોની જયણા કરે. તપની સાથે શીલવ્રતનું પણ પાલન કરે આમ તપધર્મની પ્રધાનતામાં બાકીના ધર્મનું આરાધન સહેલાઈથી આ જીવ કરી શકે છે.

**વિવિધ પ્રકારના દાન અને દાતા :**

દાન આપતી વખતે ખાસ દાતાએ સ્વામી અદત્ત, જીવઅદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરૂ અદત્ત એ ચાર અદત્તને નજર સામે રાખવા જોઈએ. દાતા પોતે તેનો માલિક ન હોય, બીજો જે સ્વામી-માલિક છે તેની અનુજ્ઞા મેળવી ન હોય તેવું દાન કરવું નહિં. (ઉદા. સડક ઉપર અથવા કોઈની ખોવાયેલી વસ્તુ મળ્યા પછી બીજાને આપવી. અથવા ભંડારમાં નાખવાની પ્રવૃત્તિ થાય છે. પરંતુ આવી વસ્તુ સમજુ વ્યક્તિએ લેવી જ ન જોઈએ.) એવું દ્રવ્ય ચોરીનું કહી શકાય અને એ દાન પણ અધિકાર વગરનું કહી શકાય.

**જિનેશ્વર ભ.ની મૂર્તિ-મંદિર સંબંધિ દાન :**

૧. શાશ્વતગિરિ શ્રી શત્રુંજય તીર્થ આદિ અનેક તીર્થ-મંદિરોના જે જે પુણ્યશાળીઓએ જીર્ણોદ્ધાર કરી લાભ લીધો તે. તીર્થ ભક્તિ રૂપે દાન.
૨. ભરત ચક્રવર્તિએ અષ્ટાપદ તીર્થ ઉપર ૨૪ રત્નમય પ્રતિમા ભરાવી.
૩. સગર ચક્રવર્તિના ૬૦ હજાર પૂત્રોએ અષ્ટાપદ તીર્થની રક્ષા કરવા છેલ્લે પોતાનું જીવન પણ સમર્પણ કર્યું. તીર્થ રક્ષાનું ઉત્તમ કાર્ય.

૪. મહારાજા શ્રેણિક જે દિશામાં વીરપ્રભુ વીચરતા હોય તે દિશામાં ૭-૮ પગલાં ભરી સુવર્ણમય અક્ષતનો સ્વસ્તિકાદિ કરી અગ્રપૂજા, ભાવપૂજા કરતા.

૫. મહારાજા કુમારપાળે ૧,૪૪૦ જિનમંદિરો ૩૬,૦૦૦ જિનપ્રતિમા ભરાવી. ૧૬,૦૦૦ મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા. છ'રિપાલીત સંઘ કાઢ્યા.

૬. મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલે આબુ-દેલવાડા આદિ ૧,૩૦૪ જિનમંદિરો, ૨૩૦૦ મંદિરોના જીર્ણોદ્ધાર, ૫૦૫ સમવસરણ, ૧,૨૫૦૦૦ જિનપ્રતિમાજીઓ, છ'રિપાલીત સંઘ કાઢી દેવતત્ત્વની અપૂર્વ ભક્તિ કરી.

૭. સતિ દમયંતીએ પૂર્વભવે અષ્ટાપદ તીર્થ ઉપર ૨૪ ભગવાનને રત્નમય ૨૪ ટીકા લગાવી જિનભક્તિ કરી હતી.

૮. ભીમો કુંડલીયો - તીર્થરક્ષા - ભક્તિ માટે પોતાની સર્વસ્વ પુંજી (સવા દોડકો) મંત્રીશ્વરને આપી અપૂર્વ પુણ્ય બાંધ્યું.

★ આ ઉપરાંત - પેથડ શાહ, જાવડશા, દંડનાયક સાજન દે, મંત્રી બાહડદેવે પણ અપૂર્વ ભક્તિ કરેલી.

**ગુરૂ, સાધુ-સાધ્વીજીની ભક્તિ તથા જ્ઞાનભક્તિ :**

૧. મહારાજા કુમારપાળે પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિશ્વરજી મ.ના ઉપદેશથી ૭(૨૧) જ્ઞાનભંડારોનું નિર્માણ કર્યું. ૩૦૦ લહિયાઓને શાસ્ત્રો તાડપત્ર ઉપર લખવા રોક્યા.

૨. વસ્તુપાલ-તેજપાલે ૧૮ કરોડના ખર્ચે જ્ઞાનભંડારો નિર્માણ કર્યા. ૨૧ આચાર્યપદવી અપાવી, દાનશાળા ખોલી.

૩. શ્રેયાંસકુમારે ભ. આદીનાથ પ્રભુનું ૧૩ મહિના ૧૦ દિવસ બાદ ઈક્ષુરસ વહોરાવી આ અવસર્પિણી કાળમાં સર્વપ્રથમ પારણું કરાવ્યું.

૪. મહાસતી ચંદનબાળાએ ભ. મહાવીરના અભિગ્રહનું પારણું અડદના બાકુળા વહોરાવી ૫ મહિના ૨૫ દિવસે કૌશાંબી નગરીમાં કરાવ્યું.

૫. અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીજીએ ૧૫૦૦ તાપસોને ખીર દ્વારા પારણું કરાવ્યું.

૬. નયસારે (ભ. મહાવીર પ્રથમ ભવ) અટવીમાં સાધુને નિર્દોષ આહાર વહોરાવી સમ્યકત્વની પ્રાપ્તિ કરી.

૭. શાલીભદ્રજીએ પૂર્વભવમાં માસક્ષમણના તપસ્વી મુનિરાજને ખીર વહોરાવી પુણ્યાનુંબંધી પુણ્ય બાંધ્યું.

૮. પુણીયા શ્રાવક રોજ પોતાની ૨ દોડકાની કમાઈમાંથી દેવની, ગુરૂની અને સાધર્મિકની અપૂર્વભક્તિ કરતા હતા.

૯. બાહુબલીજીએ પૂર્વભવમાં ૫૦૦ મુનિની અપૂર્વ સેવા કરી ચક્રવર્તિ જેવું બળ પ્રાપ્ત કર્યું.

૧૦. ચક્રવર્તિના રસોઈયાએ નિર્દોષ ઉત્તમ પ્રકારની શુદ્ધ ગોચરી ભાવપૂર્વક સાધુ-સાધ્વીને ભક્તિથી વહોરાવી આદેય નામકર્મવાળો ત્રીજા દેવલોકના સનતકુમાર દેવ થયા.

૧૧. આર્ય સુહસ્તીસૂરિએ ત્રણ દિવસના ભૂખ્યા ભિખારીને ઉપદેશ આપી સંયમી બનાવી યોગ્ય આહાર વપરાવ્યો. અતિ આહાર ભક્ષણના કારણે વ્યાધિના રોગથી રાત્રે સંયમ ધર્મની અનુમોદના કરતાં કાળ કરી સંપ્રતિરાજા થયો.

૧૨. ૨૪ તીર્થંકર ભ.ના પ્રથમ પારણા કરાવનાર પુણ્યાત્માના ઘરે પંચદિવ્ય પ્રગટ થાય. ૧૨॥ કરોડ સોનૈયાની વૃષ્ટિ થાય. અને તે મોક્ષગતિ પામે.

૧૩. સતિ સુલસાએ મુનિને લક્ષપાક તેલ અપૂર્વ ભાવે વહોરાવ્યું.

૧૪. ધના સાર્થવાહ શ્રેષ્ઠિએ ધર્મઘોષસૂરિજીને ઉત્તમ દ્રવ્ય ઘી વહોરાવી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું.

૧૫. રેવતિ શ્રાવિકાએ સિંહમુનિને કોળાપાક વહોરાવી તીર્થંકર નામકર્મ (સમાધિનામે તીર્થંકર થશે) ઉપાર્જન કર્યું.

૧૬. જીવાનંદ વૈદ્યે (ભ. ઋષભદેવનો જીવ) પાંચ મિત્રો સાથે લક્ષપાક તેલ ગોશિર્ષચંદન અને રત્નકંબલ દ્વારા મુનિની અપૂર્વ સેવા કરી મુનિને નિરોગી કર્યા. રત્નકંબલ અને ચંદન આપનાર વ્યાપારી મુક્તિ પામ્યો.

૧૭. શ્રાવકે સિંહકેસરીયા લાડુ કસમયે વહોરાવી મુનિને સંયમમાં સ્થિર કર્યા.

૧૮. મૃગે (હરણ) મહામુનિ બળદેવને રથકાર દ્વારા નિર્દોષ આહાર અપાવી કરણ, કરાવણ, અનુમોદન રૂપ ત્રણે પુણ્ય બાંધ્યું.

૧૯. ભ. મહાવીર સ્વામીએ બ્રાહ્મણને દેવદુષ્યનું અર્ધવસ્ત્ર આપી સંતોષેલ.

૨૦. ભ. મહાવીર સ્વામીને ૪ મહિના સુધી પારણું કરવા ઘરે પધારવાની વિનંતિ જીરણશેઠે કરી પણ છેલ્લે દિવસે ભૂલી ગયા. માટે ભાવથી પારણું કરાવી અચ્યુત વિમાનમાં જન્મ્યા અને પૂરણશેઠે દ્રવ્યથી પારણું કરાવી ધન્ય બન્યા.

૨૧. ઈલાચીકુમાર સામેના મકાનમાં મુનિવર્યને મોદક લેવાનો આગ્રહ કરતી સ્ત્રીને જોઈ એ દ્રશ્યના કારણે વૈરાગી થઈ કેવળજ્ઞાન પામ્યા.

૨૨. ભ. ઋષભદેવના પૂત્ર ચક્રવર્તિ ભરત રાજાએ પૂર્વ ભવમાં ૫૦૦ મુનિઓને ભોજનદાન આપી પુણ્યાનુંબંધી પુણ્ય બાંધ્યું. તેથી ચક્રવર્તિ થઈ મોક્ષે ગયા.

૨૩. ધૃતપુષ્પ અને વસ્ત્રપુષ્પ મુનિએ સ્વલબ્ધિથી ભક્તિ કરી સદગતિ પામ્યા.

૨૪. કયવન્ના શેઠે પૂર્વ ભવે દાન આપી તેના પ્રભાવે આ ભવે ધન્યકુમાર થયા.

૨૫. અડદના બાકળા મહામુનિને નિર્દોષ પડીલાભી જિતશત્રુ રાજાનો પૂત્ર - મૂળદેવ કુમાર રાજલક્ષ્મીને પામ્યો.

૨૬. સંભૂતિસૂરિ આચાર્ય પાસે સ્થુલીભદ્રજી રોજ ૭-૭ વાચના લઈ જ્ઞાનદાન લેતા હતા. પણ પોતાની સાત બેનોને જ્ઞાનથી પ્રાપ્ત કરેલી લબ્ધિ (સિંહનું રૂપ કરી) બતાડતા જ્ઞાનદાન આપવાનું ગુરૂએ બંધ કર્યું.

૨૭. ક્ષિતિપ્રતિષ્ઠાન નગરના જિનદાસ બ્રાહ્મણે નદી કિનારે તપસ્વી મુનિને ફાસુક આહાર વહોરાવી જીવન ધન્ય કર્યું. સાસરે ગયા પણ કાંઈ આદર-સન્માન ન મળ્યા પાછા ફરતા જે જગ્યાએ દાન આપેલ તે નદીના ગોલમોલ પત્થર ઘરે લઈ જતાં દાનના પ્રભાવે એ પત્થર રત્ન થયા.

૨૮. સર્વમંગળા નગરીના ભદ્રશેખર રાજાએ જ્ઞાનીને પૂછ્યું, નગરીમાં દુકાળ થવાનો હતો તે સુકાળ કેમ થયો ? જ્ઞાનીએ કહ્યું, ધનદત્ત શેઠના ઘરે પૂત્ર જન્મ્યો છે. પુત્રે પૂર્વ ભવે મુનિવર્યોની ભક્તિ કરી છે. તેના પ્રતાપે તમારી નગરીમાં સુકાળ થયો બાકી નિમિત્તીઓએ કહેલું વચન સત્ય છે.

૨૯. વિજય રાજપૂત્રે છદ્મસ્થ યુગબાહુ જિનને શુભ ભાવે આહારાદિ વહોરાવી તેની ઘણી અનુમોદના કરી એના પ્રતાપે વૃષભપુરમાં ભદ્રનંદિ નામે શ્રેષ્ઠી પુત્ર થયો. કાળક્રમે મહાવિદેહમાં જન્મી મોક્ષે જશે.

૩૦. ધન્યકુમારે પૂર્વે ભવમાં મુનિને અપૂર્વભાવથી દાન આપેલ તેથી તે વર્તમાન ભવે અનેક વખત ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ પામ્યા.

૩૧. તુંગીયા નગરીનું નામ ઈતિહાસમાં દાનધર્મ માટે અમર થઈ ગયું છે. તે નગરીના દ્વાર ચોવિશે કલાક દાન લેવા આવનારા માટે અભંગ-ખુલ્લા હતા.

૩૨. હરિવાહન રાજાએ ગૌતમપદ (દાનપદ)નું આરાધન કરી જીવન ધન્ય કર્યું.

**દાન આપ્યું પણ આપતા ન આવડ્યું :**

૧. સોનીએ મેતારજ મુનિની મોદક વહોરાવી ભક્તિ કરી પણ પાછો લેવા જઈ ઘોર ઉપસર્ગ કર્યો.

૨. બ્રાહ્મણીએ મુનિને તુંબડીનું શાક વહોરાવ્યું પણ તે કડવું ઝેર જેવું હોવાથી મુનિ અનસન કરી સુખ પામ્યા, બ્રાહ્મણીએ ઘણા ભવ વધાર્યા.

૩. કપિલા દાસીએ શ્રેણિક રાજાની દાન શાળામાં અનેક સાધુની દાન આપી (ગોચરી) ભક્તિ કરી પણ મન વગર હોવાથી પુણ્ય ન બાંધ્યું.

૪. નટકન્યાએ અષાઢાભૂતિ મુનિને ૪-૪ વખત મોદક વહોરાવી અંતે તેઓનું પતન કર્યું.

૫. મમ્મણ શેઠે પૂર્વભવમાં ઉત્તમ મોદક વહોરાવી પાછો લેવા જઈ ભોગાંતરાય કર્મ બાંધ્યું.

૬. ઢંઢણ અણગારે પૂર્વ ભવમાં પશુઓને ખાવામાં વિલંબ કર્યો તેથી રોજ ગોચરી વહોરવા જતાં પણ અનુકુળ આહાર ન પામ્યા.

૭. આદીનાથ પ્રભુએ પૂર્વભવે બળદોને ખાવામાં વિલંબ કર્યો. તેથી ૧૩ મહિના ૧૦ દિવસ સુધી શુદ્ધ કલ્પનીય આહાર ન પામ્યા.

૮. બાળમુનિ વજ્રસ્વામીની પરીક્ષા કરવા દેવતાઓ કોળાપાક ને ઘેબર વહોરાવવા લાગ્યા પણ જ્ઞાની એવા બાળમુનિએ દેવપિંડ ન કલ્પે એમ કહી આહાર ન લીધો. છેવટે દેવતાએ ગગનગામીની વૈક્રિય લબ્ધિ આપી.

૯. કૃતાંગ (કયંગલા) નગરીમાં દક્ષસાર મુનિને ગોચરી માટે દુર્ગતિએ ઉંધો માર્ગ બતાડ્યો તેથી મુનિ કષાયી થયા. નગરજનોએ જ્યારે મુનિને શાંત કર્યા ત્યારે મુનિ અનસન કરી ૭મા દિવસે કેવળી થયા.

**વસતિદાન :**

૧. કૌશાંબી નગરીના રાજા શતાનિકની બેન જયંતિ શ્રાવિકાએ અનેક વખત મુનિઓને વસતિ (જગ્યા) દાન આપી લાભ લીધો.

૨. વંકચુલ ચોરે (વિમલયશ રાજાનો પુત્ર) અટવીમાં મુનિને ચોમાસુ કરવા વસતિ (જગ્યા)નું દાન આપ્યું.

૩. કોશાવેશ્યાએ સ્થુલિભદ્રજીને તથા સિંહગુફાવાસી મુનિને ચોમાસુ કરવા વસતિ (જગ્યા)નું દાન આપી લાભ લીધો.

૪. મોરાક સન્નિવેશમાં તાપસે ભ. મહાવીર સ્વામીને ચાતુર્માસ કરવા વસતિનું દાન આપ્યું. (પ્રભુ ૧૫ દિવસ જ ત્યાં રહ્યાં)

૫. તારાચંદ્ર રાજા અને કુરુચંદ્ર મંત્રીએ મુનિને શુદ્ધ ભૂમિનું વસતિદાન આપી નિત્ય ધર્મદેશના સાંભળી દેવગતિને પામ્યા.

**અન્નદાન :**

૧. દાનવીર જગડુશાહે દુકાળમાં પ્રજાને છ મહિના સુધી અન્નનું દાન કર્યું.

૨. દંડવીર્ય રાજા (આદીનાથ ભ.ની ૮મી પાટ)એ નગરજનો જમી લે પછી જમવું એવો નિયમ રાખેલો. દેવતાએ ૮ દિવસ પરીક્ષા કરી છેલ્લે પ્રસન્ન થયા.

૩. ક્ષામંકરા નગરીના વિપુલવાહન રાજા દુકાળમાં સંઘની અપૂર્વરીતે ભક્તિ કરી. જેના પ્રભાવે (શ્રી સંભવનાથ ભ.) તીર્થંકર નામકર્મ બાંધે છે.

૪. બ્રાહ્મણે પ્રસન્ન થયેલા ચક્રવર્તિની પાસે ચક્રી ભોજનનો આગ્રહ કર્યો. ચક્રવર્તિએ તો ભોજન આપ્યું પણ અધિકાર વગરનું હોવાથી બ્રાહ્મણ પાગલ થયો.

**અભયદાન :**

૧. મેઘરથ રાજા દયાળુ હતા. દેવે પરીક્ષા કરવા ક્રૌંચપક્ષીનું રૂપ લઈ રાજા પાસે પારેવાને માગ્યું, પણ પક્ષી ન આપતાં રાજાએ પોતાની કાયા આપી.

૨. કુમારપાળ રાજાએ જીવદયા અભયદાનનું વિવિધ રીતે જીવનમાં કાર્ય કર્યું. (ઘોડાને પણ ગાળેલું પાણી પીવડાવ્યું હતું. 'જૂ'ની હિંસા કરનારને દંડ અને 'માર' શબ્દનો પ્રયોગ કરનારને શિક્ષા કરી હતી.)

૩. ચોરને રાજાની રાણીએ ઉપદેશ આપી ચોરી ફરી ન કરવાનું કબુલ કરાવી રાજા દ્વારા અભય અપાવી ઉપકારનું કાર્ય કર્યું.

૪. કુસુમપુર નગરના આર્યકેતુ વણિકે ઉંદરના જીવોને બચાવ્યા (અભયદાન આપ્યું) વણિક ચિંતામણી રત્ન અને સોનવર્ધન ગામના રાજા થયો.

૫. પ્રિયગંથસૂરિજીએ યજ્ઞમાં હોમાવવામાં આવનાર બોકડાને વાસક્ષેપ નાખી બચાવ્યો. જૈન ધર્મની પ્રભાવના થઈ.

૬. અવંતિ સુકુમાલ પૂર્વ ભવમાં પોતાની પ્રતિજ્ઞા પાળવા માટે એક માછલાને અભયદાન આપ્યું.

૭. રાજા શ્રેણિકના પુત્ર મેઘકુમાર પૂર્વના હાથીના ભવમાં અઢી દિવસ સુધી એક પગ અદ્ધર રાખી સસલાને બચાવેલ હતો.

૮. નેમિકુમાર ઉગ્રસેન રાજાના બારણા સુધી પરણવા ગયા. પણ પશુનો પોકાર સાંભળી પાછા ફરી પશુને અભયદાન આપ્યું.

**મનથી અભયદાન ન આપ્યું :**

૧. કાળસૌરિક કસાઈને કુવામાં રાખી ૫૦૦ પાડાને અભયદાન અપાવ્યું પણ કુવામાં બેઠા બેઠા કાળસૌરિકે મનથી પાડા મારીને પાપ બાંધ્યું.

**દાન આપવાનો નિષેધ કર્યો :**

૧. સુશર્મપૂરમાં કુરંગ વણિક ઘણો દુઃખી, દરિદ્ર હતો. પૂર્વભવમાં એક દિવસ મુનિ તેના દ્વારે રોગ નિવારણ માટે ઘી વહોરવા આવ્યા. તેને ના પાડી. આથી એ દાનાંતરાયના કારણે આ ભવમાં નિર્ધન ને ગરીબ થયો.

**સારાંશ :**

દાન - દરેક જીવ આપે છે, આપવું જોઈએ. ત્યાગી, જ્ઞાની, તપસ્વી મહાપુરૂષોએ સંસારનો ત્યાગ કર્યો હોવાથી એ દ્રવ્ય (લક્ષ્મી, ધન વિ.)નું દાન ભલે ન કરે પણ જ્ઞાનદાન (ભણે, ભણાવે, અનુમોદે. લખે, લખાવે વિ.) તેઓના જીવનમાં ઉત્તમ કોટીનું વણાયેલું છે. એનાથી જ્ઞાનદાન લેનાર આત્માનો આ ભવમાં ને બીજા

અનેક ભવોમાં ઉદ્ધાર નિશ્ચિત છે. યાવત્ મોક્ષ પણ આ જ્ઞાન પ્રાપ્તિના કારણે જીવ પ્રાપ્ત કરી શકે છે.

સિદ્ધગતિના જીવો જ્યારે સિદ્ધગતિ-મોક્ષને પામે ત્યારે નિગોદમાં દુઃખને ભોગવતા એક જીવને 'અભયદાન' આપી અપ્રગટ અને નિમિત્ત માત્રથી એ ઉપકારક બને છે. ક્રમશઃ એ જીવ અવ્યવહારમાંથી વ્યવહારમાં આવી કર્મો ખપાવી પરંપરાએ મોક્ષ પણ પહોંચે છે.

દાન એ દ્રવ્ય ધર્મ છે. શીલ, તપ, ભાવ એ ભાવધર્મ છે. દાનમાં તમારાથી દૂરનું, શીલમાં દૂર છતાં નજીકનું અને તપમાં તમારી પોતાની કાયા દ્વારા ધર્મારાધન કરવાનું છે. આસક્તિ-મમતા ઘટાડવાની છે.

શાસ્ત્રના ઉંડાણમાં જ્યારે દાનધર્મની ચર્ચા ચાલે છે ત્યારે આજે અપાતા દાનની ક્યારેક કિંમત આંકવી મુશ્કેલ બને છે. નાનું બીજ જેમ વટવૃક્ષ થાય તેમ સુપાત્ર દાનમાં આપેલું દાન ૧૦૦ - ૧૦૦૦ - ૧૦૦૦૦ ગણું ફળ આપવા સમર્થ બને છે. જીવને જીવવા માટે અન્ન-પાણીની જરૂર હોય છે. અને તે 'અન્નદાન' દ્વારા થાય છે. તેથી જ ગ્રામ્ય ભાષામાં 'અન્નદાતા' શબ્દ દાતાના માટે વપરાય છે.

અતિથિ સંવિભાગ વ્રતના પાલક વ્રતધારીને પારણું કરવા માટે ફરજીયાત અથવા શિક્ષા-સંસ્કાર આપવા માટે સાધુ-શ્રાવકની ભક્તિ કરવાનું અને તે પછી જ તેટલા જ દ્રવ્યથી પારણું કરવાનું વિધાન બતાડ્યું છે.

''ધર્મસ્ય આદિ પદં દાનં'' આ શાસ્ત્ર વચન અનુસાર ધર્મનું પ્રથમ પગથિયું 'દાન' કહ્યું છે. ચિંતકો તો શીલ ને તપધર્મની આરાધનામાં અવાંતર રીતે 'દાન' ધર્મનો હિસ્સો દર્શાવે છે. પોતાની વસ્તુ બીજાને ઉપયોગી હોય તો તે પરિગ્રહ રૂપે ન વધારતાં જરૂરીયાતવાળાને આપવી તે પણ એક દાનની વિશિષ્ટ ભાવના છે.

વીશ સ્થાનકની આરાધના દ્વારા તીર્થંકર પરમાત્મા તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે. તેમાં પણ ગૌતમપદ (અથવા દાનપદ) આવે છે. આ પદની ઉત્કૃષ્ટ રીતે આરાધના શ્રી હરિવાહન રાજાએ કરી જીવન ધન્ય કર્યું હતું.


સિદ્ધચક્ર યંત્રમાં ધર્મના ૪ પદ છે. તેમાં પણ દર્શનજ્ઞાનને જો દાનધર્મની સાથે સંકળાવીએ તો ચારિત્ર એ શીલધર્મનું તપ એ તપધર્મનું અંગ બની જાય.

અંતે - જે આત્મા છતી શક્તિએ દાનધર્મનું પાલન કરતો નથી એ દાનાંતરાયાદિ કર્મ બાંધે છે. તે જ રીતે છતી શક્તિ ભાવ વગર દાન આપે છે. તે સંપૂર્ણ લાભ મેળવવાનો અધિકારી થતો નથી. માટે જ શક્તિને ગોપવ્યા વિના દાન આપો.

卐



કર્મે કાંડા કાપ્યા તો શીલધર્મે કલાવતીનું રક્ષણ કર્યું.



કોશ્યા શ્રાવિકા ! હવે હું સંસારનો ત્યાગી મુનિ છું.

કામવિજેતા શ્રી સ્થૂલિભદ્રજી



સતી સુભદ્રાએ ચંપાના ત્રણ દ્વાર શીલના પ્રભાવે ખોલી, પોતે નિષ્કલંક છે, તે સિદ્ધ કરી આપ્યું.

# શિયળ વ્રત - સજ્ઝાય

તે તરીયા રે ભાઈ તે તરીયા, જે નારી સંગથી ડરીયા રે,
તે ભવ સમુદ્રને પાર ઉતરીયા, જઈ શીવ રમણી વરીયા રે. (૧)

સ્થુલભદ્રને ધન્ય જે જઈને, કોશ્યાને ઘેર રહીયા રે,
સરસ ભોજનને કોશ્યા મીલ્યાં, પણ શીલે નવિ ચલીયાં રે. (૨)

સીતા દેખી રાવણ ચલિયા, પણ સીતાજી નવિ ફરીયા રે,
રહનેમી રાજુલને મીલીયાં, પણ રાજુલ નવિ પડીયા રે. (૩)

રાજુલે તેહને પ્રતિબોધિ, કેવલ શીરિ વળીયા રે,
રાણીએ ક્રોડ ઉપાય તે કરીયા, સુદર્શન નવિ ગલીયા રે. (૪)

ક્ષપકશ્રેણી માંહે તે ચડીયાં, કેવલ ધરણી તે લહીયા રે,
ઉત્તમપદ પદ્મને અનુસરીયા, તે ભવ ફેરાથી ટળીયા રે. (૫)

**પૂજ્ય મુનિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજ સા.**

★

શિયળ સમુ વ્રત કો નહિં, શ્રી જિનવર એમ ભાખે રે,
સુખ આપે તે શાશ્વતાં, દુર્ગતિ પડતાં રાખે રે. (૧)

વ્રત પચ્ચક્ખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે,
એક જ શિયળ તણે બળે, ગયા મુગતિ તેહ રે. (૨)

સાધુ અને શ્રાવક તણાં, વ્રત છે સુખદાઈ રે,
શિયળ વિના વ્રત જાણજો, કુશકા સમ ભાઈ રે. (૩)

તરૂવર મૂળ વિના જિષ્યો, ગુણ વિના લાલ કમાન રે,
શિયળ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે. (૪)

નવ વાડે કરી નિર્મળું, પહેલું શિયળ જ ધરજો રે,
ઉદયરત્ન કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. (૫)

**પૂજ્ય ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન વિજયજી મહારાજ (વાચક)**

# શિયળ-સુભાષિત

**जहा कुकडपोयस्स निच्चं कुललओ भयं ।**
**एवं खु बंभयारिस्स इत्थीविग्गहो भयं ॥**

**અર્થ :** જેવી રીતે કુકડાના બચ્ચાને હંમેશાં બિલાડીનો ભય રહે છે, તેવી રીતે બ્રહ્મચારીને હંમેશાં સ્ત્રીના શરીરથી ભય રહે છે.

**जहा किंपागफलाणं परिणामो न सुंदरो ।**
**एवं भुत्ताणं भोगाण परिणामो न सुंदरो ॥**

**અર્થ :** જેમ કિંપાક નામનું સુંદર ફળ ખાવાનું પરિણામ સુંદર નથી હોતું, તેમ ભોગવેલા ભોગનું પરિણામ સુંદર નથી હોતું.

**सल्लं कामा विसं कामा कामा आसीविसोपमा ।**
**कामे य पत्थेमाणा अकामा जन्ति दोग्गइ ॥**

**અર્થ :** કામભોગો શલ્ય છે. કામભોગો વિષ છે. કામભોગો ઝેરી સર્પ જેવા છે. કામભોગોની ઈચ્છા કરતા જીવો તેને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિમાં જાય છે.

**जे केइ सरीरे सत्ता, वण्णे रूवे य सव्वसो ।**
**मणसा कायवक्केणं सव्वे ते दुक्खसंभवा ॥**

**અર્થ :** જેઓ મન, વચન, કાયાથી, શરીરમાં વર્ણમાં અને રૂપમાં સર્વ પ્રકારે આસક્ત હોય છે તેઓ બધા પોતાને માટે દુઃખ જ ઉત્પન્ન કરે છે.

**शीलं कुलुण्णइकरं शीलं जीवस्स भूसणं पवरं ।**
**शीलं परम सोयं शीलं सयलावयग्गहरणं ॥**

**અર્થ :** શીલ કુલની ઉન્નતિ કરનાર છે. શીલ જીવનનો અલંકાર છે. શીલ પરમ શૌચ છે અને શીલ એ સર્વ આપત્તિને હરનાર છે.

**जो देइ कणक कोडि, अहवा काई कणय जिणभवणं ।**
**तस्स न तत्तिय पुन्नं, जत्तिअे बंभव्वअे धरिअे ॥**

**અર્થ :** કોઈ દાતા કરોડો સુવર્ણનું દાન આપે કે સુવર્ણમય સુશોભિત જિનમંદિર બંધાવે (બાંધે) તેવા પુણ્ય કરતાં બ્રહ્મચર્ય વ્રતનું પાલન વધુ પુણ્યશાળી બનાવે છે. પુણ્ય બાંધવાની તક આપે છે.

# श्री शील कुलकम्

सोहग्गमहानिहिणो, पाए पणमामि नेमिजिणवइणो ।
बालेण भुयबलेणं, जणद्दणो जेण निज्जिणिओ ॥१॥

**અર્થ :** જેમણે બાલ્યાવસ્થામાં પોતાના ભુજબળ વડે કૃષ્ણજીને સર્વથા જીતી લીધા હતા તે સુખ-સૌભાગ્યના સમુદ્ર એવા **શ્રી નેમિનાથ** પ્રભુના ચરણકમળમને હું પ્રણમું છું. ॥૧॥

सीलूं उत्तमवित्तं, सीलं जीवाण मंगलं परमं ।
सीलं दोहग्गहरं, सीलं सुक्खाण कुलभवणं ॥२॥

**અર્થ :** શીલ, સદાચરણ જ પ્રાણીઓનું ઉત્તમ ધન છે, શીલ જ પરમ મંગલરૂપ છે, શીલ જ દુઃખદારિદ્રને હરનારું છે અને શીલ જ સકળ સુખનું ધામ છે. ॥૨॥

सीलं धम्मनिहाणं, सीलं पावाणखंडणं भणियं ।
सीलं जंतूण जए, अकित्तिमं मंडणं परमं ॥३॥

**અર્થ :** શીલ જ ધર્મનું નિધાન છે, શીલ-સદાચરણ જ પાપનું ખંડનકારી કહ્યું છે અને શીલ જ જગતમાં પ્રાણીઓનો સ્વાભાવિક શ્રેષ્ઠ શણગાર છે, એમ ભાખ્યું છે. ॥૩॥

नरयदुवारनिरूंभण कवाडसंपुड सहोअरच्छायं ।
सुरलोअधवलमंदिर–आरूहणे पवरनिस्सेणिं ॥४॥

**અર્થ :** શીલ જ નરકનાં દ્વાર બંધ કરવાને કમાડની જોડ જેવું જબરજસ્ત છે, અને દેવલોકનાં ઉજ્જવળ વિમાનો ઉપર આરૂઢ થવાને ઉત્તમ નિસરણી સમાન છે. ॥૪॥

सिरिउज्जसेणधूया, राईमई लहउ सीलवईरेहं ।
गिरिविवरगओ जीए, रहनेमी ठाविओ मग्गे ॥५॥

**અર્થ :** શ્રી ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી શીલવંતીમાં શ્રેષ્ઠ ગણવા યોગ્ય છે, કે જેણે ગુફામાં પ્રથમથી આવી ચઢેલા અને મોહિત થયેલા રહનેમિને સંયમ માર્ગમાં પાછા સ્થાપિત કર્યા-સ્થિર કર્યા. ॥૫॥

पज्जलिओ वि हुजलणो, सीलप्पभावेण पाणीअं होई ।
सा जयउ जए सीआ, जीसे पयडा जसपडाया ॥६॥

**અર્થ** : શીલના પ્રભાવથી, પ્રજ્વલિત કરેલો એવો પણ અગ્નિ ખરેખર જળરૂપ થઈ ગયો એવી જશ-પતાકા જેની જગમાં ફરકી રહી છે એ **સીતાદેવી** જયવંતી વર્તો. ॥૬॥

**चालणीजलेण चंपाए, जीए उग्घाडिअं दुवारतिगं ।**
**कस्स न हरेइ चित्तं, तीए चरिअं सुभद्दाए ॥७॥**

**અર્થ** : ચાલણીના જળવડે જેણે ચંપાનગરીનાં ત્રણ દ્વાર ઉઘાડ્યાં હતાં તે **સુભદ્રા સતી**નું (શીલ) ચરિત્ર કોના ચિત્તને હરણ નથી કરતું ? ॥૭॥

**नंदउ नमयासुंदरी, सा सुचिरं जीए पालिअं सीलं ।**
**गहिलत्तणं पि काउं, सहिआ य विडंबणा विविहा ॥८॥**

**અર્થ** : તે **નર્મદાસુંદરી** સતી સદાય જયવંતી વર્તો, કે જેણીએ ગ્રહિલપણું (ગાંડાપણું) આદરીને પણ શીલવ્રતનું પાલન કર્યું અને (તેની ખાતર) વિવિધ પ્રકારની વિડંબના સહન કરી. ॥૮॥

**भद्दं कलावईए, भीसणरण्णम्मि रायचत्ताए ।**
**जं सा सीलगुणेणं, छिन्नंगा पुणन्नवा जाया ॥९॥**

**અર્થ** : ભયંકર અટવીમાં રાજાએ તજી દીધેલી **કલાવતી સતી**નું કલ્યાણ થાઓ, કે જેના શીલગુણના પ્રભાવથી છેદાયેલાં અંગો પણ ફરી નવાં થઈ ગયાં. ॥૯॥

**सीलवईए सीलं, सक्कइ सक्को वि वण्णिउं नेव ।**
**रायनिउत्ता सचिवा, चउरो वि पवंचिआ जीए ॥१०॥**

**અર્થ** : શીલવતી સતીના શીલને શક્ર-ઈન્દ્ર પણ વર્ણવવાને સમર્થ થઈ શકે નહિ, કે જે ગણીએ રાજાએ મોકલેલા ચારે પ્રધાનોને છેતરી સ્વશીલનું રક્ષણ કર્યું છે. ॥૧૦॥

**सिरिवद्धमाणपहुणा, सुधम्मलाभुत्ति जीए पट्ठविओ ।**
**सा जयउ जए सुलसा, सारयससिविमलसीलगुणा ॥११॥**

**અર્થ** : શ્રી વર્ધમાન પ્રભુએ જેણીને ઉત્તમ ધર્મલાભ પાઠવ્યો હતો તે શરદઋતુના ચંદ્રમા સમાન નિર્મળ શીલ ગુણવાળી **સુલસાસતી** સર્વત્ર જયવંતી વર્તો. ॥૧૧॥

**हरिहरबंभपुरंदर - मयभंजणपंचबाणबलदप्पं ।**
**लीलाइ जेण दलिओ, स थूलभद्दो सिउ भद्दं ॥१२॥**

**અર્થ** : હરિ, હર, બ્રહ્મા અને ઈન્દ્રના મદને ગાળી નાખનારા કામદેવની શક્તિનો ગર્વ જેણે લીલામાત્રમાં દબાવી નાખ્યો તે **સ્થૂલભદ્ર** (મુનિરાજ) અમારું કલ્યાણ કરો. ॥૧૨॥

**मणहरतारूण्णभरे, पत्थिज्जंतो वि तरूणिनियरेणं ।**
**सुरगिरिनिच्चलचित्तो, सो वयरमहारिसी जयउ ॥१३॥**

**અર્થ** : મનોહર યૌવન વયમાં અનેક સ્ત્રીસમુદાય વડે (વિષય માટે) પ્રાર્થના કરાતા છતાં જે મેરુગિરિ જેવા નિશ્ચળ ચિત્તવાળા (દઢ) રહ્યા તે **શ્રી વજસ્વામી** મહામુનિ જયવંતા વર્તો. ॥૧૩॥

**थुणिउं (मुणिउं) तस्स न सक्का, सड्डस्स सुदंसणस्स गुणनिवहं ।**
**जो विसमसंकडेसु वि, पडिओ वि अखंडसीलघणो ॥१४॥**

**અર્થ** : તે **સુદર્શન** શ્રાવકના ગુણગણને ગાવા (કોઈ પણ) સમર્થ થઈ શકે નહિ કે જે ભારે સંકટમાં આવી પડ્યાં છતાં અખંડ શીલને રાખી શક્યો છે. ॥૧૪॥

**सुंदरि-सुनंद-चिल्लण-मणोरमा अंजणा मिगावई अ ।**
**जिणसासणसुपसिद्धा, महासईओ सुहं दिंतु ॥१५॥**

**અર્થ** : **સુંદરી, સુનંદા, ચિલણા, મનોરમા, અંજના** અને **મૃગાવતી** વગેરે જિનશાસનમાં પ્રસિદ્ધ થયેલી મહાસતીઓ સુખશાંતિ આપો. ॥૧૫॥

**अच्चंकारीअ दट्ठूण, (सुणिऊण) को न धुणइ किर सीसं ।**
**जा अखंडिअसीला, भिल्लवईकयत्थिआ वि ॥१६॥**

**અર્થ** : **અચ્ચંકારીભટાનું** (અદભૂત ચારિત્ર) સાંભળીને કોણ (પોતાનું) મસ્તક ન ધુણાવે ? કે જેણીએ ભિલ્લપતિએ અત્યંત કદર્થના કર્યા છતાં અડગપણે સ્વશીલને અખંડ સાચવી રાખ્યું. ॥૧૬॥

**नियमित्तं नियभाया, नियजणओ नियपियामहो वा वि ।**
**नियपुत्तो वि कुसीलो, न वल्लहो होइ लोआणं ॥१७॥**

**અર્થ** : ગમે તો પોતાનો મિત્ર, પોતાનો બંધુ, પોતાનો તાત, પોતાના તાતનો તાત કે પોતાનો જ પુત્ર હોય, પણ જો એ કુશીલ હશે તો તે લોકોને પ્રિય થઈ શકશે નહિ. ॥૧૭॥

**सव्वेसिं पि वयाणं, भग्गाणं अत्थि कोइ पडिआरो ।**
**पक्कघडस्स व कन्ना, ना होइ सीलं पुणो भग्गं ॥१८॥**

**અર્થ :** બીજાં બધાં વ્રત ભગ્ન થયાં હોય તો તેનો ઉપાય કંઈ ને કંઈ (આલોચના-નિંદા પ્રાયશ્ચિત્તાદિક રૂપ) હોઈ શકે, પણ પાકા ઘડાને કાંના સાંધવાની પેરે ભાંગેલા શીલને સાંધવું દુર્ઘટ-દુઃશક્ય છે. ॥૧૮॥

**वेआलभूअरक्खस - केसरिचित्तयगइंदसप्पाणं ।**
**लीलाइ दलइ दप्पं, पालंतो निम्मलं सीलं ॥१९॥**

**અર્થ :** નિર્મલ શીલનું રક્ષણ કરનાર ભવ્યાત્મા, વેતાલ, ભૂત, રાક્ષસ, કેસરીસિંહ, ચિત્તા, હાથી અને સર્પના અહંકારને લીલામાત્રમાં (જોતજોતામાં) દળી નાંખે છે. ॥૧૯॥

**जे केइ कम्ममुक्का, सिद्धा सिज्झंति सिज्झिहिंति तहा ।**
**सव्वेसिं तेसिं बलं विसालसीलस्स दुल्ललिअं (माहप्पं) ॥२०॥**

**અર્થ :** જે કોઈ મહાશયો સર્વ કર્મથી મુક્ત થઈને સિદ્ધિપદને પામ્યા છે, વર્તમાનકાળમાં (મહાવિદેહાદિક ક્ષેત્રમાં) સિદ્ધિપદને પામે છે અને ભવિષ્યકાળમાં આ ભરતાદિક ક્ષેત્રમાં પણ સિદ્ધિપદને પામશે તે આ પવિત્ર શીલનો જ પ્રભાવ જાણવો. ઉત્તમ શીલ-ચારિત્ર (વ્યાખ્યાત ચારિત્ર)ની પ્રાપ્તિ કરનારની અવશ્ય સિદ્ધિ થાય જ છે. ॥૨૦॥

卐

**ચૂંટેલા વિચાર :**

★ ત્રણે લોકમાં પૂજવા લાયક જો કોઈ હોય તો તે બ્રહ્મચર્ય છે. તેના વિના બધા મીંડા છે.

★ બ્રહ્મચર્યના પાલન માટે ઈન્દ્રિય નિગ્રહ જરૂરી છે.

★ ઘૂવડ દિવસે ન જુએ, બિલાડી વિ. રાત્રે ન જુએ, પણ કામાંધ, રાગાંધ, વિષયાંધ રાત કે દિવસ જોતા નથી.

# શીલ (શિયળ) ધર્મ

'નમો નમો બંભધારિણં'

૩૨ લાખ વિમાનોનો સ્વામી ઈન્દ્ર જ્યારે ઈન્દ્રસભામાં બેસે ત્યારે સર્વ પ્રથમ બ્રહ્મચર્યવ્રતના ધારક આત્માઓને ભાવથી નમસ્કાર કરે છે. તેના મનમાં કેવું હશે બ્રહ્મચર્ય વ્રતનું મહત્ત્વ !

દેવગતિમાં સુખ ને સમૃદ્ધિમાં સમય વિતાવનાર ઈન્દ્ર પણ જો બ્રહ્મચારી એવા આત્માઓને વંદન કરતો હોય તો તેમાં આશ્ચર્ય નાનું સરખું નથી. કાંઈક કારણ અવશ્ય હોવું જોઈએ. તે છૂપું કારણ આજે આપણે તપાસીએ.

બીજી તરફ યતિ-સાધુઓના જે ૧૦ ધર્મ (જીવનના સદ્ગુણ) છે. તેમાં પણ એન્જીન રૂપે 'ક્ષમા' જ્યારે ગાર્ડ રૂપે 'બ્રહ્મચર્ય' છે. એટલે એક વાત સિદ્ધ થઈ કે મુનિ જીવનમાં પણ બ્રહ્મચર્ય વ્રતની બોલબાલા છે. પાંચ મહાવ્રતમાં અને શ્રાવકના ૧૨ વ્રતોમાં પણ તેનું સ્થાન છે.

બ્રહ્મચર્ય એટલે - (૧) મૈથુનનો ત્યાગ, (૨) વિષય વાસના ઉપર નિયંત્રણ. એથી આગળ વિચારીએ તો, (૩) અબ્રહ્મ = આત્મા અને તેના સ્વરૂપમાં રમણતા કેળવવી પ્રાપ્ત કરવી. (૪) હિન્દુઓ તો વીર્યનું રક્ષણ કરવાના અર્થમાં બ્રહ્મચર્યને સ્વીકારે છે.

બ્રહ્મચર્યના જો બે વિભાગ (અર્થ) કરીશું તો તેમાં એક વિભાગ વ્રતધારી જીવનો થશે. (૫ મહાવ્રત કે ૫ અણુવ્રત) અને બીજો - બ્રહ્મચારી જીવનો થશે. બ્રહ્મચારી જીવન વ્રત વિનાનું હોવા છતાં તે ઘણું આવકારણીય આદરને પાત્ર છે. જે ત્યાગી, તપસ્વી, આત્મલક્ષી આત્માઓ ૫-મહાવ્રત સ્વીકારે છે તે ચોથા વ્રતના અંતર્ગત નીચે મુજબની પાંચ ભાવનાઓ વ્રતના સુવિશુદ્ધ પાલન માટે નજર સામે રાખે છે, ભાવતા હોય છે.

**પાંચ ભાવના :**

૧. શુદ્ધવસતિ આદિની જયણા – સ્ત્રી, નપુંસકાદિના સ્થાને રહેવું, બેસવું અથવા સહવાસનો ત્યાગ.

૨. રાગમય કથાનો ત્યાગ – કામવિકાર કે વિષય વાસનાને ઉત્તેજીત સ્ત્રી સંબંધિ કથા ન સાંભળવી, ન કરવી.

૩. પૂર્વાનુભૂત સ્મરણ ત્યાગ – પૂર્વે સેવેલ મૈથુનાદિ સંબંધી ચેષ્ટાઓનું (અભિમાનીક તૃપ્તિ અર્થે પણ) સ્મરણ ન કરવું.

૪. સ્ત્રીના અંગોપાંગ જોવા, કે શરીર શ્રૃંગાર, વિભૂષાનો ત્યાગ, રાગમય દ્રષ્ટિથી

કામવાસનાને તૃપ્ત કરવા સ્ત્રીના અંગોપાંગ નિરખવા નહિં. શરીરની ટાપટીપ જોવી નહિં. દેખાવડા થવા માટે વિભૂષા કરવી નહિં.

૫. પૌષ્ટિક તથા માત્રાધિક આહાર ત્યાગ – ઈન્દ્રિયોના વિકારોને પોષવા પોષક, સ્વાદિષ્ટ અને વધુ પ્રમાણમાં આહાર લેવો નહિં. (માત્ર શરીરને નભાવવા અલ્પ, નિરસ આહારી થવું.)

આ પાંચ ભાવનામાં બ્રહ્મચર્યના પાલનમાં જે ભયસ્થાનો છે - તે નિવાસ, વચન, ચિંત્વન, નિરીક્ષણ અને આહાર માટેની ચર્ચા કરી છે. નિમિત્તવાસી આત્માને જો આવા નિમિત્ત મળે તો તે વ્રતનું સુવિશુદ્ધ પાલન કરી નહિં શકે અને એજ આ ભાવનાનો સાર છે.

આ જ રીતે સાધુ[卐] અને શ્રાવકના જીવનમાં બ્રહ્મચર્યની નવ વાડોનો પણ વિચાર કરવામાં આવે છે. તે વિચારીશું તો તેમાં પણ બ્રહ્મચારી જીવન જીવવા માટે નવ વાડો-મર્યાદા અથવા નિયમો જે વર્ણવાયા છે તે ઘણા જ ઉપયોગી ને ઉપકારક છે.

**બ્રહ્મચર્યની નવ વાડો :**

૧. સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનમાં રહેવું.
૨. સ્ત્રીની સાથે રાગથી, એકાંતમાં વાતચીત કરવી નહિં.
૩. જે આસન (જગ્યા) ઉપર સ્ત્રી બેઠી હોય ત્યાં ૨ ઘડી સુધી પુરુષે અને પુરુષના સ્થાને સ્ત્રીએ ત્રણપહોર સુધી બેસવું નહિં.
૪. સ્ત્રીના અંગોપાંગ જોવા, નિરખવા, ચિંતવવા નહિં.
૫. સ્ત્રી-પુરુષ સાથે સૂતા હોય, કામક્રિડા કરતા હોય તે પ્રવૃત્તિને ભીતના આડે પણ જોવી નહિં.
૬. પૂર્વે કરેલી કામક્રિડાનું ચિંત્વન-સ્મરણ ન કરવું.
૭. સ્નિગ્ધ, રસકસવાળો આહાર (ભોજન) લેવો નહિં.
૮. ક્ષુધાશાંત થાય તેથી વધુ પ્રમાણમાં આહાર લેવો નહિં.
૯. શરીરની શોભા (શૃંગારાદિથી) કરવી નહિં.

સાધુની જેમ અણુવ્રતધારી શ્રાવક માટે પણ વંદિત્તા સૂત્રની ૧૫/૧૬મી ગાથામાં પાંચ અતિચાર વર્ણવ્યા છે.

| | |
|---|---|
| ૧. અપરિગૃહિતાગમન | = વેશ્યા જેવી સ્ત્રી સાથે ગમન કર્યું. |
| ૨. ઈત્તર પરિગૃહિતાગમન | = થોડા ટાઈમ માટે રાખેલી સ્ત્રી સાથે અયોગ્ય વ્યવહાર કર્યો. |
| ૩. અનંગ ક્રિડા | = સ્ત્રીના અવયવોને સ્પર્શ કરવો. |
| ૪. પરવિવાહ કરણ | = બીજાના લગ્ન આદિ ગોઠવી આપવા. |
| ૫. કામભોગની તીવ્ર અભિલાષા | = વિષય વિલાસ ભોગવવાની અત્યંત ઉત્કંઠા. |

卐 આમાં પણ સાધુ જીવનની પાંચ ભાવનાના વિચારો આવી જાય છે.

સાધુ ને શ્રાવકની જેમ દેવગતિના જીવો માટે પણ કુદરતી રીતે નિયમો વૈષેયિક સુખ ભોગવવા માટેના છે. મુખ્યત્વે કુલ-૧૨ દેવલોક છે. તેમાં જેમ જેમ ઉંચે ૮ થી ૧૪ રાજલોકમાં વસતા દેવોના આયુષ્ય, સુખ, ભોગ આદિનો વિચાર કરીશું તો સ્પષ્ટ દેખાઈ આવશે કે જેમ જેમ એ વધારે સુખી તેમ તેમ વિષયો ભોગવવાની આહાર આદિ સંજ્ઞાની પદ્ધતિ-માત્રા ઓછી થતી જશે. અર્થાત્ શાતાવેદનીય કર્મની દ્રષ્ટિએ તેઓને ભોગમય જીવન આત્માની પ્રગતિ કરવા માટે અનર્થકારી લાગે છે.

**દેવલોક અને વિષયસુખો :**

૧-૨ સૌધર્મ - ઈશાન = માત્ર શરીરથી સુખ ભોગવે.
૩-૪ સનતકુમાર - માહેન્દ્ર = દેવીના માત્ર અવયવોને સ્પર્શ કરી આનંદ લે.
૫-૬ બ્રહ્મ - લાંતક = દેવીઓના રૂપ જોઈને તૃપ્ત થાય.
૭-૮ મહાશુક્ર - સહસ્ત્રાર = દેવીઓના મધુર શબ્દ સાંભળી સંતોષાઈ જાય.
૯-૧૦ આનત - પ્રાણત } = દેવીઓનું માત્ર મનથી સ્મરણ ચિંત્વન કરી સુખ
૧૧-૧૨ આરણ - અચ્યુત } = અનુભવે.

શીલવ્રત - નિયમના માટે ઉપર જણાવેલ મનુષ્યોમાં મહાવ્રતધારી મુનિવર્યો મન, વચન, કાયાથી સ્વ-પર સ્ત્રી માત્રના ત્યાગી હોય છે. જ્યારે શ્રાવક અણુવ્રતધારી સ્વ સ્ત્રીમાં સંતોષ રાખી પરસ્ત્રીઓનો ત્યાગ કરતા હોય છે. (અથવા ઉત્કૃષ્ટ રીતે સ્વ સ્ત્રીનો પણ શીલવ્રતના પાલન માટે ત્યાગ કરી બ્રહ્મચારી જીવન જીવે છે.)

જે જીવો બ્રહ્મચર્યનું પાલન કરતા નથી તેઓને માટે ૧૮ પાપસ્થાનકમાનું ચોથું 'મૈથુન' પાપસ્થાનક ઘણું કહી જાય છે. ટૂંકમાં જે બ્રહ્મચર્યનું પાલન કરતા-કરવાનું માનતા નથી. તેઓને નીચે મુજબના પાપના, નુકસાનના શિકાર-અધિકારી થવું પડે છે.

**મૈથુનના સેવનથી થતા નુકસાન :**

(૧) મૈથુનનું સેવન કરનારને કાળક્રમે નરકગતિના દુઃખો ભોગવવા પડે છે.
(૨) મૈથુનના સેવનથી વીર્ય ને રજના મિશ્રણથી ૨ થી ૯ લાખ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની અકારણ હત્યા (હિંસા) કરવા માટે આ જીવને નિમિત્ત રૂપ બનવું પડે છે.
(૩) બીજાને આકર્ષવા માટે ઉપયોગી થાય તેવી વેષભૂષા, ભાષા, અંગપ્રદર્શન આદિ કરી પોતે પડે ને બીજાને પાડે છે.
(૪) પાંચે ઈન્દ્રિયોની શક્તિઓનો હ્રાસ થાય. અકાળે રોગ કે વૃદ્ધાવસ્થા આવે. મરણને શરણ થવું પડે. મન, વચન, કાયા નિર્બળ થઈ જાય.
(૫) વ્યવહારમાં મૈથુન સેવનાર ઉપર કોઈ વિશ્વાસ-ભરોસો રાખતા નથી. એ દુર્ગતિના અતિથી થાય છે.
(૬) હાથી સ્પર્શેન્દ્રિયને સંતોષવા હાથણીને જોયા પછી તેની સાથે આનંદ માટે

પાગલ થાય છે ને છેવટે તેમાં જ તેનું (શિકારી પકડવા જાળ પાથરે) પતન થાય છે.

(૭) રૂપની પાછળ પાગલ થઈ પતંગિયા જે રીતે પોતાના જીવનનો વિનાશ કરે છે. તેમ મણીરથ રાજાએ, ગર્દભીલ રાજાએ, પ્રજાપતિ રાજાએ, ચંદ્રશેખર રાજાએ, મધુ રાજાએ, ચંડપ્રદ્યોત રાજાએ (એવા અનેકોએ) રૂપના કારણે અને મૈથુન સેવવાની અયોગ્ય ભાવનાથી પોતાના નામો અયોગ્ય રીતે ઇતિહાસના પાનામાં લખાવ્યા. આ રીતે તેઓની જીવન જીવવાની અયોગ્ય પદ્ધતિ જાહેર થઈ.

(૮) અબ્રહ્મચારીની બુદ્ધિ વિકારવાળી હોય છે. વિકૃત બુદ્ધિના કારણે સારું હોય તો પણ તે ખરાબ જુએ. ખરાબમાં સારાની સ્થાપના કરે. માટે જ સમક્તિ હોય તો તેનું ચાલ્યું જાય.

(૯) કામવાસના પુરુષો કરતાં સ્ત્રીઓમાં આઠગણી જાગૃત હોય છે અને શાંત પણ ઘણા સમયે થાય છે.

(૧૦) શરીરમાં આહારથી રસ, રસથી લોહી, લોહીથી માંસ, માંસથી ચરબી, ચરબીથી હાડકા, હાડકાથી મજ્જા અને મજ્જાથી વીર્ય (અથવા શુક્ર) બને છે. આ સાત ધાતુથી (ઘણા પ્રયત્નથી) બનતું વીર્ય અબ્રહ્મના સેવનથી નાશ થાય છે. દરેક ધાતુને રૂપાંતર થતા સાત દિવસ લાગે છે. એટલે ૭×૭=૪૯ દિવસે બનેલું વીર્ય એક ક્ષણમાં નાશ થાય.

(૧૧) વૈતરણી નદીના અસહ્ય દુઃખો પરભવે ભોગવવા પડે.

**સંજ્ઞા-આશ્રમ :**

મનુષ્ય જન્મ લે ત્યારે જરૂર ચાર સંજ્ઞામાંથી ત્રીજી મૈથુન સંજ્ઞા તેની સાથે જ હોય છે પણ તે સંજ્ઞાને નબળી શક્તિહીન બનાવવા માટે જ્ઞાની પુરુષોએ ચાર આશ્રમની વ્યવસ્થા કરી છે. તેમાં સર્વપ્રથમ 'બ્રહ્મચર્યાશ્રમ' છે. આ સ્થાને જીવ પોતાની યોગ્યતાને વધારે છે. જીવન સંયમી-સંસ્કારી ઘડે છે. પછી જ 'ગૃહસ્થાશ્રમ'માં પગલા ભરે છે. ગૃહસ્થાશ્રમ સંસાર વધારનાર છે. તેમાંથી બચવા પૂર્વ કાળના સંસ્કાર જાગ્રત રાખીને એ જીવનને ચલાવે છે ત્યારે ત્રીજા 'વાન પ્રસ્થાશ્રમ'માં પોતાના શુદ્ધ લક્ષને પ્રાપ્ત કરવા સફળ થાય છે. જેનો પાયો મજબુત તે મકાન દીર્ઘ ટકે. એ ન્યાયે જ્યારે આત્મા ચોથા 'સંન્યાસાશ્રમ'માં પ્રવેશે છે ત્યારે મનથી દ્રઢ બની જીવન ધન્ય કરવા પુરુષાર્થ કરે છે. માટે જ જીવનનો પ્રારંભ સમ્યગ્જ્ઞાન સહિત બ્રહ્મચર્યથી થાય એ લાભદાઈ છે.

**શીલના પગથિયા :**

ધર્મહેતી (તુ) પ્રકરણ - સ્વોપજ્ઞવૃત્તિ ગાથા ૩૭-૩૮ની અંદર **શીલના** પગથિયાની ચર્ચા બહુ દીર્ઘદ્રષ્ટિથી કરી છે.

૧. જિનમંદિરમાં રત્નત્રયીનો લાભ થાય માટે તેનું સેવન કરવું.
૨. અનિવાર્ય કાર્ય-કામ વિના બીજાના ઘરમાં પ્રવેશ પણ ન કરવો.
૩. ઉદ્ભટવેશ પરિધાન ન કરવો. (શ્રાવકને શોભે તેવો વેશ પરિધાન કરવો.)
૪. વિકારોત્પાદક વચનો ન બોલવા.
૫. જે પ્રવૃત્તિ બાળચેષ્ટા જેવી છે, તે ચેષ્ટાઓ ન કરવી.
૬. મધુર (હિતકારી) વાણી વડે (પોતાનું કે બીજાનું અહિત ન થાય તેવું) કાર્ય સાધવું.

**શીલ અને ભાવશ્રાવક :**

ભાવશ્રાવકોની વિચારણા જો કરવામાં આવે તો ત્યાં પણ છ લક્ષણમાં એક બ્રહ્મચર્યનું લક્ષણ વર્ણવ્યું છે. તેજ રીતે જે તપની આરાધનાથી તીર્થંકર નામકર્મની નિકાચણા થાય. તે વીશ સ્થાનક તપમાં પણ ૧૨મું 'બ્રહ્મચર્ય' પદ છે. ચંદ્રવર્મા રાજાએ આ તપની ઉત્તમ પ્રકારે આરાધના કરી તીર્થંકર નામકર્મની નિકાચના કરી હતી. અર્થાત્ તીર્થંકર થવા માટે પણ બ્રહ્મચર્ય ઉપયોગી થાય છે.

બારવ્રતની અંદર મૈથુન વિરમણ વ્રતની સાથે ખાસ ચાર જે શિક્ષાવ્રતની પ્રરૂપણા કરાઈ છે. તેમાં પણ સામાયિક, પૌષધ, દેસાવગાસિક અને અતિથિ સંવિભાગ વ્રતની આરાધનામાં અવાંતર રીતે આરાધક આત્મા બ્રહ્મચર્ય વ્રતની ઉપાસના કરે છે.* સાધુઓ તો આ વ્રત આજીવન પાળનારા (સ્વીકારેલ હોવાથી) હોય છે. આ રીતે વ્રતધારીઓ સ્વ જીવને (ત્યાગના કારણે) અને પર જીવને (પચ્ચકખાણના કારણે) અભયદાન પણ આપનારા થાય છે.

શીલ, બ્રહ્મચર્ય માટે સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચારીશું તો - એકથી ચાર ઈન્દ્રિયોને વિષય-વિકાર સંબંધી અતિચાર લાગતા નથી. કારણ એ જીવો ભોગટવો કરતા નથી તેમ છતાં એ જીવો કર્મ નિર્જરાનો લાભ પણ ત્યાગ કર્યો ન હોવાથી મેળવી શકતા નથી. જ્યાં વિચાર-આચારમાં વિરતિ-ત્યાગની ભાવના નથી ત્યાં કર્મ નિર્જરા શક્ય નથી.

છ'રિપાલીત સંઘયાત્રાના યાત્રીકો માટે પણ ખાસ યાત્રાના દિવસોમાં બ્રહ્મચર્યનું પાલન નિયમા બતાડ્યું છે. બ્રહ્મચારી હોય, ભૂમિ સંથારી હોય, સચિત્તના ત્યાગી, ગુરુ સાથે પાદ વિહાર એકલ આહારી હોય, અર્થાત્ મનથી વૈરાગી, તનથી ભૂમિસંથારી ને વચનથી વચનગુપ્તિના પાલક હોય છે. અને તોજ એ તીર્થ યાત્રા અપૂર્વ આનંદ ને અખૂટ પુણ્ય બંધાવી શકે છે.

**કામ-ઈચ્છાપૂર્તિ :**

'કામ''ને સંસ્કૃતમાં ઈચ્છાનો પર્યાયવાચી શબ્દ માનવામાં આવે છે. સંસારી જીવ ક્ષણે ક્ષણે વિવિધ પ્રકારની ઈચ્છાઓ કરતો હોય છે. છતાં સર્વ સામાન્ય રીતે

* ૨૨ ભ.ના સાધુ ચાર મહાવ્રતી હોવા છતાં 'સ્ત્રી'ને પરિગ્રહમાં સ્વીકારી લે છે.

ચાર ઈચ્છાઓને આધીન જીવ દેખાય છે. (૧) ખાવા-પિવાની ઈચ્છા. (૨) સારું-ખરાબ જોવાની ઈચ્છા. (૩) ધન-ધાન્ય, માન-પાન પ્રાપ્ત કરવાની ઈચ્છા. (૪) સંસારીક (સ્ત્રી-પુરુષાદિ સંગ) મકાન, વૈભવ-વિલાસાદિ ભોગવવાની ઈચ્છા.

સર્વપ્રથમ ઈચ્છા એ જ મહાન દુઃખ છે. જીવનની જેમ જેમ ગાડી આગળ વધતી જાય (ઉંમર વધે) તેમ તેમ તૃષ્ણાબાઈને વૃદ્ધાવસ્થાંના બદલે જુવાની આવતી જાય. વૃદ્ધાવસ્થામાં હાથ ધ્રુજે તો પણ રથ હાંકવાની, પગ થરથરે છતાં ડુંગરાઓ ચઢવાની, જીભ થોથડાઈ જાય તો પણ કડવાવેણ ઉચ્ચારવાની ટેવ માનવી છોડતો નથી. ખાવામાં, જોવામાં, ભોગવવામાં પોતાની શક્તિને ભૂલી જાય છે. તેથી ઈચ્છાપૂર્તિ ન થવાથી દુઃખી દુઃખી થાય છે માટે જ કામ-ભોગથી મુક્ત થવું જરૂરી છે.

બ્રહ્મચર્યના પાલનમાં જેને અનુરાગ થાય તે સાચો અહિંસાનો ઉપાસક કહેવાય. સંસારની વૃદ્ધિ કરવાની ઈચ્છા-ભાવના તેના જીવનમાં જન્મે જ નહિં. માયા-કપટ કરી જે પાપોનું સેવન થાય છે. થવાનું છે તેનાથી એ દૂર થાય યાવત્ પોતાના આચરેલા-કરેલા ધર્મ દ્વારા જે કાંઈ સુકૃત્ય-પુણ્ય બંધાયું હોય તેનો નિયાણું કરીને નાશ ન કરે. દુરુપયોગ ન કરે. ક્રમશઃ ધર્માભિમુખ થવા માટે ભાવના ભાવે.

શાસ્ત્રોમાં ધન-લક્ષ્મીની મૂર્સ્છા ઉતારી સોનાના દેરાસર બનાવવાનું સહેલું કહ્યું છે. તેનાથી જે પુણ્ય થાય તેના કરતાં જીવનમાં બ્રહ્મચર્યને સ્વીકારનાર-પાળનારને વધુ પુણ્ય બાંધે છે એમ બતાડ્યું છે. મોહનીય કર્મ જે આઠ કર્મમાં રાજાના સ્થાને છે. તેના ઉપર જો વિજય મેળવવો હોય તો 'બ્રહ્મચર્ય' ઉત્તમ સાધન છે. તે જ સર્વોત્તમ કોટીની તપશ્ચર્યા પણ છે.

**શીલ ઉપર કાવ્ય શબ્દની અસર :**

શબ્દ માનવી જ્યારે સાંભળે છે ત્યારે તે શબ્દના શ્રવણ પછી તેના પદાર્થ-અર્થનું એ ચિંતવન કરે છે. અને તે અનુસાર વિષય ભોગવવામાં અથવા કષાયોથી પ્રત્યુત્તર આપવામાં સાથ લે છે. તેથી શીલવાન વ્યક્તિને મધુર કર્ણપ્રિય શબ્દ શ્રવણથી દૂર રહેવા કહ્યું.

કાવ્ય જગતમાં મુખ્ય બે રસ માનવામાં આવે છે. (જો કે રસ છ છે) બ્રહ્મચારીના મન ઉપર અસર કરનાર શ્રૃંગારરસ છે. શ્રૃંગારરસમાં બનાવેલ સાહિત્ય ગાવામાં જો કોકીલકંઠી સ્ત્રી આવી જાય તો સાંભળનાર પાગલ થઈ જાય છે. માટે એવા વિકારપોષક શબ્દ શ્રવણથી દૂર રહેવું.[卐]

**આહાર અને શીયળ :**

માનવીને જીવવા માટે ભોજન લેવું અનિવાર્ય બને છે. માત્ર એ ભોજન રસવંતુ-નિરસ અને કામોત્તેજક દ્રવ્યોનું છે કે કેવું ? તે મહત્વનું છે.

---

卐 ભર્તુહરિ રાજાએ સર્વપ્રથમ શ્રૃંગારશતક બનાવી સ્ત્રીઓની પ્રસંશા કરી હતી. પણ નિમિત્ત મળતા 'વૈરાગ્ય શતક' બનાવી ધન્ય બનેલ.

શાસ્ત્રોમાં ૪-મહાવિગઈ સર્વથા ત્યજવાનું જે કહ્યું છે તેની પાછળ મુખ્ય કારણ એ મહાવિગઈઓના નિર્માણમાં અને સેવનમાં થનારું નુકસાન છે. તેના સેવનથી માનવી ભાન ભૂલી જાય છે, કુકર્મ કરવા પ્રેરાય છે. તેજ રીતે સામાન્ય છ વિગઈ પણ વિવેકથી જો વાપરવામાં ન આવે તો તેથી શરીર-સ્થુલ અથવા કામવાસનાવાળું બને છે. તેથી એ વિગઈઓનો પણ ધર્મીજનોએ ત્યાગ કરવો જોઈએ. આજ કારણે તપની ગણત્રી આયંબીલના તપથી થાય છે.

ઈતિહાસમાં ષડરસના ભોજન આરોગતા સ્થુલિભદ્રજીની ''દુષ્કર દુષ્કર દુષ્કર'' શબ્દો દ્વારા ગુરૂએ પ્રશંસા કર્યાની વાત આવે છે તેમાં મુખ્ય કારણ એ ભોજન પચાવવા માટે તેઓ સમર્થ હતા. ત્યાગી મુનિ, ધ્યાની, સાધક, આત્મચિંતક સમ્યગ્ જ્ઞાની હોવાથી ભોજનને નબળું કરી શક્યા.

બ્રહ્મદત્ત ચક્રી, બ્રાહ્મણને ચક્રવર્તિનું ભોજન ન આરોગવા સમજાવે છે. તેથી ભવિષ્યમાં થનારા નુકસાનને પણ બતાડે છે છતાં તે માનતો નથી. અંતે ઘણો દુ:ખી થાય છે. તેનું કારણ જ પચે તેવું ભોજન કરવાનો સિદ્ધાંત છે. વિચારશીલ માનવ જો વિચાર કરી પોતાને અહીતકારી વિકારવર્ધક આહાર શોધી લે-ત્યજી દે તો તેનું જીવન ઘણું સુધરી જાય. ખાટા-મીઠા, મસાલાવાળા, ચટપટા ખાદ્યપદાર્થો ખાવાથી વીર્ય દુષિત થાય છે. અને તેની અસર જીવન ઉપર પડે છે.

**ખાટા મીઠા ચબકલા, દો અંગુલ કે બીચ,**
**સંત કહે સુન સંતની, મિલે કીચે મેં કીચ.**

**મંત્રસાધના ને શીલવ્રત :**

શીલવ્રત માટે ભગવતિજી, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, પ્રશ્ન વ્યાકરણ, સૂત્ર કૃતાંગ જેવા અનેક આગમોમાં અનેક વિચારો જોવા મળે છે. મંત્ર વિજ્ઞાનમાં નવકારમંત્રની આરાધના-સિદ્ધિથી આત્મા નિર્મળ થાય છે તેવું કહ્યું છે. કર્મ ક્ષય માટે પણ સાધના કામ આવે છે તે આવશ્યક ક્રિયાથી જાણીએ છીએ. પ્રશ્ન એ જ છે, કે- શુદ્ધ સાધના કેવી રીતે થાય ? અને તે માટે જ કહ્યું છે, કે - ''અંગ, વસ્ત્ર, મન, ભૂમિ, ઉપકરણ, ન્યાયી દ્રવ્ય ને વિધિ'' એ સાતની શુદ્ધિ જીવનમાં જરૂરી છે.

'અંગ'માં બાહ્ય અને અભ્યંતર ભેદથી શરીર સંબંધિ વિચાર કરીશું તો બ્રહ્મચર્યની મહત્તા સમજાશે. બ્રહ્મચારીનું જીવન ઘણું નૈતિક હોય તે વચનસિદ્ધ હોય એવી જે સમાજમાં છાપ છે તે સત્ય છે ને તેથી જ સાધનાની ફળશ્રુતી શીલવ્રત સાથે સંકળાયેલી છે.

**નારી અને બ્રહ્મચર્ય :**

કિંપાકનું ફળ દેખાવમાં મોહક છે. રસનેન્દ્રિયને માટે અપેક્ષાએ ખાવાથી આનંદ અપાવનાર લલચાવનાર છે. પણ એને જો ભોગવવા (ખાવામાં) આવે તો એ ફળ ઝેર જેવું અનિષ્ટ પરિણામ માનવીને મૃત્યુની ભેટ સુધીનું આપે છે.

આજના જમાનામાં ડાયાબિટીશ - બ્લડપ્રેશર કે હાર્ટએટેકના દર્દીઓ માટે પણ ખાવા, પિવા, ભોગવવા કે ચિંતા કરવામાં ધ્યાન સંયમ ન રાખ્યું તો તેઓની સામે રોગ લાલબત્તી ધરે છે. રસનાની લાલચમાં લલચાયા તો મૃત્યુ તમારાથી દૂર નથી.

તે જ રીતે પુરુષને માટે સ્ત્રી-નારી અર્ધાંગિની કે ધર્મપત્ની વિ. ભલે હોય પણ તે નરકની ખાણ છે. તેને ભોગવવા પાછળ માણસ ખુંવાર થઈ જાય છે. તેનું રૂપ ગમે તેટલું સુંદર હોય, વચન ગમે તેટલા કર્ણપ્રિય હોય, તેનો સ્પર્શ કરવા મન ગમે તેટલું લલચાતું હોય પણ જેમ અગ્નિથી અડપલાં ન કરાય એ અડનારને દઝાડ્યા વગર રહેતી નથી તેમ આ સ્ત્રીને સમજીએ, તેનાથી જેટલા દૂર રહીએ તેટલું સુખ છે. સંસારમાં જે આસક્ત ન થતાં અનાસક્ત ભાવે જીવે છે તે જીતી જાય છે.

**શીલ અને સ્વાસ્થ્ય :**

એક વખત ભોગ ભોગવવાથી જેમ ૯ લાખ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની હત્યાનું પાપ લાગે છે. તેમ શરીર વિજ્ઞાનીઓ કહે છે, કે - એક વખતના ભોગમાં ૩ થી ૧૦ દિવસ જેટલી માનસિક-શારીરિક શક્તિનું નુકસાન થાય છે. માટે જ કહેવાય છે, કે - 'ક્ષણભર સુખ છે, જ્યારે મણ ભર દુ:ખ છે.' દીર્ઘ જીવનની, સ્વાવલંબી જીવનની પ્રાપ્તિ માટે દરેક માનવ ઝંખના રાખે છે. તેના માટે અનેક પ્રકારના કાયાકલ્પાદિ પ્રયોગો કે આયુર્વેદિક રસાયણોનું સેવન કરે છે. માની લઈએ કે તેથી શરીર તંદુરસ્ત બને છે પણ તેની સાથે જો બ્રહ્મચર્યનું જીવનમાં સ્થાન હોય તો એ મેળવેલી શક્તિ વેડફાઈ ન જાય. અન્યથા કરેલી કમાણી ગટરમાં નંખાણી. માટે જ દીર્ઘજીવી થવા કે તંદુરસ્ત રહેવાનો એક જ ઉપાય - બ્રહ્મચર્ય.

પ્રાચીન કાળમાં વૈદ્યો કોઈપણ દર્દીને દવા આપે તો તેની સાથે પથ્ય પાળવાનું ભારપૂર્વક પ્રથમ કહેતા હતા. પથ્ય એ મહાન દવા છે. એના કારણે આપેલી દવા રોગ ઉપર અસર કરે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે, કે બ્રહ્મચર્ય એ પણ એક પ્રકારનું પથ્ય જ છે.

૧૦૦ વર્ષ વટાવી ચુકેલા કે વટાવવાની તૈયારી કરતાં કોઈ માનવીને પૂછવામાં આવે કે - તમારું આટલા વર્ષો પછી પણ અપેક્ષાએ સ્વાવલંબી જીવન કેમ થયું? (કારણ ૬૦-૭૦ વર્ષના વૃદ્ધોને વાળ, દાંત, કાન, પગ વિ.ની બધી જ નોટીસો આવેલી અનુભવાય છે. દરેક રીતે એ પૂર્ણ સુખી નથી) ત્યારે એ વૃદ્ધની અનુભવ વાણી એ જ કહેશે કે - નીતિ, સદાચારી, નિયમિત સાત્વીક જીવન એ જ તેનું કારણ છે.

**કર્મશાસ્ત્ર અને શીયળ :**

કર્મ શાસ્ત્રમાં અઘાતી કર્મમાં 'વેદનીય' કર્મનું સ્થાન છે. તેના દ્વારા જીવ સુખ-દુ:ખનો અનુભવ કરે છે. શારીરિક સુખ ત્યારે જ શક્ય છે જ્યારે જીવદયાનું

ઉત્તમ રીતે પાલન કરો-કરાવો. શીયળવ્રતનું જે આત્મા પાલન કરે છે તે ૯ લાખ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોને અભયદાન આપે છે. અર્થાત્ જે બીજાને સુખ આપે છે તે પોતે પણ સુખ ભોગવવાનો અધિકારી થાય. ફળ સ્વરૂપ એ મન, વચન, કાયાથી શારીરિક સુખ ભોગવે છે.

બીજી એક અંતરાય કર્મ સાથે સંકળાયેલી વાત છે. અંતરાય કર્મના પાંચ ભેદ છે. તેમાં વીર્યાન્તરાય એક ભેદ છે. જેનો ક્ષયોપશમ બ્રહ્મચર્યથી થાય છે. તે જ રીતે ભોગાંતરાયનો પણ એક ભેદ છે. આમ શક્તિનો વિકાસ કે ભોગ-ઉપભોગનો સંયમી વપરાશ કર્મને લક્ષમાં રાખી કરનાર નવા કર્મ બાંધતો નથી.

**૪ (૫) મહાવ્રત અને બ્રહ્મચર્ય :**

મુનિઓના જીવનમાં પાંચ મહાવ્રતોનું મહત્વ ઘણું છે. જ્યારે મુનિ અબ્રહ્મનું સેવન કરે ત્યારે પહેલા વ્રતની દ્રવ્ય હિંસા થાય. બીજા વ્રતમાં ભાવ બ્રહ્મચર્યના ભંગની સામે ભાવથી સત્યનો પણ ભંગ થાય. ત્રીજા વ્રતમાં ચાર અદત્તમાં દેવ-ગુરૂની આજ્ઞાનો ભંગ થયો તેમ સમજવું. અને ચોથા તથા પાંચમાં વ્રતમાં સ્ત્રીના વગર મૈથુન સેવાય નહિં. સ્ત્રીએ પરિગ્રહ છે. આમ એક વ્રતના ખંડનમાં બીજા ચારનું પણ ખંડન થાય છે.

**તપ અને બ્રહ્મચર્ય :**

બાહ્ય અને અભ્યંતર એમ તપના ૨ મુખ્ય ભેદ છે. તેના અવાંતર-૧૨ ભેદ (૬×૨) થાય છે. અભ્યંતર ભેદમાં વિનય-વૈયાવચ્ચ અને બાહ્યતપમાં અનશન - તપ અપેક્ષાએ બ્રહ્મચર્ય સાથે સંલગ્ન છે. ઉણોદરી - વૃત્તિસંક્ષેપ - રસત્યાગ એ તપ પણ બ્રહ્મચર્યની સુરક્ષામાં જરૂર છે.

ભગવતિજી સૂત્રમાં કહ્યું છે, કે - એક દિવસના નૈષ્ઠીક મન-વચન-કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળનારને ૧૮૦ ઉપવાસ (છ મહિના) જેટલું પુણ્ય થાય છે.

સૂત્રકૃતાંગ - સૂત્રમાં અનેક પ્રકારના તપોમાં સર્વશ્રેષ્ઠ તપ બ્રહ્મચર્યને બતાવી એ વાતની યાદી કરાવી છે, કે - વાસના પર વિજય મેળવ્યા વગરની ક્રિયા નિષ્ફળ છે. અપેક્ષાએ સ્ત્રીને જોવામાં જેટલું નુકસાન નથી તેથી વધુ નુકસાન સ્ત્રીને નયનોમાં, અંતરમાં સ્થાન આપવામાં છે. સ્મૃતિપટ ઉપર સ્થપાયેલી નારી જ મન, વચન, કાયાને દૂષિત કરે છે. એ જ પતનના માર્ગે પ્રગતિ કરવા માનવીને પ્રેરે છે.

**ધ્યાન અને બ્રહ્મચર્ય :**

ધ્યાન - કોઈપણ વસ્તુને જોવાથી, સ્મૃતિપટ ઉપર લાવવાથી થાય છે. ધ્યાતા-ધ્યાનના સહારે કર્મ બાંધે પણ અને ખપાવે પણ છે. ધ્યાનના ૪ ભેદમાં 'આર્તધ્યાન' વિષયોના અનુરાગથી થાય. અને એ જેમ જેમ વૃદ્ધિ પામે તેમ તેમ એ દુર્ગતિનો બંધ કરાવે છે. સૂક્ષ્મ રીતે આર્તધ્યાનના ૪ પ્રભેદ અને ૬૦ ઉત્તરભેદ પણ જોવા મળે છે.

ધ્યાનની જેમ લેશ્યા (પરિણામ - વિચારોની ધારા) ને પણ વિષયોની સાથેના સંબંધને વિચારશું તો સમજાશે કે - શુકલ લેશ્યાદિ માનવીને ગુણમાં સમૃદ્ધ કરે છે. જ્યારે કૃષ્ણ લેશ્યાદિ માનવીને પતનની ખીણમાં પાડે છે. જેવી લેશ્યા તેવા તેના અધ્યવસાય, વર્ણ, રસ, સ્પર્શ વિ. હોય છે. માટે જ બ્રહ્મચારીના જીવનને એક આદર્શ જીવન કહ્યું છે.

**બ્રહ્મચર્ય ને બહુમાન :**

''કરણ, કરાવણ, અનુમોદન સરીખા ફળ પાવે'' એ પંક્તિ અનુસાર બ્રહ્મચર્ય પાળનાર, પળાવનાર, અનુમોદના કરનાર ભાવના કારણે સરીખા ફળને પામે છે.

માંડવના રાજા જયસિંહનો રણરંગ હાથી એક દિવસ મદિરાપાનના કારણે તોફાને ચડ્યો હતો. દેવઅધિષ્ઠીત વૃક્ષને પણ તેણે જમીન દોસ્ત કરી નાખ્યું. રાજા મૂંઝાયો, પટ્ટરાણીની ચતુર દાસીએ રાજભવનમાંથી મહામંત્રીશ્વર પેથડ શાહના તરફથી બ્રહ્મચર્યની ખુશાલીમાં પ્રાપ્ત થયેલ લાલવસ્ત્ર રાજાને આપી હાથીને ઓઢાડવા કહ્યું. રાજાએ પ્રથમ હસવામાં વાત કાઢી નાખી. પણ અનુભવ તો કરી જોઈએ. એમ વિચારી તેમ કરાવ્યું ને જોત જોતામાં હાથી શુદ્ધિ ઉપર આવ્યો. તેના તોફાન બંધ થયા.

વસ્ત્રનો આવો પ્રભાવ જોઈ રાજા એક ક્ષણ વિચારમાં પડી ગયો. આ વસ્ત્ર મંત્રીશ્વર પેથડશાહના બ્રહ્મચારીના જીવનની અનુમોદના રૂપે આવેલું તે વાત યાદ આવી. કદમ્બા રાણીની ઈર્ષાના કારણે આજ વસ્ત્રના નિમિત્તે લીલાવતી રાણીની સાથે અન્યાય થયો તે પણ રાજાની સમજમાં આવી ગયું.

સાહિત્યમાં સ્ત્રી કથા, રાજ કથા, ભક્ત કથા અને ભોજન કથાના વિભાગો જોવા મળે છે. ત્યાં પણ સ્ત્રી કથા કરવામાં લાલચુ થએલ આત્માને દુઃખની વૃદ્ધિ કરનારો ને અનર્થદંડના પાપને બાંધનારો ગણવામાં આવેલ છે. કથામાં વ્યથા ન જોઈએ, વૈરાગ્ય જોઈએ. કાલ્પનિક નવલકથાનો અંત પ્રશ્નાર્થ હોય છે. સત્ય ઘટનાનો અંત સત્ય સમજવા માટેનો હોય છે. સ્ત્રી ચરિત્ર બ્રહ્મા પણ પામી ન શકે એ વાત આપણને વિચારમાં મૂકી દે છે.

**નરક અને પરમાધામી :**

નરકગતિમાં અસહ્ય દુઃખ આપનારા ૧૫ પરમાધામી જીવો (કોર્ટમાં જજ જે રીતે ફાંસીની સજા વિ. કરેલા કર્મ (કાર્ય) અનુસાર ફટકારે તેમ) હોય છે. આ જીવે સંસારમાં ભાન ભૂલી જે અબ્રહ્મ આદિ કુકર્મ (કાર્ય) કર્યા હોય તે દ્વારા નિકાચીત કર્મ બાંધ્યું હોય તે નરકે ગયેલા જીવોને યાદ કરાવી પાપનો બદલો વેદના (દુઃખો) આપી તેઓ લે છે. તેમાં રૂદ્ર નામના પરમાધામીઓ અસંયમી-અબ્રહ્મના સેવનને યાદ કરાવી લોઢાની પુતળીને તપાવીને તેની સાથે આલિંગન કરાવવા દ્વારા અસહ્ય વેદના આપે છે. તે વખતે દુઃખ ભોગવતાં નરકના જીવોને અહીંથી છૂટ્યા બાદ ફરી આવી અનુચિત્ત પ્રવૃત્તિ ન કરવાની ભાવના થાય છે.

**પતનના પગથિયા :**

(૧) સર્વપ્રથમ આંખ આમંત્રણ આપે. (૨) ચિત્તમાં વારંવાર સ્મરણ થાય. (૩) મેળવવા પ્રયત્ન કરે. (૪) ન મળે તેથી નિદ્રા-ઊંઘ બગડે. (૫) અનિદ્રાથી શરીરમાં વ્યાધિ-હાની થાય. (૬) અન્ય પ્રવૃત્તિમાં ઉદાસીનતા. (૭) શરમ-લજ્જા ત્યાગની ભાવના. (૮) ઉન્માદ પાગલપણું. (૯). કામાંધનાના કારણે વિવેકબુદ્ધિનો અભાવ. (૧૦) છેલ્લે મૃત્યુની પસંદગી. (૧૧) એકાંત (૧૨) અંધકાર (૧૩) અનુકૂળતા. એક જ જીવનમાં આ રીતે અબ્રહ્મના સેવનના વિચારો માત્રથી પતન થવું સંભવિત છે.

**શીલ-બ્રહ્મચર્યની વિરાધના :**

૧. સ્ત્રી સંસર્ગ, ૨. રસીક આહાર, ૩. સુગંધીત શરીર, ૪. કોમળ શય્યા, ૫. શ્રૃંગાર, ૬. મધુર શબ્દ શ્રવણ, ૭. ધન લાલચ, ૮. કુશીલ સંસર્ગ, ૯. સેવા, ૧૦. રાત્રીમાં પ્રવાસ. આવા કારણે શીયળ પાળવામાં વિઘ્ન આવે તે સંભવીત છે.

બ્રહ્મચારીએ પાંચ ઈન્દ્રિયો ઉપર કાબુ રાખવો જોઈએ. અન્યથા - **સ્પર્શેન્દ્રિય**ના કારણે શરીરનો સ્પર્શ કરવાથી તે ભાન ભૂલાવે. **રસનેન્દ્રિય**ના કારણે રસાસ્વાદનનો ચટકો લાગે તો બુદ્ધિ બગાડે. **ઘ્રાણેન્દ્રિય**ના કારણે જ્યાં દુર્ગંધની શક્યતા છે ત્યાં સુગંધિનો મતિભ્રમથી અનુભવ કરે. **ચક્ષુરેન્દ્રિય**ના કારણે રૂપનું પાન કરતાં અતૃપ્ત થાય, પગથી માથા સુધી એકીટસે નિરખ્યા કરે અને **શ્રોતેન્દ્રિય**ના કારણે મનગમતાં શબ્દશ્રવણ કરી જીવન હોડમાં મૂકવા-સમર્પણ કરવા અથવા ફના થવા તૈયાર થાય.

**રૂપવાન સુવર્ણસુંદરી :**

ભ. મલ્લિનાથ (મલ્લિકુમારી) સ્ત્રી લિંગથી તીર્થંકર થયા હતા. તેઓના અનોખા રૂપને નિહાળી ઘણાં રૂપઘેલા યુવરાજો તેઓની માંગણી કરવા આવતાં. તે અવસરે બધાને મલ્લિકુમારી એક જ જવાબ આપતી કે - જેવું મારું રૂપ અને જેવું મારું ભોજન છે. તે જ રીતે બગીચામાં ઊભેલી સુવર્ણસુંદરીનું પણ રૂપ છે. ભોજન પણ મારી જેમ આરોગે છે. માટે ત્યાં જઈ તેના રૂપનું પાન કરી (મુખના ઢાંકણાને ખોલી ગંધનો અનુભવ) કરી આવો. ત્યાર બાદ આગળની વિચારણા થશે.

યુવરાજો બગીચામાં હોશભર્યા જાય છે. પણ સુંદરીના મુખનું દ્વાર (ઢાંકણું) ખોલતાં દુર્ગંધથી મુંઝાઈ જાય છે અને એ વૈરાગ્યના સંદેશથી મલ્લિકુમારીએ ઘણાને ધર્મના માર્ગે વાળ્યા. આ શરીર ગંદકીનો ગાડવો (ભંડાર) છે. કોણ એમાં આકર્ષાય?

**બ્રહ્મચર્ય અને કષાયો :**

કષાય - એટલે ક્રોધ, માન, માયા અને લોભ. આ સંસારમાં લોભી પુરુષો દ્રવ્ય (લક્ષ્મી)થી, કામી પુરુષો સ્ત્રીથી, રાજાઓ પૃથ્વીથી અને વિદ્વાનો સુભાષિત (શબ્દ)થી સંતોષ (તૃપ્ત) પામ્યા નથી. તૃપ્ત થવા માટે ધનને તૃણ સમાન, સ્ત્રીને

માતા સમાન, પૃથ્વીને અથવા સુભાષિતોને અંત વિનાના સમજી પુણ્યથી, ભોગાવલી કર્મથી જે કાંઈ મળ્યું છે તેમાં સંતોષ પામવો જરૂરી છે. 'સંતોષી નર સદા સુખી' હોય છે. કષાયો તેના જીવનને કલુષિત કરી શકતા નથી. માટે જ અર્જુનના બાણાવળી કરતાં કામ બાણો જે જગતને વિંધે છે, પાયમાલ કરે છે. તેનાથી અલિપ્ત થાઓ, બચી જાઓ.

**સુવાક્યો :**

★ આચારઃ કુલખ્યાતિ ★ આચારઃ પ્રથમો ધર્મ ★ નમો નમો બંભધારિણં ★ એ વ્રત જગતમાં દીવો મેરે પ્યારે ★ વં તં ઉચ્છસિ આવેઊં, સેયં તે મરણં ભવે ★ કામાતુરાણાં ન ભયં ન લજ્જા ★ કામેસુ ગિદ્ધા નિચયં કરેન્તિ ★ કામી ન જુએ જાત કજાત ★ અપૂર્વ કીપિ કામાંધઃ દિવા નક્તં ન પશ્યતિ.

**બ્રહ્મચર્યના ઉપાસક-આરાધક :**

★ જેઓનું શુભ નામ સુવર્ણાક્ષરે લખાયું છે. તે નવ 'નારદો' માત્ર એક શીયળવ્રત (ધર્મ)ના આધારે (કારણે) મુક્તિ પામ્યા હતા.

★ સ્થુલિભદ્ર મહામુનિ કોલસાની કોટડીમાંથી ડાઘ લાગ્યા વિના બહાર પડ્યા. તેથી તેઓનું નામ ઉત્તમ કોટીના શીયળવ્રતના આરાધક તરીકે પંકાયું છે. એટલું જ નહિં પણ એ મુનિનું નામ ૮૪ ચોવીશી (૪૨ કાળચક્ર) સુધી ઈતિહાસમાં સુરક્ષિત રહેશે.

★ સુભદ્રા સતીએ શીયળધર્મના ઉત્તમ કોટીના આરાધનના પ્રભાવે ચંપાનગરીના દ્વાર ખોલ્યા હતા.

★ રાણી કલાવતીના બન્ને કાંડા રાજાજ્ઞાથી સેવકોએ કાપી નાખ્યા. પણ શીયળના પ્રભાવે બન્ને હાથ જેવા હતા તેવા થઈ ગયા.

★ સતી અંજના ઉપર ઉતાવળે પવનકુમારે કલંક લગાડ્યું. પણ શુદ્ધ શીયલવ્રતધારી અંજનાને વિદ્યાધરે ધૈર્ય આપી ૨૨ વર્ષ બાદ બન્નેનો મેળાપ કરી આપ્યો.

★ સતી દ્રૌપદિનું અપરકંકાનગરીના રાજા પદ્મોત્તરે હરણ કર્યું પણ દ્રઢ મનવાળી શીયળધર્મનું આરાધન કરનારી નારીએ વ્રત, તપ, જપ કરી પોતાનું વ્રત અખંડીત રાખ્યું.

★ રાજગૃહીના રાજપુત્ર નંદીષેણ મુનિ એક દિવસ કર્મના કારણ ગૃહસ્થી થયા પણ ગણિકાના 'દસમા તમે' એ માર્મિક વચનના કારણે તરત જાગૃત થઈ આવાસથી નીકળી પ્રભુ વીરના ચરણે પહોંચી ગયા.

★ રાણકપુર તીર્થના નિર્માતા ધરણા શાહે (૨૧) યુવાન વયમાં જ બ્રહ્મચર્યનો સ્વીકાર કરેલો. કહેવાય છે કે, એ ત્યાગે જ તીર્થ જગમાં પ્રસિદ્ધિ પામ્યું.

★ ચક્રવર્તિના ઘોડાને ફરજીયાત બ્રહ્મચર્ય પાળવું પડે છે. (પળાવવામાં આવે છે.) તેથી તે ૮મા વૈમાનિક દેવગતિને પામે છે.

★ કચ્છના બ્રહ્મચારી વિજયશેઠ-શેઠાણીની જિનદાસ શ્રાવકે વિમળ કેવળીની આજ્ઞાથી ભક્તિ કરી ૮૪ હજાર સાધુની ભક્તિ કરવા જેટલું પુણ્ય બાંધ્યું. ત્યાર બાદ શેઠ-શેઠાણી સંયમી થઈ મોક્ષે ગયા.

★ ભ. નેમનાથના નાનાભાઈ રહનેમિને રાજીમતિજીએ પ્રતિબોધી ચારિત્રમાં સ્થીર કર્યા. શીયળવ્રતમાં દ્રઢ કર્યા.

★ અષાઢાભૂતિનું નટકન્યાના કારણે પતન થયું પણ થોડી અંતરમાં જાગૃતિ હતી. એક દિવસ નટકન્યાઓને ભાન ભૂલી પલંગમાં સૂતેલી જોઈ અષાઢાભૂતિનો આત્મા જાગી ગયો. ફરી સંયમી બની મોક્ષે ગયા.

★ ચંપાનગરીમાં સુદર્શન નામે શેઠ હતા. ઈર્ષાના કારણે રાણી અભયાએ શેઠને આપત્તિમાં મૂક્યા. રાજા-પ્રજા બધા શેઠ આવું શીલખંડન ન કરે તે માનતા હતા. છતાં નિરૂપાઈ રાજાએ શુળી પર શેઠને ચઢાવ્યા. ત્યાં દેવતાએ શૂળીનું સિંહાસન કરી રાણીના કપટને ખુલ્લું કર્યું. વૈરાગ્ય પામી શેઠે દીક્ષા લીધી, કેવળી થઈ ધન્ય બન્યા.

★ મહામંત્રી પેથડદેવે ૩૨ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો હતો.

★ શીયળ માટે મહાસતિ સીતાની અગ્નિ પરીક્ષા થઈ હતી.

★ જ્યારે સીતાનું હરણ થયું ત્યારે તેઓ પોતાના અલંકારો માર્ગમાં નાખતા ગયા. જંગલમાં પડેલા અલંકારોને જોઈ શ્રીરામે લક્ષ્મણને પૂછ્યું આ અલંકાર કોના છે ? લક્ષ્મણજીએ જવાબ આપ્યો, સીતાજીના પગમાં રહેલા નૂપુરને હું ઓળખું છું બાકી મને ખબર નથી. કેવી હતી એ પવિત્ર દ્રષ્ટિ !

**જૈનેત્તર સમાજ અને બ્રહ્મચર્ય :**

૧. છત્રપતિ છત્રશાલે અન્ય સ્ત્રીને 'મા'નું સંબોધન કરી પોતાને પુત્ર રૂપે માની લેવા કહ્યું. ફળ સ્વરૂપ સ્ત્રીના કામવિકારો શાંત થયા.

૨. પંડિત વાચસ્પતિ મિશ્ર વેદાન્તના ગ્રંથની ટીકા લખવામાં એટલા તન્મય થયા હતા કે તેઓને પોતે લગ્ન કર્યા છે તે પણ યાદ ન રહ્યું. જ્યારે ગ્રંથની રચના પૂરી થઈ ત્યારે અચાનક સ્ત્રી સાથેના વાર્તાલાપથી યાદી તાજી થઈ. પંડિતે પોતાના ગ્રંથનું સ્ત્રીની સમર્પણની ભાવના જોઈ. ''ભામતી'' નામ પાડી પત્નીની ચીરસ્મૃતિ સુરક્ષિત કરી.

૩. ગૌતમ બુદ્ધે આનંદના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું - બીજું કાંઈ ન થાય તો સ્ત્રીના મુખ કે કાયાના દર્શનથી અને સ્ત્રીના સ્પર્શથી બચવું. છેવટે જીવનમાં સ્ત્રીથી અલિપ્ત રહેવાની જાગૃતિ રાખવી ઘણી જરૂરી છે.

૪. સ્વામી વિવેકાનંદ એક દિવસ રૂપવતી નારીના રૂપ દર્શનમાં ખોવાઈ ગયા. તરત એમણે સ્વસ્થ થઈ રસોડામાં જઈ આંખમાં મરચાનો પાવડર નાખીને પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કર્યું. કેવી હતી દ્રષ્ટિને પવિત્ર રાખવાની ભાવના.

**શીયળનું પાલન ન કરનારા - દુઃખને વધારનારા :**

★ કુબેરદત્ત અને કુબેરદત્તાનો સંયોગ-વિયોગનો ૧૮ નાતરા (સંબંધ)વાળો જે ઈતિહાસ સર્જાયો છે તેની પાછળ કર્મની અને અબ્રહ્મની કથા છૂપાઈ છે. એક ભવમાં આવા અનેક પ્રસંગ (ભવ) થાય તે આશ્ચર્ય છે.

★ વેગવાન ને ધનમાલાના લગ્ન થયા તે બળવાન વિદ્યાધરને ન ગમ્યું. એક દિવસ રૂપવંતિ ધનમાલાનું રૂપના કારણે લલચાઈ તેણે અપહરણ કર્યું. (ભ. ગૌતમ સ્વામી ચરિત્ર - પૂર્વ ભવનો પ્રસંગ).

★ હાથી તિર્યંચ પ્રાણી છે. છતાં સ્પર્શેન્દ્રિયના વિષય સુખ ભોગવવાની ઈચ્છાના કારણે એ હાથણી પાસે આનંદ માણવા જાય છે ને ત્યાં જ જાળમાં સપડાય છે.

★ મુનિ કુલવાહક સ્ત્રીના સ્પર્શ, દર્શન, પડછાયાથી મુક્ત થવા એકવખત જંગલમાં ગયા. પણ કર્મે એક વેશ્યાના કારણે મુનિનું ત્યાં પણ વ્રત જીવન બગડી ગયું.

★ રાવણ - બળવાન શક્તિવાન હતા. રાજીખુશીથી 'હા' પાડે તો જ વિષયસુખ ભોગવવાની ટેકવાળા હતા. છતાં સીતાની આગળ તે હારી ગયા.

★ રાજા મુંજ ૯૨ લાખ માલવનો સ્વામી હતો પણ તિલંગદેશની રાજકન્યા મૃણાલિનીના કારણે તેને ઘરે ઘરે ભીક્ષા માંગવી પડી.

★ બ્રહ્મદત્ત ચક્રવર્તિ સ્વપત્ની કુરુમતિમાં સંતોષી હતો. પણ ભગવાનના બદલે તેનું સ્મરણ-રટણ અંતિમ ક્ષણ સુધી કર્યું. પરિણામે સાતમી નરકમાં ગયા.

★ અજાતશત્રુ કોણિકે પોતાના નાનાભાઈ હલ્લ-વિહલ્લ પાસેથી પટરાણી પદ્માવતીના આગ્રહથી હાર ને બે કુંડળ મેળવવા મહાભયંકર યુદ્ધ કર્યું. હજારોના પ્રાણ ગયા.

★ સંભૂતિ મુનિ પોતાના ભાઈ ચિત્રમુનિ સાથે અનશન વ્રત સ્વીકારી ઉત્તમ સાધના ધ્યાન કરતા હતા. એક દિવસ સનતચક્રી પોતાના રાજ્ય પરિવાર સાથે મુનિને વંદન કરવા આવ્યા. બધાએ યોગ્ય સ્થાનેથી વંદન કર્યું. માત્ર ચક્રીના પટરાણી સુનંદાએ નજીક જઈને વંદન કર્યું. તે વખતે તેના માત્ર માથાના વાળના સ્પર્શથી ભાઈનું સંયમી જીવન આપત્તિમાં આવ્યું. પરવશ થઈ નિયાણું કર્યું કે બીજા ભવે આથી ઉત્તમોત્તમ નારીનો પતિ થાઉં. (બ્રહ્મદત્તચક્રી થયા) આ છે સ્ત્રી સ્પર્શનો મહિમા..

★ ટીવી, વિડીયો કે વિકાર દર્શનના દ્રશ્ય જોવાથી પણ વાસના વૃદ્ધિ પામે છે અને તેથી માનસિક પતન થાય છે, આંખો બગડે છે.

★ કુમારનંદી સોનાર ૫૦૦ સ્ત્રીઓનો સ્વામી હતો. છતાં હાસા-પ્રહાસાની પાછળ પાગલ થઈ છેલ્લે તેને પ્રાપ્ત કરવા અગ્નિ કુંડમાં બળી ૫૦૦ સ્ત્રીઓને દુ:ખી કરી.

★ સાધ્વી લક્ષ્મણા પક્ષી (ચકલી)ના મૈથુનને સેવાતું જોઈ આર્તધ્યાનમાં પડી ગયા. પરિણામે ૮૦ ચોવીસી સુધીનો સંસાર વધાર્યો.

★ સાધ્વી સુકુમાલિકા રૂપવંતી હતા. તેથી અનેક યુવકો રૂપને નિરખવામાં પાગલ થયા. સાધ્વીએ શીલ સાચવવા કંટાળી અનશન લીધું. અનશનમાં મૂર્ચ્છીત થવાથી એમને મરેલા સમજી જંગલમાં ત્યજી દીધા પણ ત્યાંય એક વટેમાર્ગુની સેવાથી સાધ્વી શુદ્ધિમાં આવ્યા. અંતે પતન થયું.

★ વડનગરની બે સ્ત્રીઓ જ્યારે બાદશાહ અકબરની રાજસભામાં ગઈ ત્યારે તેઓએ બાદશાહની વિકારી દ્રષ્ટિ જોઈ ત્યાંજ આત્મહત્યા કરી શીયળનું રક્ષણ કર્યું.

★ કંડરિક મુનિએ તપ કરી કાયા ગાળી એ જોઈ પંડરિક રાજા (ભાઈ)એ મુનિને રાજભવનમાં આવવા, યોગ્ય આહાર લેવા વિનંતિ કરી. પૌષ્ટિક આહારથી

---

卐 **બ્રહ્મચર્ય અને તેની કેટલીક ઉપમાઓ :**

★ આકાશમાં ગ્રહ, નક્ષત્ર, તારા, ચંદ્ર શોભે તેમ સંસારમાં શોભે છે.

★ સમુદ્રની કિંમત ચંદ્રકાન્ત મણિ વિ.થી થાય તેમ જીવનમાં રત્ન સમાન બ્રહ્મચર્ય છે.

★ રત્નોમાં વૈડૂર્યરત્ન સમાન.

★ પુષ્પોમાં ઉત્તમ અરવિંદ સમાન.

★ ચંદનોમાં ગોશીર્ષ ચંદન સમાન.

★ નદિઓમાં ગંગાનદી સમાન.

★ સમુદ્રોમાં સ્વયંભૂરમણ મહાસમુદ્ર સમાન.

★ પરાક્રમી તિર્યંચોમાં કેસરી સિંહ સમાન.

★ નાગકુમારોમાં ધરણેન્દ્ર સમાન.

★ વૈમાનિક દેવલોકમાં બ્રહ્મદેવલોક સમાન.

★ સભાઓમાં સુધર્મ દેવસભા સમાન.

★ સંઘયણમાં વજ્રઋષભનારાચ સમાન.

★ દાનોમાં સર્વશ્રેષ્ઠ અભયદાન સમાન.

★ સંસ્થાનમાં સમચતુરસ્ત્ર સંસ્થાન સમાન.

★ ધ્યાનમાં પરમ શુદ્ધ શુક્લધ્યાન સમાન.

★ જ્ઞાનમાં સંપૂર્ણ એવા કેવળજ્ઞાન સમાન.

★ લેશ્યામાં સુવિશુદ્ધ શુક્લલેશ્યા સમાન.

★ પર્વતોમાં જંબુદ્વિપમાં મેરુપર્વત સમાન સર્વોત્તમ છે.

મુનિ સ્વસ્થ તો થયા. પણ પછી ૨ દિવસના રાજ્યને ભોગવવાની લાલચમાં નરકે ગયા. માટે બ્રહ્મચારી નિરસ ભોજન કરે છે.

**ઉપસંહાર :**

મનુષ્ય ભવમાં વિશેષ પુણ્ય બાંધી જીવ દેવગતિમાં જન્મ લે છે. પણ ત્યાંનુ બાહ્ય સુખથી યુક્ત દીર્ઘ આયુષ્ય ભોગવી એ જીવ લગભગ એકેન્દ્રિયમાં કેમ જન્મે. જો એનો દીર્ઘ વિચાર કરવામાં આવે તો જવાબ સ્પષ્ટ છે, કે - સુખને ભોગવવાની પાછળ વિષયોમાં, રંગરાગમાં એ પોતાનું સંચિત કરેલું પુણ્ય ખર્ચી નાખે છે. નાનામાં નાનો પણ વિરતિ ધર્મ એના ઉદયમાં આવતો નથી. વિરતિ એ પુણ્યની બેન્ક છે. વિષયો એ ખર્ચાળ ખાતું છે. માટે જ વિષયો દુઃખદાઈ છે. એ વાત ભૂલના નહિ. 'યત્ર આસક્તિ તત્ર ઉત્પત્તિ.'

ભાગ્યવાન-પુણ્યવાન કે ભગવાન થવાના જેઓને પણ સ્વપ્ન હોય તેઓએ સર્વપ્રથમ વિષયોના ત્યાગી થવું જરૂરી છે. જ્યાં વિકાર છે ત્યાં ધર્મ નથી. ધર્મ નિર્વિકારી જીવનમાં જ શોભે છે, ફળે છે.

'પ્રશ્ન વ્યાકરણ' સૂત્રમાં બ્રહ્મચર્યની ઓળખ કરાવવા ૩૨ ઉપમાઓ આપી છે.卐 એ જ બતાડે છે, કે - એ વ્રત જગતમાં દીપક જેવું પ્રકાશ પાથરનારું, જીવનને અજવાળનારું છે. (જૂઓ પેજ ૧૧૮)

બ્રહ્મચર્યની સાધનાથી આત્મામાં અનેક લબ્ધિઓ પ્રગટે છે. સ્વર્ગ, દેવલોકની ઋદ્ધિ, સમૃદ્ધિ અને દેવની વૈક્રિયલબ્ધિ જો પ્રાપ્ત કરવી હોય તો તે માટે બ્રહ્મચારી થવું આવશ્યક છે. મન શાંત હોય, મનમાં શુભ વિચારોનો આવાસ હોય તો અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ જેવી લબ્ધિઓ પ્રાપ્ત કરવા માટે ભગીરથ પુરુષાર્થ કરવો પડતો નથી. એક બ્રહ્મચર્ય જીવનમાં આવી જાય તો બાકી બધી ઋદ્ધિ-સિદ્ધિ સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

આમરાજાની સભામાં આચાર્ય બપ્પભટ્ટિસૂરિ એક તરફ સ્વસ્થ મને સ્વાધ્યાય કરતા હતા જ્યારે બીજી તરફ રાજસભામાં નૃત્યાંગના નૃત્ય કરતી હતી. અચાનક રાજાને આચાર્યશ્રીના બ્રહ્મચર્યની પરીક્ષા કરવા ઈચ્છા થઈ. તરત રાતના રાજાએ નૃત્યાંગનાને પુરુષવેશે આચાર્યશ્રી પાસે જવા, તેઓને વિચલિત કરવા આજ્ઞા કરી.

નૃત્યાંગના માટે આ કાર્ય સહેલું હતું. જેનું રૂપ નિરખવા હજારો આંખો તરસતી હોય તે રૂપ આચાર્યશ્રીને અસ્થીર કરી દેશે તેવો રાજાને, નૃત્યાંગનાને વિશ્વાસ હતો. પણ આશ્ચર્ય થયું. જેઓને નાગકન્યા કે દેવાંગના વિચલીત કરવા અસમર્થ છે. તેઓને મૃત્યુલોકની સાધારણ સ્ત્રીઓ કેમ ચલિત કરી શકે ?

કારણ સ્પષ્ટ હતું, કે - સંયમી પુરુષો માટે તેઓમાં રહેલી વ્રત પાલનની ખુમારી અદ્વિતીય હોય છે.

આ સંસારમાં એવા પણ જીવો કર્મ વંશ જોવા મળશે કે, (૧) સિંહની જેમ વ્રત લે, અને સિંહની જેમ પાળે. (ભરતેશ્વર) (૨) સિંહની જેમ વ્રત લે અને શિયાળની જેમ પાળે. (કુંડરિક) (૩) શિયાળની જેમ વ્રત લે અને સિંહની જેમ પાળે. (અંગારમર્દકના શિષ્યો) અને (૪) શિયાળની જેમ વ્રત લે અને શિયાળની જેમ પાળે. (કાલકાચાર્યના શિષ્યો).

આનો અર્થ એ નથી કે બધા જ વ્રતધારી નબળા છે. એક વાત નિશ્ચિત છે કે વ્રત જ (સંયમ) મોક્ષ સુધી પહોંચાડે છે.

ટૂંકમાં બ્રહ્મચર્ય - એ મોક્ષપ્રાપ્તિનો સર્વગ્રાહ્ય ઉપાય છે. તેના પાલનમાં દાન, તપ, ભાવ, ધર્મનું ઉત્કૃષ્ટ પાલન છે. જીવનને ધન્ય કરવા એ માર્ગે સૌ પ્રવાસ કરે એ જ અભ્યર્થના !

卐

## શિયળ વ્રતના ફાયદા

**મૂળ ચરિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન,**
**શીલ સલિલ ધરે જિકો, તસ હોય સુજસ વખાણ.**

**– ઉપા. શ્રી યશોવિજયજી મ.**


- ★ જીવનમાં આરંભેલા કાર્યોમાં યશ મળે.
- ★ જીવનમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, રોગાદિ ન પ્રવેશે.
- ★ જીવન સ્ફુર્તિમય (ઉત્સાહી) રહે.
- ★ પરભવમાં સદગતિ - દેવગતિ યાવત્ મોક્ષ પ્રાપ્ત થાય.
- ★ લોકોપ્રવાહ, પ્રાણનાશાદિ ભયોથી બચી જવાય.
- ★ મન, વચન, કાયાની શુદ્ધિ ધર્મધ્યાનની વૃદ્ધિ.






યક્ષા સાધ્વી સીમંધર સ્વામી પાસે શંકાનું સમાધાન કરી અંતે સ્વર્ગે જાય છે.



''વીશ સ્થાનકનું આરાધન જિનનામ કર્મબંધનું સાધન''

# તપ ધર્મ - સજ્ઝાય

કીધા કર્મ નિકંદવા રે, લેવા મુક્તિનું દાન,
હત્યા પાપથી છૂટવા રે, નહિં કોઈ તપ સમાન
ભવિકજન તપ કરજો મનશુદ્ધ. (૧)

ઉત્તમ તપના યોગથી રે, સેવે સુરનર પાય,
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનવાંછીત ફળ થાય. (૨)

તીર્થંકર પદ પામીયે રે, નાશે સઘળા રોગ,
રૂપ લીલા સુખ સંપદા રે, લહીએ તપ સંયોગ. (૩)

તે શું છે સંસારમાં રે, તપથી ન હોવે જેહ,
જે જે મનમાં કામીએ રે, સફળ થાયે સવિ તેહ. (૪)

અષ્ટ કર્મના ઓઘને રે, તપ ટાળે તતકાળ,
અવસર લહીને તેહનો રે, ખપ કરજો ઉજમાળ. (૫)

બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર,
હોજો તેહની ચાલમાં રે, જેમ ધન્નો અણગાર. (૬)

ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજશ સનુર,
સ્વર્ગ હુએ ઘર આંગણે રે, દુર્ગતિ જાવે દૂર. (૭)

**પૂજ્ય ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન વિજયજી મ. (વાચક)**

# તપ-સુભાષિત

वालुयाकवले चेव निरस्साए उ संजमे ।
असिधारागमणं चेव दुक्करं चरिउं तवो ॥

**અર્થ :** સંયમનું પાલન* રેતીના કોળીયા (ભોજન) જેવું નીરસ છે. તેવી જ રીતે તપશ્ચર્યાનો માર્ગ પણ તલવારની ધાર ઉપર ચાલવા જેટલો દુષ્કર છે.

यद्दूरं यद्दुराध्य, यच्चदूरे व्यवस्थितम् ।
तत्सर्थ तपसासाध्यं, तपो हरति दृष्कृतम् ॥

**અર્થ :** જે વસ્તુ ઘણી દૂર છે, જેની પ્રાપ્તિ પણ બહુ મુશ્કેલીથી થાય છે. એવી દૂરની કે દુર્લભ વસ્તુઓ તપ વડે પ્રાપ્ત થાય છે અને એ તપ દુષ્કૃતને પણ હરી લે છે.

तदेहि तपः कुर्यात्, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगात् हींयन्ते, क्षीयन्तेनेंद्रियानि च ॥

**અર્થ :** દુર્ધ્યાન થાય નહિં, મન, વચન, કાયાના યોગની હાનિ થાય નહિં, તેમ જ ઈન્દ્રિયની હાનિ થાય નહિં તેવો તપ કરવો જોઈએ.

फरूसवयणेण दिणतवं अहिखिवंतो हणइ मास तवं ।
वरिस तवं सममाणो हणइ हणंतो अ सामन्नं ॥

**અર્થ :** કઠોર વચન બોલવાથી એક દિવસનો, આક્ષેપ આક્રોશ કરવાથી એક માસનો, શાપ દેવાથી એક વર્ષના તપારાધનનો અને વધ કરે તો સાધુપણાના તપનો નાશ થાય છે.

पूजालोभप्रसिद्धयर्थं तपस्तप्येत योऽल्पधीः ।
शोष एव शरीरस्य न किंचित्तपसः फलम् ॥

**અર્થ :** જે અલ્પ બુદ્ધિવાળો (અજ્ઞાની) સન્માન, લોભ તથા ખ્યાતિ માટે તપ તપે છે તેને શરીરનો શોષ માત્ર થાય છે. (કાયકલેશ) તપનું તેને કાંઈ પણ ફળ મળતું નથી.

यस्तपोविविधिराम्नातो जिनैगीतार्थ साधुभिः ।
तं तथा कुर्वतां सन्तु मनोवांछितासिद्धयः ॥

**અર્થ :** જિનેશ્વર દેવોએ તથા ગીતાર્થ મુનિવરોએ જે તપ આમન્યાથી બતાવ્યો છે તે તેવી રીતે જો કરવામાં આવેતો મનવાંછીત સિદ્ધિઓ આપે છે.

जन्मकोटिकृतमेक हेलया कर्म तीव्रतपस्त्रा विलियते ।
किं न दाह्यमतिबहवपि क्षण्णादुच्छिशेन शिखिनाऽत्रदह्यते ॥

**અર્થ :** ક્રોડ જન્મમાં કરેલા (બાંધેલા) કર્મ તીવ્ર તપ વડે રમત (લીલા) માત્રમાં નાશ પામે છે. શું ભડભડ અગ્નિ વડે બહુ બળતણ (કાષ્ટાદિ) પણ ક્ષણમાત્રમાં બળી જતાં નથી ?

★ લોઢાના ચણા ચાવવા જેવું.

# श्री तपः कुलकम्

सो जयउ जुगाइजिणो, जस्संसे सोहए जडामऊडो ।
तवझाणग्गिपज्जलिअ-कम्मिंधणधूमलहरि व्व (पंति व्व) ॥१॥

**અર્થ :** તપ અને ધ્યાનરૂપ અગ્નિવડે બાળીનાંખેલા કર્મ ઈન્ધનોની ધૂમપંક્તિ જેવો જટાકલાપ જેમના ખભા ઉપર શોભી રહ્યો છે તે **યુગાદિપ્રભુ** જયવંતા વર્તો. ॥૧॥

संवच्छरिअतवेणं, काउस्सग्गम्मि जो ठिओ भयवं ।
पूरिअनिययपइन्नो, हरउ दुरिआइं बाहुबली ॥२॥

**અર્થ :** એક વર્ષ સુધી તપ વડે કાઉસ્સગ્ગ મુદ્રાએ ખડા રહી જે મહાત્માએ સ્વપ્રતિજ્ઞા પૂર્ણ કરી છે તે **બાહુબલી** મહારાજ (અમારાં) દુરિત-પાપ દૂર કરો. ॥૨॥

अथिरं पि थिरं वंकं पि उजुअं दुलहं पि तह सुलहं ।
दुस्सज्झं पि सुसज्झं, तवेण संपज्जए कज्जं ॥३॥

**અર્થ :** તપના પ્રભાવથી અસ્થિર હોય તે પણ સ્થિર થાય છે, વાંકું હોય તે પણ સરળ થાય છે, દુર્લભ હોય તે પણ સુલભ થાય છે અને દુઃસાધ્ય હોય તે પણ સુસાધ્ય થાય છે. ॥૩॥

छट्ठं छट्ठेण तवं, कुणमाणो पढमगणहरो भयवं ।
अक्खीणमहाणसीओ, सिरिगोयमसामिओ जयउ ॥४॥

**અર્થ :** છઠ્ઠ (ના પારણે) છઠ્ઠ તપ આંતરારહિત કરતા પ્રથમ ગણધર **શ્રી ગૌતમસ્વામી** મહારાજ 'અક્ષીણમહાનસી' નામની મહાલબ્ધિને પ્રાપ્ત કરી તે જયવંતા વર્તો. ॥૪॥

सोहइ सणंकुमारो, तवबलखेलाइलद्धिसंपन्नो ।
निट्ठुअखवडियंगुलिं, सुवण्णसोहं पयासंतो ॥५॥

**અર્થ :** થૂંકવડે ખરડેલી આંગળીને સુવર્ણ જેવી શોભતી કરી દેખાડતા એવા **સનતકુમાર** રાજર્ષિ તપોબળથી 'ખેલાદિક લબ્ધિ' સંપન્ન પણ કેવા શોભે છે. ॥૫॥

गो-बंभ-गब्भ-गब्भिणीबंभिणीघायाइ गुरुअपावाइं ।
काऊण वि कणयं पि व, तवेण सुद्धो दढप्पहारी ॥६॥

**અર્થ :** ગૌ, બ્રાહ્મણ, ગર્ભ અને ગર્ભવતી બ્રાહ્મણીની હત્યાદિક મહા ઉગ્રપાપને કર્યા છતાં **દ્રઢપ્રહરી** (છેવટે) મુનિપણે તપસેવન વડે સુવર્ણની પેરે શુદ્ધ થયા. ॥૬॥

**पुव्वभवे तिव्वतवो, तविओ जं नंदिसेणमहरिसिणा ।**
**वसुदेवो तेण पिओ, जाओ खयरीसहस्साणं ॥७॥**

**અર્થ :** પૂર્વ જન્મમાં **નંદિષેણ** મહર્ષિએ જે તીવ્ર તપ કર્યો હતો તેના પ્રભાવથી તે હજારો વિદ્યાધરીઓના પ્રિય પતિ એવા વસુદેવ થયા. ॥૭॥

**देवा वि किंकरत्तं, कुणंति कुलजाइविरहिआणं पि ।**
**तवमंतप्पभावेणं, हरिकेसबलस्स व रिसिस्स ॥८॥**

**અર્થ :** તીવ્ર તપ અને મંત્રના પ્રભાવથી **હરિકેશબલ** ઋષિની પેઠે (ઉત્તમ) કુળ અને જાતિ હીન હોય તો પણ તેમની દેવતાઓ સેવા ઉઠાવે છે. ॥૮॥

**पडसयमेगपडेणं, एगेण घडेण घडसहस्साइं ।**
**जं किर कुणंति मुणिणो, तवकप्पतरुस्स तं खु फलं ॥९॥**

**અર્થ :** મુનિજનો જે એક પટ (વસ્ત્ર) વડે સેંકડો પટ વસ્ત્રો કરે છે અને એક ઘટ ભાજન વડે હજારો ઘટ-ભાજનો કરે છે તે નિશ્ચે તપરૂપ કલ્પવૃક્ષનું જ ફળ છે. ॥૯॥

**अनिआणस्स विहिए, तवस्स तविअस्स किं पसंसामो ।**
**किज्जइ जेण विणासो, निकाइयाणं पि कम्माणं ॥१०॥**

**અર્થ :** જેના વડે નિકાચિત કર્મોનો પણ ધ્વંસ કરી શકાય છે એવા યથાવિધ નિયાણા રહિત કરેલા તપની અમે કેટલી પ્રશંસા કરીએ ? ॥૧૦॥

**अइदुक्करतवकारी, जगगुरुणा कण्हपुच्छिएण तदा ।**
**वाहरिओ सो महप्पा समरिज्जओ ढंढणकुमारो ॥११॥**

**અર્થ :** (અઢાર હજાર મુનિઓમાં) અતિ દુષ્કર તપ કરનાર કોણ સાધુ છે ? એમ કૃષ્ણે એકદા પૂછ્યે છતે જગગુરૂ નેમિપ્રભુએ જે મહાશયોને વખાણ્યા તે ઢંઢણમુનિ (સદાય) સ્મરણીય છે. ॥૧૧॥

**पइदिवसं सत्तजणे, हणिऊण (वहिऊण) गहियवीरजिणदिक्खो ।**
**दुग्गाभिग्गहनिरओ, अज्जुणओ मालिओ सिद्धो ॥१२॥**

**અર્થ :** પ્રતિ દિવસ (ભૂતાવેશથી) સાત સાત જણનો વધ કરીને છેવટે

વીરપ્રભુ પાસે દીક્ષા ગ્રહી જે ઘોર-દુષ્કર અભિગ્રહ પાળવામાં ઉજમાળ થયો તે **અર્જુનમાળી** મુનિ સિદ્ધિપદ પામ્યો. ॥૧૨॥

**नंदीसर-रुअगेसु वि, सुरगिरिसिहरे वि एगकालाए ।**
**जंघाचारणमुणिणो, गच्छंति तवप्पभावेणं ॥१३॥**

**અર્થ :** નંદીશ્વર, નામના આઠમા દ્વીપે તથા રુચક નામના તેરમા દ્વીપે તેમ જ મેરુ પર્વતનાં શિખરો ઉપર એક કાળે કરી **જંઘાચારણ** અને **વિદ્યાચારણ** મુનિઓ તપના પ્રભાવે જઈ શકે છે.

**सेणियपुरओ जेसिं, पसंसिअं सामिणा तवोरूवं ।**
**ते धन्ना धन्नमुणी, दुण्हवि पंचुत्तरे पत्ता ॥१४॥**

**અર્થ :** શ્રેણિકરાજાની પાસે વીર પરમાત્માએ જેમનું તપોબળ વખાણ્યું હતું તે **ધન્નોમુનિ** (શાલિભદ્રના બનેવી) અને **ધન્નાકાકંદી** બંને મુનિઓ સર્વાર્થસિદ્ધ વિમાને ગયા. ॥૧૪॥

**सुणिऊण तवं सुंदरी-कुमरिए अंबिलाण अणवरयं ।**
**सट्ठिं वाससहस्सा, भण कस्स न कंपए हिअयं ॥१५॥**

**અર્થ :** ઋષભદેવ સ્વામીની પુત્રી **સુંદરીએ** ૬૦ હજાર વર્ષ સુધી કાયમ આયંબિલ તપ કર્યો તે સાંભળી કહો કોનું હૃદય કંપ્યા વગર રહેશે ? ॥૧૬॥

**जं विहिअमंबिलतवं, बारसवरिसाइं सिवकुमारेण ।**
**तं दट्ठु जंबुरूवं, विम्हइओ सेणिओ राया ॥१६॥**

**અર્થ :** (પૂર્વ ભવમાં) **શિવકુમારે** બાર વર્ષ સુધી આયંબિલ તપ કર્યો હતો તેના પ્રભાવથી **જંબૂકુમારનું** અદ્ભુત રૂપ દેખીને શ્રેણિક રાજા વિસ્મય પામ્યો હતો. ॥૧૬॥

**जिणकप्पिअ-परिहारिअ-पडिमापडिवन्न-लंदयाईणं ।**
**सोऊण तवसरूवं, को अन्नो वहऊ तवगव्वं ॥१७॥**

**અર્થ :** જિનકલ્પી, પરિહારવિશુદ્ધિ, પ્રતિમાપ્રતિપન્ન અને યથાલંદી તપસ્વી સાધુઓનાં તપનું સ્વરૂપ સાંભળીને બીજો કોણ તપનો ગર્વ કરવો પસંદ કરશે ? ॥૧૭॥

**मासद्ध-मासखवओ, बलभद्दो रूपवं पि हु विरत्तो ।**
**सो जयउ रण्णवासी, पडिबोहिअसावयसहस्सो ॥१८॥**

**અર્થ :** અતિ રૂપવંત છતાં વિરક્ત થઈ અરણ્યમાં વસી જેણે હજારો વનવાસિઓ (શ્વાપદ જાનવરોને) પ્રતિબોધ્યાં છે તે માસ અર્ધ માસની તપસ્યા કરતા **બલભદ્રમુનિ** જયવંતા વર્તો. ॥૧૮॥

**थरहरिअधरं झलहलिअ-सायरं चलियसयलकुलसेलं ।**
**जं अकासी जयं विण्हू, संघकए तं तवस्स फलं ॥१९॥**

**અર્થ :** શ્રી સંઘનું કષ્ટ નિવારણ કરવા માટે **વિષ્ણુકુમારે** લક્ષ યોજનપ્રમાણે રૂપ વિકુર્વ્યું ત્યારે પૃથ્વી કંપાયમાન થઈ, સાગર જળહળ્યા-હાલકડોલક થયા, હિમવંતાદિક પર્વતો ચલાયમાન થયા અને છેવટે શ્રી સંઘનું રક્ષણ કર્યું તે સર્વ તપનું જ ફળ જાણવું. ॥૧૯॥

**किं बहुणा भणिएणं, जं कस्स वि कह वि कत्थ वि सुहाइं ।**
**दीसंति (तिहुअण) भवणमज्झे, तत्थ तवो कारणं चेव ॥२०॥**

**અર્થ :** તપનો પ્રભાવ કેટલો વર્ણવી શકાય ? જે કોઈને, કોઈ પણ પ્રકારે, ક્યાંક પણ ત્રિભુવન મધ્યે સુખ-સમાધિ પ્રાપ્ત થાય છે ત્યાં સર્વત્ર (બાહ્ય અભ્યંતર) તપ જ કારણ રૂપ છે. એમ ચોક્કસ સમજવું. (અને તેનું આરાધન કરવા યથાવિધિ ઉદ્યમ સેવવો.) ॥૨૦॥

卐

## દુઃખ અને દવા :

★ આધિ - માનસિક પીડા = વૃત્તિસંક્ષેપ - નથી જોઈતું.

★ વ્યાધિ - રોગ = અનશન, ઉણોદરી, રસત્યાગ, કાયક્લેશ જીભને કાબૂમાં રાખો.


★ ઉપાધિ - મુશ્કેલી, ચિંતા = સંલિનતા, સંક્ષેપ કરો, તૃપ્ત થાઓ.

★ કર્મ બાંધનારા = કર્મ ખપાવનારા


★ મન - મનદંડ, મિથ્યાત્વ = મનગુપ્તિ, સમકિત

★ વચન - વચનદંડ, કષાય = વચનગુપ્તિ, સહનશીલતા

★ કાયા - કાયદંડ, અવિરતિ= કાયગુપ્તિ, વિરતિ તપ.



બેનને ભાઈ (મુનિ)ની સૂકાઈ ગયેલી કાયા જોઈ દુઃખ થયું. રાણીની આંખમાં આંસુ જોઈ ઉતાવળે રાજાએ મુનિને ઘોર ઉપસર્ગ કર્યો.



ઢંઢણકુમારે પ્રભુ નેમનાથ સ્વામી પાસે દીક્ષા લીધી. નિકાચીત અંતરાય કર્મથી શુદ્ધ ભિક્ષા ન મળી. આખરે છ માસે ભિક્ષા મળી તે કૃષ્ણની લબ્ધિથી જાણી કુંભારની શાળાએ જઈ ચૂર્ણ કરતાં કેવળજ્ઞાન પામ્યા.



ભાવપૂર્વક ગોચરી વહોરાવી લાભ લીધો. પણ...
જયણાના કારણે સોનીએ ભાન ભૂલી ઉપસર્ગ કર્યો.



શ્રી વજસ્વામીએ રથાવર્તગિરિ જઈ અણસણ આદર્યું.
ત્યાં ઈન્દ્ર મહારાજ તેમને વંદન કરવા આવ્યા.

# શ્રી તપધર્મ

''ઈચ્છા નિરોધ: તપ:''

''તપસા નિર્જરા ચ''

''તપ કરીએ સમતા રાખી ઘટમાં.''

તપધર્મ-ના ઉપર જ્યારે વિચાર શરૂ થાય છે ત્યારે સર્વપ્રથમ ઈચ્છા - (ખાવા, પીવા, ભોગવવા આદિ)નો અભાવ યા ઈચ્છાને વશ કરી જે કાંઈ કરવામાં આવે તે 'તપ' એમ કહી શકાય. તપથી નિર્જરા અને સંવર બંને થાય.

બીજી બાજુ 'તપ' કરનારે જીવનમાં સમતા, સહનશીલતા રાખવી પડશે. એના વિના કરેલું તપ નિરર્થક થાય છે. તપનું અજીર્ણ ક્રોધ છે. 'ત' એટલે સંસાર સાગરથી તરવું અને 'પ' એટલે તરવાની ક્રિયામાં પારંગત-પ્રવિણ થવું.

**તપ અને તેના પ્રકારો :**

'તપ એટલે તપાવવું એવો સામાન્ય અર્થ કરીશું તો તેના મુખ્ય-૨ અને અવાંતર-૧૨ ભેદોને સમજવા મુશ્કેલી નહિં પડે.

મનુષ્યની પાસે જેમ ચૈતન્ય અવસ્થા છે. તેમ મન, વચન, કાયા પણ છે. એ મનથી સર્વપ્રથમ ઈન્દ્રિયોના સહારે વિચાર કરે છે. સાનુકુળ-પ્રતિકુળ નિર્ણય કરે છે. જ્યારે કરેલા વિચારોને અમલમાં મૂકવા માટે એ પુરુષાર્થ કરે ત્યારે 'વચન'નો સાથ લે. વચન એ તમારા આચાર, વિચાર, વર્તન, જીવનનું પ્રતિબિંબ છે. 'જેવી વાણી તેવું વર્તન.'

જે સમયે મન ને વચનની જોડી જામશે ત્યારે કાયાની માયા ત્યાં કામ કરવા માથું ઉંચકશે. કાયાના સહારે આ જીવ ધાર્યા કરતાં વધુ ઉત્તમ કાર્ય પણ કરે છે અને નિંદનીય પણ કરે છે. જેનો બીજા શબ્દમાં પુણ્ય પણ બાંધે છે ને પાપ પણ બાંધે છે એમ સમજવું.

તપ કરવા માટે સામાન્ય રીતે માનવીએ મનથી નિર્ણય કરવો પડે છે. એ નિર્ણય એટલે પચ્ચક્ખાણ.●

લીધેલા પચ્ચક્ખાણનું પરિપાલન કરવા માટેની કેટલીક સૂચના.

**પચ્ચક્ખાણ :**

દિવસ દરમિયાન નવકારસીથી માંડી ઉપવાસ સુધીના જુદા જુદા–૧૩ પચ્ચક્ખાણ કરી શકાય છે. તે જ રીતે સૂર્યાસ્ત પછી જુદા જુદા–૬ પચ્ચક્ખાણ કરાય છે. સાંકેતિક પચ્ચક્ખાણ પણ ૮ પ્રકારના છે. આ પચ્ચક્ખાણના ભોજન સંબંધિ ૧૦ અને ગરમ પાણી સંબંધિ–૬ આગારો પણ છે. ઓછામાં ઓછું ૧ નવકારસીના પચ્ચક્ખાણથી ૧૦૦ વર્ષના નરકના દુ:ખ ટળે તેટલું ફળ તપ કરનારને પ્રાપ્ત થાય

● તપના ૧૨ પ્રકારની અંદર અનશન તપમાં ઈત્વર અનશનમાં ઉપવાસ આદિ તપ આવી જાય છે.

છે. આગળ એક એક મીંડા વધારતા જવું. ઉપવાસ સુધીના પચ્ચક્ખાણનું ૧ અરબ વર્ષના નરકગતિના દુઃખો દૂર થાય છે.

**પચ્ચક્ખાણ માટેની સાવચેતી :**

૧. પચ્ચક્ખાણ નાનું હોય કે મોટું લીધા પછી યથાર્થપણે પાળવું.
૨. પચ્ચક્ખાણ કરનારે પારણા માટે ઉતાવળ કરવી નહિં.
૩. પચ્ચક્ખાણ ક્યારે થશે ? કેટલી વાર છે ? વિ. ચિંતવન ન કરવું.
૪. પચ્ચક્ખાણ પારવા શબ્દ પ્રયોગ, કાયચેષ્ટા કરવી નહિં.
૫. બીજાને અડચણ-ઉપાધિ ન થાય તેવું પારણું કરવું.
૬. પારણામાં ભક્તિથી જે બનાવે તેમાં સંતોષ રાખવો. નવી સૂચના ન આપવી.

**શુદ્ધિ વિચાર :**

લીધેલા પચ્ચક્ખાણમાં પારણાના કારણે કાંઈ દોષ ન લાગે તે માટે ૬ વિચારો નીચે પ્રમાણે વર્ણવાયા છે.

૧. **સ્પર્શના** : ઉચિત કાલે વિધિપૂર્વક પચ્ચક્ખાણ લેવું.
૨. **પાલના** : પચ્ચક્ખાણ પારતા પૂર્વે લીધેલા હેતુને ધ્યાનમાં રાખવો.
૩. **શોભના** : પચ્ચક્ખાણ પારતા પૂર્વે સાધુ-શ્રાવક વિ.ની ભક્તિ કરવી.
૪. **તીરના** : પચ્ચક્ખાણ પારવાનો સમય થયો હોય તો પણ થોડો સમય જવા દેવો પછી શાંતિથી પારણું કરવું.
૫. **કીર્તના** : પચ્ચક્ખાણ ફરી ક્યારે કરીશ ? તેવું ચિંત્વન કરવું.
૬. **આરાધના**: તપ-કર્મક્ષય નિમિત્તે કરું છું. એ વાત નજરમાં રાખવી. સંસાર-વૃદ્ધિ માટે અજ્ઞાન તપ ન કરવું.

**છ-બાહ્યતપ :**

બાહ્યતપ એટલે બાહ્ય-પ્રગટ રીતે થઈ રહેલો તપ. બીજા જોઈ-સમજી શકે તે તપ. તેના છ પ્રકારો નીચે મુજબ છે.

| ક્રમ | નામ | ભેદ | વ્યાખ્યા | ઉદાહરણ |
|---|---|---|---|---|
| ૧ | અણસન | ૨(૩)● | ચારે આહારનો ત્યાગ (અલ્પ સમય અથવા જીવન સુધી) | ચંડકૌશિક |
| ૨ | ઉણોદરી | --- | ભૂખથી ઓછું (અલ્પમાત્રા) ભોજન | દમદંતમુનિ |
| ૩ | વૃત્તિસંક્ષેપ | ૪ | આહારાદિની ઈચ્છા દબાવવી | મુનિસુંદરસૂરિ |
| ૪ | રસત્યાગ | ૬ | વિગઈ-મહાવિગઈનો ત્યાગ | સુંદરી(સ્ત્રીરત્ન) |
| ૫ | કાયકલેશ | --- | શરીરને કષ્ટ આપવું. | મેઘકુમાર |
| ૬ | સંલીનતા | ૪ | ઈન્દ્રિયોને કાબુમાં રાખવી | સ્થૂલિભદ્રજી |

● અણસન = ૧ ઈત્વર, ૨ યાવજ્જીવિક (૧ ભક્ત પ્રત્યાખ્યાન, ૨ ઇંગિની, ૩. પાદપોપગમન)
ઉણોદરી = પુરુષે ૩૨ કવલ સ્ત્રીઓએ ૨૮ કવલથી ઓછો આહાર કરવો.
વૃત્તિસંક્ષેપ = દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઈચ્છાને કંટ્રોલમાં (કાબૂમાં) રાખવી.

બાહ્યતપ કરવા માટે જીવે મન અને કાયાને વશમાં રાખવી પડે. તેના ઉપર કંટ્રોલ (ગોપન) હોય તો આવા પ્રકારનું તપ સહેલાઈથી થઈ શકે.

અભ્યંતર એટલે વિશેષે કરીને મનના પરિણામ ઉપરથી આ તપ થાય. બીજાને આ તપ કરનાર તપસ્વી છે, તેવો જલ્દી ખ્યાલ પણ ન આવે. તેના અવાંતર ૪૯ ભેદ છે.

| ક્રમ | નામ | ભેદ | વ્યાખ્યા | ઉદાહરણ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાયશ્ચિત | ૧૦• | પાપનો પશ્ચાતાપ, પ્રાયશ્ચિત લેવું | અઈમુત્તામુનિ |
| ૨ | વિનય | ૪ | આદર, બહુમાન, નમ્રતા | ગૌતમસ્વામી |
| ૩ | વૈયાવચ્ચ | ૧૦ | સેવા, સુશ્રુષા, ચાકરી કરવી | સુબાહુમુનિ |
| ૪ | સ્વાધ્યાય | ૫ | અધ્યયન, અભ્યાસ કરવા | મનકમુનિ/સ્થુલિભદ્ર |
| ૫ | ધ્યાન | ૪ | મનન, ચિંતન, આત્મશોધ | પ્રસન્નચંદ્ર |
| ૬ | ઉત્સર્ગ | ૧૬ | કષ્ટ સહવા | અનાથીમુનિ |

છ બાહ્યતપમાં અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ એ ચાર સર્વપ્રથમ જો જીવનમાં પ્રવેશે (તપનો અનુરાગ થાય) તો શરીર ઉપરની મમતા ઉતરે. અલ્પનિદ્રા, સમતા, અપ્રમત્તાવસ્થાનો લાભ થાય. અને તે પછી કાયકલેશ ને સંલીનતા એ બન્ને સહેલાઈથી આચરણમાં આવે.

આમ આ છ તપ તત્ત્વત્રયીની પ્રાપ્તિ યા વૃદ્ધિ કરાવે ને પરંપરાએ કર્મની નિર્જરા કરવામાં મદદરૂપ થાય. (ધન્ના અણગારે પાદોપગમન અનશન કરેલ, જ્યારે ચંદ્રાવતંસક રાજાએ આખી રાત ધ્યાન કર્યું.)

આજ રીતે આત્મલક્ષી થવા ભીરૂ આત્મા અભ્યંતર-તપમાં પ્રાયશ્ચિત ને સર્વપ્રથમ આવકારે. પછી એના કારણે વિનય તપગુણ જીવનમાં પ્રવેશે. પછી વૈયાવચ્ચ કે સ્વાધ્યાયનો રંગ લાગ્યા વિના ન રહે. અને એ રંગ - ધ્યાન શુભધ્યાનમાં આત્માને નિમગ્ન કરે. પછી કાયાની મમતા ત્યજવા સ્હેજ પણ વિલંબ ન થાય.

---

☛ રસત્યાગ = દૂધ, દહી, ઘી, તેલ, ગોળ, કડાવિગઈ એ છ વિગઈનો યથાશક્તિ ત્યાગ. મધ, માખણ, મદિરા અને માંસ એ ૪ મહાવિગઈનો સંપૂર્ણ ત્યાગ.

કાયક્લેશ = લોચ વિગેરે કરવા દ્વારા શરીરને કષ્ટ આપવું.

સંલીનતા = ઈન્દ્રિય, કષાય, યોગ અને વિવિક્તચર્યા.

• પ્રાયશ્ચિત = આલોચના, પ્રતિક્રમણ, તદુભય, (મિશ્ર) વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, પરિહાર, ઉપસ્થાપના (પારાંજિત)

વિનય = જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, ઉપચાર વિનય.

વૈયાવચ્ચ = આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, નવદીક્ષિત, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ, સમનોજ્ઞ.

સ્વાધ્યાય = વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપેક્ષા, ધર્મકથા.

ધ્યાન = આર્ત, રૌદ્ર, ધર્મ, શુકલ (૪×૪=૧૬)

ઉત્સર્ગ = (કાર્યોત્સર્ગ-કાઉસ્સગ્ગ) અન્નત્થસૂત્રના ૧૨ અને બીજા ૪ = ૧૬ આગાર.

દ્વારિકા નગરીમાં ઢંઢણા રાણીનો પુત્ર ઢંઢળ (ઢંઢણ) એક દિવસ નેમનાથ ભગવાનના ઉપદેશથી સંયમ લે છે. ગોચરી જાય છે પણ નિર્દોષ ગોચરી મળતી નથી. તેથી ભગવાનને કારણ પૂછ્યું. ભગવાને કહ્યું, પૂર્વ ભવનો અંતરાય કર્મનો ઉદય છે. મુનિએ એ કર્મ નિવારવા સ્વલબ્ધિથી ગોચરી મળે તો લેવી-વાપરવી. એવો અભિગ્રહ લીધો. ભાગ્ય યોગે એક દિવસ ગોચરી મળી પણ ભગવાને એ ગોચરી તમારી લબ્ધિથી મળી નથી એમ જ્યારે કહ્યું ત્યારે ત્યાગી મુનિ કુંભારવાડે ગોચરી પઠવવા જાય છે તે પરઠવતાં ઉત્કૃષ્ટ ધ્યાનના કારણે મુનિ કેવળી થાય છે. આનું નામ છે – શુકલધ્યાન !

સાધુ-સાધ્વી યા આત્માર્થી જીવો ધારે તો ચોવીશે કલાક ઉપરના બારે અથવા છ તપનું યથાર્થ રીતે પાલન કરવામાં ઉદ્યમી અવશ્ય થાય. વિનય એ ધર્મનું મૂળ છે. વૈયાવચ્ચ એ પૂજ્યોના કૃપા પાત્ર થવાનું અદ્વિતીય સાધન છે. એટલું જ નહિં પણ 'સેવાના ફળ મીઠા' આ ઉક્તિ અનુસાર જો તમે તપસ્વીની સેવા-વૈયાવચ્ચ કરશો તો એ આત્મા આર્તધ્યાનથી દૂર થશે એટલું જ નહિં પણ તમારે જો એવો અવસર આવે તો તમો પણ સેવાને પામશો. દુઃખને ભૂલવા માટેની દવા એટલે સ્વાધ્યાય ને ધ્યાન છે. આમ તપ વ્યક્તિગત જીવનમાં ઘણાં આશીર્વાદરૂપ થાય છે.

**તપ કરનારની યોગ્યતા :**

આચાર દિનકર ગ્રંથમાં તપસ્વીની યોગ્યતા વર્ણવી છે. જે તપસ્વી હોય તે શાંત, અલ્પનિદ્રા લેનાર, અલ્પાહારી, લાલસા (લાલચ) વિનાનો, કષાય વગરનો, અન્યની નિંદા-કુથલી-પરપરિવાદ ન કરનાર, ગુરૂસેવામાં તત્પર, કર્મક્ષયનો અર્થી, માયાળુ, દયાળુ, રાગ-દ્વેષની પરિણતિ વિનાનો, વિનયી, વિવેકી, આલોક-પરલોકના ફળની આશા ન રાખનાર, નિરોગી વિગેરે ગુણોથી યુક્ત હોય તો જ તે તપ સમભાવે કરી કર્મક્ષયનું પુણ્ય બાંધી શકે.

તપ કરનારો જો વીર્ય (બળ-શક્તિ) છૂપાવે તો વીર્યાંતરાય કર્મ બાંધે, સુખશીલતાથી કરવાની ભાવના ભાવે તો અશાતાવેદનીય કર્મ બાંધે. આળસને પ્રમાદમય દિવસ પૂરો કરે તો ચારિત્ર મોહનીય કર્મ બાંધે. દેહ ઉપરની મૂર્ચ્છા સાચવી કરે તો પરિગ્રહ સંજ્ઞા પોષે, છતી શક્તિએ ન કરે અથવા ખોટું બહાનું બતાવી સત્ય છૂપાવી કરે તો માયાશલ્ય પોષે એમ સમજવું.

**તપ દ્વારા તપધર્મનું આરાધન :**

વીશસ્થાનક તપમાં ૧૪મું તપ પદ છે. એજ રીતે નવપદમાં નવમું તપ પદ છે. આમ તપધર્મની જીવનમાં વૃદ્ધિ થાય તે માટે તેની આરાધના વિશિષ્ટ રીતે કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે. સમકિતના ૬૭ બોલમાં શાસન પ્રભાવકો ૮ પ્રકારના જે કહ્યા છે, તેમાં પણ તપસ્વીને શાસનની પ્રભાવના કરનાર તરીકે સ્વીકાર્યા છે.

આ સંસારમાં ૩૩ સાગરોપમના આયુષ્યવાળો સર્વાર્થ સિદ્ધ વિમાનવાસી જીવ

૩૩ હજાર વર્ષે અમૃતના ઓડકાર રૂપ આહાર લે છે. છતાં એ જીવો દેવગતિના હોવાથી વિરતિધર્મના આરાધક થઈ શકતા નથી. એટલે આટલા બધા વર્ષ પછી ભલે એ આહાર લે, આહાર લેવાની ઈચ્છા પણ ન કરે છતાં તપસ્વીની કક્ષામાં ન આવે. કર્મક્ષય કરી ન શકે. આ છે ત્યાગ ધર્મનો, વિરતિ ધર્મનો મહિમા.

તીર્થંકર પરમાત્મા જ્યારે 'દ્રવ્યજિન' હોય ત્યારે પૂર્વના ભવોમાં 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવદયા રૂપ ભાવના ભાવે અને મોક્ષ પ્રાપ્તિના દરેક પૂર્વ ભવોમાં (અનુકુળતા તપની હોય તો) તીર્થંકર નામકર્મની તપ દ્વારા નિકાચના કરે. (ભ. મહાવીરે ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ ૨૫ મા ભવે કરેલા.)

તપ કરવા માટેનો પુરુષાર્થ માત્ર તીર્થંકર જ નહિં પણ ચક્રવર્તિ પણ છ ખંડની વિજય યાત્રામાં ૧૩ વખત અઠ્ઠમ કરી પોતાની વિજય યાત્રાને આગળ વધારે. ગૌતમસ્વામી જેવા ગણધરો પણ છઠ્ઠના પારણે છઠ્ઠ કરીને જીવનમાં અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી.

મેલા કપડા સાબુથી સ્વચ્છ થાય, સોનું તેજાબ વિ.થી શુદ્ધ થાય, ઘર ઝાડું વિ.થી શુદ્ધ થાય તેમ આત્માને શુદ્ધ-પવિત્ર કરવાનું સાધન 'તપ' છે. તપથી બાહ્ય રીતે દુઃખ, દુર્ગતિ, દુર્ભાગ્ય પણ દૂર થાય છે. છ કાયના જીવોની જે વિરાધના આરંભ સમારંભમાં થાય છે. તેમાં પણ આરંભેલા તપ અનુસાર એ વિરાધનાઓથી બચાય છે.

પ્રાચીન ઉત્કૃષ્ટ પરંપરા (પચ્ચક્ખાણ ભાષ્યની રીતે) તો એક ઉપવાસની આરાધનામાં જીવ ૪-ટંક (ચતુર્થભક્ત)નો આહાર ત્યજે છે. આગલા દિવસે એકાસણું કરી ૧ આહાર ત્યજ્યો. બીજે દિવસે ૨ આહાર (ટાઈમ) છોડવા સાથે ૧+૨=૩ થયા અને પારણાના દિવસે ફરી એકાસણું કરી (કરવાનું વિધાન છે) ૧ આહાર ત્યજે માટે એક ઉપવાસમાં–૧+૨+૧=૪ વખત આહારનો ત્યાગ થાય છે.

તપ ચિંત્વનના રાઈ પ્રતિક્રમણના કાઉસ્સગ્ગ (ચિંત્વન)માં પણ આ જીવને તપનો અનુરાગી બનાવવા ખાસ છ મહિનાના ઉપવાસથી માંડી જે તપ કરવું હોય ત્યાં સુધીનું ત્રણ卐 તબક્કે ચિંત્વન કરવાનું બતાડવામાં આવ્યું છે. આ રીતે પ્રમાદી જીવને ધર્મમાં-તપારાધનમાં સ્થિર કરાય છે.

જીભ બે કામ કરે, બોલવાનું ને ખાવાનું. જો બોલતા ન આવડે તો તે બરબાદ થાય, કષાયો કરી અધોગતિએ જાય. તેમ ખાવામાં વિવેક ન રાખે, ભક્ષ-અભક્ષ, પેય-અપેય ન વિચારે તો તેથી શરીર બગડે, મન બગડે, જીવન પણ બગડે. માટે જ જ્ઞાની પુરુષોએ જીભ ઉપર કાબૂ રાખવા તપનો આશ્રય લેવાનું કહ્યું છે.

卐 સર્વપ્રથમ - 'શક્તિ નથી, તપના પરિણામ પણ નથી' એવું ચિંત્વન. પછી 'શક્તિ છે, પરિણામ નથી' એવું થોડું સુધારીને ચિંતવવું. અને જે પચ્ચક્ખાણ કરવાનું હોય તે વખતે 'શક્તિ છે, પરિણામ છે અને પચ્ચક્ખાણ કરું છું.' એમ ચિંત્વન કરી પચ્ચક્ખાણ કરવું.

પાંચ ઈન્દ્રિયોના કાર્યો ભલે જુદા હોય છતાં આઠ કર્મમાં જેમ મોહનીય કર્મ, પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્ય, ત્રણ ગુપ્તિમાં મનગુપ્તિ રસનેન્દ્રિય (જીભ)ને જીતવી, વશમાં રાખવી ઘણી અઘરી છે. છેલ્લી ક્ષણે નાવ ડુબાડનાર છે. જીવનમાં પહેલેથી જ ૫૦/૬૦ વર્ષ સુધીના આયુષ્યમાં ધર્મ કરનાર આત્મા છેલ્લે અસમાધિ આર્ત-ધ્યાનમાં ફસાઈને પરભવની ગતિ બગાડે છે.

**તપ અને તત્ત્વ :**

બાહ્ય-અભ્યંતર તપનું આરાધન જેમ મોક્ષ અપાવે છે. તેમ નવતત્ત્વમાં જીવાદિ પહેલા ચાર તત્ત્વ પછી જે આશ્રવાદિ ચાર તત્ત્વ છે. તેમાં ચાર શક્તિઓ છૂપાઈ છે. તેમ વિચારીએ તો ખોટું નથી. આશ્રવ-એ કર્મને બોલાવે (આમંત્રે) છે. જ્યાં અવિરતિમય જીવન હોય ત્યાં એજ થાય, જ્યારે સંવર એ આવતાં કર્મને અટકાવે (રોકે) છે. બ્રેક હંમેશાં નુકસાનથી બચાવે છે સંવરનું એ કાર્યક્ષેત્ર છે.

હવે રહી વાત બાદબાકી રૂપે નિર્જરાની. તપ દ્વારા આ આત્મા બાંધેલા કર્મ જે ઉદયમાં હજી આવ્યા નથી તેણે ઉદીરણા કરી આમંત્રે છે. સમભાવે સહી લે છે. તેથી સ્પૃષ્ટ-બદ્ધ-નિધત્ત સુધીના કર્મની નિર્જરા તપથી થઈ સમજવી. છેલ્લે ચોથું જે બંધ છે તે કર્મની વૃદ્ધિ કરાવવા રૂપ છે. છતાં કર્મબંધ બધા એક સરખા થતા નથી એટલે બંધાયેલ કર્મ ક્યારેક તેજ ક્ષણે અથવા થોડા દિવસ-મહિના-વર્ષ કે ભવ પછી પૂર્ણ થાય છે. એક મહત્ત્વની વાત સમજવાની છે, કે - અભ્યંતર તપમાં જે ધ્યાન-સ્વાધ્યાય તપ છે તેનો જો ઉપયોગ રોજ ચાલુ હોય તો કર્મબંધ ઘણા પાતળા બંધાય. તેથી કહેવાય છે, કે - ''બંધ સમયે ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ ?''

**તપ અને તપગચ્છ :**

૧૩મી સદીની વાત. પૂ. આ. શ્રી જગતચંદ્રસૂરિજી મ. તે કાળમાં ઉત્કૃષ્ટ તપસ્વી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. મેવાડનો રાજા જેતસિંહ પૂજ્યશ્રીના તપધર્મની વારંવાર સ્તુતિ-અનુમોદના કરતો હતો. એક દિવસ રાજાએ આચાર્યશ્રીને 'મહાતપા' જેવું બિરૂદ આપ્યું. તે દિવસથી તેઓશ્રીનો શિષ્ય પરિવાર તપાગચ્છના નામથી પ્રસિદ્ધિ પામ્યો.

**તપ અને સિદ્ધિ :**

તપ એ સિદ્ધિઓને આપનારી શક્તિ છે. તે માટે માંગવાની કે લેવા માટેનો પુરુષાર્થ કરવાની જરૂર નથી. ઉપ+વાસ. આત્માની નજીકમાં આવીને વસવું-રહેવું તે ઉપવાસ. તપ કેટલું કર્યું તેનો વિચાર ન કરતાં તપ જીવનમાં કેટલું પરિણમ્યું છે ? વિનયાદિ ગુણો કેટલા વિકસ્યા છે તે શોધો-જૂઓ. એટલે સિદ્ધિઓ તમારા ચરણમાં રમશે.

લઘુશાંતિસ્તવના રચયિતા શ્રી માનવદેવસૂરિ મ.ની આચાર્ય પદવીની વિધિ તેઓના ગુરૂ શ્રી પ્રદ્યોતનસૂરિ કરાવી રહ્યા હતા. તે અવસરે પૂ. માનદેવસૂરિના ખભા

ઉપર લક્ષ્મી-સરસ્વતિ જોઈ ગુરૂ જરા વિચારમાં પડ્યા. પણ ચતુર શિષ્ય તરત સમજી ગયા ને ગુરૂદેવની શંકા દૂર કરવા જીવનભર છ વિગઈના ત્યાગના પચ્ચક્ખાણ આપવા વિનંતિ કરી. કેવા દીર્ઘદ્રષ્ટા ગુરૂ ને વિનયવંત શિષ્ય.

શ્રી બપ્પભટ્ટસૂરિ મહાજ્ઞાની, ધ્યાની, તપસ્વી હતા. એક દિવસ ગોપગિરિના રાજા આમ નરેશ્વરને અસાધ્ય તાવ આવતો હતો. અનેકાનેક પ્રયત્ન કરવા છતાં રોગે મચક ન આપી. અંતે આચાર્યદેવશ્રીની મંત્રીત કામળી રાજાને ઓઢાડવામાં આવી. ફળ સ્વરૂપ તરત તાવે (તપના પ્રભાવને અસહ્ય સમજી) વિદાય લીધી.

શ્રી પાદલિપ્તસૂરિ મહાતપસ્વી થઈ ગયા. જ્ઞાની ને લબ્ધિવંત પણ તેઓ એટલા જ. એક દિવસ ખેડાના જ્ઞાનભંડારમાંથી એક પોથી તેઓને મળી. તેના હજી ૪-૮ પાના પણ વાંચ્યા નથી ત્યાં દેવીએ પોથીનું હરણ કરી લીધું. તો પણ એ વાંચેલા પાનાના આધારે રોજ સ્વલબ્ધિથી પાંચ● તીર્થની જાત્રા કર્યા પછી આહાર લેવાનો સંકલ્પ કર્યો. કેવી હતી તે દર્શન-જ્ઞાન-ચારિત્ર ભક્તિ !

સિદ્ધચક્ર પૂજનમાં એક 'મહર્ષયઃ સંતુ સતામ્ શિવાય' સ્તોત્ર બોલાય છે. તેમાં અનેક પ્રકારના લબ્ધિવંત મુનિઓની વાતો આવે છે. મહાપુરુને સ્પર્શેલો પવન પણ રોગીને સ્પર્શે તો રોગી નિરોગી થાય છે. કહેવાનું તાત્પર્ય એજ કે તપ-આત્માને લાગેલા કર્મો તો ખપાવે જ છે પણ અનંત શક્તિ પણ પ્રગટાવે છે.卐 નિર્વાણ સમે તીર્થંકર પરમાત્મા પણ તપ કરતા હોય છે.

**તપ અને આહારસંજ્ઞા :**

ચોર્યાશી લાખ યોનીમાં જીવ ગમે તે ગતિ-જાતિમાં જન્મે, દરેક સ્થળે એ પોતાની યોગ્યતા અનુસાર આહાર લે છે. આહારના ત્રણ પ્રકારો છે. ૧. કવલાહાર, ૨. લોમાહાર અને ૩. ઓજાહાર. માત્ર આ જીવ એક ગતિનું આયુષ્ય પૂર્ણ કરી બીજી ગતિમાં જાય ત્યારે જતી વખતે અનાહારી ૨-૩ સમય માટે હોય છે અને શાશ્વત સુખ જ્યાં છે તે મોક્ષમાં જ કાયમી અનાહારી પદ પ્રાપ્ત કરે છે.

જિનમંદિરમાં જ્યારે અગ્રપૂજામાં નૈવેદ્ય પૂજા આપણે કરીએ છીએ તે વખતે આજ કારણે દુહો બોલતી વખતે ભાવના ભાવિએ છીએ કે - ''હે પ્રભુ ! વિગ્રહગતિના અનાહારી પદ મેં ઘણાં ભોગવ્યા, તો પણ મારો અંત ન આવ્યો. મારે તો મોક્ષનાં અનાહારી પદની અભિલાષા છે. તે આપો.'' આ જગતમાં ''બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપઃ ?'' એ ન્યાયે પેટ જ વેઠ કરાવે છે, અઢારે પાપસ્થાનક સેવડાવે છે. તેથી આહાર સંજ્ઞા ઘટાડવા તપ જીવનમાં ઘણું જરૂરી છે. ''આહાર કરાવે જીવને, ઉપાધિ-વ્યાધિ અપાર.''

---

● સિદ્ધાચલજી, ગિરનાર, ભરૂચ, મથુરા, ગ્વાલીયર.

卐 તપના પ્રભાવે આઠ સિદ્ધિ, નવ નિધિ યાવત્ મોક્ષ પણ પ્રાપ્ત થાય.

**તપ અને શ્રમણજીવન :**

ઈચ્છકાર સૂત્રમાં સાધુના શરીરને (વિશેષણ) 'તપોમય' શરીર સંબોધી શ્રમણની દરેક ક્ષણ બાહ્ય અભ્યંતર તપયુક્ત છે, એમ કહ્યું છે. દશ પ્રકારના યતિધર્મમાં પણ 'તપ'ને સ્વીકારેલ છે. સાધુ દશ વૈયાવચ્ચને યોગ્ય આત્માની વૈયાવચ્ચ કરે. ૧૭ પ્રકારે સંયમ પાળવામાં ઈન્દ્રિય નિગ્રહ આદિ કરે ત્યાં તપના જ ભાવ જોવા મળે છે.

શ્રાવકને ૭ સૂત્રની અનુજ્ઞા લેવા ૧૧૦ દિવસમાં ૧૩ વાંચના ૬૭ ઉપવાસ વિ. કરવું પડે. તેમ સાધુઓને માટે ૪૫ આગમોની અનુજ્ઞા લેવા માટે વર્ષો સુધી તપ કરી જ્ઞાનની આરાધના કરવી પડે છે. જ્ઞાનનો વિનય તપ સહિત કરાય તો તે તપ જ્ઞાનાચારના આરાધકને ઘણું આપી જાય છે.

**તપ અને શ્રાવકની પડીમા :**

જીવ ગુણસ્થાનકમાં જ્યારે આરોહણ શરૂ કરે ત્યારે તેનું વર્તમાન સમયે અંતિમ લક્ષ સંયમ પ્રાપ્તિ હોય છે. સંયમ પ્રાપ્તિ પછી આગળ કર્મક્ષય અને યાવત્ મોક્ષપ્રાપ્તિ થાય એટલે તે પૂર્ણતાને પામે. ટૂંકમાં મિથ્યાત્વ, શ્રાવક, સંયમી, કેવળી ને મોક્ષ એ પાંચ વિભાગમાં ૧૪ ગુણસ્થાનકોને વહેંચી શકાય.

જ્યાં સુધી મોહનીય કે અંતરાયઆદિ કર્મના ઉદયના કારણે આ આત્મા સંયમી (ચારિત્રધર) થતો નથી. ત્યાં સુધી એને શ્રાવક જીવનમાં વ્રતધારી-પડીમાધારી આદર્શ જીવન જીવી આધ્યાત્મિક દ્રષ્ટિએ પ્રગતિ કરવી જોઈએ. અને તોજ ૧૫ કર્માદાન, ૧૮ પાપસ્થાનક કે એવા અનેક પાપારંભના કાર્યોથી નિવૃત્ત થઈ જીવન ધન્ય કરી શકે.

બારવ્રત એ જીવન જીવવાની સાચી દિશા છે. લગભગ પોતાના અયોગ્ય આચાર-વિચાર સુધારવાની તેમાં તક મળે છે. અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત દ્વારા જીવન ઘડવાની સારી તક પ્રાપ્ત થાય છે.

જ્યારે અગ્યાર પડીમા (પ્રતિજ્ઞા)નો સ્વીકાર કરી લગભગ પાા વર્ષના ગાળામાં એ શ્રાવક ત્યાગી, તપસ્વી, ધ્યાની, વૈરાગી, વિવેકી થવા સમર્થ બને છે. આ ગાળામાં શ્રાવક એક થી ૧૧ મહિના સુધી ક્રમશઃ પોતાની પ્રતિજ્ઞાને વધુ દ્રઢ બનાવતો જાય. દરેક પ્રતિજ્ઞામાં ઓછામાં ઓછું એકાસણાનું તપ કરતા હોય છે. તેની સાથે બાહ્ય-અભ્યંતર તપનું પણ આરાધન ચાલુ હોય.

કહેવાનો સાર એ જ કે એ પડીમાધારી શ્રાવક છેલ્લે સાધુ જેવા આચાર પાળનારો થાય અને સાધુ પણ બની જાય.•

**તપ અને અધ્યયન :**

જેમ આયંબિલ આદિ તપસ્યાના પ્રકારો-નામો છે તેમ તપના બાહ્ય-અભ્યંતર

• શક્રેન્દ્ર પૂર્વભવે જ્યારે કાર્તિક શેઠ હતો ત્યારે આ ૧૧ પડિમાઓ (૧૦૦ વખત) વહન કરી હતી.

(૬×૨)=૧૨ ભેદ પણ છે. આવા અનેક પ્રકારોની ઉપર થોડી દ્રષ્ટિ સ્થિર કરીશું તો સ્પષ્ટ સમજાશે કે - આયંબિલ આદિ તપ વીર્યાંતરાયાદિના કારણે આ જીવ કરી ન શકે તો તેના સ્થાને એક ઉપવાસ=૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય યા ૨૦ બાંધી માળા ગણીને પણ એ પોતાનો આલોચનાદિનો તપ (પક્ખી, ચોમાસી, સંવત્સરી) પૂર્ણ કરી શકે છે.

બીજી વાત એ કે - એક નવકારસી તપની સામે જેમ-૧૦૦ વર્ષના નરકગતિનો બંધ ઓછો થાય અથવા એ દુઃખ હળવા થાય તેમ આ આત્મા માત્ર એક નવકાર મંત્રનું સ્મરણ જાપ શુદ્ધ રીતે જો કરે તો તેના ૫૦૦ સાગરોપમના પાપ નાશ થાય અથવા ૧૬,૬૩,૨૬૭ પલ્યા.નું દેવગતિનું આયુ બાંધે. ૩૨ દોષરહિત માત્ર ૧ સામાયિક ધર્મધ્યાનાદિ તપ સહિત શુદ્ધ કરે તો - ૯૨ ક્રોડ ૫૯ લાખ ૨૫ હજાર ૯૨૫ પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય બાંધે. આમ તપ ગમે તે પ્રકારે કરનારને ભાવના અનુસાર પુણ્યનો બંધ પણ થાય છે. સાથોસાથ પાંચ આચારનું જે આરાધક આત્મા જીવનમાં પાલન કરે છે, તેમાં પણ તપાચારનું પાલન થઈ જાય છે.

**તપ અને સંલેખના :**

સંલેખના એટલે અનશન. વર્તમાન કાળમાં આ પ્રવૃત્તિ સંઘયણ બળ, મન બળ આદિની ક્ષતિના કારણે શ્વેતાંબર સમાજમાં થતી નથી. મહાવીર પ્રભુના સમયમાં અને તે પછી પ્રાજ્ઞ પુરુષોની આજ્ઞાથી થતી હતી. તેથી તેના વિચારો અહીં બતાડ્યા છે.

સંલેખના એટલે દેહ ઉપરની મમતા ત્યજી, કષાયોને પાતળા કરવા (વૃદ્ધાવસ્થા-રૂગ્ણાવસ્થા યા પ્રબળ વૈરાગ્ય ભાવનાથી) શક્તિ-સંયોગો જોઈ નિર્મળ ભાવે જીવનના અંત સુધી (ચારે આહારના ત્યાગ રૂપ) આચરણ કરવું. મુખ્યત્વે તેના જે અતિચારો (અપ્રગટ નિયાણારૂપે) છે તે નિવારીને જો વ્યવસ્થિત કરવામાં આવે તો આત્મકલ્યાણ થાય તેમ સમજવું.

**સંલેખનાના પાંચ અતિચાર :**

(૧) **ઈહલોકાશંસા :** મરીને આ લોકમાં જ (મનુષ્ય-રાજાદિ રૂપે) ઉત્પન્ન થવા માટેની આકાંક્ષા.

(૨) **પરલોકાશંસા :** મૃત્યુ પામીને દેવ-ઈન્દ્રાદિ થાઉં, તેવી ઋદ્ધિ પામું.

(૩) **જીવિતાશંસા :** વધારે સમય જીવું. લોકો વિશેષ મારો સત્કાર-સન્માનાદિ કરે તેવી ઈચ્છા.

(૪) **મરણાશંસા :** સમાજ, ઘરમાં સન્માન-સત્કારાદિનો અભાવ છે માટે જલ્દી મરી જાઉં, તેવી ભાવના.

(૫) **કામભોગાશંસા:** દેવ કે મનુષ્ય ગતિમાં જ્યાં પણ ઉત્પન્ન થાઉં ત્યાં કામ અને વિપુલ ભોગની પ્રાપ્તિ થાય તે માટેની ઈચ્છા.

**ઘોર પ્રતિજ્ઞા ધારક :**

૧. ધન્ના અણગારે દીક્ષા દિવસથી છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણામાં આયંબિલ આજીવન કરેલ.

૨. એક મહાપુરુષે જીવન સુધી આઠ જ કવલ (કોળીયા)થી આયંબિલ કરવાનો અભિગ્રહ લીધેલ.

૩. ભીમમુનિ (પાંચ પાંડવ) એ તલવારની ધાર ઉપર કોઈ આહાર (ભિક્ષા) આપે તો પારણું કરવું, એવી પ્રતિજ્ઞા કરેલ. જે છ મહિનાના અંતે પૂર્ણ થઈ.

૪. સિંહગુફાવાસી મુનિ કૂવાના કાષ્ટ ઉપર કાઉસ્સગ્ગ કરનાર થયા.

૫. નંદિષેણે (મુનિ) વેશ્યાને ત્યાં ૧૦ ને પ્રતિબોધ કર્યા પછી ભોજન લેતા હતા.

૬. જ્યાં સુધી દીક્ષાની રજા નહિં મળે ત્યાં સુધી સ્ત્રીરત્ન સુંદરીએ આયંબિલ (૬૦ હજાર વર્ષ કર્યા) કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

**ધન્ય તપસ્વી :**

(ઉપવાસ - ઘરનું ઘર, આયંબિલ - મિત્રનું ઘર, એકાસણું - દુશ્મનનું ઘર)

| | | |
|---|---|---|
| ૧ | ભ. ઋષભદેવ | : ૧૩ મહિના ૧૦ દિવસના ઉપવાસ |
| ૨ | વજ્રાયુદ્ધ ચક્રી (મુનિ) (ભ. શાંતિનાથ પૂર્વભવ) | : ૧ વર્ષના ચઉવિહારા ઉપવાસ |
| ૩ | નંદન મુનિ રાજપૂત્ર (ભ. મહાવીર પૂર્વભવ) | : ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ |
| ૪ | ચંદનશેઠ (શ્રી ચંદ્ર કેવલી) | : પૂર્વભવે ઉત્કૃષ્ટ વર્ધમાન તપ આરાધના. જેના પ્રભાવે ૫૦૦ ચોવીશી નામ ગવાશે. |
| ૫ | બાહુબલીજી | : ૧ વર્ષના ચઉવિહારા ઉપવાસ |
| ૬ | મહાસતી સુંદરી | : ૨ કરોડ ૧૯ લાખ ૬૦ હજાર આયંબિલ |
| ૭ | સનત્ ચક્રવર્તિ (મુનિ) | : ૭૦૦ વર્ષનું ઘોર વીર તપ |
| ૮ | વિષ્ણુકુમાર મુનિ | : છ હજાર વર્ષ સુધીનું તપ |
| ૯ | નંદીષેણ મુનિ (વસુદેવ રાજા પૂર્વભવ) | : ૫૪ હજાર વર્ષ છઠ્ઠના પારણે છઠ્ઠ કરી સાથો-સાથ ઉત્તમ પ્રકારની વૈયાવચ્ચ કરી હતી. |
| ૧૦ | બલભદ્ર મુનિ (શ્રીકૃષ્ણના ભાઈ) | : ૧૧૫ વર્ષ છ મહિના અખંડ તપ કરી હિંસક પશુઓને શાંત કર્યા. |
| ૧૧ | ઢંઢણ અણગાર (શ્રીકૃષ્ણના પૂત્ર) | : છ મહિનાના ઉપવાસ |
| ૧૨ | ગુરૂ ગૌતમ સ્વામી | : ૩૦ વર્ષ છઠ્ઠના પારણે છઠ્ઠ |
| ૧૩ | ધન્ના કાકંદી (અણગાર) | : છઠ્ઠના પારણે આયંબિલ યાવત્જીવ |
| ૧૪ | શાલિભદ્ર - ધન્નાજી | : ૧૨ વર્ષ છ મહિના ઉગ્ર તપ. |

| | | |
|---|---|---|
| ૧૫ | શિવકુમાર (જંબુસ્વામી પૂર્વભવ) | : ૧૨ વર્ષ છ મહિના છઠ્ઠને પારણે આયંબિલ |
| ૧૬ | શ્રી કૃષ્ણ સૂરીશ્વરજી | : ૧ વર્ષ સુધી (પારણા ૨૪) ઉગ્રતપ |
| ૧૭ | વીરાચાર્ય | : યાવત્જીવ અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ |
| ૧૮ | સિદ્ધસેન દિવાકર સૂરિ | : આઠ વર્ષ સુધી અખંડ આયંબિલ |
| ૧૯ | હરિકેશી મુનિ | : ઉગ્ર તપના કારણે તિંદુયયક્ષ સેવા કરે છે. |
| ૨૦ | દ્રઢપ્રહારી | : ૪ હત્યા કરનાર ૬ મહિનામાં તપના પ્રભાવે કેવળી થયા. |
| ૨૧ | અર્જુનમાળી | : રોજ ૬+૧=૭ હત્યા કરનારો પણ દીક્ષા દિવસથી છઠ્ઠ પારણે છઠ્ઠ કરી તરી ગયા. |
| ૨૨ | શ્રી જગત્ચંદ્ર સૂરીશ્વરજી | : ૧૨ વર્ષ છ મહિના અખંડ આયંબિલ |
| ૨૩ | શ્રી વર્ધમાનસૂરીશ્વરજી | : વર્ધમાન તપની ૧૦૦ ઓળી |
| ૨૪ | ચંપાશ્રાવિકા | : છ મહિનાના ઉપવાસ |
| ૨૫ | શ્રી ભદ્રેશ્વરસૂરિ | : આજીવન છ વિગઈનો ત્યાગ |
| ૨૬ | શ્રી પ્રભસૂરિ | : છ વિગઈના ત્યાગી એકાંતરે ઉપવાસ-આયંબિલ |
| ૨૭ | શ્રી શીલભદ્રસૂરિ | : ૧૨ વર્ષની ઉંમરથી છ વિગઈના ત્યાગી |
| ૨૮ | શ્રી કૃષ્ણકર્મમુનિ | : વર્ષના-૭૩ દિવસ એકાસણા. બાકી ઉપવાસ |
| ૨૯ | શ્રી માનદેવસૂરિ | : આચાર્ય પદ પછી છ વિગઈ ત્યાગ. ભક્તના ઘરની ગોચરી ત્યાગ. |
| ૩૦ | શ્રી અભયદેવસૂરિ | : ૧૬ વર્ષ ફક્ત જુવારનો રોટલો વાપરેલ |
| ૩૧ | શ્રી કક્કસૂરિ | : બાર વર્ષ સુધી છઠ્ઠને પારણે આયંબિલ |
| ૩૨ | શ્રી ધર્મઘોષસૂરિ | : આચાર્ય પદ પછી છ વિગઈનો ત્યાગ અને માત્ર જુવારની રોટલી વાપરવાની. |
| ૩૩ | શ્રી પૂંજાઋષિ | : ૪૦ ઉપ-૧,૩૦ ઉપ ૫૦,૨૦ ઉપ,૨.૧૬ ઉપ.૧૬, ૧૪ ઉપ.-૧૪, ૧૩ ઉપ.-૧૩,૧૨ ઉપ.૧૨,૧૦ ઉપ-૨૪, ૮ ઉપ-૨૫૦, ૩ ઉપ-૧૫૦૦ વખત,૨ ઉપ-૭૦પારણામાં છાસ |
| ૩૪ | દ્રૌપદી | : ૬ મહિના છઠ્ઠના પારણે આયંબિલ |
| ૩૫ | કુરુદત્ત | : ૬ મહિના અઠ્ઠમના પારણે આયંબિલ |
| ૩૬ | દમયંતી | : આયંબિલ દ્વારા તીર્થંકર નામકર્મ. |
| ૩૭ | પદ્માવતિ (કૃષ્ણ-પટરાણી) | : અનેકાનેક તપ, અણસન કરી મોક્ષે ગયા. |
| ૩૮ | કાલીદેવી | : રત્નાવલી તપ ૫ વર્ષ ૨ મહિના ૨૮ દિવસ |
| ૩૯ | મહાકાલી | : કનકાવલી લઘુ સિંહ નિષ્ક્રીડીત તપ. |

૪૦ કૃષ્ણારાણી : મહા સિંહનિષ્ક્રીડીત તપ દ્વારા મોક્ષગામી

૪૧ કનકકેતુ રાજા : ૧ થી છ માસ સુધીની મર્યાદાવાળું ઉગ્ર તપ કરી તીર્થંકર નામકર્મ બાંધ્યું.*

**તપ તો કર્યું પણ...**

★ **ચંડકૌશિક** – પૂર્વ ભવે ઘણા તપસ્વી ઘણા હતા પણ શિષ્ય ઉપરના ક્રોધના કારણે ચંડકૌશિક થયા.

★ **વિશ્વભૂતિ** – તપસ્યા, આરાધનાના બદલામાં વિશાખાનંદીને દુઃખી કરનારો થાઉં તેવું નિયાણું કર્યું.

★ **તામલી તાપસ** – ૬૦ હજાર વર્ષ સુધી અલ્પ ચોખા ખાઈ તપ કર્યો. અજ્ઞાન તપ હોવાથી તપનું પૂર્ણ ફળ ન પામ્યો. અન્યથા જો શુદ્ધ ભાવથી કર્યો હોત તો ૭ આત્મા મોક્ષ પામત.

★ **બ્રાહ્મી-સુંદરી** – પીઠ ને મહાપીઠના ભવમાં માયા સહિત તપ કર્યો તેથી સ્ત્રી અવતાર પામ્યા.

★ **લક્ષ્મણા સાધ્વી** – અશુભ ચિંત્વનનું પ્રાયશ્ચિત માગ્યું અને તપ પણ પૂર્ણ કર્યો. પણ એ બધું માયા સહિત કર્યું તેથી સંસાર વધ્યો.

★ **નંદિષેણ** – ૧૨ વર્ષના ઉત્તમ ચરિત્ર તપના અંતે સ્ત્રીવલ્લભ થવા નિયાણું કરી તપ વેચ્યું.

★ **સ્કંધકાચાર્ય** – તપના બદલે નિયાણું કરી ભવ વધાર્યા.

**તપ એ કલ્પવૃક્ષ સમાન છે :**

★ જેનું સંતોષરૂપી મોટું **મૂળ** છે.

★ જેમાં ક્ષમારૂપી પરિવાર **સ્કંધ** સમાન છે.

★ વૃક્ષની પાંચ ઈન્દ્રિયો રૂપી વિશાળ **શાખા** (ડાળીઓ) છે.

★ નવપલ્લવીત અભયદાન રૂપી જેના સુશોભીત **પાંદડા** છે.

★ બ્રહ્મચર્યથી નિત નિત **નવપલ્લવીત** રહે છે.

★ શ્રદ્ધારૂપી જળનો છંટકાવ થતો હોવાથી કુલ, બળ, ઐશ્વર્ય અને સુરૂપના **પુષ્પો**થી આકર્ષાય છે.

★ આલોક અને પરલોકના શાશ્વતા સુખ (મોક્ષ) રૂપી **ફળ** આપવા સમર્થ છે.

આવું કલ્પવૃક્ષ સર્વેની આત્મ કલ્યાણની ભાવનાને પૂર્ણ કરો.

---

★ વર્તમાન કાળમાં ૨૫/૩૦ માસક્ષમણ કરનારા, ત્રીજી વખત વર્ધમાન તપની ઓળી કરનારા, ૫૫ પ્રકારના તપ કરનારા પુણ્યાત્માઓ વંદનીય જોવા મળે છે.

**ઉપસંહાર :**

તપસ્વીઓ જે તપસ્યા કરે છે તેમાં મુખ્યત્વે આગાઢ અને અનાગાઢ વિભાગ છે. જે તપ દિવસને અંતરે થાય તે અનાગાઢ અને જે શ્રેણિબદ્ધ કરાય તે આગાઢ. (આ તપ બને ત્યાં સુધી પૂર્ણ કરવું જ પડે.)

તપ-ધર્મના આરાધકે સર્વપ્રથમ કષાય, ક્રોધને વશમાં રાખવો જોઈએ. જીવનના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત-મલીન કરે તે કષાય. 'કષ' એટલે સંસાર અને 'આય' એટલે લાભ-વૃદ્ધિ. તેથી તપસ્વીઓને કષાયો, ક્રોધથી દૂર રહેવું જોઈએ.

બીજી એક વાત જીવનમાં ઉતારવા જેવી છે, કે - તપ મન, વચન, કાયની શુદ્ધિથી કરવું જોઈએ. શરીરનો સામાન્ય સ્વભાવ છે, કે - પોતાની પાસે જે બીનજરૂરી યા અયોગ્ય વસ્તુ હોય તેનો તે સંગ્રહ કરતું નથી. ત્યારે જ પરસેવો કે નાકમાંથી શ્લેશ્મ, આંખ-કાનમાંથી મેલ, લઘુનીતિ, વડીનીતિ વિ. દ્વારા બહાર પડે છે. એવા શરીરની પાસેથી જો તપ દ્વારા કર્મ વર્ગણાઓ પણ બાળવામાં આવે તો આત્મા શુદ્ધ થઈ જાય. કંચનવર્ણી કાયા થઈ જાય તેમાં નવાઈ નથી.


આ તપધર્મનું આરાધન વર્ષો સુધી કરી પ્રાપ્ત કરેલું પુણ્ય જો ધ્યાન ન રાખો, કષાયોને વશ થઈ જાઓ તો તપના બદલામાં નિયાણું કરી બધું તપ વ્યર્થ કરી શકાય છે. માટે તપ અને તપથી થતા પુણ્યને કાળજીપૂર્વક સાચવવું પડે છે.

અંતે દાન જેમ પરિગ્રહની મમતા ઘટાડી અપાય છે. શીલધર્મ ભવથી વૈરાગી થઈ અલ્પસંસારી થવા પળાય છે. તેમ મલીન આત્માને કંચનવર્ણી-શુદ્ધ કરવા તપ શુભ ઉદ્દેશ્યથી કરવાનો હોય છે. એવો તપ જે આત્મા કરે છે તે આ ભવને પરભવને સુધારી પરમ પદને પામે છે. કિં બહુના ?

卐



આ રૂપવંતીનાર મુનિને મોદક લેવા કરગરે છે. પણ મુનિએ સ્વીકારતા નથી. જ્યારે હું લેખાની ખાતર રાજાને રીઝવવા મરણતોલ પ્રયત્ન કરું છું. છતાં રાજા ખુશ થતો નથી. બસ, હવે મને એ કન્યા જ જોઈતી નથી.





(૧) ગુરુજી આપો મને લાભ. હું આવું છું તમારી સાથ.

(૨) પાત્રાને પાણીમાં તરાવ્યું.

જીવ વિરાધનાનું પાપ લાગ્યું. ભાવથી પ્રતિક્રમણ કરતાં મુનિને કેવળજ્ઞાન થયું



રાજન ! આશ્ચર્ય તો એ વાતનું છે, કે - એ ગુણસાગર યુવરાજને લગ્નની ચોરીમાં ઉચ્ચ ભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.



જેઓ મને ભોજનના બદલે જાકારો આપતા હતા એજ શ્રેષ્ઠીઓ મારી સેવા કરે છે. કારણ ચારિત્ર ! વંદન હો ચારિત્ર ધર્મને !

## ભાવ હૃદયે ધરે....

રે ભવિ ભાવ હૃદયે ધરે, જે છે ધર્મનો ધોરી,
એકલમલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી. (૧)

દાન શિયળ તપ ત્રણ એ, પાતક મલ ધોવે,
ભાવ જો ચોથો નવિ મળે, તો તે નિષ્ફળ હોવે. (૨)

વેદ પુરાણ સિદ્ધાંતમાં, ષટ્દર્શન ભાખે,
ભાવ વિના ભવસંતતિ, પડતા કોણ રાખે રે. (૩)

તારક રૂપ એ વિશ્વમાં, જંપે જિન જગભાણ,
ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ. (૪)

ઔષધ આય ઉપાય જે, મંત્ર તંત્ર ને મૂળી,
ભાવે સિદ્ધ હોવે સદા, ભાવ વિના સવિ ધૂળી. (૫)

**ઉદયરત્ન** કહે ભાવથી, કોણ કોણ નર તરીયા,
શોધી જો જો સૂત્રમાં, સજ્જન ગુણ દરીયા. (૬)

**પૂજ્ય ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન વિજયજી મ. (વાચક)**

## એકત્વ ભાવના...

જે ભવિ ભાવના ચોથી ભાવે, અંતર મેલ તે દૂર હઠાવે
જીવ ભવ વનમાં યમ ભય માથે, પરભવ જાતા કહો કુણ સાથે,
ધર્મ વિના જીવડા કોઈ નાવે. અં.૧
ભવો ભવો એકલડા અવતરવું, એકલડા વળી ભવોભવ મરવું,
કર્મ વિપાકથી કોણ બચાવે ? અં.૨
પાપ કરી તું ધન જે બચાવે, સહુ કોઈ તેમાં ભાગ પડાવે,
પણ નરકે તું એકલો જાવે. અં.૩
જીવ એકલો સુખ-દુઃખ ભણી, એમ સમજી બનો ધર્મના રાગી,
એહિજ જિનવર સાર ગણાવે. અં.૪
એહ ભાવના જે દિલમાં ભાવે, મમતા નાગણ ઝેર જણાવે,
તે ભવિ અમૃતરસ પાન પાવે. અં.૫

**(સંગ્રહિત)**

# ભાવધર્મ સુભાષિત

**तवतेणे वइतेणे रूवतेणे य जे नरे ।**
**आयार भावतेणे य कुव्वई देवकिब्बिसं ॥**

**અર્થ :** જે મનુષ્ય તપનો ચોર, રૂપનો ચોર, આચારનો ચોર અને ભાવનો ચોર હોય છે તે ભવાંતરે કિલ્બિષિક (નિમ્ન કોટિનો) દેવ થાય છે.

**भाव रहियं तु चरणं. बहु पि अण्णायतवमिव असारं ।**
**भावजुयं पुण वियरई, अंतमुहुत्तेण निव्वाणं ॥**

**અર્થ :** ભાવ વગરનું કઠોર ચારિત્ર પણ અજ્ઞાન તપની જેમ અસાર છે. જ્યારે ભાવ સહિતનું ચારિત્ર આત્માને અંતમુહુર્તમાં મોક્ષપદ આપે છે.

**दाने शीले तपस्येव, भावना मिलिता यदि ।**
**तदा मोक्ष सुखाकांक्षा, चिंतनीया जनैरिह ॥**

**અર્થ :** દાનધર્મ, શીલધર્મ અને તપધર્મમાં જ્યારે ભાવના ભળે છે. ત્યારે જ માનવીઓએ મોક્ષની આશા રાખવી.

**सद्धर्मःवृक्षः शुभभाव नीर, सिलः फलेस्याद्कलोऽन्यथातु ।**
**भावः शुभोऽतः सुधिया विधेयो, ह्रदीच्छता धर्मफलं विशालम् ॥**

**અર્થ :** દાન, શીલ, તપાદિ ધર્મરૂપી વૃક્ષોને જો શુભભાવ રૂપી પાણી વડે સિંચન કરાયું હોય તો જ એ ફળ આપે છે, અન્યથા નિષ્ફળ જાય છે. માટે ધર્મના વિશાળ ફળને ઈચ્છતા બુદ્ધિમાને શુભ ભાવના ભાવવી.

**भावस्यैकांगवीरस्य सानिध्याब्दहवः शिवम् ।**
**ययुनैकोऽपि दानाद्यै र्भावहीनैर्धनैरपि ॥**

**અર્થ :** ભાવ એકાંગવીર છે. (અજાતશત્રુ) તેની સહાયથી બહુજન શિવપદ વિવિધ ધર્મ પાલનથી પામ્યા છે. જ્યારે ભાવ વગરના દાન, શીલ તપથી એક પણ આત્મા શિવપદ પામ્યો નથી.

**षट्खंडराज्ये भरतो निमग्नस्तांबूलवक्तः सविभूषणश्च ।**
**आदर्शहर्म्ये जटिते सुरत्नैर्ज्ञानं सं लेभे वरभावतोऽत्र ॥**

**અર્થ :** છ ખંડનો સ્વામી ભરતચક્રી રાજ્યમાં આસક્ત છે. મુખમાં તાંબૂલ છે. શરીર પર મૂલ્યવાન આભૂષણ છે. ભવન આરિસાથી યુક્ત છે. છતાંય ભાવથી વૈરાગી બની કેવળજ્ઞાન પામે છે.

# श्री भाव कुलकम्

**कमढासुरेण रइयम्मि, भीसणे पलयतुलजयबोले ।**
**भावेण केवललच्छिं, विवाहिओ जयउ पासजिणो ॥१॥**

**અર્થ :** કમઠ અસુરે રચેલા ભારે ભયંકર પ્રલયકાળના જેવા જળના ઉપદ્રવ સામે સમભાવને ધારણ કરવા વડે જે કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને વર્યા તે શ્રી પાર્શ્વપ્રભુ જયવંતા વર્તો. ॥૧॥

**निच्चुण्णो तंबोलो, पासेण विणा न होइ जह रंगो ।**
**तह दाणसीलतवभावणाओ, अहलाओ सव्व भावं विणा ॥२॥**

**અર્થ :** જેમ ચૂના (કાથા) વગરનું તાંબુલ (નાગરવેલનું પાન) અને પાસ વગરનું વસ્ત્ર ઠીક રંગાતું નથી તેમ ભાવ વગર દાન શીલ તપ અને ભાવનાઓ પણ અફળ જાય છે. ॥૨॥

**मणि-मंत-ओसहीणं, जंततंताण देवयाणं पि ।**
**भावेण विणा सिद्धी, न हु दीसइ कस्स वि लोए ॥३॥**

**અર્થ :** મણિ, મંત્ર, ઔષધી તેમ જ જંત્ર તંત્ર અને દેવતાની પણ સાધના દુનિયામાં કોઈને ભાવ વગર સફળ થતી નથી. (ભાવ યોગે જ તે તે વસ્તુઓની સિદ્ધિ થતી દેખાય છે.) ॥૩॥

**सुहभावणावसेणं, पसन्नचंदो मुहुत्तमित्तेण ।**
**खविऊण कम्मगंठिं, संपत्तो केवलं नाणं ॥४॥**

**અર્થ :** શુભ ભાવના યોગે **પ્રસન્નચંદ્ર** (રાજર્ષિ) બે ઘડી માત્રમાં રાગ દ્વેષમય કર્મની ગ્રંથી-ગાંઠને ભેદી નાખી કેવલજ્ઞાન પામ્યા. ॥૪॥

**सुस्सूसंती पाए, गुरुणीणं गरहिऊण नियदोसे ।**
**उप्पन्नदिव्वनाणा, मिगावई जयउ सुहभावा ॥५॥**

**અર્થ :** નિજદોષ (અપરાધ)ની નિંદા-ગર્હા કરીને ગુરૂણીના ચરણની સેવા કરતાં જેણીને શુભ ભાવથી કેવળજ્ઞાન ઉપન્યું તે **મૃગાવતી** સાધ્વી જયવંતી વર્તો. ॥૫॥

**भयवं इलाइपुत्तो, गुरुए वंसम्मि जो समारूढो ।**
**दट्ठूण मुणिवरिंदं, सुहभावओ केवली जाओ ॥६॥**

**અર્થ** : મોટા વાંસ ઉપર નાચવા માટે ચઢ્યા છતાં કોઈ મહામુનિરાજને દેખી શુભ ભાવથી પૂજ્ય **ઈલાચિપુત્ર**ને કેવળજ્ઞાન પ્રગટ થયું. (એ સદ્ભાવનો જ પ્રભાવ સમજવો.) ॥૬॥

**कविलो अ बंभणमुणी, असोगवणिआई मज्झयारम्मि ।**
**लाहा लोह त्ति पयं, पढंतो (झायंतो) जायजाइसरो ॥७॥**

**અર્થ** : **કપિલ** નામનો બ્રાહ્મણ મુનિ અશોક વાટિકામાં ''જહા લાહો તહાં લોહો; લાહો લોહો પવઢઈ'' એ પદની વિચારણા કરતો શુભ ભાવથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. ॥૭॥

**खवगनिमंतणपुव्वं-वासिअभत्तेण सुद्धभावेण ।**
**भुंजंतो वरनाणं, संपद्धो कूरगड्डू वि (कूरगड्डूओ) ॥८॥**

**અર્થ** : વાસિત ભાવ વડે તપસ્વી સાધુઓને નિમંત્રણ કરવા પૂર્વક ભોજન કરતા **કુરગડુમુનિ** શુદ્ધ ભાવથી કેવળજ્ઞાન પામ્યા. ॥૮॥

**पूव्वभवसूरिविरइअ - नाणासाअणपभावदुम्भेहो ।**
**नियनामं झायंतो, मासतुसो केवली जाओ ॥९॥**

**અર્થ** : પૂર્વ ભવે આચાર્યપણે કરેલી જ્ઞાનની આશાતનાના પ્રભાવથી બુદ્ધિહીન થયેલા **'માસતુસ'** મુનિ નિજ નામને ધ્યાતા છતાં (કોઈની ઉપર રાગ કે રીસ ન કરવારૂપ ગુરુ મહારાજાએ બતાવેલા **પરમાર્થ સામે** દ્રષ્ટિ રાખી રહેતા છતાં) ઘાતિ કર્મનો ક્ષય કરી (શુદ્ધ નિર્મળ ભાવથી) કેવળજ્ઞાન પામ્યા. ॥૯॥

**हत्थिम्मि समारूढा, रिद्धिं दट्ठूण उसभसः मिस्स ।**
**तक्खण सुहझाणेणं, मरुदेवी सामिणी सिद्धा ॥१०॥**

**અર્થ** : હાથીના સ્કંધ ઉપર આરૂઢ થયેલાં **મરુદેવીમાતા** ઋષભદેવ સ્વામીની રિદ્ધિ-સિદ્ધિ દેખીને તત્કાળ શુભ ધ્યાનથી અંતકૃત કેવળી થઈ મોક્ષપદ પામ્યા. ॥૧૦॥

**पडिजागरमाणीए, जंघाबलखीणमण्णिआपुत्तं ।**
**संपत्तकेवलाए, नमो नमो पुप्फचूलाए ॥११॥**

**અર્થ** : જંઘાબળ જેનું ક્ષીણ થયું છે એવા **અર્ણિકા** પુત્ર આચાર્યની સેવા (ઉચિત વૈયાવચ્ચ) કરતાં જેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે સાધ્વી **પુષ્પચૂલા**ને પુનઃ પુનઃ નમસ્કાર હો. ॥૧૧॥

**पन्नरसयतावसाणं, गोअमनामेण दिन्नदिक्खाणं ।**
**उप्पन्नकेवलाणं, सुहभावाणं नमो ताणं ॥१२॥**

**અર્થ : ગૌતમ સ્વામીએ** જેમને દીક્ષા દીધી છે અને શુભ ભાવ વડે જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા પંદરસો **તાપસોને** નમસ્કાર હો. ॥૧૨॥

**जीवस्स सरीराओ, भेअं नाउं समाहिपत्ताणं ।**
**उप्पाडिअनाणाणं, खंदकसीसाण तेसि नमो ॥१३॥**

**અર્થ :** પાપી પાલકવડે યંત્રમાં પિલાતા છતાં જીવને શરીરથી જુદો જાણીને સમાધિ પ્રાપ્ત થયેલા એવા જેમને કેવળજ્ઞાન પેદા થયું છે તે સ્કંદકસૂરિના સઘળા **શિષ્યોને** નમસ્કાર હો. ॥૧૩॥

**सिरिवद्धमाणपाए, पूअत्थी सिंदुवारकुसुमेहिं ।**
**भावेणं सुरलोए, दुग्गइनारी सुहं पत्ता ॥१४॥**

**અર્થ :** શ્રી વર્ધમાન સ્વામીના ચરણને સિંદુવારનાં ફૂલથી પૂજવાને ઈચ્છતી **દુર્ગતા** નારી શુભ ભાવ વડે (કાળ કરીને દેવગતિમાં ઊપજીને) સુખી થઈ. ॥૧૪॥

**भावेण भुवणनाहं, वंदेउं दद्दुरो वि संचलिओ ।**
**मरिऊण अंतराले, नियनामंको सुरो जाओ ॥१५॥**

**અર્થ :** એક દેડકો પણ ભાવથી ભુવનગુરુ શ્રીવર્ધમાન સ્વામીને વાંદવા ચાલ્યો ત્યાં માર્ગમાં (ઘોડાની ખરી નીચે કચરાઈ) મરણ પામીને નિજનામાંકિત-**દર્દૂરાંક** નામે દેવતા થયો. ॥૧૫॥

**विरयाविरयसहोअर, उदगस्स भरेण भरिअसरिआए ।**
**भणियाअ सावियाए, दिन्नो पग्गुत्ति भाववसा ॥१६॥**

**અર્થ :** વિરત સાધુ અને અવિરત શ્રાવક (રાજા) જે બંને સગા ભાઈ હતા તેમને ઉદ્દેશીને આ 'સાધુ સદાય ઉપવાસી હોય' અને આ શ્રાવક 'સદાય બ્રહ્મચારી હોય' તો અમને હે નદી દેવી ! માર્ગ આપજે, એમ ઉક્ત મુનિને વંદના કરવા જતાં અને પાછા વળતાં માર્ગમાં પાણીના પૂરથી ભરેલી નદીને સંબોધી તે શ્રાવિકાએ (રાણીએ) સાચા ભાવથી કહ્યે છતે બન્નેના શુદ્ધ જીવનની સાક્ષીરૂપે નદીએ તેમને તરત જ પેલે પાર જવા દેવા માટે માર્ગ કરી આપ્યો હતો. ॥૧૬॥

**सिरिचंडरुद्दगुरुणा, ताडिज्जंतो वि दंडघाएण ।**
**तक्कालं तस्सीसो, सुहलेसो केवली जाओ ॥१७॥**

**અર્થ :** શ્રીચંડરુદ્ર ગુરુદેવ વડે દંડપ્રહારથી તાડન કરાતો એવો તેનો (શાંત) શિષ્ય શુભ લેશ્યાવંત છતાં તત્કાળ કેવળજ્ઞાન પામ્યો. ॥૧૭॥

**जं न हु भणिओ बंधो, जीवस्स वहम्मि समिइगुत्ताणं ।**
**भावो तत्थ पमाणं, न पमाणं कायवावारो ॥१८॥**

**અર્થ :** સમિતિ ગુપ્તિવંત સાધુઓથી કવચિત જીવનો વધ થઈ જાય તો પણ જે તેમને નિશ્ચે બંધ કહ્યો નથી તેમાં ભાવ જ પ્રમાણ છે, પણ કાયવ્યાપાર પ્રમાણ નથી. ॥૧૮॥

**भाव च्चिय परमत्थो, भावो धम्मस्स साहगो भणिओ ।**
**सम्मत्तस्स वि बीअं, भाव च्चिय बिंति जगगुरुणो ॥१९॥**

**અર્થ :** ભાવ જે ખરો પરમાર્થ છે. ભાવ જ ધર્મનો સાધક મેળવી આપનાર છે અને ભાવને જ સમ્યક્ત્વનું બીજ ત્રિભુવન ગુરુ શ્રી તીર્થંકરો કહે છે. ॥૧૯॥

**किं बहुणा भणिएणं, तत्तं निसुणेह भो ! महासत्ता !**
**मुख्खसुहबीयभूओ, जीवाण सुहावहो भावो ॥२०॥**

**અર્થ :** ઘણું ઘણું શું કહીએ ? હે સત્ત્વવંત ? હું તમોને તત્વ (નિચોડ) કહું છું, તમે સાવધાનપણે સાંભળો. મોક્ષ સુખના બીજરૂપ જીવોને સુખકારી ભાવ જ છે. અર્થાત્ સદ્દભાવ યોગે જ જીવો મોક્ષ સુખ મેળવી શકે છે. ॥૨૦॥

**इय दाणसीलतवभावणाओ, जो कुणइ सत्तिभत्तिपरो;**
**देविंदविंदमहिअं, अइरा सी लहइ सिद्धिसुई ॥२१॥**

**અર્થ :** આ દાન, શીલ, તપ અને ભાવનાઓને જે ભવ્યાત્મા શક્તિ અને ભક્તિના ઉલ્લાસ વડે કરે છે, તે મહાશય ઈન્દ્રોના સમૂહ વડે પૂજિત એવું અક્ષય મોક્ષ સુખ અલ્પકાળમાં મેળવી શકે છે. આ કુલકમાં છેવટે ગ્રંથકારે પોતાનું દેવેન્દ્રસૂરિ એવું નામ ગર્ભિતપણે સૂચવ્યું જણાય છે. ॥૨૧॥

**आकर्णितोऽपि महितोऽपि निरीक्षीतोऽपि,**
**नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।**
**जातोऽस्मि तेन जन बांधव ! दुःख पात्रम्,**
**यस्मात् क्रियाः प्रतिफलन्ति न भाव शून्या ॥**

**અર્થ :** હે જગત બંધુ ! મેં આપના ઉદ્દેશને ઘણો સાંભળ્યો, આપની ખૂપ પૂજા કરી તથા દર્શન પણ આપના ઘણાં કર્યા. છતાં એ બધું નિશ્ચયપૂર્વક ભાવથી નથી કર્યું તેથી ઘણાં દુઃખનો પાત્ર બન્યો છું. (હવે સમજાયું કે) ભાવશૂન્ય (દ્રવ્ય ક્રિયા) ક્રિયા ક્યારેય ફળવંતી થતી નથી.

卐



પ્રભુ ! મારા ઘરે ચોમાસી તપનું પારણું કરવા પધારજો - જીરણશેઠ

# શ્રી ભાવધર્મ

''ભાવ્યતે આત્મહિતં અનયા ઈતિ ભાવના !''

''યાદ્દશી ભાવના, તાદ્દશી ફલં''

''આત્માનં ભાવયીતિ ભાવના''

''ભાવે ભાવના ભાવિએ, ભાવે દીજે દાન,

ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળજ્ઞાન.''

ભાવનાનું દ્વાર 'મન' છે. જેમ 'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ' જ્ઞાન અને ક્રિયાએ બેના મિશ્રણથી ત્રીજું મોક્ષ પ્રાપ્ત થાય, તેમ અહીં ભાવ-મનના પરિણામો જો અનુમોદનીય ઉત્કૃષ્ટ કોટીના હોય તો દાન, શીલ કે તપધર્મમાં પ્રાણ આવે. અને કરેલો ધર્મ પરંપરાએ મોક્ષ અપાવે. માટે જ કહ્યું છે, કે - ''જેવી તમારી ભાવના તેવું તમે ફળ પામશો.''

જે ભાવના-ઈચ્છાઓમાં આત્મહિત છૂપાયેલ છે અથવા જેના વડે આત્મહિત થવાની શકયતા છે તે ભાવના. વિદ્વાનો મનન-ચિંતન કરીને કાંઈક સર્જન કરવા ઈચ્છતા હોય પણ તેમાં પ્રસન્નતા-ઉર્મિ ક્યારે આવે જ્યારે ચિત્તમાં શાંત સુધારસ હોય. સમભાવ વિના સ્વનું ચિંતન જામવાનું (થવાનું) નથી.

ભોજન દરેક વસ્તુ નાખી બનાવ્યું હોય પણ જો 'મીઠું' જ નાખ્યું ન હોય તો તે નિરસ લાગે. તેમ ધર્મની આરાધનામાં બીજી બધી અનુકુળતા હોય પણ ભાવ ન હોય તો તે સાવ ફીક્કુ-લુખ્ખું લાગે. ફળ-પુણ્યનો બંધ પૂર્ણ ન થાય.

આ જીવે ૠ અનંતીવાર દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના પૂર્વ જન્મોમાં કરી હશે પણ તે બધી ક્રિયાઓ દ્રવ્ય કક્ષાની હોવાથી મન હોવા છતાં કમને કરી તેથી જોઈએ તેવું પરિણામ ન આવ્યું. દ્રવ્યક્રિયા કરતાં કરતાં જ્યારે ભાવક્રિયા કરવાની-આચરવાની ભાવના જાગે અને મન તેમાં પરિપૂર્ણ સાથ આપે તો જ એ ભાવક્રિયા સંપૂર્ણ ફળ આપે.

કોઈ ચાર વ્યાપારી ધન પ્રાપ્ત કર્યા પછી મેળવેલા ધનનો અમુક ભાગ દાનધર્મમાં વાપરવાની ભાવના ભાવે છે પણ દાન કરતી વખતે જોઈએ તેવા એક સરખા સાનુકુળ પરિણામ ન હોય તો ભાવના કારણે ધન-દાતા ને લેનારની ક્રિયામાં ફળ સરખું બધાને ન મળે. ફળ તો ભાવધર્મ ઉપર જ અવલંબીત છે.

કુંભકાર નગરીમાં પાલક મંત્રીએ કપટ કરી સ્કંદકાચાર્ય સહિત તેના શિષ્યોને મરણાંત ઉપસર્ગ કર્યો. તેમાં ૫૦૦ શિષ્યોને આચાર્ય મહારાજે વૈરાગ્યના શબ્દો

ૠ 'દિવાળી કલ્પ'ના વિચાર.

સંભળાવી અનિત્યાદિ ભાવના ભાવી સમાધિમરણ અપાવ્યું. બધાની સદગતિ પણ થઈ પરંતુ જ્યારે આચાર્યનો પોતાનો વારો આવ્યો ત્યારે એ આત્મા ક્ષમાવાન થવાને બદલે ક્રોધી થયો અને નિયાણું કર્યું કે પૂર્વના વ્રત તપના પ્રભાવે રાજા, મંત્રી, નગરીને બાળનાર શક્તિશાળી દેવ થાઉં.

ટૂંકમાં ૫૦૦ મુનિને ભાવની વૃદ્ધિ કરનાર પોતે જ અશુભ ભાવથી અંતે પડ્યા ને નિયાણું કરી જન્મ વધારનાર બન્યા. આ છે ભાવનો મહિમા !

**ભાવ અને ૧૨ (૧૬) ભાવના :**

ભાવ એટલે વિચારો. વિચાર-શુભ ને અશુભ થાય છે. શુભ વિચારોને જગાડવા, સ્થાઈ કરવા માટે શાસ્ત્રોમાં ૧૨(૧૬) ભાવનાનો સાથ લેવા પ્રેરણા આપી છે. જે સ્થળે અશુભ વિચારોની વૃદ્ધિ થવાની શક્યતા છે, આત્માનું પતન થવાની શંકા છે. તે સ્થળે અશુભને શુભમાં પરિવર્તન કરવા માટે જીવ પાસે સમ્યગ્જ્ઞાન સહિતની ૧૨(૧૬) ભાવના હોવી આવશ્યક છે. આ ભાવના દવાનું કામ કરે છે.

**૧૨ ભાવના અર્થ આરાધક :**

| ભાવના | અર્થ | આરાધક |
|---|---|---|
| અનિત્ય | ધન, ધાન્ય, શરીરાદિ સર્વ પદાર્થો ક્ષણભંગુર છે. | ભરતચક્રી |
| અશરણ | તીવ્ર કર્મોદયથી કોઈ બચનાર નથી. શરણરૂપ નથી. | અનાથીમુનિ |
| સંસાર | ચાર ગતિરૂપ સંસાર દુઃખનો ભંડાર છે. | મલ્લિનાથ મિત્ર |
| એકત્વ | આ જીવ એકલો આવ્યો છે ને એકલો જવાનો છે. | નમિરાજર્ષિ |
| અન્યત્વ | આ જીવથી શરીરાદિ સર્વ વસ્તુઓ પર છે. | મૃગાપુત્ર |
| અશુચિ | આ શરીર ગમે તેટલું સ્વચ્છ કરો. અશુચિ-અપવિત્રનો ભંડાર છે. | સનતકુમારચક્રી |
| આશ્રવ | પૂર્વ ભવમાં બાંધેલા કર્મ જ અત્યારે ઉદયમાં આવે છે. | સમુદ્રપાલમુનિ |
| સંવર | પૂર્વ ભવમાં બાંધેલા કર્મો ૫૭ ભેદથી રોકી શકાય છે. | હરિકેશીમુનિ |
| નિર્જરા | બાંધેલા કર્મો તપ આદિ ૧૨ પ્રકારથી ખપી જાય છે. | અર્જુનમાળી |
| લોક | આ જગત અનાદિ અનંત છે. છ દ્રવ્યનો સમૂહ છે. | શિવરાજર્ષિ |
| બોધિદુર્લભ | રત્નત્રયીની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. | ઋષભદેવ ૯૮ પુત્ર |
| ધર્મ | ધર્મ એજ ઉત્કૃષ્ટ મિત્ર છે, પરમ હિતકારી છે. | ધર્મરૂચિ અણગાર |

મોક્ષનું બીજ સમકિત છે. સમકિતનું મૂળ જેમ તત્ત્વત્રયી ઉપર દ્રઢ શ્રદ્ધા છે. તે રીતે જીવનને આદર્શ બનાવનારી ચાર ભાવના છે.

મૈત્રી – પ્રાણી માત્રના હિતનું ચિંતન કરવા રૂપે. - તીર્થંકરનો આત્મા.

પ્રમોદ – ગુણો-ગુણીજનો તરફ આદરબુદ્ધિ રૂપે. - કુરગડુ મુનિ.

કારુણ્ય – દુઃખથી પીડિત પ્રાણીઓના દુઃખને દૂર કરવાની પ્રવૃત્તિ રૂપે.

માધ્યસ્થ – ઉપદેશ કે હિતશિક્ષાદિથી ન સમજે તેવા દુર્બુદ્ધિ લોકો તરફ ઉપેક્ષા રૂપે.

ટૂંકમાં એજ કે જે મન દુઃખને વધારી પુણ્ય બાંધવાની તકને બગાડી શકે છે તેજ મનથી વિવિધ ભાવનાઓના સહારે બાજી સુધારી પણ શકાય છે.● સુધારવા માટે કરેલા પાપકાર્ય-વિચારોનો પશ્ચાતાપ જ ખાસ જરૂર છે.

**મનને બગાડનાર :**

જેમ મનને સુધારનાર, કાબુમાં રાખનાર ભાવ છે. તેમ મનને અશુભ ધ્યાનમાં લઈ જનાર 'લેશ્યા' છે. તેમાં પ્રથમ ત્રણ અપ્રશસ્ત (ખરાબ) છે. બીજી ત્રણ પ્રશસ્ત (સારી) છે.

| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|---|
| **નામ** | **અધ્યવસાય** | **વર્ણ** | **રસ** | **ગંધ** | **સ્પર્શ** |
| કૃષ્ણલેશ્યા | અશુભ તીવ્રતમ | કાજળ જેવો | કડવી તુંબડી જેવો | સડી ગયેલા ગાયના કલેવર કરતાં વધુ | કરવત થી વધુ કર્કશ |
| નીલલેશ્યા | અશુભ તીવ્રતર | નીલો | સુંઠ-મરીથી વધુ તીખો | મરેલા પશુની દુર્ગંધ કરતાં વધુ | ગાયની જીભથી વધુ કર્કશ |
| કાપોતલેશ્યા | અશુદ્ધ તીવ્ર | કત્થાઈ | કાચી કેરીથી વધુ ખાટો | સર્પના દુર્ગંધથી વધુ | સાગના પાંદડા જેવા કર્કશ |
| પીતલેશ્યા (તેજો) | મંદ | હિંગળોક લાલરંગ | પાકી કેરીથી વધુ ખટમીઠો | સુગંધિત પુષ્પ | રૂ કરતાં કોમળ |
| પદ્મલેશ્યા | મંદતર | હળદર જેવો પીળો | મધુ કરતાં વધુ મીઠો | પીળાતા પદાર્થથી વધુ મીઠો | માખણ કરતાં કોમળ |
| શુકલલેશ્યા | મંદતમ | શંખ શ્વેત | ક્ષીર-સાકરથી વધુ મીઠો | અત્તરાદિથી વધુ મીઠો | શિરીષ પુષ્પથી વધુ કોમળ |

**છ લેશ્યા અંગે જનરલ વિચારો :** [卐]

૧. **કૃષ્ણ** : રૌદ્ર સ્વભાવી, ક્રોધી, અદેખો, મારફાડ કરનાર, દયારહિત નિર્ધ્વંસ પરિણામી– નરકગામી.

૨. **નીલ** : મંદબુદ્ધિ, કામી, ઠગ, અભિમાનનું પ્રદર્શન કરનાર–પ્રાયઃ તિર્યંચમાં જાય.

૩. **કાપોત** : ઉપાધિવાન, આવેશવાન, સ્વપ્રસંશક, દુર્ગતિગામી.

૪. **પીત** : જ્ઞાનનો સંગી, સદ્‌બુદ્ધિનો વારસદાર, વિવેકી, વિચારક, સંતોષી-મનુષ્ય દેવગતિ પ્રાયઃ પામે.

૫. **પદ્મ** : ક્ષમાપ્રધાન જીવન, ત્યાગના રૂચિવાલો, ધર્મ ઉપાસક, પ્રસન્ન ચિત્ત-મનુષ્ય દેવગતિ પ્રાયઃ પામે.

૬. **શુકલ** : અકષાયી, દૂષણ વગરનો, પ્રભુ ભક્તિનો રાગી. – મોક્ષગામી.

● પ્રસન્નચંદ્ર નરકગતિનું આયુષ્ય બાંધવાના હતા. ભાવ બદલતા કેવળી થયા.

૧ છ લેશ્યાના વિચાર જાંબુવૃક્ષના ઉદાહરણથી સમજી લેવું. જૂઓ - ચિત્ર પેજ ૪૪.

**ભાવની વ્યાપકતા :**

ભાવનો વ્યવહારમાં જેમ કિંમત-મૂલ્ય અર્થ થાય છે. તેમ 'ભાવ'નો બીજો એક અર્થ 'ગુણ' અથવા 'ધર્મ' એમ પણ થશે. અને તે માટે તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ઔપશમિકાદિ પાંચ • ભાવોને જીવના સ્વતત્ત્વ, સ્વરૂપ યા સ્વભાવરૂપે કહ્યા છે. (જો કે વિષયાંતર ન થાય તેથી અહિં ટૂંકમાં જ તેનો ઉલ્લેખ કર્યો છે.)

દાન, શીલ, તપ અને ભાવ એ ચારને જેમ ધર્મ કહ્યા. તેજ રીતે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારમાં ભાવને 'નિક્ષેપા' તરીકે સ્વીકારેલ છે. કોઈપણ પદાર્થની સિદ્ધિ કરવા માટે ત્રણે કાળને અથવા દ્રવ્યના સ્વભાવને નજર સામે રાખી આ ચાર નિક્ષેપાથી તે પદાર્થને માન્યતા અપાય છે.

કર્મના ઉદય માટે અથવા કર્મના બંધ માટે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારમાં ભાવને સ્વીકારેલ છે. કોઈપણ કર્મનો જે ક્ષણે ઉદય થવાનો હોય, ભોગવવાનો હોય ત્યારે આ જીવને તેવા વાતાવરણમાં પ્રવેશવું પડે છે. અને એ રીતે આ ચારે કારણો ભેગા મળી આત્માની પાસે કર્મ ભોગવાવે છે અથવા નવા બંધાવે છે.

કોઈપણ ધર્મકરણી કરવાનો આત્મા પ્રારંભ કરે તો સર્વપ્રથમ એ 'દ્રવ્યક્રિયા' રૂપે જ કરે. પછી ભલે એ દર્શન વિધિ હોય, જ્ઞાન વિધિ હોય કે ચારિત્ર વિધિ હોય. વિધિ શરૂ કર્યા પછી તેના સૂત્રોચ્ચાર અર્થચિંત્વન, જરૂરિઆત અને પરંપરાએ મળનારા લાભનું ચિંતન-મનન કરે તો તેની ક્રિયામાં ભાવની વૃદ્ધિ થાય. ૬૪ પહોરી પિપર પ્રાથમિક અવસ્થામાં શક્તિહીન હોય પછી સંસ્કારીત કરાય તેમ તેમ તે શક્તિશાળી થાય તેમ ભાવનું ઘુંટન જેમ વધે તેમ આત્મા ક્રિયામાં તન્મય એકરસ થઈ જાય. ભાવ એજ મોક્ષ પ્રાપ્તિનું કારણ છે.

શ્રમણ સાધુના જીવનમાં જેમ ૧૦ પ્રકારે યતિધર્મ છે, તેમ ૨૨ પ્રકારે પરિષહ (ઉપસર્ગ) છે. જીવનમાં દૈનિક ચર્યામાં અનુકુળતા-પ્રતિકુળતા આવવાની. અનુકુળતામાં ભાન ભૂલી જવું, પ્રતિકુળતામાં આર્તધ્યાન કરવું એ જાતિ સ્વભાવ છે. આવા કટોકટીના અવસરે સુખમાં લીન કે દુઃખમાં દીન ન થવા ૨૨ પરિષહ જીતવા પડે છે. અને તે દ્વારા આત્મા ગુણસ્થાનકમાં આરોહણ-અવરોહણ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, લાભાંતરાય, દર્શન મોહનીય, ચારિત્ર મોહનીયના કર્મ બંધ-ઉદયને અનુભવે છે. માટે જ ઉચ્ચ ચારિત્રની સાથે ઉચ્ચ ભાવની જીવનમાં મહત્તા ગાઈ છે.

સ્વયંભૂરમણ જેવા સમુદ્રમાં તંદુલીયો 'મત્સ્ય' એક ચોખાના દાણા જેટલી કાયાવાળો હોય છે. તે એક વિશાળ કાયાવાળા મોટા મત્સ્યની આંખની પાપણ ઉપર બેઠા બેઠા વિચાર કરે છે, કે - આ મોટું માછલું કેવું મુર્ખ છે. તેના મુખમાં ગણ્યા

• ઓપશામિક, ક્ષાયોપશમિક, ઔદયિક, ક્ષાયિક અને પારિમાણિક.

ગણાય નહિં તેટલા માછલા આવ-જા કરે છે. પણ એ એકનેય ખાતો નથી. એની જગ્યાએ જો હું હોઉં તો ? એકને પણ છોડું નહિં. છોડાય જ કેમ ?

આ વિચાર - અશુભ ભાવો ભલે કાયા નાની છે પણ મનના કારણે માછલાને નરકગતિ સુધી લઈ જાય છે. આ છે ભાવનું મૂલ્યાંકન !

જ્ઞાનીઓ કહે છે કે આત્માએ પરભાવ ને વિભાવદશા ત્યજી સ્વભાવ દશામાં રાચવું, આનંદ પ્રાપ્ત કરવો જોઈએ. સ્વભાવ દશા એટલે સ્વના* ભાવમાં રહેવું. અર્થાત્ પર પદાર્થોમાંથી તેના આકર્ષણમાંથી મુક્ત થવું. આ વાત પણ 'ભાવ'ની શક્તિનો પરિચય કરાવે છે.

**રાવણ–મંદોદરી અને ભાવ :**

એક દિવસ રાવણ-અષ્ટાપદ મહાતીર્થ ઉપર રાવણ વીણા વગાડતા હતા અને મંદોદરી તીર્થંકર પ્રભુના સન્મુખ નૃત્ય દ્વારા ભક્તિ કરતા હતા. અચાનક વીણાનો એક તાર તૂટી ગયો. તરત રાવણે પોતાના શરીરની નસ તેમાં જોઈન્ટ કરી ભાવવાહી નૃત્ય અખંડ રાખ્યું. આનું નામ ભાવ એકાગ્રતા. રાવણે આ રીતે ભાવોને સુરક્ષિત રાખવા ઉત્તમ કોટીનું કાર્ય કર્યું.

**સગર ચક્રવર્તિના ૬૦ હજાર પુત્ર :**

અષ્ટાપદ તીર્થ ઉપર રત્નમય પ્રતિમા ભરત મહારાજાએ પ્રતિષ્ઠિત કરી છે. ભવિષ્યમાં કોઈ મિથ્યામતિ-અધર્મી આત્મા આ પ્રતિમાના દર્શન કરી દુર્ગતિગામી થશે. તીર્થ-જિનમૂર્તિની સુરક્ષા જોખમાશે. તેથી તીર્થ રક્ષાના ભાવથી ચક્રીના ૬૦ હજાર પુત્રોએ તીર્થની ચોતરફ ખાઈ ખોદી. કંપિત થએલ નાગકુમારે પુત્રોને બાળી નાખ્યા. પણ તીર્થ ભક્તિનું અમરકામ આને પણ ઉત્તમ ભાવની સાક્ષી પૂરે છે.

**અનુમોદનાનું ફળ :**

જીરણશેઠ ભગવાન મહાવીર સ્વામીને પોતાના ત્યાં (ગોચરી) પધારવા ૧ નહિં ૪-૪ મહિના સુધી રોજ વિનંતિ કરે છે. પણ અંતરાય કર્મનો ઉદય સમજો, જે દિવસે પ્રભુનું પારણું હતું તે દિવસે તેઓ સમયસર વિનંતિ કરવા ન ગયા. ફળ સ્વરૂપ પ્રભુ સ્વાભાવિક રીતે પારણા માટે નીકળ્યા ને પુરણ શેઠે વિનંતિ કરી તો તેઓને લાભ આપ્યો.

આકાશમાં થયેલો દુંદુભીના અવાજ સાંભળી જીરણ શેઠને ખ્યાલ આવ્યો કે, પ્રભુનું પારણું થયું. પણ તે વખતે તેઓએ ન ઈર્ષ્યા કરી કે પ્રભુને ઠપકો પણ મનથી ન આપ્યો. મનમાં જે ભાગ્યશાળીએ પ્રભુનું પારણું કરાવ્યું તેની અનુમોદના કરી અને પોતાને લાભ ન મળ્યો માટે ભાગ્યને દોષ આપ્યો. આમ પરિણામની ધારા વધતા 'ભાવ'ના કારણે એ દેવગતિને પામ્યા.

---

★ આત્માના અનંતજ્ઞાન-દર્શનાદિ ગુણોમાં.

જંબુસ્વામી ૮-૮ કન્યાઓની સાથે લગ્ન કરે છે. લગ્નવિધિની વખતે સહેજ પણ સંસારના રાગને પોષતા નથી. પોતાના વૈરાગ્યના ભાવને ઢીલા પાડતા નથી. બીજે જ દિવસે પોતે એકલા જ નહિ પર૭ આત્મા સંયમના માર્ગે જાય છે. એજ રીતે ગુણસાગર લગ્નની બાહ્ય રીતે વિધિ કરે છે ને અભ્યંતર રીતે પોતાનો આત્મા સંસારમાં ડૂબી રહ્યો છે. તેથી દુઃખ અનુભવે છે. પરિણામે લગ્નની ચોરીમાં કેવળજ્ઞાન પામે છે.

શાસ્ત્રોમાં રાગના 'પ્રશસ્ત' અને 'અપ્રશસ્ત' એમ બે પ્રકારો બતાડ્યા છે. કોઈપણ સ્વાર્થ વગર ધર્મકરણી માટે વીતરાગની આજ્ઞા પાલન માટે યા મોક્ષ પ્રાપ્તિ માટે જે ધર્મ કરાય તે 'પ્રશસ્ત' અને આ લોક યા બીજા ભવમાં સાંસારિક સુખ મળે તેવા ઉદ્દેશથી કરાય તે 'અપ્રશસ્ત'. ખરી રીતે ધર્મના જે પ્રશસ્ત-અપ્રશસ્ત પ્રકારો થયા તેમાં પણ 'ભાવ'ની પ્રધાનતા છે. ભાવના કારણે વિચારોમાં પરિવર્તન આવે અને તેથી ધર્મ - સ્વાર્થની પૂર્તિ માટે કરતા અટકે.

ભાવ એ વ્યક્તિના ઉંડાણમાં રહેલી પરિસ્થિતિ છે. તેની અનુભૂતિ બાહ્યવર્તન ઉપરથી ક્યારેક થઈ શકે છે. શુભ ભાવની દ્રઢતા તમારી શ્રદ્ધા-ભાવના ઉપર આધાર રાખે છે. કોઈપણ કાવ્ય-પદના રચયિતા કે જ્યોતિષવેતા જ્યારે ભાવિનું કથન કરવા બેસે છે. ત્યારે તેના શબ્દ વર્તમાન નિમિત્ત કરતાં આત્મશક્તિ દ્વારા રજૂ થાય છે. અને એ જ આત્માના અવાજને 'ભાવ' છે એમ કહીશું તો ખોટું નથી.

આરાધના-ઉપાસનાની સર્વ પ્રવૃત્તિ-ક્રિયાઓ ભાવપ્રધાન છે. ભાવનાનો આધાર મનની વિચારશક્તિ છે. શુભ વિચારોમાં હંમેશાં જો મનને જોડી રાખવામાં આવે તો તેમાં એકાગ્રતા મેળવશો. ક્રમશઃ એ એકાગ્રતા એ ધ્યાન આત્માની અનંત શક્તિની અનુભૂતિ કરાવશે.

**ભાવ-સંગતિ :**

વીતરાગ પ્રભુની સામે અથવા ભાવના-પ્રતિક્રમણાદિમાં સ્તુતિ, સ્તવન, છંદ, સ્તોત્ર, થોય જેવા પદ્યો ભાવવાહી ગાવામાં આવે છે. તે પદ્યો પ્રાર્થના રૂપે, સ્તવના રૂપે અને અંતરના ઉદ્ગાર રૂપે બોલાય-ગવાય છે. એના રચયિતા કવિઓએ એવી જ શબ્દોની રચના તેમાં કરેલી હોય છે. મુખ્યત્વે 'ભાવ' જગાડવા, વધારવા, જાળવવા, વિકસાવવા તેવા પદ્યોને તેવા રાગોમાં ગાતી વખતે ઉપયોગ કરવો જોઈએ. મધુર-કર્ણપ્રિય હૃદયની અરજી રૂપે જો પદ્યો ગાવામાં આવે તો તેથી ઘણા કર્મોનો ક્ષય થાય અને વૈરાગ્યાદિને પુષ્ટિ મળે. આમ સંગિતે પણ ભાવને જાગ્રત કર્યું છે, અપનાવ્યું છે. ભક્તામર સ્તોત્રના રચયિતા પૂ. માનતુંગસૂરિ મહારાજે તેની રચના પૂર્વે અંતરમાં શ્રદ્ધા, ભાવ, સમર્પણને જગાડ્યું. પછી એ શદ શસ્ત્ર થયા ને બેડીઓ તૂટવા લાગી.

**ભાવ ભાવમાં ફરક :**

ભાવ - એ નિરાશાવાદીના રોદણા નથી. દેવાદારનું વન માગ્યું દુઃખ નથી. લેનારનું મીઠું મરચું કડવું વચન નથી. એ તો છે અમર આશાનો આકાશમાં ચમકતો તારો જગતના ચોકમાં ચાર વણિક અને ચાર ચિંતકો ફરતા હતા. અચાનક ભેગા થઈ ગયા. બન્ને પાસે વાત આમ જુઓ તો એક જ હતી. માત્ર ફરક હતો ભાવનો. આવો એ વણિક-ચિંતકની છેલ્લે મુલાકાત લઈએ.

| | | | |
|---|---|---|---|
| **વણીક –** | ૧ | પોતાના જેવો સુખી સમૃદ્ધ જોઈ | દ્વેષ ને વેર કરતો |
| | ૨ | પોતાનાથી અધિક સમૃદ્ધ જોઈ | ઈર્ષા ને અદેખાઈ કરતો |
| | ૩ | પોતાનાથી અલ્પ સુખી સમૃદ્ધ જોઈ | તિરસ્કાર કરતો અને |
| | ૪ | પાપી-દુઃખી, દોષી જોઈને | ઘૃણા-નિંદા કરતો. |
| **ચિંતક –** | ૧ | પોતાના જેવો સુખી-સમૃદ્ધ જોઈ | મૈત્રી કરતો |
| | ૨ | પોતાનાથી વધુ સુખી-સમૃદ્ધ જોઈ | પ્રમોદ કરતો |
| | ૩ | પોતાનાથી ઓછા સુખી-સમૃદ્ધ જોઈ | કરુણા કરતો અને |
| | ૪ | પાપી-દુઃખી, દોષી ને જોઈ | પાપોદય માની ઉપેક્ષા કરતો. |

કહેવાનું તાત્પર્ય એ જ કે શુભ ભાવના જીવનમાં સદા સર્વત્ર આવકાર પામે છે. અને એ જ સોનામાં સુગંધ પસરાવે છે.

**ભાવે તાર્યા – ધન્ય કેવળજ્ઞાની... ધન્ય ભાવ :**

| | | |
|---|---|---|
| ૧ | અઈમુત્તામુનિ | = ઈરિયાવહિયા (ક્રિયા) કરતાં |
| ૨ | માસતુષમુનિ | = 'મારુષ માતુષ' શબ્દ ઉચ્ચાર કરતાં (૧૨ વર્ષે) |
| ૩ | ગૌતમસ્વામી | = વિલાપ-રૂદન કરતાં કરતાં |
| ૪ | ભરત મહારાજા | = આરીસાભવનમાં અનિત્ય ભાવના ભાવતાં |
| ૫ | બાહુબલીજી | = માન છોડી ભાઈઓને વંદન કરવા જતાં |
| ૬ | પ્રસન્નચંદ્ર રાજર્ષિ | = માથા ઉપરનો 'મુગટ' શોધતાં |
| ૭ | મેતારજ મુનિ | = સોનીનો પરિષહ સહન કરતાં |
| ૮ | ઈલાચીકુમાર | = નિર્વિકાર ભાવથી મુનિને વહોરાવતી સ્રીનું દ્રશ્ય જોતાં |
| ૯ | રાજા-રાણી-નટી | = ઈલાચીકુમારની દેશના સાંભળતાં |
| ૧૦ | ૧૫૦૦ તાપસ | = ૫૦૦ સમવસરણને જોતાં. ૫૦૦ સમવસરણની પાસે પહોંચતા. ૫૦૦ પ્રભુને પ્રદક્ષિણા આપતાં |
| ૧૧ | ૪૯૯ મુનિ | = રાજા પાલકનો પરિષહ સહન કરતાં |
| ૧૨ | કુરગડુ મુનિ | = પર્વ દિવસે આહાર કરતાં |
| ૧૩ | ખંધક મુનિ | = સેવકો દ્વારા શરીર ઉપરની ચામડી ઉતારતાં |
| ૧૪ | ચંડરૂદ્રાચાર્ય | = નૂતન મુનિને ખમાવતાં. |

| | | |
|---|---|---|
| ૧૫ | નવદીક્ષિત મુનિ | = ગુરૂને ખભા ઉપર લઈ જતાં |
| ૧૬ | અર્ણિકાપૂત્ર | = ગંગા નદી પાર કરતાં વિરાધનાના ડરથી. |
| ૧૭ | નાગકેતુ | = વીતરાગ પ્રભુની 'પુષ્પપૂજા' કરતાં |
| ૧૮ | ઢંઢણ અણગાર | = મોદકને પરઠવવા માટે ચૂરો કરતાં |
| ૧૯ | ગુણસાગર | = લગ્નમાં હસ્તમેળાપ સમયે |
| ૨૦ | પૃથ્વીચંદ્ર રાજા | = સિંહાસન ઉપર બેસી ગુણસાગર કેવલીની વાતો સાંભળતાં |
| ૨૧ | અષાઢાભૂતિ | = 'ભરતેશ્વર વૈભવ' નાટક ભજવતાં |
| ૨૨ | વક્કલચિરિ | = પાત્રા-ની પ્રમાર્જના કરતાં |
| ૨૩ | કસાઈ (નોકર) | = માછલાઓને ચિરતાં |
| ૨૪ | કુર્માપૂત્ર | = ઘરમાં બેઠા બેઠા |
| ૨૫ | ભાણીયા (ચાર) | = મામાને વંદન કરવાની ભાવના ભાવતાં |
| ૨૬ | મામા (આચાર્ય) | = કેવળી ભાણીયાઓને ખમાવતાં |
| ૨૭ | રતિસારકુમાર | = પત્નિને સોળે શણગારથી શણગારતાં |
| ૨૮ | ચોર (ચાર) | = ચોરી કરવા આવેલા પણ નવકાર મહામંત્રને સાંભળતાં |
| ૨૯ | પુણ્યાઢ્ય રાજા | = વીતરાગ પ્રભુના ભાવથી દર્શન કરતાં |
| ૩૦ | ગજસુકુમાળ | = માથે સળગેલી અગ્નિનો ઉપસર્ગ સહતાં |
| ૩૧ | સુવ્રતમુનિ | = નિરવદ્યસ્થાને ગોચરી પરઠાવતાં |
| ૩૨ | ઝાંઝરીયા મુનિ | = શિરચ્છેદની રાજાજ્ઞા જાણી ઉચ્ચભાવનાં ભાવતાં |
| ૩૩ | મૃગાવતિજી | = ગુરૂ ચંદનબાળાને ખમાવતાં |
| ૩૪ | પુષ્પચુલાસાધ્વી | = અરણિકા પૂત્રાચાર્ય માટે નિર્દોષ ગોચરી લાવી આપતા |
| ૩૫ | ચંદનબાળા | = કેવળીની આશાતના નો પશ્ચાતાપ કરતાં |
| ૩૬ | મરૂદેવામાતા | = હાથીની અંબાડી ઉપર મોહને ધીક્કારતાં. |

**માત્ર શુભભાવ દ્વારા :**

★ દુર્ગતાનારી – પુષ્પપૂજા કરતાં એકાવતારી થયા.

★ દર્દુરાંગ દેવ – દેડકાના ભવમાં ભ. વીરના દર્શન કરવા જતાં દેવ થયા.

★ જીરણ શેઠ – માત્ર પારણા પૂર્વે અને પછી ભાવના ભાવતાં અચ્યુતદેવ થયા.

★ કુમારપાળ – (પૂર્વભવ) પાંચ કોડીના ૧૮ પુષ્પથી પુષ્પપૂજા કરી પુણ્ય બાંધ્યું. (૧૮ દેશના રાજા થયા)

★ સંગમક – મહાકષ્ટે મેળવેલી ખીર ઉત્કૃષ્ટ ભાવથી તપસ્વી મુનિને વહોરાવી પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે.

★ મેના (પક્ષી) – સિદ્ધિગિરિ ઉપર ભાવથી ભગવાનના દર્શન, સ્તવનાદિ કરી અનશન કરી કુંચીનગરમાં ચંદ્રલેખા પુત્રીરૂપે જન્મી.

**ઉપસંહાર :**

ભાવ કે ભાવનાનો સંબંધ આત્મા સાથે છે.

જૈન દર્શનામાં જ્યારે આત્માની (જીવની) પરીક્ષા થતી હોય તેનું નાવ ડગુમગુ થતું હોય, પતનના દ્વાર સુધી એ પહોંચી ગયો હોય ત્યારે તેના માટે બાર પ્રકારની ભાવના જીવને વૈરાગ્યના-અધ્યાત્મના રંગથી રંગવા માટેનું અનુપમ સાધન બની જાય છે. અર્થાત્ દુઃખ-આપત્તિમાં બાર ભાવનાના ભાવ (દ્રઢ વિચાર) તેને બચાવે છે. સમુદ્રમાં ડૂબતાને નાવ કે લાકડાની ગરજ સારે છે.

બીજી તરફ એજ સંકટમાં જો એ જીવ શુભના બદલે અશુભ લેશ્યાના ચક્કરમાં આવી જાય, ભાવ-પરિણામો પડી જાય તો તેનું પતન થઈ જાય. દુઃખમાંથી બચાવવાના બદલે આર્તધ્યાનના સહારે દુઃખનો વધારો કરે. ટૂંકમાં ૧૨ ભાવના સ્થિર કરે છે ને આર્તધ્યાન અસ્થિર કરે છે.

હવે રહી મૈત્રી આદિ ચાર ભાવનાની વાત. આ ભાવનાઓ ગુણની વૃદ્ધિ કરનારી છે. સર્વ સામાન્ય રીતે સમકિતી આત્માએ આવી ગુણવૃદ્ધિકારક ભાવના રોજ ભાવવી જોઈએ. એથી દ્રષ્ટિ સુધરશે, વિચારો સુધરશે, જીવન સુધરશે.

જેને પ્રગતિ કરવી હોય તેને બીજાનું ભલું કરવું જોઈએ, સારી વ્યક્તિ સાથે મૈત્રી કરવી જોઈએ. દુઃખીના દુઃખને દૂર કરવા યથાશક્તિ પ્રવૃત્તિ કરવી જોઈએ. છેવટે માધ્યસ્થ ભાવથી જોયા કરવું જોઈએ. અને આ બધું ત્યારે જ થાય જ્યારે જીવન ચાર ભાવનાથી ભાવિત થાય. જે તમારે આવતી કાલે જોઈએ તે આજે બીજાને આપો.

રાગ-દ્વેષની પરિણતિ, જન્મ, જરા-મરણની ચિંતાથી, આધિ-વ્યાધિ-ઉપાધિની જંજાળથી કે તેમાંથી ઉદ્ભવતી પરંપરા-પીડાથી મુક્ત થવા માટે ભાવના ભાવવી આવશ્યક છે. ભાવનાનો સીધો સાદો અર્થ કોઈ દ્રવ્ય, પદાર્થ કે વસ્તુ અંગે વિચારણા કરવી અને વિચારણાને અંતે જ ચોક્કસ શુભ નિર્ણય થાય છે. ફળની પ્રાપ્તિ થાય છે.

સૌ કોઈ ભાવનાના માધ્યમથી ભાવધર્મની સહાયતાથી જીવનમાં-પૂર્ણતા પ્રાપ્ત કરે એજ અભ્યર્થના....

卐

# મૂર્ખ પ્રતિબોધ

જ્ઞાન કદી નવ થાય, મૂરખને જ્ઞાન કદી નવ થાય,
કહેતાં પોતાનું પણ જાય, મૂરખને જ્ઞાન કદી નવ થાય. ટેક.

શ્વાન હોય તે ગંગાજળમાં, સો વેળા જો ન્હાય,
અડસઠ તીરથ ફરી આવે પણ, શ્વાનપણું નવિ જાય. મૂ.૧

ક્રુર સર્પ પયપાન કરંતા, અમૃતપણું નવિ થાય,
કસ્તુરીનું ખાતર જો કીજે, વાસ લસણ નવિ જાય. મૂ.૨

વર્ષા સમે સુઘરી તે પક્ષી, કપિ ઉપદેશ કરાય,
તે કપિને ઉપદેશ ન લાગ્યો, સુઘરી ગૃહ વિખરાય. મૂ.૩

નદી માંહે નિશદિન રહે પણ, પાષાણપણું નવ જાય,
લોહ ધાતું ટંકણ જો લાગે, અગ્નિ તરત ઝરાય. મૂ.૪

કાગ કંઠમાં મુક્તાફળની, માળા તે ન ધરાય,
ચંદન ચર્ચિત અંગ કરી જે, ગર્દભ ગાય ન થાય. મૂ.૫

સિંહ ચર્મ કોઈ શિયાળસુત તે, ધારી વેષ બનાય,
શિયાળસુત પણ સિંહ ન હોવે, શિયાળપણું નવિ જાય. મૂ.૬

તે માટે મૂરખથી અળગા, રહે તે સુખિયા થાય,
ઉખર ભૂમિ બીજ ન હોવે, ઉલટું બીજ તે જાય. મૂ.૭

સમકિતધારી સંગ કરી જે, ભવ ભય ભીતિ મીટાય,
**'મયાવિજય'** સદ્ગુરુ સેવાથી, બોધિબીજ સુખ થાય. મૂ.૮

**પૂ. મુનિરાજ શ્રી મયાવિજયજી મ.**

# સરવૈયું...

**ઉપહાર :**

હે કૃપાનિધિ તારક પ્રભુ !

ધર્મ લોહીમાં નંખાઈ જાય, ચામડીમાં ચિતરાઈ જાય, મગજમાં મઢાઈ જાય, પેટમાં પેસી જાય, નખમાં ફેલાઈ જાય, હૈયામાં જામી જાય, જીભ ઉપર જડાઈ જાય, પછી...

કર્મના કારણે ઉગેલા દુઃખમય દિવસોમાં કે પુણ્યના ઉદયથી અનુભવવાના સુખના દિવસોમાં આનંદ હશે, શાંતિને સમતા હશે. માટે હે જીવ ! અંત સમયે છોડવા-ત્યજવાનો ઉત્તમ અવસર જ્યારે આવ્યો છે તે પહેલાં જ મૃત્યુને મહોત્સવ સમાન માની લે.

યાવત્ ધર્મી આત્મા થઈ, પોતાને દૂર દૂરના મુસાફર-મહેમાન માની દાન, શીલ, ધર્મ, ભાવરૂપ ચાર ધર્મનું ભાથું બાંધી જવાની તૈયારી કરી લે.

★

આવો, આવા ઉત્તમ ધર્મના મર્મને ફરીથી ટૂંકમાં સમજી લઈએ.

**ઉપસંહાર :**

**ધર્મ** - એ 'કલ્પવૃક્ષ' છે. માંગશો તેથી વધુ મળશે. જો કે માંગવાની ઉતાવળ કરતા નહિં. માગવામાં ભૂલ પણ કરતા નહિં.

**દાનધર્મ** - વ્યવહાર શુદ્ધિ માટે છે. દાનથી તમે જે મેળવેલી છે તેથી વધુ રાજઋદ્ધિ, સમૃદ્ધિ, સુખ, શાંતિ મળશે. યાદ રાખો - દાન એવા સ્થળે, એવી રીતે આપો કે જેથી તમારી શાંતિ જોખમાય નહિં, કીર્તિ નંદવાય નહિં, વીતરાગની આજ્ઞા ભૂલાય નહિં. આપવાથી આ જગતમાં કોઈનું બગડ્યું નથી. ભેગું કરવાથી જ આપત્તિ આવે છે.

'દાન' એટલે આપવું, આપવા જવું. આપવા માટેનું એક સ્થળ નથી, અભય-દાનાદિ પાંચ સ્થાન છે. સાધુ - અભયદાન, ઉચિતદાન, જ્ઞાનદાન આપી સ્વને પરનું કલ્યાણ કરે, ઝંખે. શ્રાવકે ભાવ વિના ધનનું દાન આપીને ધનની હાની કરવી ન જોઈએ. પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તેવું દાન આપવું જોઈએ. પરંપરાએ આધ્યાત્મિક શાંતિની વૃદ્ધિ થાય, પરિગ્રહનો ત્યાગ થાય તેવું ઈચ્છવું જોઈએ. સુખ, સાધુ માટે જ્ઞાન પ્રાપ્તિ યા જ્ઞાનદાનમાં છે અને શ્રાવક માટે દાનધર્મના પાલન કરવામાં છે.

દાન આપનારને જ પુણ્ય થાય તેવું નથી. અપાવનારને અને અનુમોદન કરનારને પણ પુણ્યનો અધિકારી થવા તક આપે છે. દશ કોડી શ્રાવકને જમાડવામાં જેટલું પુણ્ય થાય તેથી વધુ પુણ્ય શાશ્વતગિરિ ઉપર એક મુનિને દાન આપવાથી

થાય. કારણ ત્યાં ઉત્તમ દ્રવ્ય, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કાળ અને ભાવ પણ ઉત્તમ છે.

તમારાથી આર્થિક નબળાઈના કારણે વધુ દાન આપી ન શકાય તો ફૂલ નહિં તો ફૂલની પાંખડી રૂપે પણ માયા કર્યા વગર દાનધર્મને આચરવાનું ભૂલતા નહિં. અન્યથા દાનાંતરાય-ભોગાતરાય એવા અંતરાય કર્મ બાંધશો જે કોઈ પણ રીતે છૂટશે નહિં. તીર્થંકર પરમાત્માએ પણ એક વર્ષ સાંવત્સરીક દાન આપતાં હાથ ઊંચો રાખેલ પણ જ્યારે દીક્ષા લીધી, મુનિ થયા તે વખતે પારણા પ્રસંગે હાથ નીચે રાખી ગોચરી ગ્રહણ કરી હતી.[ક] માટે કોઈએ અભિમાન કરવું નહિં. લાખ ખાંડી સુવર્ણના દાનના પુણ્યથી વધુ પુણ્ય સામાયિક કરી બાંધી શકાય છે.

કાળચક્રમાં યુગલિકોના સમયે લગભગ ૯(૧૮) કોડાકોડી સાગરોપમ સુધી ૧૦ કલ્પવૃક્ષોની પાસે યુગલિકો ઈચ્છા મુજબ માંગણી (યાચના) કરતા હતા ને તે સર્વ ઈચ્છાઓ કલ્પવૃક્ષ પૂર્ણ કરતા (દાન રૂપે આપતા) હતા આમ પુણ્યના યોગે એ જીવો રાગ-દ્વેષ વિના બધું ભોગવતા. આજે પણ કલ્પવૃક્ષ સમાન જેવા પ્રકારનું ભોગાવલી કર્મ હોય તે રીતે ધન મળે છે. અને મળેલા ધનને શાંતિથી ભોગવી શકાય છે. અન્યથા શ્રાપિત ધન હોય તો જીવનમાં અશાંતિ થાય છે.

બીજી તરફ સાતે નરકના જીવોને ૧૫ પ્રકારના પરમાધામી અસહ્ય એવું દુઃખ આપે છે. જે તેઓને ફરજીયાત ભોગવવું પડતું હતું. કહેવાનું તાત્પર્ય એજ કે - યુગલિકોને દાનરૂપે કલ્પવૃક્ષ સુખ આપે અને નરકના જીવોને પરમાધામીઓ દુઃખ આપે. અપેક્ષાએ બન્ને આપે છે. માત્ર ફરક છે કર્માનુસાર સુખ અને દુઃખ.

આ સંસારમાં ભિખારી ભીખ માંગીને, લૂંટારો ધન લૂંટીને, જુગારી જુગાર રમીને, લોભી સાચું-ખોટું કરીને, વ્યાપારી લેવડ-દેવડ કરીને, કામી બરબાદ થઈ ધન કમાય છે. પણ એ બધું ધન શ્રાપિત હોવાથી પોતે સુખે ખાઈ કે ભોગવી ન શકે. માત્ર દાતારી દાન આપી કે ત્યાગી ત્યાગ કરીને પુણ્ય બાંધવા દ્વારા શાલીભદ્રજીની જેમ પુણ્યાનુબંધી પુણ્ય બાંધી ધન પ્રાપ્ત કરે છે અને રોજ દાનના માર્ગે જ વાપરવાની ભાવના ભાવે છે. પછી ધન કૂવામાં ઝરણાથી પાણી આવે તેમ પુણ્યના યોગે કેવી રીતે આવે છે તે દેખાતું નથી પણ આવે છે ને વપરાય છે એ નિશ્ચિત છે.

યાદ રાખો. સંસારમાં પૃથ્વીનું આભૂષણ પુરુષ છે. પુરુષનું આભૂષણ લક્ષ્મી છે. લક્ષ્મીનું આભૂષણ દાન છે અને દાનનું આભૂષણ સુપાત્ર છે. સુપાત્રમાં તમારી લક્ષ્મી વાપરી ધન્ય બનો. ધર્મ આલોક-પરલોકમાં સુખ આપે છે અને મોક્ષનું શાશ્વતું સુખ પણ આપે છે.

**શીલ :**

શીલ-શિયળ પાળવાથી આત્મશુદ્ધિ થાય છે. જો જીવનમાં શિયળ-સંયમ ગુમાવ્યું તો બધું જ બગડશે એ નિશ્ચિત છે. ભોગ ભોગવવા જતા અનેકોના જીવન બરબાદ

ક ભ. ઋષભદેવે બે હાથને ભેગા થઈ દાન લેવાનું સમજાવતાં ૧ વર્ષ લાગેલ. (કવિ કલ્પના)

થયા છે. તેના ઉદાહરણો અનેક સ્થળે અનેક રીતે આજે પણ જોવા-વાંચવા મળે છે. ભોગ - એ રાગને આમંત્રણ આપવા સમાન છે.

બ્રહ્મચર્યના પાલનમાં જો મન નબળું હોય તો જ્ઞાનીઓ તપનો સહારો લે છે. તપથી શરીર ઉપરની મમતા ઘટશે અને એ દ્વારા બ્રહ્મચર્યનું ક્રમશઃ ઉત્તમ પાલન થશે. (સ્ત્રીરત્ન સુંદરીએ સંયમની રજા ન મળે ત્યાં સુધી એટલે ૬૦ હજાર વર્ષ આયંબિલની તપસ્યા કરી પોતાના શરીરને ગાળ્યું-સુકાવ્યું હતું.)

સરોવરમાં પત્થર નાખો એથી વલય ઊભા થશે. તે પણ એક નહિં અનેક, કિનારા સુધી ફેલાશે. જીવનની પણ આજ વાત છે. શીલધર્મ ત્યજો તો આધિ, વ્યાધિ, ઉપાધિના વલયો આકાશ જેટલી ઈચ્છાઓ દ્વારા જન્મ લેશે. ક્ષણિક સુખ અનેક દુઃખોનો જન્મ આપશે. નથી સુખ મળવાનું કે દુઃખ ભાગી જવાનું.

શીયળ માટેની ૯ વાડ એ બંધન નથી, મર્યાદા છે. આજના જે પ્રવાસ માટેના સ્કુટર-મોટર વિ. સાધનો છે તેમાં બ્રેક જેમ અનિવાર્ય છે. ચલાવનારને હંમેશાં બ્રેક હાથમાં રાખવી પડે છે. તેમ જીવનમાં આ નવ વાડ બ્રેક છે. સંસારમાં ગમે ત્યાં જાઓ. વાડને ઓળંગવાની ભૂલ કરતા નહિં.

દાન જેમ આપવા જવાનું છે તેમ શીલ - વિશુદ્ધ રીતે પાળવાનું છે. અને તે પણ મનઃપૂર્વક દાન, શીલ, તપધર્મ રૂપી નદીઓ છે. આખર તેણે સાગર રૂપ ભાવમાં વિલીન થવાનું છે. એટલે શીલનું પાલન ઉત્તમ ભાવથી કરવાનું છે. તો જ શારીરિક કે આધ્યાત્મિક સુખ મળે. જીવનમાં ત્યજવાથી, પાળવાથી ને કરવાથી પુણ્ય બંધાય છે. એટલે પરિગ્રહને દાનથી ત્યજી, શીલને વિશુદ્ધ પાળી, કાયાની માયા ત્યજી તપને કરવાનું છે. જે સુખમાં લીન થાય છે તે દુઃખમાં એક દિવસ દીન થઈ ડૂબી જશે. પણ જે સુખ-દુઃખમાં મધ્યસ્થ રહે છે તેને સમતા સમભાવ તારે છે, બચાવે છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે, કે - બ્રહ્મચર્યના પાલનથી મનુષ્યો દીર્ઘાયુષી, સુડોલ, સુદ્રઢ બાંધાવાલા, તેજસ્વી તેમજ મહાવીર્યવાન (બળવાન) બને છે. અને તેથી બ્રહ્મચર્યનું પાલન કરનાર નરેન્દ્રો-દેવેન્દ્રોથી પણ પૂજાય છે.

આજે મંત્રો ફળદાયક થતા નથી એવી ફરિયાદ છે તેના અનેક કારણોમાં બ્રહ્મચર્યની સાધનાનો અભાવ એ મુખ્ય છે. તન કે ધન ખર્ચ કરવાથી જે યશ ન મળે તે બ્રહ્મચર્યના પાલનથી મળ્યા વગર ન રહે. ઈન્દ્રિયોમાં રસના, કર્મમાં મોહનીય, ગુપ્તિમાં મન જેમ દુર્જય છે. તેમ વ્રતમાં બ્રહ્મચર્ય સમજવું.

બ્રહ્મચર્યના એક વ્રતના ખંડનમાં બાકીના ચાર એટલે પાંચેય વ્રતનું નુકસાન (ખંડન) થાય છે. જ્યારે આત્મા ખંડન કરવા પુરુષાર્થ કરે ત્યારે એ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એ ચારે વિભાગોમાં ક્રમશઃ આગળ વધે છે.

તેથી જ એક વિભાગમાંથી બીજા, ત્રીજા, ચોથા વિભાગમાં પ્રવેશ કરતાં પૂર્વે જીવે ચેતી જવું જોઈએ.

અંતે જે મનુષ્ય આહાર ઉપર સંયમ રાખે છે. જીવનચર્યા ઉપર ધ્યાન રાખે છે. વિના કારણે સમય અને શક્તિ શબ્દશ્રમણ રૂપદર્શન અને પરિચયની વૃદ્ધિમાં વ્યર્થ ગુમાવતો નથી એ મનુષ્ય પોતાનું જીવન ધન્ય ધન્ય કરી જાય છે.

**તપ :**

તપથી શરીરમાં સંચિત થએલ કચરો બળી જાય ને સ્ફૂર્તિ આવે, નિકાચીત બાંધેલા કર્મનો પણ ક્ષય થાય, તપોબળ જશનામ કર્મ બંધાવે, પુણ્યની વૃદ્ધિ કરાવે છે.

આ જીવને તનમાં તંદુરસ્તી ન હોય તો દુઃખ થાય, જો હોય તો તંદુરસ્તી ચાલી ન જાય તેની ચિંતા થાય અને જાય તો નિરાશા-પશ્ચાતાપનું કારણ બને. સાચું જોવા જાવ તો શાતાવેદનીય કર્મના ઉદયથી જ તંદુરસ્તી સારી રહી શકે છે. શું નિત્યભોજી બીમાર પડતા નથી ? અને જે બીમાર છે, જેનું વજન ઘટી ગયું છે, તેનું કારણ માત્ર તપ જ છે. માટે શરીરનો મોહ ઘટાડી તપધર્મનું આરાધન કરવું એ શ્રેય માર્ગ છે.

શાસ્ત્રોમાં કરેલા તપની અનુમોદના કરવા-કરાવવાનું માર્મિક સૂચન છે. આમ જોવા જાઓ તો દાન કે શીલ ધર્મનું ઉદ્યાપન-ઉજમણું થતું નથી. જ્યારે પણ ઉજમણું થાય ત્યારે તેનું નિમિત્ત 'તપ' હોય છે. ભલે તેમાં દાનધર્મ છૂપાયો હોય પણ તપની પ્રધાનતા છે અને આ રીતે બીજાને તપ કરવાની ભાવના પણ ઉજમણા દ્વારા થાય છે.

દાન અને શીલધર્મ દ્વારા વર્તમાનમાં જીવન શુદ્ધિ અને ભવિષ્યમાં પુણ્યની પ્રાપ્તિ થાય છે. જ્યારે તપધર્મની આરાધના કરનારને વર્તમાનમાં પાપનો ક્ષય અને ભવિષ્યમાં આત્માની નિર્મળતા પ્રાપ્ત થવાની (પરમ પદને પ્રાપ્ત થવાની) શક્યતા છે. અને એ જ ધર્મનું સાચું ઈચ્છીત ફળ છે.

બાહ્યતપ એ હકીકતમાં કાયા અને ચંચળ મન ઉપર કાબૂ રાખવાનું અમોઘ સાધન છે. સાધક જ્યારે સાધના કરે ત્યારે કાયા ને મન ઉપર તેની પકડ હોવી જોઈએ. તોજ એકાગ્રચિત્તે તે સાધના આસન જમાવી કરી શકે.

જ્ઞાનસાર અષ્ટકમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. જીવનમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેના ઉપાય મગ્નતા ને સ્થિરતામાં બતાડ્યા છે. એ મગ્નતાને સ્થિરતા ત્યારે જ શક્ય છે જ્યારે કાયા ને મન કાબુમાં હોય તેથી છ પ્રકારના બાહ્યતપનો જીવનમાં અનુરાગ જરૂર છે. અનુરાગ જ શરીરના મમત્વને ઘટાડશે.

બાહ્યતપની જેમ છ પ્રકારના અભ્યંતર તપને સમ્યગ્જ્ઞાન સાથે નજીકનો સંબંધ

છે. સમ્યગ્જ્ઞાન જ આત્માને પ્રાયશ્ચિત-વિનયાદિ કરવા માટે તૈયાર કરે. મન માનતું ન હોય તો મનને સમજાવે. ગમે તે રીતે હળુકર્મી થવા એ પુરુષાર્થ કરે. વૈરાગ્ય ત્યારે જ શક્ય છે જ્યારે સમ્યગ્જ્ઞાન હોય.

બ્રાહ્મી અને સુંદરી ભ. ઋષભદેવની પુત્રી હતી. પૂર્વના પીઠ અને મહાપીઠના ભવમાં અન્ય ૪(૬) મિત્રોની સાથે તેને તપ જરૂર કર્યો પણ તપથી જલ્દી કર્મરહિત થવા થોડો 'માયા'નો સહારો લીધો. ચાલુ તપ ઉપરાંત ખોટા નિમિત્તો બતાડી વધુ તપ કર્યો. પણ એ તપ માયા સહિતનો હોવાથી સ્ત્રી અવતાર લેવો પડ્યો માટે તપ•-શલ્યરહિત કરો.

ઈતિહાસ જેની સાક્ષી પૂરે છે, કે - જે દ્વારિકા નગરી ૧૨ વર્ષ સુધી પ્રયત્ન કરવા છતાં ન બળી તે એક દિવસ અંતે બળી. કારણ અખંડ આયંબિલ તપ તે દિવસે ન થયું! કૃષ્ણવાસુદેવે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અને કુમારપાળ રાજાએ તાડવૃક્ષ વનમાંથી તાડપત્ર પ્રાપ્ત કરવા અઠ્ઠમ તપ કરેલ. વાર્ષિક સામુદાયિક પાપના પ્રાયશ્ચિત માટે પણ પર્યુષણામાં તેથી અઠ્ઠમ કરવાનું વિધાન છે. આ બધો તપનો જ મહિમા છે.

**ભાવ :**

ભાવ - એ મોક્ષપ્રાપ્તિનું અનન્ય કારણ છે. દાન, શીલ કે તપ એકલા મોક્ષ સુધી પહોંચી શકતા નથી. તેઓને ભાવનો વ્યક્તિગત સહારો ટેકો લેવો જ પડે છે એજ રીતે ભાવ પણ એકલો કાંઈ કરી શકતો નથી. ભાવ એ જ્ઞાનાત્મક છે. જ્યારે તેણે પણ દાન, શીલ, તપમાંથી કોઈપણ એક-બેની મદદ લેવી પડે છે. તો જ એ (ક્રિયાત્મકના સહારે) મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.卐

ભાવ, જન્મ-મરણ ઘટાડનાર પણ છે અને વધારનાર પણ છે. તેથી કહેવાય છે, કે - ''જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો નાશ.''

ભાવ, દાનના-૫, શીલના-૯ અને તપના ૧૨ એમ કુલ ૨૬ પ્રકારોમાં પોતાની શક્તિ વાપરે છે. એજ રીતે જ્ઞાનના-૮, દર્શનના-૮, ચારિત્રના-૮, તપના-૧૨ અને વીર્યાચારના ત્રણ, પંચાચારના કુલ ૩૯ પ્રકારો બતાડ્યા છે. એટલે ચારે આચારમાં પોતાની શક્તિ વાપરવી એ વીર્યાચારનું કામ હવે વીર્ય ત્યારે જ પોતાની શક્તિ વાપરે જ્યારે તેનામાં ભાવ જાગ્યા હોય. માટે પાંચ આચારના ૩૯ પ્રકારો સાથે ભાવને ઘણો નજીકનો સંબંધ છે. તેમ સ્વીકારી શકાય.

ભાવનાની સાથે થોડો અનુપેક્ષાનો વિચાર કરીશું તો તે બન્નેમાં સામ્ય દેખાશે. અનુપેક્ષા એટલે ચિંતન અથવા પુનઃ પુનઃ સ્મરણ. હવે જ્યારે ભાવનામાં પણ યોગ્ય-અયોગ્ય માટેનું ચિંતન કરવું પડે છે. ફરી ફરી વિચારવું પડે છે પછી જ એ નિર્ણયાત્મક પગલાં ભરે છે. એ પગલાં એટલે પુણ્યની પ્રાપ્તિ યા કર્મથી નિવૃત્તિ.

---

• માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય - એમ ત્રણ પ્રકાર છે. 卐 જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ

પીપળા ઉપરથી જૂનાં પાનને ખરતા જોઈ નવાં ઉગેલા પાન (કુંપળીયા) મંદ મંદ હસે છે. તે વખતે પડી રહેલું પાન એટલું જ કહે છે, કે આવતા વર્ષે તારી પણ આજ દશા થવાની છે. આ જ રીતે ભાવ ૧૨ ભાવનાના સહારે સંસારના રંગરાગમાં કે ક્ષણિક સુખમાં માનવીને ભાન ભૂલી ન જવા ચેતવે છે.

આ સંસારમાં આરોગ્ય અનિત્ય છે. યૌવન પણ અનિત્ય છે. સંપત્તિ અને જીવન પણ અનિત્ય છે. તો હે પ્રાણી ! તને કામભોગમાં આનંદ કેવી રીતે આવશે ? અને એ દીર્ઘ સમય કેવી રીતે ટકશે ? આ રીતે જીવની માન્યતા ભૂલ ભરેલી છે, એ વાત ભાવ બતાડશે માટે જીવનનો સાચો મિત્ર શુદ્ધ ભાવધર્મ છે.

**ચાર પ્રશ્ન :**

આ સંસારમાં (૧) બંધાયેલ કોણ છે ? (૨) કોણ મુક્ત છે ? (૩) સ્વદેહે નરકવાસી કોણ થાય ? અને (૪) સ્વર્ગવાસી કોણ થાય ? ચિંતકના ચાર પ્રશ્ન ઘણું સમજવા તક આપે છે.

આ સંસારમાં (૧) વિષયી-રાગ-દ્વેષનો અનુરાગી આત્મા બાહ્યરીતે મુક્ત પણ જ્ઞાનીની દ્રષ્ટિએ બંધાયેલ છે. (૨) એજ રીતે જે આત્માએ રાગ-દ્વેષ-વિષય-કષાયો ત્યજ્યા છે, ઘટાડ્યા છે, સર્વવિરતિનો રાગી છે, તે સંસારી નહિં પણ સંન્યાસી છે. બંધાયેલો નહિં પણ મુક્ત છે. (૩) આ દેહ દમન માટે છે. આંખ મીંચી પાપ કરવા માટે નથી. યાદ રાખો વર્તમાન ભવમાં જે નરક જેવા દુઃખ ભોગવે છે, એની પરલોકમાં પણ એજ દશા થશે. માટે (૪) તૃષ્ણા-ઈચ્છા-આકાંક્ષા-અભિલાષા વિગેરેને નબળા પાડો, ત્યજી દો, ક્ષય કરો તો સ્વર્ગ જ નહિં મોક્ષ પણ હાથમાં છે. ટૂંકમાં ભાવની ઉપર જ માનવીનું આ કલ્પના ચિત્ર આકાર-રૂપ લઈ શકે તેમ છે.

ડૉક્ટરો ઘેનનું ઈન્જેક્શન આપ્યા પછી જ ઓપરેશન કરે છે. ત્યારે દર્દીને દુઃખ થતું નથી. કારણ ચામડી શૂન્ય થઈ છે. તેમ ધર્મને સાંભળ્યા પછી શ્રદ્ધાથી માનો, ભાવથી સ્વીકારો તો પુરુષાર્થ દ્વારા કરેલો ધર્મ સફળતા આપશે. પરીક્ષા કરનાર પરીક્ષક તે વિષયના જ્ઞાની હોય. તેમ દાન, શીલ, તપ, ભાવ ધર્મના જ્યાં સુધી જ્ઞાતા ન હોઈએ ત્યાં સુધી 'શ્રદ્ધા'થી જ બધું કરવું પડે. શ્રદ્ધા જ ભાવની વૃદ્ધિ કરે અને ભાવ જ ભવોભવના ફેરા ઘટાડે.

ભગવાન ઋષભદેવનો દેવતાઓએ રાજ્યાભિષેક કર્યો. ત્યાર પછી પ્રજાજનો (યુગલિકો) પર્ણમાં જળ લઈ રાજ્યાભિષેક કરવા આવ્યા. હવે શું થાય ? ઈન્દ્રે રસ્તો કાઢ્યો. ભાવથી જમણા અંગુઠે અભિષેક કરો.* વિનિત પ્રજાએ એ વાત સ્વીકારી, ભાવથી પોતાનું કર્તવ્ય પૂર્ણ કર્યું. તેથી ઈન્દ્રે 'વિનિતા' નગરીની સ્થાપના કરી. આ છે 'ભાવ'ની પ્રાચીન પરંપરા.

---

* આજે પણ દેરાસરમાં ભગવાનનો અભિષેક થયા પછી ભાવને જાળવવા ટૂંકમાં જમણા અંગુઠે અભિષેક કરાય છે.



ગ્લોબ-ટ્યુબ કે કોઈ મશીન ત્યારે જ ચાલે જ્યારે ઈલેક્ટ્રીકનો કરંટ યોગ્ય સ્થળે પહોંચે. તેમ દાનધર્મ, શીયળધર્મ, તપધર્મ, સ્વ-પરને કલ્યાણકારી ત્યારે જ થાય જ્યારે તેનામાં ભાવધર્મનું મિશ્રણ થાય. અપેક્ષાએ જ્યારે પૂર્વના ત્રણ ધર્મારાધનમાં ભાવનું મિશ્રણ થઈ જાય ત્યારે કદાચિત દાનાદિ ધર્મની આરાધનામાં સંકટ કે ઉપસર્ગ આવે તો ત્યારે ભાવધર્મ જીવને નિર્વિઘ્ને પાર ઉતારે છે. આ રીતે ભાવ એ સંકટની સાકળ છે.

જીવે ૧૨ ભાવનાનો પરિચય કર્યા પછી જો એ કર્મના આગમનના કારણોને (સાશ્રવ) જાણી તેને રોકવાના ઉપાયોને શોધી લેશે (સંવર) તો કર્મ નિર્જરા દૂર નથી. જ્યાં કર્મની નિર્જરા એટલે ક્ષય થાય પછી શાશ્વત સુખની પ્રાપ્તિ દૂર નથી.

ટૂંકાણમાં ભાવ એ સર્વવ્યાપી છે. કહ્યું છે, કે - 'ક્રિયા એ કર્મ, ઉપયોગે ધર્મ, પરિણામે બંધ' આ ત્રણે વાક્યો - વચનોમાં ભાવની હસ્તી અપ્રગટ છે. એવા ભાવ- જે મોક્ષ પ્રાપ્તિનું સાધન છે. તે અંત સુધી જીવનમાં વસે એજ શુભકામના...

卐

# સ્વાધ્યાય

૧. ઉત્તરાર્ધના બીજા પેજ ઉપર છાપેલ ચિત્ર શું કહે છે ?
૨. ઉત્તરાર્ધના ત્રીજા પેજ ઉપર છાપેલ ચિત્ર શું કહે છે ?
૩. સમયસુંદર મહારાજ જૈન ધર્મને કેવી ઉપમા આપે છે ?
૪. રાત્રી સફળ કરવા અને સંકલેશથી દૂર થવા શું કરવું ?
૫. જિનવાણીના ૪-૪ પ્રકારોના નામો આપો.
૬. ચિંતકોના ૪ પ્રશ્નને ૪ ઉત્તરો બતાડો.
૭. પ્રાયશ્ચિત્ત શા માટે કરાય છે ?
૮. પૂ. શ્રી યશોવિજયજી મ. આજના માનવીની 'પૂર્ણતા' કેવી કહે છે ?
૯. દાન કોને કોને ફળ આપે ?
૧૦. બાકળા વહોરાવી ક્યા રાજપુત્ર-રાજપુત્રી સુખ પામ્યા ?
૧૧. પુણ્ય - પાપની ચતુર્ભંગી સમજાવો.
૧૨. પાંચ દોષ ને અલંકાર બતાડો.
૧૩. દાનના અને ધનના પ્રકારો ૩/૩ બતાડો.
૧૪. આંબાનું વૃક્ષ તમોને શું કહે છે ?
૧૫. પાંચ કલ્યાણકમાંથી ૪ સ્થળે દાનની વાત બતાડો.
૧૬. દેવભક્તિ, જ્ઞાનભક્તિ કરનારના ૨/૨ ઉદાહરણ આપો.
૧૭. સિદ્ધચક્ર, વીશસ્થાનક સાથે દાન ધર્મનો સંબંધ છે ?
૧૮. નવ નારદ મોક્ષ કઈ આરાધના કરી ગયા ?
૧૯. કિંપાકનું ફળ અને સુવર્ણ મંદિર માટે તમે શું જાણો છો ?
૨૦. વેતાલ - હાથી જેવા બળવાનનું બળ કેવી રીતે ઘટે ?
૨૧. પાંચ ભાવના ને બ્રહ્મચર્યની વાડને સરખાવો.
૨૨. તીર્થંકર નામકર્મની નિકાચના કરવા શું કરશો ?
૨૩. પતનથી બચવા શું કરશો ?
૨૪. ૨-ભગવાન, ૨-મુનિ, ૨-શ્રાવક, ૨-શ્રાવિકાના બ્રહ્મચર્ય માટે નામો આપો.
૨૫. દેવ એકેન્દ્રિયમાં કેમ જન્મે ?
૨૬. મનમાં જે ઈચ્છા થાય તે સર્વ તપથી શક્ય છે ?
૨૭. કઠોર વચન, આક્ષેપ કે શાપ દેવાથી શું નુકસાન ?
૨૮. દુઃખની દવા બતાડો.
૨૯. તપ કરવો છે. કેવી રીતે કરવો ? તે માટેની યોગ્યતા મારામાં છે ?

૩૦. તપને તપ દ્વારા, તપાગચ્છ દ્વારા, **તત્ત્વ દ્વારા** સમજાવો.
૩૧. તપ વેચાય નહિં, નિરર્થક જાય નહિં તે માટે શું કરશો ?
૩૨. કિલ્બીસીક દેવ કોણ થાય ?
૩૩. ભાવ - અજાતશત્રુ કેવી રીતે ?
૩૪. શું ચડે ? દ્રવ્ય ક્રિયા કે ભાવ ક્રિયા ? ક્રિયા કે જ્ઞાન ?
૩૫. વણિકે શું ખોટું વિચાર્યું ? ચિંતકને કેમ યોગ્ય ન લાગ્યું ?
૩૬. કેવળજ્ઞાન - વિલાપ કરતાં, આહાર કરતાં, વંદન કરતાં, ઘરમાં બેઠા, પ્રદક્ષિણા દેતાં, મુગુટ શોધતાં, ગોચરી લાવતાં, ગોચરી પઠવતાં કોને થયું ?
૩૭. દ્રવ્ય ક્રિયા ને ભાવ ક્રિયામાં શો ફરક ?
૩૮. ધન પ્રાપ્તિના ઉપાયો બતાડો. શ્રાપિત એટલે શું ?
૩૯. સરોવરમાં નાખેલો પત્થર શું બોધ આપે છે ?
૪૦. દ્વારિકા કેમ બળી ? કુમારપાળને તાડપત્રો કેવી રીતે મળ્યા ?

**આંકના સહારે કર્તાને શોધીએ :**

૧. અમે ૧૪ શબ્દ સાંભળી ૧૨ ગ્રંથો લખ્યા.
૨. જે કામ નદી કિનારે ન થયું તે કાર્ય ૧૧ ના અપાપામાં થયું.
૩. ૬૮ અક્ષરોમાં ૧૪ ગ્રંથોના ભાવ સમાય છે.
૪. જે ૨૩ પ્રભેદ ઉપર સામ્રાજ્ય કરે તે જિતેન્દ્રીય.
૫. ૯ પ્રકારે ૭ સ્થળે જો મને આપો તો રંકમાંથી રાજા થશો.
૬. અમે માત્ર સ્મરણ કરી આનંદ લૂંટીએ છીએ.
૭. ૪૯ દિવસની કમાણી એક ક્ષણમાં નાશ કેવી રીતે થાય ?
૮. મારું એટલું વર્ચસ્વ છે કે - હું ૪ વ્રતોને નકામા કરી શકું છું.
૯. ૨૮ કવલ કેવળ મને ભોજનમાં ઘણા છે.
૧૦. ૪૯ ભેદથી જો મને સ્વીકારશો તો તમને અંદરથી પવિત્ર કરીશ.
૧૧. ૫૦૦ ને તારનારો દુર્ગતિએ ગયો.
૧૨. હું મારી શક્તિને ૨૬ અથવા ૩૯ સ્થળે વાપરું છું.

卐

# મુખપૃષ્ઠે કહ્યું...

હે માનવી ! તારો બાહ્યધર્મ ભલે ગમે તે હોય પણ આત્મધર્મ ઘણો જ જૂદા છે અને તે જાણવા - સમજવા લાયક પણ છે. આજ કારણે હું ''મારો સોહામણો ધર્મ'' નામ ધારણ કરી તારી પાસે આવેલ છું.

'મારો' એટલે તારો પોતાનો - આત્માનો. 'સોહામણો' એટલે ગતિ-કુળ-જાતિને શોભે તેવો સુશોભિત અથવા સુંદર, આચરણ કરવા લાયક અને 'ધર્મ' એટલે ક્રિયાત્મક પ્રવૃત્તિ.

અપેક્ષાએ આત્મા કાંઈજ પ્રવૃત્તિ કરતો નથી. માત્ર કર્મ વર્ગણાઓ જ તેને અપવિત્ર કરે છે. અને અપવિત્ર થયેલા આત્માને ધર્મક્રિયા શુદ્ધ-નિર્મળ કરે છે. આ પ્રવૃત્તિ જ્યાં સુધી આત્મા - શરીરનો યા આત્મા - કર્મનો સંબંધ છે ત્યાં સુધી ચાલવાની. જ્યારે એ બે છૂટા પડશે ત્યારે આત્મા શાશ્વત સુખનો ભોક્તા બનશે.

સંસાર એટલે ચાર ગતિ. તે તે ગતિઓમાં જીવ સુખ-દુઃખ ભોગવે છે. તે જ રીતે દાનાદિ ચાર ધર્મો જીવના પરિભ્રમણને ઘટાડવા અથવા સંસાર સમુદ્રમાંથી પાર ઉતારવા પ્રભુએ પ્રરૂપ્યા છે.

સમુદ્રમાં સામા કિનારે પહોંચવા નાવ (સ્ટીમર) એ સાધન છે. સાધન વિના સાધ્યની પ્રાપ્તિ ન થાય. તેમ આ ચારમાંથી કોઈ પણ બે સાધનની મદદથી આત્મા સ્વગૃહે પહોંચી જાય છે-જશે એમ કહેવું અસ્થાને નથી.

અપેક્ષાએ - દેવગતિમાં સામે દાન + ભાવ ધર્મનું આચરણ સહેલું છે. મનુષ્ય ગતિમાં શિયળ + ભાવ ધર્મ જરૂરી છે. (દાન - તપ ન હોય તો ચાલશે) તિર્યંચ અને નરક ગતિમાં જીવ પરવશતાથી દુઃખ ભોગવી કર્મ ખપાવે છે. જો સમભાવે એ દુઃખો ભોગવે તો તેના ભવ ઘટે અન્યથા ભવભ્રમણતો છે જ !

ચાલો મિત્રો ! તમારો પોતાનો જે ધર્મ છે, સંસાર તરવા માટેનું અનન્ય સાધન છે તેનો સદુપયોગ કરો ને ધર્મના આલંબનથી નિરાલંબન બનો !



**જય જિનેન્દ્ર**



**સાહિત્યભૂષણ**
**સંયમવૃદ્ધ પરમ પૂજ્ય મુનિરાજ**
**શ્રી જિતેન્દ્ર વિજયજી મ.સા.ના**
**ચરણ કમલમાં**

આજથી ૬૦-૬૧ વર્ષ પૂર્વે પુસ્તક પ્રકાશન ક્ષેત્રમાં આપની પ્રેરણાથી જ્ઞાનયજ્ઞ શરૂ કર્યો. ફળ સ્વરૂપે ૧ માસિક ૭૫ નાના-મોટા આઠ ભાષાના પુસ્તકો પ્રકાશિત કરી સમાજને અર્પણ કર્યા.

સં. ૨૦૦૪માં વિદ્યાપીઠની મંડળની, પાઠશાળાની પુણ્ય નગરીમાં સ્થાપના કરી પૂનાની અને ભારતભરની પાઠશાળાઓમાં અર્થ સહિત જ્ઞાનનો પ્રચાર કરી સેંકડો પાઠશાળાના હજારો અભ્યાસીઓને સમ્યગ્જ્ઞાન આપી-અપાવી ધન્ય બન્યા.

સં. ૨૦૩૫/૨૦૪૫માં સાધર્મિક ભક્તિ, ગુરૂ ભક્તિ અને જરૂરીઆતવાળી વ્યક્તિઓને જ્ઞાનદાન, મેડીકલ રાહત, ભક્તિ આદિ માટે પ્રવૃત્તિ આપની સ્મૃતિમાં શરૂ કરી નિર્વિઘ્ને ચલાવીએ છીએ.

આપના આશિષ હંમેશાં વૃદ્ધિ-વિકાસ કરાવે એજ ભાવના

-: સૌજન્ય :-

**શ્રી શ્રીનિવાસન**
**શ્રી સુશીલાબેન શ્રીનિવાસન**
**શ્રી સત્ચિત શ્રીનિવાસન**
મુંબઈ

